શાહ અકબરનો જમાનો

યાને

મોગલ જાહોજલાલી.

રચનાર.

મીસીસ. જરબાનુ મેહરવાનજી કોઠાવાલા.

તે

આગલા જમાનાનો શીલસુફ, નામાંકીત નારીઓ,

ઇદનના બાગની રાણી, વેનીસનાં બેમુલા માણેકો,

દર્યાઇ ગોહર, અને ખોરશેદ,

વગેરેનાં કર્તા.

અમદાવાદ

વિજય પ્રવર્ત્તક પ્રેસમાં છપાઈ છે.

તા૦ ૧ લી મે ૧૯૦૫.

કીંમત. રૂ. ૧—૦—૦

દીબાચો.

શુક્ર તે બારે હકતાલાના કે આજે હું મારૂં પાંચમું પુસ્તક મારી બદના કલમનાં વખાણનારાં ભલા વાંચકોના હાથમાં મૂકવાને સામર્થવાન થયછું.

ચાર માસ ઉપર "ખોરશેદ અથવા જ્ઞાનની સરસાઈ" નામની એક પારસી સંસારી વાર્તા મેં ચોપડીના આકારમાં બ્હાર પાડી હતી અને ત્રણ માસની ટુંક મુદતમાં તેની લગભગ સર્વે નકલો ખપી ગઇ અને કેળવાયલા વાંચક વર્ગ તરફનાં આ અસાધારણ ઉત્તેજનાથી ઉલટ ધરી મેં આ નવું પુસ્તક બ્હાર પાડયું છે.

આગલા વખતમાં વાંચક વર્ગ કલ્પીત વાર્તાની ચોપડીઓ વાંચવાનો ઝાઝો શોખ ધરાવતો હતો પરંતુ આ સુધરેલા જમાનામાં વાંચકો પોતાના જ્ઞાનની નહેર હદમાં ન રાખતાં તેનો બોહળો ફેલાવો થએલો જોવાને આતુર રહે છે યાને તરેહ પ્રકારનાં વાંચણની તેઓ રૂચી કરે છે જેમાં મુખ્ય ઇતીહાસીક બનાવો છે.

આ વાર્તા ઇતીહાસીક બાતોથી ભરપુર છે, આમાં શાહ અકબરની પાદશાહતનો દબદબો; પોતાની જાત પ્રજાત રૈયતમાં એકસંપી અને એકદીલી ફેલાવનારી તેની ઇતીહાસમાં અમર રહી ગએલી રાજનીતી; પોતાની હકુમતની જોખમદારી વખત ચાંદ સુલતાનાએ બતાવેલી શેર મર્દો જેવી દેલાવરી, અને તેવાં તે મોગલાઇ રાજ્યમાં પોતાની જોરમંદીથી એક રાજ્યકર્તા જેટલી સત્તા ભોગવનાર પરસ્ત્ર.

લકના ઇંગ્રેજ બચ્ચા એસ્ઓર્નની બ્હાદુરીની કહાંણી એક વાંચેસા જોગ છે.

વળી ઇંગલંડના ઇતીહાસમાં જેમ શૅકસ્પીયર અને બૅન જોનસન કવીઓ અગર્ગી મેળવી ગયા છે તેમ અકબરની ઇનશાફી હકુમત હિંદુસ્તાનના ઇતીહાસમાં સોનેરી હરફોએ જાવેદાન સુધી જાલવી રાખનાર દુન્યા વર્ણના કલગકસો અબુલફઝલ, તેનો બેરાદર, ફઇઝી અને ફેરીસ્તાનો આ પુસ્તકનાં પાણુંઓ ઉપર મેલાપ થઇ શકે છે.

વળી જવાન એસ્ઓર્ન, ઓરીએનટલ ખુબસુરતી ધરાવતી સુંદરીઓનાં મોહક દેખાવથી જેટલો છક થાએછે. તેટલોજ તે હીંદુસ્તાનની બાનુઓની બાહોશીથી હેરત રહે છે. લડાઇમાં લોખંડી દારૂગોલો ખુટવાથી પોતાનાં સહેરના બચાવ અર્થે જીવ ઉપર આવીને ચ્રરી ચાંદણીએ સોનાની ગોળીઓ કરાવવાની વાપડેલી અસાધારણ હીકમત; બાળીક વયની ન્હાની હસ્મતની એક દાનાવ ઔરત જેટલી દાનેસ્મંદી, અને પોતાના બચાવનાર તરફની ફીદાગીરી; રજપૂતાની ઝીસનાની આફત વખતની છુપી મદદ કેવી અચુક વફાદારી સાબેત કરે છે એ બધું આ પાનાંઓ વાંચ્યાથી જણાસે.

હવે ટુંકું કરતાં મારે આટલુંજ લખવુંછ કે આ પુસ્તકમાં ખાગીઓ ઘણીખી હશે પણ ઉમેદ છેજે મારાં ભલાં વાંચકો એક બાનુની નાજુક અને નાકેસ કલમ તરફ દરગુજરની ચસ્મોએ જોસે.

જરબાનુ મહેરવાનજી કોઠાવાલા.

૧-૫-૧૯૦૫.

અર્પણ પત્રિકા.

હમારા મરહુમ માનવંત વડીલ.

ખાનબહાદુર જેહાનગીરજી પેસ્તનજી વકીલ.

જેઓની
હમારા ઉપરની
પીતાતુલ્ય મુરબ્બીગીરી
અને ઉદાર સહાયતાની અનેક
હેશાનમંદી ખાતર તેઓની નેક
અને પવીત્ર યાદમાં અતી
ઘણી નમનતાઇ સાથે
આ પુસ્તક અર્પણ
કરે છે.

જરબાનુ મેહરવાનજી કોઠાવાલા.

૧–૫–૦૫.

શાહ અકબરનો જમાનો

યાને

મોગલ આહોજલાલી.

પ્રકરણ પહેલું.

યુનીકોર્ન વહાણની હિંદુસ્તાન તરફ સફર.

૧૫૯૮ ની સાલમાં લંડનમાં કેટલાક વેપારીઓએ એકઠા મલી મસલત કીધી કે એક વહાણ તૈયાર કરી હીંદુસ્તાન ભણી લઇ જઇ ઇસ્ટ ઇન્ડીસ સાથે વેપાર ચલાવવો, કે જેમ આજ સો વર્ષ થયાં પોરચ્યુગીસો વેપાર કરતા હતા અને તેમાં તેઓ ઘણો ફાયદો મેલવતા હતા. ૧૪૯૮ માં વાસ્કો-ડ-ગામા કેપ- ઑફ-ગુડ-હોપ બીજીવાર ફરીને કલીકટમાં જઇ ઉતર્યો. ત્યારથી પોરચ્યુગીસો વેપારમાં પડયા હતા અને તેઓ બહુ ફાવતા હતા. પણ લંડનથી વેપાર અર્થે હીંદુસ્તાન જવું તે વેળા ઘણું બીકટ હતું કારણ મૉરૉકોમાં ડોન સીબેસ્ટીયનની હાર થયા પછીથી સ્પેનના રાજાએ પોરચ્યુગલ પોતાને કબજે કર્યું અને સ્પેનના રાજા ફીલીપ બીજા સાથ ઇંગ્લંડને દુશ્મનાઇ હોવાથી લીસબનનું ઇંગ્રેજી વેપારી બારૂં સ્પેને બંધ કરાવ્યું હતું, જેથી ઇંગ્રેજ વેપારીઓને હીંદુસ્તાનનો માલ મેલવવો એટલો તો મોંઘો અને મુશ્કેલ પડતો કે અંતે તેઓએ ધાર્યું કે ગમે એટલી હેકમતે ત્યાં જાતે જઇને માલ લાવવો. આ વેપારીઓ જેઓની

મુખ્ય મતલબ નફાની હતી તેઓ ઘણા જોરમંદ અને સાહસીક સખસો હતા.

આ ઇંગ્રેજ વેપારીઓએ પોરચ્યુગીસોની દરકાર ન રાખતાં સીધા ઈનડીઝ સાથ વેપાર ચલાવવાનું ધાર્યું હતું, પણ પોરચ્યુગીસોનો પગ પેસારો તે વેળા દર્યાગમાં ઘણો જબરો હતો. જો કે તેઓ સ્પેનની રૈયત તરીકે ગણાતા હતા, તોબી તેઓએ ઘણાં ઉત્તમ બારાંઓ પોતાને હાથ કીધાં હતાં અને મોઝામબીક, સોફાલા, ઓરમઝ, દીવ, દમણ, વસઇ, મુંબાઇ, ગોઆ, મલાકા, અને મકાઉનાં બારાંઓ પોતાના બાપદાદાની મીલકત મીસાલ કબજે કરી બેઠા હતા.

ઇસ્ટ ઇનડીસ સાથે વેપાર ચલાવવા માટે ઉપલા ઇંગ્રેજ વેપારીઓ લાંબો વખત થયાં સદ્ધર ખબરો મેળવતા હતા. રાલફ્ફીટચ નામનો એક ઇંગ્રેજ ૧૫૮૬ માં હીંદુસ્તાન ગયો હતો જ્યાં તેને આગ્રા શેહરનો બારી દબદબો અને શાહ અકબરની મોટાઇ બરી ઝાકઝમાલી નજરે જોઈ પોતાને વતન લંડનમાં તેનો હેવાલ આપતાં મોંહમાં પાણી છુટે તેવું કર્યું. મોગલ બાદશાહ અકબરની મોટાઇએ તે વેળા ઇંગલંડમાં રાજકર્તી ઇલીઝાબેથ રાણીનેબી એઘડી હેરત કરી નાખી, અને પેલા ઇંગ્રેજ વેપારીઓએ ગમે એટલી ઝેહમતે હીંદુસ્તાન તરફ વેપાર અર્થે જવાને બીડું ઝડપ્યું. તેઓએ ચારસો ટનનું એક ઝાઝ ખરીદયું જે તે વેળા ઇંગલંડમાં ઘણું મોટું ગણાતું. આ વહાણ એડવર્ડ હોકહર્સટ નામના કપટાનની બાંહેધરીમાં સોંપવામાં આવ્યું; કે જે એકવાર હીંદુસ્તાનના દર્યાવમાં સફર કરી આવ્યો હતો. વળી પીટર ગાયઝન નામનો સખ્સ જે પોરચ્યુગીસ રાજમાં રહી આવ્યો હતો અને જે ગોવાની બાષા બરાબર બોલી શકતો હતો તેને પણ આ વેપારીઓએ

સાથે રાખ્યો હતો. કેપ્ટન હૉકહર્સ્ટની સત્તા હેઠળ આ ઝાઝ જે યુની-કૉર્નને નામે ઓળખાતું હતું તેને ગ્રેવસૅન્ડ ની ૨૬ મી ઓગષ્ટ ૧૫૫૮ ને દીને મફર સ્ફર કીધી. તેમાં ૮૨ ઘણા શુમાને જોરમંદ મર્દોનો સમાવેસ થયો હતો અને ૧૪ અસાધારણ મોટી તોપો હતી. તે વખતમાં કોઈપણી વહાણને લડવાની સામગ્રી વગર દર્યાવની પીઠે નીકળવાનું સલામતી ભર્યું નહતું તેથી આ ઈંગ્રેજ વેપારીઓએ દરેક સાહુચેતી રાખી હતી, પરતુ તેઓએ નક્કી કર્યું હતું કે સ્પેનીશ યા પોરચ્યુગીસો સાથ લડાઈમાં ન ઉતરતાં બનતાં સુધી કોઈ સારાં બારાંમાં લંગર નાંખી વેપાર ચલાવવો તેઓનાં વહાણમાં વેચાણ માટે કલઈ, સીસું, પારો, તરેહ તરેહનાં કાપડ, બંદુક, કટારી, છરી વગેરે માલ ભરેલો હતો. આ વહાણનો મુખ્ય વેપારી સ્ટીવન એશ્ર્યાર્ન નામનો જવાન હતો. આ એશર્યાર્ન ઘણા કુલીન ખાનદાનનો બહાદુર ખુબસુરત અને સાહસીક સખસ હતો. તેના એક ખેસી અર્લ ઑફ એસેક્સે રાણી એલીઝાબેથના કાનપર એશર્યાર્નની સફરની વાત નાખી જે સાંભલી ઇલીઝાબેથ ઘણી ખુશી થઈ અને તેણીએ પોતે હીંદુસ્તાનના શાહ-અકબર ઉપર પોતાની સહી અને પોતા તરફનો મીત્રાચારીનો એક રૂક્કો એશર્યાર્નની મારફત મોકલવાને તે જવાનને સપુરદ કીધો.

તે જમાનામાં આજની પેઠે મુંબઈથી મારસેલ્સ પંદર દીવસોમાં દોડી જવાતું નહતું જેથી દર્યાવની સફર ઘણી લાંબી પડતી હતી, એટલે ધીરે ધીરે તેઓનું વહાણ હીંદુસ્તાન જવા નીકલ્યું. પોરચ્યુગીસ બારૂ અટકાવવા ખાતર તેઓએ મોઝામ્બીક બાજુનો રસ્તો લીધો. ત્યાંનાં એક ભલા શેખે કેપ્ટન હૉકહર્સ્ટને સલાહ આપી કે એડન તરફ થોભવું નહી કારણ ત્યાં વેપારમાં કશો કસ નહી હતો, અને સામો સરકારનો

કર ભરવો ભારી પડશે. તે શેખે તેઓને વધુ સલ્લાહ એમ આપી કે તેઓએ સીધ્ધું સુરત ખાતે જવું, જે શેહર હીંદુસ્તાનનાં મોગલ બાદશાહ અકબરની પનાહમાં હતું. અકબર શાહ પરદેસીઓ તરફ ઘણો મગતાલુ હતો અને પોરચ્યુગીસ કરતાં ઈંગ્રેજો સાથનો વેપાર કરવાને તે વધુ ખુશી હતો.

આ સલ્લાહથી વેપારીઓ ખુશ થયા અને એક આરબ દર્યાઇ ભોમ્યાને સાથે રાખી હીંદુસ્તાનના સલામત કીનારાને શોધવા નીકલ્યા. કપટાનને ફકર હતી કે ખાઈ વંધેલા એકલપેટા પોરચ્યુગીસો તેઓનાં વહાણને સલામત લાંગરવા દેનાર નથી અને તેથી તે જબરી સાહુચેતીમાં હતો.

માર્ચ માસની અધવચ્ચમાં તેઓ ગુજરાતને કીનારે આવવા લાગ્યા, ગરમી ઘણી પડતી હોવાથી ખલાસીઓ સુઇ ગયા હતા, વહાણ ધીરે ધીરે હેંડયું જતું હતું, તેવી વેળા કપટાન હૉકહર્સટ અને આપણી વાર્તાનો નાયક જવાન સ્ટીવન એશ્બોર્ન ડૅક ઉપર વાતે વળગેલા જણાય છે. જવાન એશ્બોર્ન ઘણાં ઉંચ ખાનદાનનો હતો તેનો જવાનીમાં ખીલતો બાંધો અને તંદરોસ્ત ચેહરો ઘણો સોહામણો જણાતો. કપટાનનો ચેહરો રખડેલ અને ખરતલ જણાતો જ્યારે એશબોર્ન મેહલની શેહાઇને શોભાવે તેવા નાજુક દીલજીત ચેહરાનો હતો. તેઓ બન્ને વચ્ચે નીચે પ્રમાણે વાતો ચાલતી હતી.

“હવે આપણે ક્યારે લાંગરસું ?” એશ્બોર્ન પુછતો.

“કેમ કહેવાઇ શકાય, રખે આપણો મુરીશ ભોમ્યો આપણને છેક પોરચ્યુગીસોનાં બારામાં લઇ જઇ મેલે ! પણ કાંઇબી રીતે તેમ તો બનશેજ. ખંભાત જવા આગમજ દીવનો આખાતને પસાર કરસુંજ પડશે.” કપટાન બોલ્યો.

"મેં એમ વાચ્યુંછ કે આ ખંભાતના નવાબને ઝેરની એટલી આસરગ છે કે તે રોજ સોમલ ફાકે છે, જેથી તેની ફુંકણી એવી ઝેરી થઇ ગઇછ કે તેની છતરાજીમાં આવનાર ધણીને જો ફક્ત એ એક ફુક મારે તો તે તત્કાલ મરી જાએ વરી તેને માંખ કે બીજાં જંતુઓનો જરાબી કંટાળો નથી કારણ માખીઓ તેના ઝેરી આંગ ઉપર બેસવાની હીંમત કરી શકતા નથી." એશ્બોર્ને કહ્યું.

"તેમજ જો હોતેતો તેને પોતાનાં મુલકમાંથી બધા પોરચ્યુગીસોને ફુંકીને મારી નાખ્યા હોત!" કેપટને જવાબ વાળ્યો "એતો બધી ગપ અને તેવી ગપ ઉડાવવામાં એઓની મુખ્ય મતલબ એજ કે દેશાવરના વેપારીઓ એઓના શેહેરમાં વેપાર અર્થે આવવાને ડર રાખે. એમ કહેછ કે એ બધા નહાનાં શહેરોના રાજાઓ પોરચ્યુગીસોથી ડરેછ, પણ આપણે જો સુરત જવા પામ્યેતો બસ, કારણ શાહ અકબરનાં તે મુલકમાં આપણે સલામત રહી શકશું. ત્યાં તમારો માલ ખપાવી સુરતથી રૂ, ગુળી વગેરે ભરી લેઇને જેની કીમત આપણને ઇંગલંડમાં મોંહે માંગી મલશે, અને એ પ્રમાણે આટલી આપણી જોખમદારીના બદલામાં સારો નફો મેળવીશું."

"મને કમાવાની હોંશ કરતાં આ દબદબાભર્યું હિંદુસ્તાન જોવાને વધારે ઉલટ છે." જવાન એશબૉર્ન બોલ્યો. "પણ જો આપણનો રસતો અટકાવવા કોઇ પારચ્યુગીસો મલી ગયાતો આપણે શું કરશું? લડશું ખરાકે?"

"બનતાં સુધીતો નહી." કેપટને જવાબ કર્યો. "પણ કાંઇ કહેવાઇ નહી શકાય. એટલાં હમારાં ધનભાગ્ય કે તમે એક એક્કા તીરનદાજ છો, વળી આપણા બધા સેલરોને તમે બંદુક કેમ વાપરવી

તે ફુરસદના વખતે શીખવી રાખ્યુંછ એ ઘણુંજ ઠીક."

"હા, પણ પવન પડી ગયોછ તે કયારે ઉઠસે." એશ્ર્યાર્નને ઉતાવલ લાગી હતી, પણ તેઓને હવે વધુ થોભવું પડયું નહી. પવન નીકલતાંજ ઝાઝે પોતાની મુસાફરી સડસડાત આગલ વધારી મેળી. વેહલાં કીનારે પોંહચવાની ઉલટમાં સર્વે હતાં તેટલાં અચઅુચ વહાણ ઉપર ખબર મલી કે સામેથી એક મોટું વહાણ તેઓની રૂબરૂ આવતું જણાતું હતું.

આ કેવી ખબર ધરાવનારૂં ઝાઝ હશે?

થોડા વખતમાં બંન્ને વહાણો કાંઇક છેટેથી સામ સામાં થવા પામ્યાં કે તેઓએ જાણ્યું કે તે નવું ઝાઝ પોરચ્યુગીસોથી ભરાયલું હતું, એસ્ગોર્ન તરફથી સલાહ જેવી કાંઈ નીશાણી થાય તે આગમજ પેલાં નવાં વહાણમાંથી બંદુકના બારો થવા લાગ્યા અને કપટાને દેહસ્તથી જાણ્યું તેમ આ નવા આવનારાઓ બોહે ચહડાવીનેજ આવ્યા હતા.

એક આંખના પલકારામાં સામ સામા બંદુકના બારો થવા લાગ્યા. પોરચ્યુગીસો ચોરોને લુટની નેમથી લડતા હતા જ્યારે આ ઈંગ્રેજ વેપારીઓએ પોતાના જાન માલની સલામતી માટે ગોલીઓ છોડી પોતાના હરીફોને લાઇલાજ કરી મેલ્યા. કપટાને વહાણની ચાલ તો ચાલુજ રાખી હતી. જ્યારે બંન્ને વહાણો લગોલગમાં આવી ગયાં ત્યારે પોરચ્યુગીસોએ તેઓને ચાંચ્યા ચોરો વગેરેનાં અણઘટતાં નામો કહી તાબે થવાને ફરમાવ્યું પણ કપટાને કશોબી જવાબ વાલ્યો નહી.

બ્હાદુર ઇંગ્રેજોએ બેધડક વહાણ હંકારવા માંડ્યું અને પોરચ્યુ-ગીસોના વહાણને બોલબોલતાં પછાત નાખી તેને બંદુકના ચાલુ

બારોથી ખોખરૂં કરી નાખ્યું. હરીફો આટલા બધા દારૂગોલાની વખીગાં ન હોવાથી તદન આઝેઝ બની ગયા અને ઇંગ્રેજ વેપારીઓ સડસડાત આગલ વધી ગયા. સુરજ અસ્ત પામનાં તેઓએ દીવ છોડયું અને બીજી સહવારે સુરતનાં બારામાં તેઓ આવી પહોંચ્યા. ત્યાં કીનારે ત્રણ ઝાઝ મુસ્લમાન વેપારીઓનાં ઉભાં હતાં, પણ તેઓ પોરચ્યુગીસો તરફથી પાસ મલવા વગર દર્યાવમાં ઝોકાવવાની હીમત કરતાં નહી. આ ધસારાબંધ આવતા ઇંગ્રેજ વહાણને જોઇ પોરચ્યુગીસો અજાએબીમાં હરનફાર થઇ ગયા પણ આ તરફ બધા ઇંગ્રેજ બચ્ચાઓ હતા, તેઓ વગર થોભવે અને કાંઇબી કોઠું નહીં આપતાં આગલ નીકલી કીનારે થોભી ગયા.

આહ ! ઇંગલંડ કરતાં તદન જુદોજ દેખાવ તેઓની નજર આગલ ત્યાં ખુલ્લો થયો. ઉજલની તાપની નદીમાં ન્હાના ન્હાના ગછવાઓ અને હોડકાંઓ હાંકનારા અરધાં ખુલ્લાં બદનના ખારવાઓ, વીસરી ગંધ ઉડાવનારી લડાયક દેખાવના માછણો, કાકે રકુના બાલવાલા હબસીઓ સોગાલો, મલાઇ, આરાબ, મુસ્લમાન વગેરેની પરચુટણ જાત ત્યાં કીનારે ઉભાઇ જતી હતી પોતાના જાતભાઇઓથી એકલા પડેલા વેગલે આવેલા આ ઇંગ્રેજોએ કાંઇક ફકરબંદ હાલે આ તરેહ કીસબનાં દેશીઓ તરફ જોયા કર્યું, કેપટન હૉકહસંટે હવે વધુ વીલંબ ન લગાડતાં તુરત સુરતના મુસ્લગાન હાકમની પનાહ માંગી પણ પોરચ્યુગીસોએ ગોરા લોકની વીરૂદ્ધ થવામાં કશું બાકી રાખ્યું નહી ગોયા તેઓને કાંઇ કુદરતી બસારત થઇ હોય કે એક સદીમાં તો તેઓનો મુલક ફતેહબંદ ગોરાઓને સદાસુધીનો સ્વાધીન થશે તેથા તેઓ વેરીલા અને કીનાબાજ થયા. તેઓ ગોરાઓનો પગપેસારો

માંગતાજ નહી હતા પણ કુદરતનું નાર્મીણ તેથી ઉલટુંજ હતું ૧૫૯૮ નાં માર્ચ માસમાં પહેલવહેલા ઈંગ્રેજોએ પોરચ્યુગીસોનાં મુલકમાં પગ મેલ્યો અને તેનું પરીણામ આખેરીએ કેવું આવ્યું તે હાલ આપણ સર્વેને રોશન છે. તે વેળા તેઓની ગમે એટલી વીરૂદ્ધ સમજાવતે સુરતના નવાબ ઉપર કસી અસર કરી નહી અને તેને ઈંગ્રેજ વહાણ ઉપર કહેણ મોકલાવ્યું કે તે ખુશીથી તેઓની મુલાકાત લેશે.

બીજે દીવસે કેપટન હોકહર્સટ અને જવાન એશ્બોર્ન નવાબના મહેલમાં ગયા. રાણી ઇલીઝાબેથનો પત્ર, નવાબે વચન આપ્યું કે તે પોતાના નામવર બાદશાહ અકબરને પોંહચતો કરશે. ત્યારબાદ તેને ઘણી ઉકમાઈથી કપટાન તરફની ભેટ આવેલી છરી, મોહ જોવાની આરસી, વગેરે કબુલ રાખી.

પ્રકરણ બીજું.

કીનારે મુસીબતો.

ખારીલા એકલપેટા પોરચ્યુગીસોથી ગોરાઓનો પગ પેસારો વધારે વાર સંખાયો નહી અને તેઓએ સુરતના નવાબનું ઘણી નાલાયક જુઠી સાચી ગીબતથી મન ફેરવવાનું બનતું કીધું. લોકોણી આ નવા આવનાર ઈંગ્રેજો તરફ ઘણા ધીક્કાર અને તીરસ્કારથી વર્તતાં અને તેઓને માલ વેચવામાં ઘણી લુચ્ચાઈ વાપરતાં. ગરીબ બીચારા ગોરાઓ તેઓને કુતરાં ન અડકે તેવાં ગોસ્ત, ગંધીલી મચ્છી અને મકોરા જેવા ચાવલ ઉપર રેહવું પડતું. આવી વખતે એક ખ્રીસ્તી બાવરચી તેઓનાં વહાણ ઉપર નોકરી માંગતો આવ્યો અને

એશંગ્રોનેં તુરત તેને રોકયો. આ નવો આવનાર બાવરચી સુરતનો વતની હોવાથી પોતાના ગોરા માલેકોને સારો સંતોષ આપી શકયો.

એક વાર ત્રણ સેલરો કીનારા ઉપર ફરવા નાકલ્યા. તે વેળા એક હીંદુ ડહેરાંમાં હનુમાનજીને બાંધેલા તેઓની નજરે પડયા. તે અટકચાલા સેલરોએ આ બંધાયલા વાંદરાને છુટો કરી દીધો કે હીંદુ ભાવીકો છેડાયા અને તેઓની પુઠે દોડી પથરાના ગાર મારવા માંડયા, ઘણી ઝેહમતે ન્હાસ ભાગ કરી તે ત્રણે સેલરો કીનારો કુદાવી હોડીમાં ઉતરી પડીયા, વહાણ તરફ ન્હાઠા, પણ આ અટકચાલીથી કમનસીબે તેઓ દેશીઓનાં વધુ અનગમામાં આવવા પામ્યા.

એક દીવસે બપોરના વહાણનો માલમ પેલા ખ્રીસ્તી બાવરચીની સાથે વહાણના નીચલાં ગોડાઉનમાંથી દારૂ કહાડવા ગયો. અંદર અંધારૂં પુષ્કળ પડતું હોવાથી તેઓએ એક ખુલ્લો દીવો સાથે રાખ્યો હતો. કાંઇ અજાગ સંજોગે દારૂનું પીપ ખેલતાંજ બત્તીમાંથી એક ચીંગારી ઉડી અંદર પડી કે તેજ પલે તે પીપે ભડકો લીધો. આસપાસ બધાં દારૂનાજ પીપ આવેલાં હતાં એટલે માલમ તો ગભરાટથી અડધો બની ગયો. તે બન્નેએ મલી બાલદીઓ ભરીને પાણીનો છંટકાવ કરવા માંડયો. આ વખતે કપટાન અને એશ્ગ્રોનં કીનારે ફરવા ગયા હતા તેઓ આવી ચહડયા. સેલરોને મોહડેથી ભડકાં લાગવાની ખબર સાંભલી તેઓ ઉતાવલે વ્હાણ ઉપર આવ્યા, પણ કપટાનને જોઇ પેલા ખ્રીસ્તી બાવરચીએ તુરત નજદીક જઇ ખબર આપી કે સર્વે સલામત હતું અને બલતું હોલવાઇ ગયું હતું. એશ્ગ્રોનેં માત્ર જીગ્નાસા ખાતર તે ગોડાઉનને જોવા માંગ્યું પણ નજદીક જતાં તેઓને માંહેથી ધુંવો પજરતો જણાયો. ગોડાઉન ખોલતાં માંહેથી

ધુંવાના ગોટેગોટા બ્હાર પડવા લાગ્યા. કપટાને હોકમ કરી પાણીઓનાં ચોબાજુ ધસારા ફેંકાવા માંડયા પણ તેટલાં એક સેલર ખબર લાવ્યો કે વહાણનો બીજો ભાગ પણ સળગી ઉઠયો હતો. આ નવી ખબરથી ગરીબરા ઇંગ્રેજો ડબાઇ ગયા, તેઓએ જીવનોડ ઝેહગતથી પોતાનાં વ્હાલાં વહાણને બચાવવાને ઘણું કયુ પણ કોલસાનાં ઢગમાંજ જ્યાં પજરણ ચાલુ થએલું ત્યાં તેઓના ગમે એટલી મેહનત સ્ફલ થઇ નહી. મામલો તદન જોખમભર્યો થતો એવું જોઇ કપટાને દારૂ ગોળાનાં પીપો પાણીમાં નાખી દીધાં અને સર્વે માલ ખજાનો બચાવવા બીજી હોડીઓ ભરવા માંડી.

સાંહજ પડતાં તે ખડતલ સાહરીક ઇંગ્રેજોએ પોતાનું વહાણ જે તેમને તેમનાં વ્હાલાં વતનથી આ દુર દેશાવરના પારકાં મુલકમાં ખેંચી લાવ્યું હતું તેને બળી જલીને ખાક થતાં રડતી ગમગીન આંખોએ જોયું. અફસોસ, તેજ માત્ર તેમનાં વતનની એક મીઠી બાકી રહેલી યાદ હતી, તેજ તેઓને પાછા ઘર લઇ જવાનું સાંધણ હતું. તેમના મુલકમાં ઉગતાં ઓક લાંકડાંના તે સંગીન બનાવટ તેઓની દુખતી બલતી આંખો સામે કોયલા અને રાખના આકારમાં દર્શાવને તજ્યે નાબુદ થઇ.

હવે તેઓ શું કરે? દુશ્મનોનાં ડાચાંમાં તેઓ જીવતા હતા, તેના ખ્યાલથી તે બહાદુર ગોરાઓના ચેહરા કમલાઇ ગયા. કપટાન અને સેલરોને માલના બચાવ અર્થે બેસાડી જવાન એશ્ર્વોર્થ નવાબની મદદ માંગવા શેહરમાં ગયો. નવાબ સાહેબે ઠંડે કલેજે તેઓની આ બદબખ્તી ઉપર દલગીરી જાહેર કરી હાલને કાજતો તેઓને મુશ્વાનસરામાં જઇ રહેવાને ફરમાવ્યું, આ મુશાફરખાનું ગોરાઓનો

મંત ઉંદરનાં પીંજરા જેવું હતું તોબી દર્યાવમાં ખુલ્લી હોડીમાં વેરવી-ખેર પડેલા માલ સાથે કેમ રહેવાય અને ગાડાંમાં સર્વે બાકી રહેલો માલ અસબાબ લાદી તેઓએ ધર્મશાળાનો રસ્તો લીધો.

આ બધો વખત પેલા ખ્રીસ્તી બાવરચીની ધનનમલ જણાઈ નહીં, અને હવેજ તેઓએ જાણ્યું કે તે સખસ પોરચ્યુગીઝનું હથી-યાર હતું અને તે તેઓનો નાશ કરવા તેમનાં વહાણ ઉપર આવ્યો હતો. નવાબી રાજમાં ઇનસાફનીનો વકીજ કેવી એટલે તેઓ પોતાની કમનસીબીને રડીનેજ બેઠા. જોકે મુસલમાનો પરોણાગતી કહેવાયછ પણ નવાબ સાહેબેતો આ ગોરાઓને મદદ કરવાની આખાડા કીધી અને તેઓ પોતાનાં નસીબને આધારે લટકી રહ્યા.

સાંજનો વખત હતો. કપટાન અને એસ્મોર્ન ઉતારૂ ખાનાનાં વરનડા ઉપર વાતે બેઠાછ.

"નહી એસ્મોર્ન, તમે ધારોછ તેમ આપણે સલામત નથી. હું ઇચ્છુંછું કે આપણે એક વહાણ ખરીદી આપણે વતન હંકારી જઇએ, પણ તેમ બનવું મુસ્કેલ છે. તાપી નદી છોડતાંજ અદેખા પોરચ્યુગીસો આપણી પુઠે લાગી આપણો નાશ કરશે, અને જો ક-દાચ તેઓના બસમાંથી બચ્યા તોબી અહીંનાં દેશી બનાવટનું વહાણ વેલાત સુધીની લાંબી સફરમાં ટકી રહે એ મને શક છે." કપટાન બોલતો હતો.

"પણ અહીં શું એક કોઇબી સમાધાન શહેર નથી કે જ્યાં આપણે સાંતીથી રહી સકીએ?" એસ્મોર્ને જાણવા માંગ્યું.

"નહીં આ અભાગ્યું ઇંડીયામાં સાંતી જેવું કશું નથી." કપટાને અફસોસથી કહયું, "એસ્મોર્ન આપણે વેલાત કેમ જઇએ તમને કાંઇ સમજ પડેછ?"

"હું વેલાત પાછો જવા માંગતો નથી હું કોઈગી સાહસ કર્મ માટે તૈયારછું લોકો કહેછે કે હું પહેલા મંગલનાં ગરેહમાં જનમ્યોછ એટલે કમનસીબછું અને મને ફકરછે કે એ મારાં બદબખ્તથીજ તમોને સર્વેને સેહવવું પડયુંછ." એમ્મોને કહ્યું.

"તેતો કેમ કહેવાઈ સ્કાય, પણ નસીબ વાંચનારાઓબી લાખમાં એક ખરા નીકલી આવેછ. મને યાદ છે કે એકવાર એક બુઝર્ગ જરમને મારા એકમીત્રનો હાથ તપાસી કહયું હતું કે તે એક માસમાં મરણ પામસે, આ વખતે સ્પેનીયર્ડોની લડાઈ ચાલતી હતી તેમાં તે મારો મીત્ર જોડાયલો હતો અને હમને બનવા જોગ લાગ્યું. કે તે લડાઇમાં મરણ પામશે, જ્યારે સરકાર તરફથી તેને લડાઇપર જવાને હુકમ મલ્યો ત્યારે તે મરવા તૈયાર થઇને હરફોની વચ્ચે બીનદહેસ્ત ધસ્યો ગયો. પણ લડાઇ ખતમ થતાં તેતો જીવતો જાગતો સલામત બચી ગયો. આ ઉપરથી તે મારા દોસ્તે પેલા જરમન સેતારેશ્નાસને ધુતારા ઠગારા વગેરેની ઉપમા આપી અને ફતેહથી ખુશી થતો પોતાને મકાન જવા નીકલ્યો, પણ કુદરતનું નીમાર્ણ ખરૂં હતું. રસતે હૉટલમાં ને એક રાત ઠાક ખાવા ઉતર્યો અને ત્યાં તેનું ખુન થયું, ગરીબ બીચારો તે ખરેખર તેજ માસમાં મરણ પામ્યો. એકવાર મેંબી એક નસીબ જોનારને મારા માટે પુછયું હતું અને તેને મને કહ્યુંછ કે હું દર્યાતની દરેક મુસીબતોમાંથી મોકલો થઇશ અને ધર્તી ઉપર નજીવે બ્હાણે મરણ પામીશ. અરે ખોદા કરીને હું મારે વતન જઇ સ્કુ." કેપટન હૉકહર્સટ બોલ્યો.

"મને તો હીંદુસ્તાનનીજ મોહેની છે. હું તો મોગલ બાદશાહ અકબરનાં પાયતખ્ત આગ્રાને જોવા માંગુછ, લોકો તેની ઝાહોઝલાલ

એવી ચીનારેછ કે તે જો ખરીજ હોય તો બેશક તે શહેર આ જગતનું જીન્નત હોવું જોઇએ." જવાન એશ્મોર્ને જેનાં બદનમાં જવાનીના લોહીનો ઝુસ્સો હતો તે બુઝર્ગ કપટાન કરતાં જુદોજ વીચાર ધરાવતો હતો.

તેઓએ કેટલોક વખત સુધી ગસલત ચલાવી પણ કશાંગી છેવટ ઉપર આવ્યા નહી. બે દીવસ પછી કેપટન એકાએક માંદો થઈ ગયો. બોલબોલતામાં તે સાજો તાજો આદમી લોઠપોડ બની ગયો. શું આગી કાંઇ પોરચ્યુગીસોનું કાવત્રું હશે ? શું કપટાનને કોઇએ ઝેર આપ્યું હશે ? તે બીછાણાં ઉપરથી ઉડવાની કોષેશ કરતો પણ તમ્મર આવવાથી તુરત પછડાઈ પડતો. તબીબને બોલાવતાં તેને ગંભીર ચેહરે કહ્યું કે તે દરદતો જીવલેણ કોલેરા હતો, અને ખરેખર ચોવીસ કલાકમાં તો ગરીબ બીચારો કેપટન હૉકહર્સટ મરણ પામ્યો. બીજે દીવસે ત્રણ સેલરોને એજ દરદ લાગુ પડયું જેઓમાંના બે તેજ સાંજે મરણ પામ્યા. હવે સેલરોમાં ધબરાટ મચી રહ્યો; જવાન એશ્મૉર્ન ઉપર બધી જોખમદારી એકલે હાથે આવી પડી. આવી વખતે સુરતના કિલ્લાના વડા લશ્કરખાન નામના મુસ્લમાન સાથે એશ્મૉર્નને ઓલખ પડી. તેને છુપીથી ખબર આપી કે પોરચ્યુગીસોએ સુરતના નવાબને આ બધા ઇંગ્રેજોનો નાશ કરવા માટે વીસ હજાર રેહાલની લાલચ આપીછ. એશ્મૉર્ને તે મોગલનો આભાર માની તેઓની આવી હાલતમાંથી કેમ છુટકો થાએ તેની સલાહ પુછી, તે મુસ્લમાને ઘણાં ધ્યાનથી એશ્મોર્નની મુશ્કેલીઓ સાંભલી પોતાની લાંબી દહાડી પસવારતાં નીચે પ્રમાણે સલાહ આપી.

"મારા બેટા, તારી બદબખ્તીનો હેવાલ સાંભળી મારૂં જીગરૂ

બેહદ રંજીદા થયુંછ, બેશક આ જગમાં સર્વેના બુરાં આસામીઓ તે આ હેવાન ખસલતના પોરચ્યુગીશો છે, તેં મારા બેટા, મારી સલાહ લે અને કેઇપણ દીશે વહાણ મારફત તારે વતન પાછો ફરવાનો વીચાર કરતો ના, કારણ દર્યાઇ મગરમચ્છ કરતાં વધારે ઝેરી તે આ પોરચ્યુગીસો છે. જો બની શકતું હોય તો ખર્ત્તાને રસતે તું તારે મુલક જા, અને નહી તો—તો હમારા બાદશાહ—ને હુઝુરે—પુર—નુર આલી ઝનાબ અકબર શાહની પનાહમાં આવ. હાલમાં તે નામવર પોતનું લશ્કર લઈ દક્ષિણના રાજાઓ ઉપર જીત મેળવવા જાએછ અને મને હુકમ મળ્યો છે કે મારાથી જેટલું ભેગું થઇ શકાય તેટલું લશ્કર લઇ તેને લડાઇમાં જોડાવું. તું તારા માણસો સાથ મારાં લશ્કરમાં આવ અને હું તુંને શાહ અકબરની હાજરીમાં લઈ જઇશ. તોપના મારા કેમ ચલાવવા તે તુંને પુરની રીતે રોશન છે અને શાહ અકબરને એક એહવા નીશાનબાજની ઘણી અગત્ય છે મારી ખાત્રી છે કે તે નામવર મુર્ત્તી પુંજક હીંદુઓને પોતાને તાબે કરી પછી આ તરફ ફરી દીવ અને ગોવા જીતી લઇ પોરચ્યુગીસ કુતરાઓને હીંદુસ્તાનના કીનારેથી હાંકી કહાડશે. તે નામવર ઘણો દયાલુ અને સમજુ હોવાથી તારી મદદના બદલામાં તુંને નેહાલ કરી તારે વતન પાછો ફેરવશે."

આ માંગણી એસ્કોર્નને મન નંબર વન હતી! પણ તેના બધા સાથીઓ કબુલ થશે કે તે એક સવાલ હતો, બનતાં સુધી મોટી મોટી ડીંગો મારી તેને આ વીચાર પોતાના સાથીઓને કહી સંભળાવ્યો, કે તેઓ પોતાની જાત પ્રમાણે બનીપાની પરવાહ વગર યાહોમ ઝીપલાવવા કબુલ થયા. વહાણના માલેક અને બીજા ત્રણેક

જણાએ શાહના લશ્કરમાં જોડાવાની ના પાડી અને સુરત ખાતેજ થોભી કોઇ આવતાં જતાં વહાણે ચહડી પોતાને વતન ઉપડી જવાનું વધારે પસંદ કર્યું.

એસ્બોર્ને પોતાના મીત્રોને લંડન કાગજ લખી તેઓ ઉપર જે વીટયુ હતું તેની ખબર આપી અને તે કાગજ રાતા દરીયાવને રસતે મોકલવાની ગોઠવણ કીધી.

એસ્બોર્ને અને તેના સાથીઓએ જે કંઇ માલ રોકડ હતું તેનાં સોનાના સીક્કા કરી લીધા. લશ્કરખાને હઠીયાર સપુરદ કીધાં અને થોડા દહાડામાં તેઓ લશ્કરમાં જોડાવાને તૈયાર થયા. ને ઈંગલંડથી જે ૮૨ આશાગીઓ નીકલ્યા હતા તેમાંના હાલ ૬૮ બાકી રહ્યા હતા.

આ પ્રમાણે થોડા દીવસના અરસામાં જવાંન એસ્બોર્ને એક પાગામાલ વેપારી ઉપરથી શાહ અકબરનો લશ્કરી થવા પામ્યો.

પ્રકરણ ત્રીજું.

એસબોર્નેની આગલી હકીકત.

પોતાનું વતન ઈંગલંડ છોડીને પારકી ધર્તી ઉપર પરજાતની રૈયત દાખલ રેહવાને એસ્બોર્ને ખુશી થયો તેનું કાંઇ બીજુંજ કારણ હતું, તે માટે આપણે હવે આ જવાનની આગલી કારકીર્દીનો કાંઇક ખુલાશો મેળવ્યે.

એસ્બોર્નેનું ખાનદાન ઘણું ઉંચ હતું પણ બચપણથી પોતાની માનું છત્ર ખોહવાથી તે પોતાના બાપાવાને ત્યાં ઉછર્યો હતો. માતાના

વ્હાલથી કમનસીબ રહેલો આ જવાન એક ઓરતના ખરાં હેતમાંથી બાતેલ થવાથી સ્ત્રીજાતની ખરી ખુબી પીછાણી શક્યો નહી. વીસ વરષની જવાન વયે તે એક પોતાની પીત્રણ જોડે લગનનાં ગાંઠથી જોડાવાના વીચારમાં પડયો. અવાર નવાર તે પોતાની ખુબસુરત પીત્રણને મલતો અને તેણી તરફથીબી એસ્મૉનંને ઉત્તેજન મલતું. પણ એક દીવસ શું તેનો અજાયબી અને નાસીપાસી ? તેઓની પડોસમાં રેહતા લોર્ડ ડરબીએ તે જવાન નારની માંગણી કીધી અને તેણીએ તે એક્કે બોલે કબુલ રાખી. લોર્ડ ડર્બી અઢાર ઉમરનો વીધવો હતો અને એસ્મૉનંની પીત્રણ ગાત્ર સત્તર વરષની હતી તે છતાં તે કોમલાંગીએ તે ઘરડાં ઘુવડને કબુલ રાખી તે જવાનને હાથતાલી આપી તેથી તે ઘણોજ દુખી થયો, તે દીવસથી તેને સ્ત્રીજાતાનું ગોયા નામજ બાળી મૂક્યું, તેને મનથી બધીજ ઓરતો આવી બેવફા અને બેકદર હતી, તેને બાનુંઓથી દુર થવા મેળાવડાઓમાં જવાનું બંધ કર્યું, અને આવી રીતે એકલો અટુલો પડવાથી તે ઇંગ્રેજ લશ્કરમાં જોડાયો. એક વખત કવાયદ કરતાં એક દુશ્મન જેવા થઇ પડેલા તેના સાથીએ બાગખા એક ગોલી તેના તરફ છોડી જેથી એસ્મોર્નનો હાથ જખમી થયો. જવાન એસ્મોર્ને તુરત પોતાના જેનરલ જોડે જઇ ફર્યાદ ઉઠાવી પણ તેનો હરીફ એક શ્રીમંત ઉમરાવનો એકપુરો વારસ હતો એટલે લાગવગથી તે ફાવી ગયો અને સાંમો એસ્મોર્ન કાંઇક ડંડાઇ ગયો. નારાજ થઇ તેને લશ્કરી નોકરી છોડી દીધી અને પોતાને મકાને પાછો ફર્યો, ત્યાં જતાં તેને જણાયું જે તેના બપાવા અને પીતા મરણ પામ્યા હતા અને ભાઇઓ અને પીત્રાઇઓ સર્વે મીલકતના વારસ થઇ બેઠા હતા. જયારે તેને પોતાનો દાવો ઉઠાવ્યો ત્યારે તેના અં-

અને સગાઓએ જણાવ્યું કે ધારવા મુજબ તેમના બાપાના કાંઇ સારી દોલત મેળી ગયા હતા નહીં. એસ્મોર્નને જે હાસો આપવાનાં આવ્યો તે ઘણોજ ન્હાનો હતો, છેવટે પોતાના ભાઇઓ તરફની આવી ઠગબાજીથી તેનું દીલ ઘણુંજ રંજીદા થયું. લંડનમાં હવે તેને કોઇ ઉપર વીશ્વાસ રહ્યો નહીં દરેક ઠેકાણેની આવી નાસીપાસીથી તે નાઉમેદ બની ગયો અને તેથી તેને પારકી ધર્તીને પ્યારી કરી તે હિંદુસ્તાન આવ્યો અને આપણે આગલા પ્રકરણમાં વાંચ્યું તેમ શાહ અકબરનાં લશ્કરમાં જોડાયો.

પ્રકરણ ચોથું.

મોગલ છાવણી.

ઠંડા મુલકના ગોરા લોકો, હીંદુસ્તાનની ગરમીથી ત્રાહે ત્રાહે કરતા હોવાથી એસ્મોર્ને લશ્કરખાનને સૂચવ્યું કે પાછલી રાતે તેમની ફોજને કુચ કરાવવી ઠીક થઇ પડશે, અને તે પ્રમાણે અંધારામાં બળતી મશાલ સાથે એસ્મોર્ન અને તેનાં સાથીઓ, પેલા મોગલ લશ્કરીને જોડાવા તૈયાર થયા. તેઓ દરેક પાસે હથીયાર હતાં, કોઇક તો મુસલમાન માફક પાઘરી દુપટા બાંધ્યા હતા.

લશ્કરખાન પોતે તમામ હડીયારોથી સજ્જ થયો હતો. તે મોંગલવંશી હોવાથી ભારી ડાંચા અને પસેલાં જડબાંનો લાલ તુતી જેવો, પોહળાં ખભાં, પોખાલ છાતી અને ખીલેલાં સ્નાયુ ધરાવતો હતો. તેની સાથે સાહઠ ઘોડેસ્વારો અને દોહડસો પાયદા હતી. તેઓએ એસ્મોર્ન અને તેના થોડાક સાથીઓને ઘોડા આપ્યા જ્યારે,

બાકીના સીપાહો સાથે પાંઉ પ્યાદા કુચ કરતા.

ધીમે ધીમે બામદાદનું ઝઝકલું અને ગોરાઓની નજરે આંખને ટાઢક આપનાર કુદરતના મીઠા દેખાવો આવવા લાગ્યા. ન્હાનાં સાદી બનાવટનાં ઝુપડાંની આસપાસ પણ સુંદર તાજે હરીયાલીભર્યો બગીચો આવેલો હતો. દાડમ, જમરૂખ, કેળાં, નારંગીનાં ઝાડોની આસપાસ મેહદીની ઝાડીઓ ઘણી ખુશનુમાં લાગતી, વળી તાડ કે ખજુરીનાં લાંબા પહાડની ઉંચાઇનાં સીદ્ધાં સરોવર જેવાં ઝાડો એ પેલા ઇંગ્રેજ ખલાસીઓની નજરે તદન નવોજ દેખાવ હતો.

પણ જેમ જેમ સુરજ તપવા લાગ્યો તેમ તેમ ગોરાઓ પોતાની આસપાસની કુદરતની બહ્યારી તરફ બેદરકાર થતા ગયા. પ્યાસથી તેઓની જબાં ખેંચાઇ આવી અને ગરમીના સખત તપોટાથી તેઓનાં મસ્તક ધુમી રહ્યાં. પરસેવે ગરકાવ થએલા થાકથી નીસોસ બનેલા આંતે તેઓ પોતાના ઉતારાની જગ્યે આવી પોંહચ્યા કે જે જગ્યા સુરત શેહરથી વીસ માઇલને છેટે આવેલી હતી. મટોડીના બાંધેલાં ન્હાનાં ન્હાનાં કોઠરામાં હાલને કાજતો તેઓ ઉતર્યા હતા. પડોસના કુવામાંથી પાણી ખેંચી તુરત તેઓએ બેઅખત્યાર પાણી પીધું અને પછી ખાણાની વાટ જોતા બેઠા. મુસ્લમાન લશ્કરોમાંનાં થોડાકોએ ચાવલ અને ગોસ્ત પકાવી ગોરાઓને પુલાવ ખવાડયો; એટલે તાજા થઇ તેઓ થાક ઉતારવા અલેટાયા.

બીજી સહવારે તેઓએ પોતાની કુચ પાછી શરૂ કીધી; દીવસનાં તાપ બહુ પડતો હતો પણ ખલાસીઓ નવા નવા દેખાવથી તેમજ દેશીઓ તેઓ તરફ જે માનથી વર્તતા હતા તે માટે ખુશાલ હતા.

એક મુખ્નાડીયાં બાદ તેઓ એક મોટી લશ્કરી ટુકડી સાથે

જોડાયા જે ટુકડી એક મોટા પહાડી કિલ્લાને ઘેરો ઘાલતી હતી. બીજે દીને લશ્કરખાન એક દુભાસ્યાને સાથે રાખી એશ્ગોર્નને તે ટુકડીના વડા સૈનાધીપતીનાં તંબુમાં લઈ ગયો. આ સૈનાપતી તે શાહ અકબરનો જમણા હાથ જેવો, તવારીખમાં મશ્હુર થએલો અબુલફઝલ હતો. તે પોતાનાં તંબુમાં જમીન ઉપરની ચટાઇપર બેસી પોતાના નવીસંદા સાથ વાતે વલગેલો હતો. તે ઉમરે પોંહચેલો, કદાવર બાંધાનો ગંભીર ચેહરાનો સોહામણા દેખાવનો મોગલ હતો, તેને એશ્ઑર્નની મુલાકાત ઘણા તાજીમતવાઝા સાથ મંજુર રાખી, તેને પોતાની સાથે સુફરા ઉપર બોલાવ્યો. ખાંણા ઉપર એશ્ઑર્નની આજાઓની વચ્ચે કાંઇ તરેહ ફીસમનાં વાનાંઓ પીરસવામાં આવ્યાં, અબુલફઝલ જે સાહેબે શોખ ખાનાર હતો તેને જવાન એશ્ઑર્નની બહુ ઉદારતાથી પરોણાગત કરી. પડોસના તંબુમાં દરેક મોટા, નહાના, માતબર ગરીબ, અદના કે આલાને ભેગા મલી એક થાલમાં સાથે બેસી ખાણું લેતા તેઓને જોઇ તે ઇંગ્રેજ જવાન હેરત રહ્યો.

ત્યાર પછી અબુલફઝલે આ ગોરા સરદારને તેનાં લશ્કરી બળ માટે પુછ્યું, અબુલફઝલે ચાકથી લીટીઓ દોરીને તેઓ હાલમાં જે હીંદુ રાણાનાં કિલ્લાને ઘેરો ઘાલનાર હતા તેનો દેખાવ બનાવ્યો. તેઓએ તે ગામડાંની આસપાસની ટેકડીઓ ઉપર બંદુક ગોઠવી હતી પણ તેથી તેઓના હરીફનાં ગામને કાંઇ ઝાઝુ નુકશાન તેઓ કરી શક્યા હતાં નહી. અબુલફઝલે એશ્ઑર્નને જઇને ટોપની ગોઠવણી જોઇ આવવાને ફરમાવ્યું તે પ્રમાણે તે શુરો જવાન ટેકડીઓ ઉપર ગયો. મુસલમાન લશ્કર આજ કેટલાક દહાડા થયા તે ગામડાં ઉપર ઘેરો ઘાલી ઉભું હતું પણ તે હીંદુ રાણો તાબે થતો હતો નહી. એશ્ઑર્ને

જાઇને પોતાની સમજ પ્રમાણે ટોપો ધરતે અંદાજે ગોઠની દારૂગોળા એક સરખા વજનના ભરાવ્યા અને દરેક ટોપનાં મોહડાં ગામડેનાં સુંદર ખુબસુદ ગકાનો દેવલો, મેહલો તરફ ગોઠની ધરાધર ફોડવાના હુકમ કીધા. હવે ગામનાં લોકોમાં ધબરાટ પેડે. ખરો અને તેઓએ ન્હાસભાગ કરી મુકી. અબુલફઝલે એક જાસુસને શેહરમાં મોકલી એવી ખબર ફેલાવી કે નામવર બાદશાહ પોતે તે ગામમાં આવી પોતાની સત્તાથી આખું શેહર તોપને મોંહડે મુંકી દેનાર છે. આથી તે શેહરનો હીંદુ નાગો ધબરાગો, તેને તુરત તાબેદારીનું કેહણ મોકલાવ્યું અને અબુલફઝલે તે કબુલ રાખી એસ્ફાંનની બહાદુરી વખાણી.

બે દીવસ પછી કિલ્લેબંદી માટે પોતાનું થોડુંક લશ્કર ગામડાંમાં રાખી અબુલફઝલ પોતાનું ખાસ લશ્કર જે અહમદનગર ઉપર ઘેરો નાખવા ગયું હતું તેના સાથ જોડાવા નીકલ્યો. કુચ દરમ્યાન તેને એસ્ફાંન સાથ ઘણી ઘણી વાતો થઇ અબુલફઝલ તે જમાનામાં એક સેનાપતી ઉપરાંત ઘણો બાહોશ અને એલમમાં પુરવીન હતો તેની કાબેલ કલમે ઘણા દુર અંદેશીભર્યા ફીલસુફીના પુસ્તકો બહાર પાડયાં હતાં અને તે એક દુન્યાં વર્ણનો મોટો મુનશી શાયર કેહવાનો.

દખણનાં અહમદનગર શેહરની નજદીકમાં આવી પુગતાં તેઓને સાંમેથી ખેડુતોના ખરાબા અનાજથી ભરાયલા ગલા લાગ્યા. ઉંટને દોરડીથી ખેંચી દોરવનારાં આસામીઓનો દેખાવ ગેરાઓની નજરે નવોજ હતો. ત્યાંનાં તે ઘરોનાં બલેલાં છાપરાં અને ઉજેંડ દેખાવ લડાઇની કંગાલીયતનો ખ્યાલ આપતો બગીચાનાં ઝાડોના પાતરાં વટીક તોરી પીખી શાહના લશ્કરીઓએ પોતાનાં જાનવરોનાં હોજરાં ભર્યા હતાં. એસ્ફાંન અને અબુલફઝલની બાંહેધરી હેઠળ ગોરૂં

લશ્કર આ બધો દેખાવ જોતું આગલ વધ્યું.

તે વખતમાં અહમદનગરમાં ન્હાનાં નીચા માટી અને ઈંટની બનાવટનાં ઘરો નજર આવતાં દુરથી દેખાતા એક મોટા પથરના કિલ્લાને મોગલોએ હાલમાં ઘેરો ઘાલ્યો હતો શેહરની બ્હાર તરેહ તરેહ કીસમના ન્હાના મોટા તંબુઓની હારનીહાર લંબાઇ હતી જેઓમાંનાં કેટલાક ખાસ રંગીન કાપડના, સંગારેલા હતા. અબુલફ્જલે બાબાગર એસ્ઑર્નેને એક મોટા તંબુમાં ઉતારો આપ્યો. તે જવાને ખુશાલી વચ્ચે જોયું તેમ ત્યાં દરેક સગવડ હતી, નીચે નરમ ગાલીચા બીછાવેલા હતા, સુંદર રંગીન છબીઓ ગોઠવાએલી હતી, અંગોલ માટે સુગંધી પાણી તૈયાર હતું. દરેક રીતે સગવડ પામતાં તેને માટે બીચરીગો પલાવ અને તીખ્ખું દહી એક કાલો નોકર કાળગાં પીરસી લઈ આવ્યો, એસ્ઑર્ન ખાણું ખાઇ બ્હાર પોતાનાં બીજા આસાગીઓને જોવા ગયો તો તે ગોરૂં લશ્કરની મુસ્લમાનોની ઉદાર પરોણાગતથી ખુશાલ બની પોતાના દેશી અજાણ નોકરોની ટકોર કરતું તંબુની બ્હાર આલેટાઇને પડયું હતું. એસ્ઑર્નના સવાલમાં તેઓએ પોતાની દરેક સગવડ ગમી હતી એમ કબુલ્યું પણ તે ઠંડા મુલકનાં ગોરાઓનું ફકટ શરાબને લીધે નાક સુકાતું તેનો ઉપાય થતો હતો નહી.

બીજી સહવારે એસ્ગોર્ન પોતાના તંબુની બાહાર નીકળી જરાક છેટે ફરવા ગયો. તેવામાં તેની નજર એક ઘંટ રોકાં મોટાં દેવલ ઉપર પડી. ત્યાં એક બ્રાહ્મણ પથરના દેવની પુંજા કરતો હતો, એસ્ઑર્ન કાંઇક અજાયબીથી તેની હીલચાલ જોતો ઉભો જેથી તે બ્રાહ્મણે કાંઇક નાખુશીથી બગડી પોતાની ડાબી બાજુ તરફ નિસાંની કરી. બ્રાહ્મણ શું કેહવા માંગતો હતો તેની અજાએબીમાં તે ટાંકેલી

બાજુ તરફ નેગાહ પોંહચાડતા થોડાંક પગલાં ઉંચક્યાં તો તેની નજરે એક મોટું દબદબાભર્યું મકાન પડયું. તેના બહારના દરવાજાને ભારી પરદો નાખ્યો હતો તે ધીમેથી ઉઠાવી તેને અંદર ડોકયું કીધું તો તેની મોટી બાજુએવી વચ્ચે તેને એક ખ્રીસ્તી દેવલ જોયું. ત્યાંની દેવાલો ઉપર કીનખાબનાં કપડાં જરી લીધેલાં અને સીલીંગ ઉપર બ્લુરેશ્મી કાપડ ટાંકી લઇ ઉપર ચલકતા ઝમકતા તારા સેતારાઓની આકૃતી મઢી લીધેલી. વચ્ચો વચ્ચમાં ઑલટર હતું અને તે ઉપર મોટો ક્રૂસ ટાંગ્યો હતો. બાજુમાં વરજીનમેરી અને તેના હાથમાં ન્હાનાં બાળ જીજસનું ચીત્ર પાડેલું હતું. અને તે આખો ઓરડો ચાંદીના દીવાઓની સુંદર રોષ્ણીથી ઝળુક મારતો હતો.

એશ્બૉર્ન પ્રોટેસ્ટંટ પંથ પાલતો હતો અને આ દેવલ રોમન કેથોલીકોનું હતું. તે પાછું બ્હાર જવા કરતો હતો તેટલાં સાંમેથી ગંભીર દેખાવતો એક ધર્મગુરૂ મોટા કાલા ઝબ્ભાગાં સજ્જ થએલો તેની તરફ આવતો જણાયો તેને ફ્રેંચ ભાષામાં એશ્બોર્ન સાથ વાત કરી જે ભાષા તે જવાન સેહજ સાજ સમજી શકતો. એશ્બોર્નને વાતમાં ગુંચવાતો જોઇ પેલા પાદરીએ માંહેથી પોતાના બીજા જાતભાઇને બોલાવ્યો. આ બીજો આવનાર ધર્મગુરૂ વધારે જવાન હતો. તેને સાફ ઇંગ્લીશમાં જવાન એશ્બોર્નને આવકાર આપતાં કહ્યું:—

"તમો ભલે પધારો આ પવીત્ર ખોદાના મકાનમાં, કુલ પૃથવી ઉપર આ ધર્મજ સર્વેથી પેહલો અને ખરો છે અને અમારી ખાત્રી છે કે દરેક દાનેશમંદ આસામી તેમ કબુલ કરશેજ. આહ! ખોદાની ફરામનથી ચાલને દાહડે તમામ ખલકત એજ એક એકલા ધર્મને માનનાર અને પાલનાર થશે."

એસ્મોર્નનો પંથ આપણે ઉપર કહ્યું તેમ પ્રોટેસટંટ હોવાથી તેને ઉપલા શબ્દોથી ઘણું ઝનુન આવ્યું તોપણ પોતાનો પીત્તો સાંત કરતાં તેને જવાબ દીધો.

" તમારી બહુ મેહરબાની થઇ ફાધર, પણ હું એક ઇંગ્રેજ છું અને તમો ગોવાનોસના ધર્મ સાથે તાલુકો ધરાવતો નથી. અહીં દાખલ થવા આગમજ મને ખબર નહતી કે આ એક પોરચ્યુગીસનું દેવળ છે અને નહીં તો હું અહીં દાખલ થતેજ નહી"

"અરે તમે ભલે પધારો સાહેબ, આપણો કેથલીક ધર્મ સર્વેથી પહેલો અને ઉંચ છે માટે—"

"બસ ફાધર હમોએ પોરચ્યુગીસોને હાથે એટલું ખમ્યુંછ કે એ તમારી દગાબાજ ખરીલી વંસ માટે મને સેહજ પણ માન નથી."

" જેવી તમારી ગરજી, પણ હમે કાંઇ તમારા દુષ્મન નથી, તેમ હમે આ ખાકી દુન્યાની લડાઇના લશ્કરી નથી હમે તો તે મોટી ખોદાઇ સમાજની જંગબાજીમાં રાતોદીન મશ્ગુલ રહીએછ. વળી તમે એક અંજાણ્યા છો અને આ નવાં શહેરમાં ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડશે તેવી વખતે મીત્રાચારીભરી રીતે હમો તમોને મદદ કરવાને તૈયાર છૈયે"

એસ્મોર્ન પોતાની કાંઇક બેઅદબ ચાલ માટે લજવાઇ ગયો અને તેને, નરમીથી પુછયું. " હું જાણી શકું કે હું કોણ સાથે વાત કરવાનું માન ધરાંઉછ? અને તમો આ મુસલમાન અને હીંદુ મુર્તી પુંજકોનાં વતનમાં કેમ આવવા પામ્યા?"

" આ બુઝર્ગ ધર્મગુરૂ તે ફાધર જેરોમ ઝેવીયર છે અને હું, એમના હાથ નીચેનો ફાધર કોરસી છું."

ફાધર જેરોમ ઝેવીયરનું નામ સાંભલી એસ્ઓર્નથી વાંકો વળી નમન કર્યા વગર રહેવાયું નહીં. તેને ફાધર ઝેવીયર માટે સાંભળ્યું હતું કે તે જબરો સહનસીલ અને ઉદાર હતો. તેને હીંદુસ્તાનમાં ઘણી હાડમારીઓ વેઠી હતી અને પોતાની કરામતથી એક દીવસમાં આખાં ગામને વટલાવી શકયો હતો.

ફાધર કોરસીએ વધુ ખુલાસામાં કહ્યું કે તેઓ નાસ્તીકોને આસ્તીક કરવા દુસ્મનોની વચ્ચે વસતા હતા અને મોગલ દરબારમાં તેઓ ઘણાં વર્ષો થયાં જાણીતા થયા હતા. હવે એસ્ઓર્ને પોતાની ઉપર અને પોતાનાં આદમીઓ ઉપર જે વીટયું હતું તે કહી સંભલાવ્યું. જે સાંભલી ફાધર કોરસી બોલ્યો.

"હું દલગીર છું કે તમોએ સાંતીભર્યા વેપારી અને સેલરો ઉપરથી સોલજરની જીંદગીએ જીવવાનું પસંદ કર્યુંછે. આ હીંદુસ્તાનનાં લોકો સાથે તમોને શું અનબનાવછે કે તમે મોગલોને મદદ કરી આ બીચારા દેશીઓને મોગલોની ગોલામગીરીમાં ફસાવા તૈયાર થયાછ? માનજો દોસત કે આ દેશ એવું નથી કે જ્યાં તમે સાંતીથી રહી શકો. અંહીનું હવા અને પાણીજ માત્ર ખરાબ નથી પરંતું આદમીઓ ઝેરી સાંપના ખસલતનાં છે."

"હું અજબ થાઉંછ કે તમે પોતે મોગલોની દરબારમાં રહી બીજાઓને દરબારની નોકરીની ચેતવણી આપોછ. હમોએ પોરચ્યુગીસોના હાથથી ઘણી હાડમારી વેઠીછ અને તેમાંથી મ્હોમેદનોએ હમારો છુટકો કીધોછ, માટે તેના બદલામાં હમો મોગલ દરબારની કાંઇબી સેવા બજાવાને તૈયાર છૈયે," એટલું કહી એસ્ઓર્ને ત્યાંથી ચાલ મુકી.

બે દીવસ સુધી એસ્ત્રૅાર્ને અબુલફઝલ તરફથી કશું સાંભળ્યું નહી. પણ પેલા નવા મળેલા પોરત્યુગીસ ધર્મગુરૂઓ તેને ભુલી ગયા નહતા! સાંજને છેડે એક પટલો એકવડીયાં આંગનો ચપલ આંખનો જવાન પાદરી આપણા જવાનને મલવા આવ્યો. તેને પોતાનું નામ બૅનડીકટ-ડ. ઘોસ આપ્યું. આ નવા આવનાર પાદરી સાહેબે તો કેટલાંક વર્ષોની ઓલખાણ હોય તે માફક એસ્ત્રૅાર્ન સાથ તરેહ ફીસગની વાતો માંડી અને ફીટવાનું તો નામજ નહી લે! તેને કહ્યું કે અંતે એસ્ત્રૅાર્નને સુકરની દસા બેઠી ખરી કારણ ત્યાં વગર તે તે લોકનાં દેવલમાં જઇ પોહચવા જેટલું ઉંચ નસીબ ધરાવે?

"સીનોર સાહેબ મારી શબ્દે શબ્દ સાચી હકીકત સાંભલશો?" તેને પુછી જોયું.

એસ્ત્રૅાર્નની એકલો પડેલો હોવાથી તે કાલાંમાય ટાહેલાંની બટાઇ સાંભલવા કબુલ થયો કે માનવંત બેનડીકટ-ડ. ઘોસે નીચે પ્રમાણે ચલાવ્યું.

"મારો જનમ સેંટ માઇકલના પવીત્ર શેહરમાં થયો હતો. જવાનીમાં હું ઘણો ઉડાઉછલો અને જુગારી હતો અને બધી ખાસ્યત લડાયક હોવાથી હીંદુસ્તાન આવી મલાબાર કોસ્ટની લડાઇમાં જોડાયો. એક દીવસ ટ્રાવનકોરમાં ફરતાં મારાં પગલાં એક મોટાં દેવલ તરફ વલ્યાં અને અંદર જતાં મારી નજર પવીત્ર જીજસ અને માતા મેરી ઉપર પડતાંજ મને મારી મરનાર મા યાદ આવી. આહ! તે મારી ભલી માવતર જયારે હું ન્હાનો હતો ત્યારે મને ખોદાઈ કલામો કેવાં વહાલથી શીખવતી હતી તેની યાદથી મારી આંખમાંથી આંસુઓ સરી પડયાં પણ ઓ ખોદાતાલા! તેજ પલે ન્હાના પવીત્ર

બાળ જીજસનું પુટલું જે મારી સામેજ હતુ તેની આંખમાંથી પણ પાણી ટપકવા લાગ્યાં. આ મારી પોતાની આંખોએ મેં જોયું કે તે પૂટળામાંથી દુધ જેવી પ્રવાહીના ટીપાં તરતર પડવા લાગ્યાં. હાજર રહેલાંઓ અને હું અજાએબીમાં ગીરફતાર બની ગયાં અને તુરત રૂમાલમાં તે પવીત્ર આંસું લુછી લઇ રૂમાલ ફાડી સૌએ એક એક ટુકડો વેંહચી લીધો. બસ તે દીવસથી મેં લોર્ડ જીજસની સેવામાં મારૂં તનબદન અર્પણ કીધું અને ધર્મગુરૂનો સાહયો પેહડયો. આજે બાર વર્ષ થયાં હું આ નાસ્તીકો વચ્ચે આ હમારા એકલા એક ખરા ધર્મની લડતો ચલાઉંછું."

બેનડીકટે ધાર્યું તેમ એક્ઝોર્ન સેહજબી તેની આ અદભુત હકીકત ઉપર હેરત થયો નહી સેંટ પોલનાં દેવલમાં એકવાર એવીજ ઠગબાજી થઇ હતી તે એકઝોર્નને ખબર હતી. તેમાં ગોઠવેલા જીજસ ક્રાઇસ્ટનાં પુટલાં માટે એમ કહેવાતું કે તે ચોક્કસ વખતે ડોકયું અને આંખ હોઠ વગેરે હીલવતું; પણ જયારે લડાઇમાં તે દેવલ રાણી ઇલીઝાબેથને કબજે આવ્યું ત્યારે તે પવીત્ર પુટલાંની હેઠળ છુપ્પાં ફાલકાઓ ગોઠવાએલાં માલમ પડી આવ્યાં જે ફાલકાંઓ ઉપર પગ દાબતાં જીજસનું પુટલું હાલચાલ બતાવી શકતું. એક્ઝોર્ન પામી ગયો કે બેનડીકટનુ કહેવુંબી આવી ઠગબાજીથી ભરપુરજ હોવું જોઇએ પણ હાલ તેમ ખુલ્લે ખુલ્લું મોહડાં ઉપર કેહવાનો વખત નહતો, તેને વધારે ખબર એમ મલી કે બુઝર્ગ ફાધર ઝેવીયર તે જોવામાં વર્ષો સુધી જાલવો રાખેલાં સબવાલા ફ્રાનસીસ ઝેવીયરનો ભત્રીજો થાય એ બધા પોરચ્યુગીસ ધર્મગુરૂઓ આગ્રા લાહોર, અને કેશ્મીર વગેરે ફરી આવ્યા હતા અને તેઓ મોગલ બાદશાહ અક-

બરના ઘણા માનીતા હતા. જેને મોહમેદન ધર્મની ઝાઝી માહિતી નહતી અને બેનડીકટના કેહવા પ્રમાણે તો તે આજે ખ્રીસ્તીધર્મ અખત્યાર કરે એવી તેઓના ધર્મની મોહીની ધરાવતો હતો, એસ્ઓર્નને એ બધી હકીકતમાંથી માત્ર નવાનું ટકા બાદ કીધા! તોબી તેને એટલુંતો માન્યું કે આ જેસ્યુટોનો મોગલ દરબારમાં લાગવગ હોવો જોઇએ અને એઓને છેડેલા સારા નહી.

પછી બેનડીકટ સાહેબે પોતાના પવીત્ર ઢપછપ એક કોરે મેલી ખુશ્મીઝાઝમાં આવી જઇ એસ્ઓર્નને ધીમે સાહદે પુછી જોયું કે તેને પાણાં રમવાનો શોખ હતો કે? એસ્ઓર્ને હા કેહેવાથી તે પવીત્ર ધર્મગુરૂ સાહેબે! પોતાની વળતી મુલાકાતમાં પાણાં અને સેતરંજ વગેરે લાવી પરદેશથી આવેલા બાપડા ધનું દીલ રીજવવાને વચન આપી રજા લઇ ચાલતી પકડી.

પ્રકરણ પાંચમું.

ઇંગ્રેજી કુનેહ—શરાબ ઉપર શ્રાપ.

ત્રીજે દીવસે અબુલફઝલે એસ્ઓર્ન ઉપર કેહણ મોકલી તેને પોતાના તંબુમાં બોલાવ્યો. અહમદનગરનાં કિલ્લાને શી રીતે શીકસ્ત આપવી તેનાં સલ્લાહ આપણા જવાનને પુછવાથી તે થોડોક વખત વીચારમાં પડયો. કેટલાંક વર્ષ ઉપર શાહ અકબરના બેટા શાહજાદા મુરાદે તે ઉપર હલ્લો કીધો હતો પણ તેનું કશું વળ્યું નહતું, અને હવેની ફોજ જે અહમદનગરને ઘેરો ઘાલી ઉભી હતી તે શાહજાદા ડાનીયલ મીરઝાંની સત્તા હેઠલ હતી. શાહ અકબર હાલમાં બરહાનપુર

ગયો હતો જ્યાં અસીરઃ ઉપર ઘેરો ઘાલી તેનું લશ્કર ઠર્યું હતું. આ અસીર એક બુલંદ પહાડી કિલ્લો, ખાનદેશના રાજાની મીલકત હતી.

ઇતીહાસમાં વખણાએલા અહમદનગરનો કિલ્લો ઘણો મુસ્તકીમ અને હઝારો સાલ દુશ્મનોના તોપના મારા સામે ટકી શકે તેવો હતો. તે વેળા ત્યાંનો નાદાન રાજા સલાબતખાન નીઝામશાહની ફુઇ પ્રખ્યાત ચાંદ સુલતાંનાની સત્તા હેઠળ હતો. આ હીમતવાન શુરી લડવૈઇયણ બાનુની તારીફ આ ગોરાં લશ્કરે પણ દુરના પોતાના વતન સુધી સાંભળી હતી.

એસ્ગોર્ને અબુલ ફઝલને સલાહ આપી કે કિલ્લાને આગ લગાડવામાં ડાહપણ નથી, મગર અહમદનગરને તોપના મારાથી જીતવામાં બ્હાદુરી હતી. અલબતો કિલ્લાની હેઠળ ખોદકામ કરી તેનો પાયો ઢીલો કરી નાખવા તેને સમજાવ્યું.

અબુલ ફઝલે એસ્ગોર્નની સલાહ બહુ વખાણી. શાહઝાદો ડાનીયલ મીરઝાં પણ કિલ્લાનો પાયો ઢીલો કરવા ઉપર રોકાયો હતો. અબુલફઝલ ને જવાન ઈંગ્રેજને તુરત દારૂગોળાવાલાં મેદાનમાં લઇ ગયો. ત્યાં અસંખ્ય બંદુકો મોટા દારૂગોળાથી ભરાએલી ધાતુની પીતળની બનાવટની મુકાયલી હતી. એસ્ગોર્ને તેમાંથી પોતા માટે અને પોતાનાં ગોરાં લશ્કર માટે લાયક બંદુકો હાથ કીધી અને હજી લડાઇને વીલંબ હતો તેટલાં તેને પોતાનાં આસામીઓને દુરના ટેકડાની નીશાણ ઉપર નીશાણબાજી ચલાવી પોતાની હુશ્યારી બતાવવાને સુચવ્યું.

જ્યારે ગોરૂં લશ્કર એ પ્રમાણે કવાયદ કરી બતાવતું હતું ત્યારે અબુલ ફઝલ દશ બાર ઘોડેસ્વારો સાથ ત્યાં આવી ચલડયો. તેઓમાંનો એક સ્વાર તુરત ઘોડા ઉપરથી ઉતરી નજદીક આવ્યો. તેનો દેખાવ ઘણોજ બ્હાદર, પીલતન તનનો, પોહલાં ખભાંનો, સોહા-

મણો, ફરતી શોખક કાલી ચસ્માનો હતો. તેઓની કવાયદ નીહાલી તેને પોતે એક બંદુક લઈ કરેલી નીશાણ તરફ ટાંકી આબાદ ફોડી. ગોરાં લસ્કરમાંનો એક નાકોલસ નામનો સખસ જે નીશાણબાજીમાં એક્કો હતો તેને હવે બંદુક લઈ પોતાનું પાણી બતાવવા માંડયું પણ પહેલા એક બે ધડાકા તેને નેમ વગર આડા અવળા કીધા.

"એગ ફેગ પહલાં તો તું ઘણો એકકો નીશાણબાજ હતો ?" અબુલ ફઝલે તેને પુછ્યું. " "બાગદના કિલ્લા તરફ તો તેં ઘણી આબાદ નેમ ટાંકી હતી."

"હા, પણ તમે લોકો હમોને શરાબ નથી આપતા તે હમારૂં જોર ઘટી જાગેછ" તે પક્કા ગોરાએ પોતાની મતલબ સાચવતાં કહ્યું.

પેલો નવો આવનાર પીલતન બદનનો અંગ્રેજ આ સાંભલી હસ્યો અને અબુલફઝલ તરફ ફરી તે કાંઈ ધીમેથી બબડયો, થોડા વખતમાં એક ઘોડેસ્વાર એક મસક સાથ આવ્યો જે અબુલફઝલે લઈ તેમાંથી પ્યાલો ભરી નીકોલસને આપ્યો.

આહ ! તે ખરેખર ચલકતો રંગીન શરાબ હતો. એક મસ્ત મોગલને હાથેથી શરાબ મેળવવો એ એક ખરી અજાયબી હતી. આબેહૈયાત પીતો હોય તેવી લેહરથી તે ગોરાએ શરાબ ટીપે ટીપું ચુસી લઈ તુરત પોતાની બંદુક ખભે ચઢાવી એક પછી એક આબાદ નેમ ટાંકવા માંડી. આ જોઈ પેલા પીલતન સખસના હુકમથી શરાબની મસક ગોરાં લસ્કરમાં છુટથી ફરતી થઈ, પોતાનું વ્હાલું પીણું જે ગોરાઓને મન માના દુધ કરતાં મીઠું હતું તે અંતે મલેલું જોઈ તેઓ, ખુબ ખુશ રંગપર ચહડયા અને પછી પોતાનું ખરેખરૂં નીશાણબાજી પાણી મોગલોને બતાવી આપી તેઓને દાંતમાં

આંગલાં કરડના કરી મેલ્યા, નીકોલસની આ યુક્તિથી બધા ઇંગ્રેજો તેની ઉપરથી મરી ફીટયા!

અબુલફઝલે એર્સ્કાઈનને પોતાની સાથે કિલ્લા તરફ લઇ જવા માંડ્યો એટલે ત્યાં તે જાતે જોઇ ટોપ ક્યાં ગોઠવવી તે નક્કી કરે. તેનાં નોકરો તેને માટે એક ઘોડો લઇ આવ્યા, પણ તે ઉપર સ્વાર થવાને એર્સ્કાઈનને ઘણી મુસ્કેલી લાગી, તે ઉંચો આરબ ઘોડો ઘણો ગુસ્સાની માલમ પડ્યો અને પોતાના સ્વારને પટકી નાખવા ડુમચી ઉઠાવી પાછલા પગોથી કુદકા મારવા લાગ્યો. પેલા પીલતન સખ્સે તુરત પોતાનો ઘોડો આપણા જવાનને આપી પેલાં મસતાંન જાનવરને પોતાને સ્વાધીન લીધું એર્સ્કાઈન પાછળ ફરી જોએછ તો તે સખ્સ ઘોડાની પીઠ ઉપર કુદી બેઠો હતો અને તેના જોરાવર હાથો હેઠલ તે મસ્ત જાનવર બોકરાં મીસાલ નરમ થઇ ગયું હતું.

"આ કોઇ ઘણો અદભુત માણુસ લાગેછ," એર્સ્કાઈન મનસે બબડ્યો. "ફકટ નેમ ટાંકવામાંજ એક્કો નથી પણ ઘોડેસ્વારીમાંબી મારા કરતાં ચહડનો છે." તેઓએ હવે કિલ્લાની આસપાસ બારીક નજરે વીચારમાં પસાર કરવા માંડ્યું, કિલ્લામાથી અવારનવાર દુષ્મનો ગોળીઓ છોડતા જેથી મોગલોનાં બે ઘોડા અને ત્રણ આસામીઓ માર્યા ગયાં.

એર્સ્કાઈને જોયું કે કિલ્લામાં ઘેરાયલાંઓ પાસેબી દારૂગોળો સારો હતો અને તેઓની લડાયક નીશાણબાજી જેવી તેવી નહતી થોડીક ઘટતી સમજ આપી તે ત્યાંથી પાછો ફર્યો. તંબુમાં આવતાંજ તેને પોતાનાં માંથા ઉપરથી ઠંડા પાણીની આખી પખાલ ઉંધી મરાવી હીંદુસ્તાનની ગરમી ધોઇ નાખી!

થોડા વખત પછી બેનડીક્ટ–ડ. ઘોસ સેતરંજનું પાટયું લઈ તેની સાથ રમવાને આવ્યો. તેઓ બંન્ને રમતા હતા ત્યારે એશ્બોર્ને પોતા પાછળ એક સખસને ઉભો રહી તેઓની રમત નીહાલતો જોયો. તે જવાને બરાબર જોતાં જાણ્યું તેમ તે પેલોજ પીલતન સખ્સ હતો જેની નીશાણબાજી સર્વેથી ચહડતી હતી અને જેને પેલા મરત્તાન ઘોડાને સેહલાઇથી જેર કીધો હતો, તે અજાણ્યાએ કીધેલી સલામના ઉતરમાં એશ્બોર્ને સેહજ ડોકયું હલાવ્યું પણ બેનડીક્ટતો તેની હાજરી જોઇ દીગ્મુઢ બની ગયો. તુરત તે સખ્સે મુસલમાની ભાષામાં પેલા પાદરીને કાંઇ કહ્યું જે અલબત આપણો જવાન સમજી સકયો નહી, રમત આગલ ચાલી અને પાદરી સાહેબ સીકસ્ત પામ્યા. અત્રે પેલા સખ્સે ફરી પોતાની ભાષામાં કાંઈ કહ્યું અને બેનડીકટે એશ્બર્નને કહી સંભલાવ્યું કે તે મોગલ સખ્સ તે ઈંગ્રેજ સાથ મોહરાના રમત રમવા માંગતો હતો. કાંઇબી વધારે બોલચાલ વગર તેઓ વચ્ચે રમત શરૂ થઇ. એશ્બોર્ને ગમે એટલી સીફત વાપડી પણ તે પેલા અદભુત ચાલચલણવાળા સખ્સના હાથ ઉપર મ્હાત થયો, જીતીને તુરત તે સખ્સ ઉઠી ઉભો થયો અને ખુશમીઝાજે તેઓને સલામ કરી તંબુ છોડી ગયો.

બેનડીકટબી રજા લઇ ઉઠયો એટલે એશ્બોર્ન પેલા અજબ જેવા કદાવર અંજાણા સખ્સને તપાસતો ઉભો. બ્હાર થોડાક લશ્કરીઓ તીરકામથાં ઉપર પોતાનું બળ અજમાવી જોતા હતા ત્યાં જઇ તે અદભુત સખ્સે એકના હાથમાંથી કામઠુ માંગી લઇ તેને આબાદ નીશાંણુ છોડી સામા ટેકડાને આરપાર વીંધી નાખ્યો. એટલું કરતાંજ તે ઘોડેસ્વાર થઇ ત્યાંથી નીકળી ગયો.

તંબુઓની હારેકટાર અલગારમાં જે ખાસ આસમાનસે લગાડેલા સુંદર શંગારેલા સગવડ ભર્યં તંબુઓ હતા ત્યાં તે સખસ જઇ પોહચ્યો. તેને જોતાંજ ત્યાં હાજર રેહલા દરેકોએ જમીન તુલીક વાંકા વળી તેને સલામી બક્ષી. પેહલા તંબુ આગલ તે ઘોડા ઉપરથી ઉતરી પડયો. આ તંબુ ગોય સોનેરી મહાલ હોય તેવો દીપાયમાન હતો, તેની વચ્ચોવચ્ચમાં સંગેમરમરનો થાંભ હતો, અને તે બાદશાહી દેરાનું કપડ સોનેરી કીનખાબનું બનેલું હતું. અને દેરાની અંદર સુંદર સોનેરી રૂપેરી ફુલોની વનતના ગાલીચા બીછાવેલા હતા, જગેજગ ઝુલતા હીરાજડીત ઝાલર સાથના પરદાઓ અને ગમગલી ગાદી તકીયા સાથનો સાટીનનો સેજ ભલા બાદશાહની પરોણાગત કરવાને લાયક હતો. આ ખાસો આમનુ દીવાનખાનું હતું. તેમાંથી પસાર થઇ તે સખ્સ શાહજાદા ડાનીઅલ મીરઝાંના આરામઘાહમાં જઇ ઉભો. શાહજાદો ભરજવાન વયનો સોહાગણો દેખાવનો હતો તે હાલ પલંગ ઉપર બારણીંની ઝુમમાં પડેલો હતો. તેની બન્ને બોરદુમાં ઉભેલા બે ગુલામો તેના મોહડાં ઉપર ચમરી કરી તેને માખના કંટાલાથી બચાવતા હતા. પેલા સખ્સે શાહઝાદાના નીસોસ પડેલા બદન તરફ ખફગીથી જોઇ પેલા ગુલામને પુછ્યું.

" કેટલો વખ્ત થયો એ આ હાલતમાં પડયોછ? "

" ઝેહાપનાહે, ગઇ રાતે શાહજાદાએ એક જલસો કરયો હતો અને ત્યારથી તે નાગવાર નીંદ્રાવસ થએલો છે. " ગુલામમાંનાં એકે ઝુકીને આ સખ્સ જે કોઇજ નહી પણ જગ પ્રસીદ્ધ દીલીપતી મોગલ બાદશાહ અકબરશાહ પોતે હતો તેને અદબથી કહ્યું.

" આહા !" અકબર જુસ્સાથી પોતાનો પગ જમીનસે અફાલી

બંધાણ્યો. હું હિંદુસ્તાન અને કાબુલ ઉપર રાજ કરનાર, હું કે જેને કાંઈ સંખ્યાબંધ શેહરો કાબજે લીધાં, અને લોકો કેહછે તેમ અદ્ભુત જોરેગંદ પાદશાહછું કે જેનો બરોબરીઓ આખી હીંદ સલતનતમાં બીજો કોઈ નથી, અને આ મારો બેટા—મારો તૈમુર વંસનો શાહજાદો તે મારે કબજે નહી? મારા કહ્યામાં નહી? મેં એને એક ગંજાવર લશ્કર સાથ આ કિલ્લાને ઘેરો ઘાલવા મોકલ્યો તો તેનાં આ ફજેતા! એનો બાપ તેજ કામમાં એક ઓરતને હાથ મહાત થયો, અને આ શરાબના પ્યાલાને વશ થયો જો એક બીચારો સંત્રી પોતાના પોહરા ઉપર સુતાં પકડાય તો તેને મોહતની સજા મળે, જ્યારે આ સર્વે ફોજની સંભાલ માટે મુસ્તાકી ધરાવનાર પોતે શરાબના બાબમાં ગીરફતાર! આહ અફસોસ, રે સદ હજાર અફસોસ કે જે રસ્તે બીરાદર મુરાદ ગયો તેજ ખાનાખરાબીને રાહે એ પણ ધસ્યો જાયછે." અને ઝનુનથી ઉશ્કેરાઈ તે ખાસો આમ દરબારના આરામતે અઓતાનમાં જઈને અકબરશાહે પુકાર માર્યો "મારી સાથે આવો." અડધો ડજન મોગલ સેનાપતીઓ ત્યાં હાજર હતા તેઓ ગભરાટમાં શાહના હુકમ મુજબ તેની પુઠે શાહઝાદાના ઓરડામાં ગયા.

"તમો તમારા શાહમાટે આથી વધારે કશું કરી શક્યા નથી?" અકબરે પોતાના શરાબની ખુમારીમાં પડેલા બેટા તરફ આંગલી ટાંકી પોતાનાં આદમીઓ તરફ ખફગીથી જોઈ કહ્યું "તમો શું મારા બેટાને તપાસી શકો નહી કે આ મીસાલ તેને શરાબની દોસ્તી કરવા હદ હેવાન અવતારતો કરી મેલ્યો? શું આવી ઝુકતી હાલને તે પોતાનાં લશ્કરની હકુમત ચલાવી શકેછે? શું આવી નામોસીમાંથી તમારા શાહને બચાવવાને તમોને કાંઈ રસતો સુઝયો નથી?" શાહના આ

ત્રાસથી બધા મોગલો ઠરઠરી ગયા પણ શાહના માનીતા અબુલફઝેલે જવાબ કર્યો.

"બેશક ઓ નામવર માલેક હમો તારા તાબેદાર નોકરોને એ બનાવ ઘણો અફસોસ કરાવનારો છે, પણ જવાનો સદા ઉછાછલા હોયછે, તે આકેલ પયગંબરનાં ફરમાન મુજબ શસ્તરાહે ચાલવાની કનવાર રાખતા નથી. ગઇ રાતે કિલ્લાના ઘેરાવા માટે હું રોકાયલો હોવાથી શાહઝાદાના જલસામાં ગયો હતો નહી, અને તેથી આ એક બદબખ્ત ઘડીએ બનેલું નારકારક પીણું હું તારા બેટાના હોઠેથી દુર કરી શકયો નહી."

"અને શું તારે તારા બચાવમાં એટલુંજ કેહવુંછ? તુંને હું એક પઢેલ મર્દ દાખલ લેખી મારા બેટાની સંભાલ સોંપું અને તે જવાન ખોદાઇ રાહથી એટલો પાછલ હડી જાય તેની તું મને વખતસર ખબર નહી આપે?" અને અહીં તેને ગુસ્સાથી ચમકતી આંખો પોતાની આસપાસ ગોલ ગોલ ફેરવી. હાજર રેહલાઓ દરેકે પોતાની ચશ્મો ખેજાલતને મારી નીચે નમાવી દીધી હતી મગર એક જોરેમંદ બદનનો લડાયક તનનો ગુચ્છાદાર દહાડીનો અફગાન સખ્સ શાહ તરફ સીદ્ધી નજરે વગર દેહશ્ને ટીકનો ઉભો. તેનું બદન ઉશ્કેરાટથી ધ્રુજતું હતું અને તેનાં લાંબાં નાખનાં ચીબટ ફીફરાં ગુસ્સાને મારે ખુલી ગયાં હતાં. આ સખ્સ શાહનો દુધભાઇ અઝીઝ હતો."

"અને તારે શું કેહવુંછ. અઝીઝ?" શાહે તેના ચેહરા ગમ જોઇ પુછયું.

"અગે શાહ" પેલા અફગાને ઉગરાવી તોરથી છાતી ખીલા-

વી જવાબ વાલ્યો " બીનકારણે તું શામાટે તારા નોકરોને ઠપકો આપેછ? એક પલ તુંજ દર્યાફ્ત કર કે તારા બેટાની આવી હાલત માટે તું પોતે સરવાળ જવાબદાર છે. આપણા પવીત્ર મઝબના નેક સખુનો અને દા-ાત્ર નસીયત ઉપર તેં તારાં ફરજંદને ઉઘાર્યું હતે તો આજે આવી નામોસી તુંને રેહતે નહી આજનો આ દાખલો તુંને તે અમર આત્માના પયમબરનાં આકાશી ડાહપણનાં કોરાને શરીફ તરફની નાલાયક બેદરકારીના બદલામાં ઘટતી શીક્ષા કરેછ. શું આપણા હજરત નબીએ એ નાસ્કારક પીણાંના બંધી કરી નથી? શ્રાપ હોજો એ કંગાલ શરાબના નામ ઉપર, અને વધુ શ્રાપ હોજો તેવા બેદીનો ઉપર (અહીં તેને અબુલફઝલ ઉપર એક તુચ્છકારની નજર ફેંકી) કે જેઓ પોતાના શાહની નબલાઇ ઉપર આંખ વીચામણા કરે. પેલા કુતરા ફીરંગી પાદરીઓને તું છડેચોક રાજદરબારમાં આવવા દેછ અને તેઓની ગંધાતી બકબકને કાન આપેછ તો જો તેનું આ પરીણામ, તે અલ્લાહ માલેકે તુંને આ ખલકત ઉપર સત્તા, મોટાઇ, ઝાહોઝલાલી શકતી અને આકેલગંદી બક્ષીછ, પણ એક ચીજથી તેને તુંને બાકાત રાખ્યોછ અને તે પયગમબરી છે તો તારી મગદુર નહી કે તું તેનો દાવો કરે. શું કોઈ ફરેસ્તો તુંને મીનુઈ કલામોના કેતાબ બક્ષી ગયોછ કે તું નવો ધર્મ ઉતપન કરવાની શેખી કરેછ? તારા જીન્નતગુજીન પીતા હુમાયુને તુંને ઇસલામના ધર્મ ઉપર ઉઘાર્યો તો તારાં મગજમાં તેની બુલંદી રેહવીજ જોઇએ. મગર તારા બેટાને તેં કેવાં શીક્ષણ ઉપર ઉઘાર્યોછ તેનો ખ્યાલ કર, અને પછી તેનાં પરીણામ આવાં નહીનો કેવાંની તું વકી રાખી શકે? ચેતવણી લે આ દાખલા ઉપરથી અએ શાહ, 'અને તારાં રાજમાં તે આકેલ પયગમ્બરનાં નેક વચનોનો

મુસ્તકીમ રીતે પાયો નાખ અને દુજખના અંધકારથી ડરતો ચાલ. તે માલેક કરીમો રહીમ તુંને આ જગમાં થોડો વખત મોટાઇ બક્ષે તો તેનાજ હુકમનો અનાદર ના કર, કારણ તે કેરદેગારની ખફગીમાંથી સારૂં હીંદુસ્તાન ઇરાન, કે તુર્કસ્તાન તુંને એક પલભારથી બચાવી શકશે નહી. અરે મારાં તનો જાનની દુવા છે કે તે ખુદાવંદ તારા ઉપર રહેમ રાખી નેક હેદાયત બક્ષે અને તું હમારાં જાન માલનો પાસ્બાન થવા સાથ ધર્મનો રખેવાલ પણ થાય."

આ હીંમતવાન બાપોકાર જણાવેલા અઝીઝ ખાનના વીચારોથી સઘલાં ડરીને ચુપ થઇ ગયાં. એક પલ ત્યાં તદન સાંતા પથરાઇ તેટલાં શાહઝાદાએ શરાબના ઝુમમાંથી સેહજ આંખ ખોલી ઝુંકતા હાલતે આસપાસ જોયું પણ પછી પાછો કોરવાલો તેને ઘેરવા માંડયું.

પેલા અફગાન અઝીઝખાંએ એક રણપર ચહડેલા ગોધા જેવી વીકાલ ચશ્મ તે દેખાવ તરફ ફેંકી કાંઇબી બોલ્યા વગર ત્યાંથી એકદમ તંબુની બ્હાર ચાલ મુકી.

"બેશક અતઘાહખાનના બેટા સિવાય બીજો કોઇબી સખસ મારા સનમુખ આવા શબ્દો ઓચરવાની હીમત કરી શકે નહી. (અતઘાહખાન—શાહ અકબરનો દુધ પીતા થતો હતો અને તે પોતાની બ્હાદુરી માટે તેના વખતમાં ઘણો વખણાયલો હતો) અઝીઝજી અને મારા વચ્ચે દુધની નદી જન્મથી બંધાયલી છે તે હું ઓલંગી જઇ શકતો નથી. (યાને શાહે અને અઝીઝે એકજ માવતરનું દુધ પીધું હતું) પણ આ પ્રમાણે બીજીવાર ન થવા પામે તેનાં પગલાં ભરવાં જોઇએ." અકબરનાં બદનમાં આ વેળા તરેહવારે જુસ્સા થતા હતા.

ત્યાંથી તે પોતાનાં અરકાને દૌલતો સાથ ખાસ આમનાં દી-

વાંનખામાં પાછો ફર્યો, અને શાહઝાદાને સુધારવા માટે અબુલફ્ઝલને વધુ સત્તા આપી તેમજ પોતાના દરેક દરબારીઓને બોલાવી સખ્ત તાકીદ કીધી કે જે કોઈ શાહઝાદા સનમુખ શરાબ હાજર કરશે તેની ગરદનની કિંમત શાહ લેશે! તેને તુરત બધા શરાબના શીશાઓ પોતાની હઝુરમાં મગાવ્યા અને તે બેમુલી જામમાંનાં ચલકતાં રંગીન મસાલેદાર છેક યુરોપથી તે શીરાઝ સુધીના જગા થએલા શરાબો જમીન ઉપર રેડાવી દીધા.

બીજે દીને બેનડીકટ પાદરી મારફત એસ્ઓર્ને જાણ્યું કે તેની સાથ સેત્રંજ રમી જનાર પેલો અદભુત જોરેગંદ સખ્સ તો શાહ અકબર પોતે હતો.

"પણ તમે મને તુરત કહ્યું કેમ નહી?" એસ્ઓર્ને ઘબરાટથી પુછયું.

"શાહે મને તેમ કરવાને ના કહ્યું હતું." બેનડીકટે કહ્યું.

તેજ દીવસે અકબર બરહાનપુર ઉપડી ગયો જ્યાં આસીર કિલ્લા ઉપર તેનાં માણસો ઘેરો ઘાલી ઉભાં હતાં, અને જે તેઓના આ ઉતારાથી બાર કોસ દુર આવેલો હતો.

પ્રકરણ છઠું.

બાદશાહ અકબરની ટુંક તવારીખ.

જે વાંચનાર હિંદુસ્તાનનો ઇતીહાસ નહી જાણતું હોય તેને અકબરનું સહેજ બ્યાન વાંચવું ઠીક થઈ પડશે.

હિંદુસ્તાનના આ સર્વથા ચહડતા મોગલ બાદશાહ અકબરનો

બાપાવો બાબર અસલ ટેમુરખાનની પાંચમી પહેડીમાંથી ઉતરી આવ્યો હતો. બાબરે કાબુલ શહેર જીતવા આગમજ ઘણી હાડમારીઓ વેઠી હતી પણ એકવાર કાબુલની સત્તા મેળવ્યા બાદ તેને હિંદુસ્તાનનાં બીજાં ઘણાં મુલકો પોતાને કબજે વધાર્યા. એનો વારસ બેટો હુમાયુન પોતાના સાવકા ભાઈઓ અને એક અફગાન સૈનાપતીનાં કાવત્રાંથી દેશ બદલ થયો. જયારે તે સીંધમાં હતો ત્યારે હુમાયુને પોતાની સાવકી માતાના અગ્રેવાનમાં હમીદા નામની એક ખુબસુરત બાનુને જોઈ. જેને તે બધાંની નામરજી અને પોતાની દીલની ખુશીથી તુરત પરણી ગયો. જગેજગ દુષ્મનો તેની પુઠે લાગેલા હોવાથી ન્હાસ ભાગ કરતાં તે પોતાની મોહરદાર સાથ અજમેર ઓલંગી ગયો. અહીં પાણી વગેરેની તંગીથી તેનાં કેટલાક વિષવાશુ આદમીઓ મરી ગયા. ભુખ તરસથી તેઓ આ વાએ જેહાનમાં એટલાં તલસવા લાગ્યાં કે હુમાયુન તરફની ફીદાગીરી તેનાં આસાગીઓ ભુલી ગયા. અને નાજુક હાલતમા આવી પડેલી બેગમ હમીદાને ઘોડા ઉપરથી ઉતારી પાડી તેણીને બીચારીને પગ ઘસડની કરી મેળી. કેટલેક દીવસે તેઓ અમરકોટ જઈ પોહચ્યાં જયાંના હિંદુરાણામાં હુમાયુને એક ભલો દોસ્ત મેળવ્યો, આવી તેની કંગાલ્યત વખતે તેની બેગમે અકબરને જનમ આપ્યો (૧૪ મી અકટોબર ૧૫૪૨) વળી પાછું આ બાલક બેટાનાં માતપીતાને દુષ્મનોથી ડરીને ન્હાસવું પડયું અને અકબર પોતાના કાકા અસકરીને હાથ જઈ પડયો. છેક પોતાની જીંદગીની લગભગ આખેરાએ હુમાયુને પોતાનું રાજ મેળવ્યું. તેર વર્ષની વયે અકબર આગ્રા અને દીલ્લાનો માલેક થયો અને સતર વરષની ઉમરે તે ડાહપણથી રાજય ચલાવવા લાગ્યો, આસ્તે આસ્તે પોતાના કદમ

સંભાળી અકબરે લગભગ બધાં હિંદુસ્તાનનાં ઘણા એક શેહરો જીતી લીધાં અને આ આપણી વાર્તાની શરૂઆત વેળા તે આખા બંગાલ મુલક ઉપર રાજ્ય કરતો હતો, તેમજ કાબુલ, કાસ્મીર, ગુજરાત અને ગોવાલ્યર પણ તેનીજ સત્તા હેઠળ હતાં હવે તેને પોતાનું ધ્યાન દક્ષીણના રાજાઓને જીતી લેવા ઉપર ચોંટાડયું હતું

જોકે અકબર એક ઝનુની મોગલવંસી રાજા હતો તોબી તે દયાલુ અને ઉદાર હતો. જો કે તે એક જોરેમંદ લડવૈયો હતો તોબી તે એક ધનસાઇ રાજા અને ગાયાલુને દાનેશમંદ કાયદા બાંધનાર હતો. જોકે તે રઝડ રખડ ને તબુઓની હાડમારીમાં બચપણથી ઉછર્યો હતો તોબી તેનામાં પોતાની અસલ્યાતનું તોખમી ખમીર હતું. કવાયદી રમત ગમતોનો તેને પુષ્કળ શોખ હતો પણ તેમ ને સાહિત્યના સુધારા વધારા માટે ઘણો કાલજીમંદ રહેતો ઝનુની ધર્મઆસ્થામાં તે ઉછર્યો હતો તોપણ તે પરધર્મ માટે લાગણીવાળો હતો. સદાનો ફતેહમંદ હોવા છતાં તેનામાં ગર્વ હતો નહી, તેના સ્વભાવની લગામ તે સદા કાબુમાં રાખી જાણતો. તેનામાં ઉતસાહ જબરો હતો તે ઘણી થોડીજ—ચોવીસ કલાકમાથી માત્ર ત્રણ કલાકની ઉંઘ લેતો. તે દીવસમાં એકજવાર ખાતો અને ચાહતે: તો મહીનાઓ સુધી માસના ખોરાકથી દુર રહી શકતો. તે પોતાના દરેક કામમાં ધ્યાન આપતો. પોતાની દરેક જાત પ્રજાત તથા રૈયતનું કેહવું એક સરખા કાનથી સાંભલતો, ગરીબો તરફની ભેટ માન સાથ કબુલ રાખી બાઝે વખત તેઓને ખુશ કરવા નજીવી જેવી ચીજબી કબુલ પોતાની છાતીમાં ખોસતો. તેને વાજીંત્ર અને ચીતારનો ઘણો શોખ હતો તેમ ભણેલા આકેલ મર્દોની હાજરીઓ તે સદા આરઝુમંદ હતો. તેને પવીત્ર કેતાબોના તરજુમા કરાવ્યા

હતા. ફીલસુફી અને કવીતાના પુસ્તકો તેના વખતમાં ઘણાં રચાયાં હતાં. જેણી તે કામ હાથ ધરતો તેમાં તે પોતાનાં તનમનથી જોડાતો. આ પલે તે બીકટમાં બીકટ બાબદ ઉપર ગભીર સલાહ આપતો હોયતો બીજીજ મીનીટે લોકો તેને બાગમાં લેહર કરતો કે એક પથર કોરતો કે લાકડાં ફારતો જોતાં. તે ઈંગ્રેજ લોકો તરફ ઘણું ધ્યાન આપતો, પોરચ્યુગીસ પાદરીઓએ તેના રાજમાં બહુ પગ પેસારો કર્યો હતો. ફાધર રેડૉલ્ફની ફીલસુફીએ અકબર ઉપર બહુ અસર કીધી અને તેને બાઈબલનો ઉર્દુ જબાનમાં તરજુમો કરાવ્યો. વળી ફાધર રૅડૉલ્ફને પોતાના બેટાના ઉસ્તાદ દાખલ નેમ્યો. જેથી તેઓ નવાઈ આશામાં અંદર રહ્યા કે ચાલતે દહાડે શાહ અકબર પોતાના તમામ દેશ સાથ તેઓનો કેથોલીક પંથ કબુલ કરશે એકવાર આ ફાધર રેડૉલ્ફ મલબાર કોસ્ટા તરફ ધર્મના ઉપદેશ માટે ગયા ત્યાં કોઈ દેશીએ ઉશ્કેરાઈ આવી તેમનું ખુન કર્યું પણ અકબરના રાજમાંથી એ પાદરીઓનો પગ ગયો નહી. રેડૉલ્ફને ઠેકાણે ફાધર જેરોમ આવી પોહચ્યા અને તેઓ તેમજ! તેમના હાથ હેઠલના ફાધરો હજુરની સુજમા રોજ બોલતા હતા કે ચાલતે દહાડે અકબર શાહ ખ્રીસ્તી ધર્મમાં આવશે!! ધર્મ બાબે આપણે આગલ કહયું તેમ અકબર રાસ્ત દીલનો હતો. મગર પરધર્મની લાગણી દુખાવાનો તેનો વીચાર નહતો. બાજે વખત તેની દરબારમાં અસલ ઈરના દસ્તુરો બેઠા મલી તેને જરથોસ્તી પવીત્ર ધર્મની ફીલસુફી સમજાવતા તો અકબર સુદરેહ કુસ્તીની પવીત્રતા અને આતશની બુઝર્ગી માન્ય રાખતો. ખરી વાત એ છે કે બાદશાહ દરેક ધર્મ ઉપર માન ધરાવતો હતો, તે એક સહવારનાં ખ્રીસ્તીઓ માફક બંદગી કરતો તો સાંહજે હીંદુ

માફક પુંજા કરતો કે વળી મ્હોમેદન માફક અલ્લાહની જનાબમાં હેઠો પડતો અને પાછું ઉઠતાં તે કહેતો કે અલ્લાહતાલાને દરેક રીતે યાદ કરવો જોઇએ. અકબર હીંદુઓ માફક સુર્યને પુંજતો અને તેઓના ધર્મની ફીલસુફી કબુલ કરવા પહરેજી ઉપર સ્હી મહિનાઓ સુધી માસ ગચ્છી તર્ક કરતો.

આવી રીતથી એ મોકલવંશી પાદશાહ પોતાની જાત પ્રજાતને ઘણો વહાલો હતો, તે કોઇનું દીલ દુખવતો નહી, સર્વેના ધર્મોની ફીલસુફી બ્હાલ રાખતો તે વેળા ભણેલા કેહવાતા ઇંગ્રેજો વચ્ચે કેથોલીક અને પ્રાટેસ્ટંટ પંથની ઝુમએસને ખાતર ખુના મરકી ચાલતી હતી ત્યારે આ મોગલ પાદશાહ અકબરનાં રાજમાં તેની પ્રજા વચ્ચે શાંતી અને સુલેહ રાજ કરતી હતી.

પ્રકરણ સાતમું.

ચાંદ સુલતાના અને અહમદ નગરનો ઘેરો.

શાહજાદા મોરઝાએ અહમદનગર ઉપર ઘેરો ઘાલ્યો હતો તેની હરી વર્ષ આગમજ અહમદનગરથી એવી છુપી ખબ્બર મલી કે જો અકબરનો બેટો શાહજાદો મુરાદ ફોજ લઇ આવે તો તેને છુપીથી અહમદનગરના કિલ્લામાં દાખલ કરવામાં આવશે. આ વાર કિલાની માલેકી એક બાનુના હાથમાં હતી અને તેણી કોઇજ નહી પણ બીજાપુર શેહરના રાજાની વીધવા બેગમ પ્રખ્યાત ચાંદબીબી તે અહમદનગરના બાગ.રાજની ફુઇ હતી. શાહજાદો મુરાદ પોતાના અંગત સેનાપતી.ખાન ખાનાનની સાથ જબરી ફોજ લઇ અહમદનગરે

આવ્યો પણ કિલ્લાના દરવાજા નો બંધ! પેલી છુપી ખબર આપનારનો કશો પત્તો લાગ્યો નહી એટલે તેને ઠગાવવામાં આવ્યોછે એમ જાણતાંજ શાહજાદા મુરાદે તુરત કિલ્લાને ઘેરો ઘાલવાને ફરમાવ્યું. ચાંદબીબીએ તુરત પોતાની ફોજ સમારી પણ શાહજાદા મુરાદના લશકરના હાથ ઉપર તેના આદમીઓ માર્યાં ગયાં. ત્રણ મહીનાના ઘેરા પછી પાંચ સુરંગ કરી તેઓ કિલ્લાની દેવાલના પાયા અંદર ઉતારી શકયા, ચાંદબીબીના જાણવામાં તે આવતાંજ તેણીએ પોતાનાં આદમીઓને કામે લગાડી સુરંગનાં મોંહનાં તુરત ભરી નખાવ્યાં. આ તરફ શાહજાદાના લશકરે કામ ચાલુજ રાખી હેંસી ફીટ દેવાલ તોડી પાડી. આ જોઇ ચાંદબીબીનાં લશકરમાં ઘભરાટ ફેલાઓ અને જાન માલની સલામતી માટે તેઓ નાસભાગમાં પડયા. આવો ચીંતાતુર મામલો જોતાંજ શુરી ચાંદબીબી પોતે મોંહ ઉપર બુરખો નાખી હાથમાં તેજી તલવાર લઇ કિલ્લાના બુરૂજ ઉપર આવી ઉભી અને પોતાનાં આદમીઓને તેમનાં કામમાં ઉત્તેજણ તેમજ સમજ આપવા માંડી. તેણીએ કિલ્લાની ચોપાસની ખાડીમાં પાણ ફેડારવા ફરમાવ્યું અને બુરૂજ ઉપર ભારી ટોપો ગોઠવી સાગટી ફોરાવી. આ ધુજારાથી મોગલ લશકર સેંકડોની સંખ્યામાં એકી વખતે માર્યું ગયું અને શાહજાદા મુરાદે જોયું તેમ કિલ્લાની ખાડીમાં માટી પથરા અને મુવેલાં આદમીઓના ઢગલા લગભગ એક હેંસી ફીટ ઉંચી બીજી દીવાલજ બની ગઇ હતી. આ કામમાં રાતોદીસ ચાંદબીબી ખડે પગે ઉભી હતી અને તેણીની આવી હીમત તથા હીકમત ઉપર તેનો દુશ્મન પણ હેરત રહ્યો. તે દીવસ પછીથી ચાંદબીબી ચાંદસુલતાનાનાં નામે ઓલખાવા લાગી. હવે શાહજાદાએ સુલેહનું કેહણુ મોકલાવ્યું પણ તે બ્હાદુર અબલાએ જાહેર

મોગલોનાં સખુન ઉપર ઈતબાર ન મેળતાં પોતાનો દરવાજો મુસ્તકીમ રીતે બંધજ રાખ્યો.

આ બનાવ હરી વર્ષ ઉપર બન્યો હતો. એકવાર પાછો અકબરનાં મસ્તકનો કીડો ચવડી આવ્યો અને તેને પોતાના બેટા ડાન્યલ મીરઝાંને અબુલ ફઝલ સેનાપતી સાથે અહમદનગર ઉપર એક વાર પાછો હલ્લો કરવા મોકલ્યો. અને આ વાર આપણે આગલ વાંચ્યું તેમ ગોરૂં લશ્કર પણ તેમાં સામેલ થયુ હતું. ખાન ખાનાન ઉપરથી અકબરશાહનો વિશ્વાસ ઉડી ગયો હતો અને તેનો બેટા શાહઝાદો મુરાદ પુષ્કળ શરાબ પીવાથી મરી ગયો હતો એટલે આવાર તેને પોતાના બીજા બેટા ડાન્યલ મીરઝાંને મોકલ્યો હતો.

એસ્ર્કોર્ને જોયું તેમ મોગલો લડાયક પ્રપંચમાં કાંઇ કમતી ન હતા તેઓએ કિલ્લાની લગોલગ દીવાલની હેઠે ચર ખોદી અને તે પથરાની બીજી નવી ઉંચી દેવાલ ચનાવી ઉપર પોતાની ભારી ટોપો કિલ્લા ગમ મોંહ ફેરવી ગોઠવી રાખી. શાહ અકબરે બરહાનપુર જવા આગમજ ચાંદબીબી ઉપર એક સુલેહનું ખત મોકલ્યું. પોતાના એક જાસુસ મારફત તેને તે ખત ચાંદ સુલતાંનાને રસને તેના હાથમાં જઇ પડે તેમ તે સુલેહનો રૂક્કો મૂકાવ્યો તેણીએ તે વાંચ્યો તેમાં અકબરે તે શુરવીર બાનુની હીંમતની ઘણીજ વખાણ કરી જણાવ્યું હતું કે જો તેણી પોતાના ભત્રીજાને અકબરની પનાહમાં મેજે તો તેણીને દરેક રીતે સુખી કરશે તેણીના દરજ્જા લાયક માન અકરામ સાથ રાખશે. કારણ તેણી એક ખરેખરી સુલતાનાના માન મરતબાને લાયક હતી. રાણીએ આ સીફારસવો રૂક્કો વાંચી તેના ફુરજે ફુરજા ઉડારી નાખ્યા.

એશગોર્નની સમજ આ વખત અબુલ ફઝલનાં લશકરને ઘણી કામે આવી. ટોપો કયાં અને કેમ ગોઠવવી દુશ્મનોના મારાથી કેમ ટકવું વગેરેની સલ્લાહ તે જવાન પોતાના કાળેલ ભેજાંમાંથી આપતો. એટલે તે પ્રમાણે લડાઈ શરૂ થતાં ચાંદબીબીનાં લશ્કરના પેટમાં ધ્રસ્કો પડયો.

ચાંદ સુલ્લતાનાએ પોતાની ખાસ દરબારમરી હવે શું પગલાં લેવાં તે બાબે મસલત ચલાવી. તે બહાદુર રાણી પોતાનાં તખત ઉપર પૂરજોરમાં બેઠી હતી, અને તેણીની બે સાહેલીઓ તેણીના બન્નો હાથો ઉપર ઉભી હતી. મોટા દબદબાભર્યા અજોવાનમાં નગરના તમામ અરકાને દૌલતો અને પ્રધાન વઝીરો ભેગા મલ્યા હતા. જેઓમાં ખાસ બેઠકે તેણીનો ભીરાદર મૂરતીઝા નીઝામશાહ, અને ખોજા હમીદખાન બી હાજેલ હતા.

"તમોને સારી રીતે રોશન છે મારા દરબારીઓ" સુલ્લતાનાએ પોતાના મીઠા પણ મરદાનગી ભર્યા લહકે કહ્યું "કે મુરાદ મીરઝાંને આપણે કેવી જબરી શીકસ્ત આપી હતી. પણ હાલમાં દુશ્મનો પાછા આગલ કરતાં દશગણું વધુ લશ્કર સાથ આવી પોંહચ્યાછે અને તેઓની તમો જેવી લાંબી લાંબી બાટાબ કરોછ તેવીજ રીતે ખરેખરી બહાદુરીથી લડયા હત તો અત્યારે દુશ્મનોનો કચઘાણ કહાડી શકતે."

"બાદશાહી બાનું" ખોજા હમીદખાને માનથી કહ્યું." હમો હરીફોને શમશેરનાં જોરથી ધુલ્લ મીસાલ ઉડાવી દેતા હતા તેટલાં હમારી હમનબર્દી અંગ્રેજો સાથે થઇ. તે ગોરા આદમીઓમાં શયતાનયત જોર દેખાયછ તેઓ બંદુક પડતી મેલી પોતાની શમશેરો સાથ આ-

પણા આદમીઓ ઉપર તુટી પડયા, અને સાથે મોગલોનો જબરો ધસારો પણ થયો એટલે—" તે આંહી દમ ખાવા થોભ્યો તેટલાં ગુસ્સે થએલી ચાંદબીબીએ પ્રકાર ઉઠાવ્યો

"એટલે શું એજ કે તમો બહાદર કહેવાનારાઓનાં કલેજાં પાણી પાણી થઇ ગયાં અને તમોએ નહાસવું મૂકયું! મેં બુરૂજ ઉપરથી આ તમારી હીચકારી હીલચાલ આબાદ જોઇછે. જાસુસો કહેછ કે ગોરૂ લશ્કર માત્ર પચાસ આદમીઓનું બનેલું છે તો શું તે મૂઠીભર ફીરંગીઓથી તમો બહાદુર સીકંદરીઓ ડરીને પાછલ હઠયા?"

"તેઓનાં વડાએ આપણા વડા જલાલખાનને ઘાએલ કીધો" હમીદખાને ચલાવ્યું "અને શહેરનાં દરેક આશામીઓ જાણેછે કે જલાલ એક બેરેગંદ શમશેરબાજછે. તેને લોહીમાં લોટતાં જોઇ આપણું લશ્કર ધાભરૂં બન્યું."

"આ અંગ્રેજો કઇ કીસમના આદમી છે?" ચાંદબી રાણીએ સ્ત્રીજાતની જીજ્ઞાસાથી પૂછયું. "બાદશાહી બાનુ" હમીદે ચલાવ્યું આ ગોરા આદમીઓ ઘણાજ કદરૂપા છે. કોલસ જેવી ચામડી, બેહદાં ચપટાં નાખ અને નાળીએરનાં છલટાં જેવા બાલ તેઓ ધરાવેછે પણ લડાઇમાં વાઘ જેવા ગરતાનને ઝનુની છે. તેઓનો વડો સારા દેખાવનો જવાન છે, મે તેનો બુલંદ અવાજ તેના આદમીઓને ઉશ્કેરતા ખુલ્લો સાંભળ્યો હતો."

તમોમાનાં કોઇ જાણોછ કે મોગલો ચરમાં શું કરેછ?" રાણીએ પુછવું ચાલુ રાખ્યું. "હા નામવર બાનું, મને આપણા છુપ્યા જાસુસ તે પેલા પોરચ્યુગીસ પાદરી તરફથી છુપી બાતમી મલીછે કે તેઓ ત્રણ સુરંગો ઉંડાણમાં ગોઠવવાની તૈયારી કરેછ. વળી એ-

ગણી સંભળાયછે કે પોરચ્યુગીસ પાદરીઓ સાથ અકબરને કાંઈ નારાજી ઉપજીછે અને તેથી તેને એકદમ પાદરીઓને પોતાની છાવણીમાંથી દુર થવાનો હુકમ કીધોછે."

"આ ધર્મગુરૂઓ દુશ્મનો કરતાં બદતરછે," હસનખાન પ્રધાને કહ્યું. ફરીફાતો મુલક જીતવાને રંજ ખેંચેછે પણ આતો ખુદ ધર્મ અને અલ્લાહતાલા ઉપરનું ઇમાંન ખેંચી લે તેવા દોજખીઓછે, નામવર સુલતાના આવા બુરા આસામીઓની મદદનો તારે તુચ્છકાર કરવો જોઇએછે."

"હું, પણ આ ગોરાઓનાં ટોપખાનાની સાંમે થવાનો શું કોઇને કાંઇ રસ્તો સુઝતો નથી?" અને અંહી તેઓ વચ્ચે લાંબો વખત સુધી મસલત ચાલી. મોટે ભાગે આદમીઓએ સુચવ્યું કે મોગલો સાથ સલ્લાહ કરી દેવી પણ બાકીનાઓ જીંદગી સુધી લડવા અને આંગા થવા તૈયાર થયા. ચાંદબીબીએ અંતે નક્કી કર્યું કે રાજવંશી તોપખાનાનો દરેક દારૂગોળો સાગટો ગોઠવી દુશ્મનોને એકદમ મ્હાત કરી દેવા પણ મરતાં તાબે થવું નહી.

પ્રકરણ આઠમું.

લડાઇનું છેવટ—કેદીઓ.

મોગલો અને નીઝામી મુસ્લમાનો વચ્ચે ફરી એકવાર જીવ ઉપર આવેલી ઝુમબેસ શરૂ થઇ. એશમોર્ને પોતાનો લશકર સાથ સિંહ મીસાલ લડ્યો, તેનાં ચાર માણસો માર્યા ગયાં અને છ જખમી થયાં.

પેલી તરફ ચાંદ સુલતાનાએ પોતાનો બોલ પાળ્યો. તેણી ખુલ્લી તેજી સમશેર સાથે લડાઇનાં મેદાનમાં બહાર પડી હતી. પોતાના ઢીલા ઝભ્ભા ઉપર ટાઇટ કમરબંધ બાંધી તેણી આ સેનાપતી તરફથી પેલા તરફ દોડતી, પોતાનાં આદમીઓને લડવા માટે ઉશ્કેરતા તેણી ઇનામની લાલચ આપતી યા શીક્ષાની ધમકી દેતી ઉશ્કેરાયલી વાઘણ જેવી આખો વખત પગભર હતી. બન્ને તરફના જીવની મોટી ખુવારી સાથે લડાઇ ચાલુ રહી પણ અંતે ચાંદબીના લશ્કરનો દારૂગોળો ખુટયો તેણીએ તરત વડા અમલદારને કેહણુ મોકલાવ્યું કે જેટલો દારૂગોળો બાકી હોય તેટલો મોકલી દેવો. જવાબમાં તેને જણાવ્યું કે તેના પાસ વધુ સીસું હવે બાકી રહયું હતું નહી મગર જો મોંહ માંગતું દામ આપવામાં આવે તો લોકોએ જે પોતાનાં ઘરમાં છુપાવી રાખ્યું હતું તે કહાડી આપશે. ચાંદબીના કાલાં ભવાંની કમાન ઊંચે ચહડી. તેણી પોતાની આવી નીમકહરામ રૈયત ઉપર બહુજ ખફા થઇ પણ હાલ ગુસ્સાની ગરમી ખાલી કરવાનો વખત નહતો. તેણી આ વેળા પોતાનાં શેહરની સલામતી માટે એટલી લાચાર બની ગઇ હતી કે તેણીએ તીજોરીમાંના ત્રાંબા, પીતલ, ચાંદી, સોનાં વગેરેનાં બંદુકના ગોળાઓ બનાવવાનો હુકમ આપ્યો અને એક આખી રાત સુધી તેના માણસો તે અદભુત કામ ઉપર મંડયાં. મોગલ દુશ્મનોને સ્વપને પણ ખ્યાલ નહતો કે ચાંદસુલતાનાની તીજોરી બંદુકના ગોળાઓમાં ખાલી થતી હતી. લડાઇ દરમ્યાન એક ગોળી એસ્ફૅાર્નનો લગોલગથી પાસ થતાં એક મોટા પથર સાથ અફડી કે તે જવાને અજાયબી સાથ જોયું તેમ તે ગોળી સેહજ પોહળી બની ગઇ. તુરત એસ્ફૅાર્ને તે ઉઠાવી લઇ

બારીકીથી તપાસી, તે સીસાં જેવી ભારી હતી, મગર પીલા રંગની હતી વધારે બારીકીથી તપાસતાં તે સુનાની માલમ પડી આવી, તેટલામાં એક તેવીજ બીજી ગોળી છુટતાં તેને પણ ઉઠાવી લીધી આ હીલચાલ માટે વાંકો વળતાં એક ત્રીજી ગોળી તેનાં ખભાં ઉપરથી કુદીને પડી કે તેને ધાર્યું કે સોનું સંઘરતાં જાનનો જોખમ હતો. પણ એટલુંનો તે તુરત પામી ગયો કે હરીફો સોનાની ગોળીઓ છોડતા હતા તો તેઓ પાસ નક્કર દારૂ ગોળો ખુટેલો હોવો જોઇએ અને હવે તેઓ જીવ ઉપર આવી પોતાનાં શેહરને ખાલી કરવા પડયા હતા.

તેને પોતનાં થોડાંક આદમીઓને એ ગોળીઓ ઉઠાવી લેવાને કહ્યું જે તપાસતાં કોઇંક ચાંદીની પણ માલમ પડી આવી તેને તે બધી ગોળીઓ એકઠી કરાવી એક ચામડાના ઠેલામાં નખાવી ઉંટની પીઠે લાધી પોતાનાં તંબુમાં મોકલાવી. જો કે તેને મનથી નીશ્ચય કર્યો હતો કે તેનાં આદમીઓને તેમાંથી હીસ્સો આપવો પણ હાલ વરતતો એ વાત કોઇને કેહવામાં તેને ડહાપણ જોયું નહી.

(મનુચી નામનો એક મુશાફર જે બાદશાહ ઔરંગજેબનાં વખતમાં અહમદનગર શેહર ખાતે આવ્યો હતો તેને પણ આ શોનાની ગોળીઓ પહાડ યા ટેકરીની કઠણમાંથી મલી હતી. જો કે ચાંદબીના અમલને તે વખત ૬૦ વરસ પસાર થઈ ગયાં હતાં. તે કેહછે કે એક સોનાની ગોળીનું વજન આઠ રતલનું હતું.)

(આ લખનારે પોતે અહમદનગરમાં પડત ઘરોની બીસમાર દેવાલમાંથી નીકલેલી ગોળીઓ જોઇ હતી. પરંતુ અફસોસની વાત તો એજ છે કે તે માત્ર સીસાંની હતી!)

પેલી તરફ ગરીબ બીચારી ચાંદબીબીએ ઠાકથી નીશોશ થએલી પોતાની હાલતમાં કપાલે કમનસીબીનો હાથ ટેકવી વીચાર્યું કે મોગલો તેઓ કરતાં ઘણા જોરેમંદ હતા અને હવે બચાવની બીજી કશી બારી રહી હતી નહી. વળી તેણીએ બારે ગમ વચ્ચે જોયું કે તેનાં આદમીઓમાં હવે સંપ રહ્યો હતો નહી. કોઇકો લડાઇથી પાછળ હઠી ઘરમાં ભરાઇ બેઠા હતા જ્યારે કેટલાકો તેણીને ફસાવવાનું પ્રપંચ કરતા હતા. આવા રૈયતના રૂઠેલા માગલામાં તેણીએ બીજીવાર લડાઈ ઉપર મસલત ચલાવવાની દરબાર ભરી. તેણીના બહાદુર સપેહસાલારોમાંના ઘણાકો માર્યા ગયા હતા અને બાકીનાઓ મોગલ દુશ્મનોની બંદુકના ધડાકાથી દેહશત ખાઇ ગએલા જેવા બીહઘેલા ધ્રુજેલા જણાતા. કોઇકોએ સલાહ કરવા સુચવ્યું, કેટલાંકોએ એક ઓરતની અક્કલ ઉપર છડે ચોક હેફ નાખી તીજોરી ખાલી કરવાનો બેહુદો હુકમ ધુતકારી કહાડયો, પણ હમીદખાંએ આંખોમાં ખુન સાથે જણાવ્યું કે ગરતી ઘડી સુધી કિલ્લાનો બચાવ કરવો. રાણીએ જોયું કે તેની પ્રજા લડાઇથી હાથ ઉઠાવવાને તદન તૈયાર હતી ફકટ હમીદખાંનજ લડાઇ લડાઇ અને લડાઇ માંગતો હતો, ગરીબ બીચારી સુલતાના હવે વીચારમાં પડી, તેની પ્રજા કેટલે મોટે ભાગે કમોહતે પુરી થઇ ગઇ હતી તે ઉપર ગમગીનીથી તેને આંસું ,વરષાવ્યાં અને અંતે જાહેર કર્યું કે તેણી અકબરશાહને કેહણુ મોકલાવશે કે જો તેની પ્રજાને તેઓની ખાનગી માલ મીલકત સાથ સલામત રેહવા દેતો તે કિલ્લાના દરવાજા ખુલ્લા કરે, અને તેણી બાદશાહ સલાબતખાન સાથે જુન્નરના કિલ્લામાં ચાલી જશે. દરબારીઓનો મોટો ભાગ આ સાંભલી ઘણોજ ખુશાલ બની ગયો

પણ અફસોસ ઝનુની હમીદખાંનના કાલાં જીગરમાં ખુન વરસ્યું હતું તે તુરતજ દરબાર છોડી ગયો અને પોતાના જેવા બીજા ઝનુની આદમીઓને ધીક્કારથી જણાવ્યું કે ચાંદબી મોગલો સાથ સુલેહ કરી કિલ્લાનો કબજો છોડી દઇ આપણને દુષ્મનના હાથમાં સોંપવા ચાહે છે. આ સાંભલતાંજ હમીદખાંનનાં જેવાજ બીજા બેવફા ઝાહેલ મર્દો ટોળાબંધ થઇ મુજી હમીદની પુઠે હાથમાં શમશીર સાથે ચાંદબીબીના જનાનામાં ધસી આવ્યા અને તે બહાદુર શુરી રાણીને જબેહ કરી જાનથી મારી નાખી.

જ્યારે દુષ્મનો રાણી ચાંદબીનાં થએલાં ખુનથી વાકેફ થયા ત્યારે તેઓએ સામટો હલ્લો કિલ્લા ઉપર ઉઠાવ્યો. બપોર પડતાં સુધીમાં તો કિલ્લાના દરવાજા ખુલ્લા થઇ ગયા અને હઝારો મોગલો અહમદનગરની રાજધાનીમાં છરેછોક ઘુસી ગયા.

ઘણાઓ તાબે થયા, કોઇકો જાનપર ચહડી લડયા પણ છેવટ મોગલોની જીત થઇ. તે અસલ બેઇનશાફી ઝાહેલ જમાનામાં એક શેહરની જીત તે તમામ શેહરની પાયામાલી હતી. મોગલ લશ્કર બાખરા પલીદ ગીદની માફક હવે નગરમાં લુટફાટ કરવા પડયું, એશ્યૅાને પોતાના લશ્કરીઓ સાથ સીધો નગરમાં પોંહચ્યો હતો તે દેશીઓની આવી દગાહીણ ચાલ ઉપર ઘણો રંજીદા થયો. એક મોટી હવેલી આગલથી પસાર થતાં તેને માહેથી સ્ત્રીઓની બીચારીના અવાજ આવ્યા એટલે તેનાથી વધુ ખમાયું નહી અને તુરત નાગી તલવાર સાથ તે અંદર ધસ્યો ગયો, તે હવેલીના ઉપલા માળા ઉપર ખેંચતાણ અને કલાહોલ ચાલતી હતી જ્યારે નીચે થોડાંક મુરદાં લોહીની નેહરમાં પડેલાંનો ત્રાસદાયક દેખાવ હતો. મોગલો એક એક

જોરેમંદ અફગાનની બાહેધરી હેઠળ આ રજપુત હવેલીગાં પેઠા હતા. અને રજપુતો સાથ તેઓને ઝુગએસ ચાલતી હતી. એરબાને જો- એછતો એક કદાવર અફગાન એક શુરા રજપુતને ટાટે વળગી તેના જાનનો તલબગાર બનેલો હતો તે હજુર તો વચ્ચે પડે તે અવલ પેલા અફગાને રજપુતને ઉઠાવી હવેલીની દીવાલેથી ઉચકીને ફેંકી દીધો. રજપુતે જીવ ઉપર આવી તે અફગાનના બંન્ને હાથો મજબુત પકડી રાખ્યા એટલે પેલો અફગાન પણ પોતાના કરતુકનુ ફલ ચા- ખવા પંદર ફીટની ઉંચાઇએથી સાથેજ પડયો. મોગલો આ જોતાંજ હવે ત્યાં ધાગરી બની ઉભેલી એક રજપુતાની ઉપર ટુટી પડ્યા અને તેણીનાં ગલાં નાક કાન તથા પગગાંથી ધાટકી હેવાનમાફક દાગી- નાઓ ખુંચવી લેવા માંડ્યાં. તે બાપડી સ્ત્રીના કકલાટથીજ એસ્ઓર્ન ધસ્યો આવ્યો હતો, તેને આવતો જોઇ મોગલો દાગીના લઇ ન્હાસી ગયા અને તે ગરીબ બાપડી લોહી ઝઝરતા નાક કાન સાથ બેહોશ જેવી જમીન ઉપર ટુટી પડી. એસ્ઓર્નએ માયાથી તેણીનું નાજુક બદન ઉઠાવી તેને હોંશમાં લાવવાની તજવીજ કીધી. કેટલેકવારે તે- ણીએ પોતાની કાલી ચશ્મો ખોલી પોતાના ઇંગ્રેજ બચાવનાર તરફ જોયું કે તે કાટલુદીભરી આંખોના મેલાપથી એસ્ઓર્નનું જીગર દયાથી ઉભાઇ ગયું. એક ન્હાની છોડી જે આ બધો વખત સુધી એક ખુ- ણાગાં ઉભી રહી હેબતાયલે દીલે આ કરૂણારસીક માગલો જોતી હતી તેણી હવે દોડી આવી પેલી રજપુતાનીના સાડીને મજબુત વળગી ગઇ. એસ્ઓર્ને તે બંન્નેને સલામત દાદર ઉપરથી ઉતાર્યાં. નીચે આ- વતાંજ પેલી સ્ત્રી પોતાના રજપુત ધણીનું બદન હેઠળ પછડાઇ પડેલું જોતાંજ હૈયું ફાટે તેવા કલપાંત સાથ દોડી જઇ તેને વળગી પડી

બાલેબાલ પીખવા લાગી, પણ આસપાસ દુશ્મનોનાં ટોળાં વધવા લાગ્યાથી અંતે એસ્બોર્ન તેણીને સાંતીથી સમજાવી પોતાનાં તંબુ તરફ લઇ ગયો.

રસ્તે પાદરી સાહેબ બેનડીકટ=ડ-ઘોસ મળ્યા જેવન થોડાક કેદી મુસલમાનોને ફતેહથી ફુલાતા લઇ જતા હતા તેવને પોતાના સીદ્ધા બહેસ્તને માર્ગે ઉતારનારા ધર્મમાં આવવાને કબુલ કરનારાઓને બચાવવાનુ માથે લીધું હતું અને આજે તેવન હાંદેસાના મારેલાઓને જીતી લઇ પોતાનું જીવવું પ્રમાણુ સમજતા હતા ! !

થોડેવારે એસ્બોર્ન પેલી રજપુતાનીને મલવા તેણીના તંબુમાં ગયો તેણીએ મોંહ ધોઇ પોતાના બાલ સરખા કર્યા હતા પણ તેણીનાં ફાટેલાં કપડાં અને સુજેલો ચેહરો તેની ઉપર ગુજરેલી હેવાંન્યતની ગુવાહી આપતાં. એસ્બોર્ને તેણીને થોડાક માયાના સખુનો કહ્યા પણ તે સ્ત્રી પોતાના આ ગોરા બચાવનારથી લજવાઇને ઘુમટો ખેંચી ઉભી દેશી રીતભાતથી અજાન આ સુધરેલો ગોરો તે ઓરતની ચાલચલણુથી હેરત રહ્યો. બંન્ને એકમેકની ઝુબાન જાણે નહી એટલે રખે આંધલે બેહરૂં કુટાય તેની ફકરમાં તે જવાન તંબુ છોડી ગયો. ઓરતજાતને તે ધીક્કારનાર હતો અને આજે કાંઈ વર્ષો પછીથી તે એક સ્ત્રી સાથ વાત કરવા પામ્યો હતો.

એક કલાક બાદ તેના દુભાસ્યાએ ખબર આપી કે એક હીંદી લસ્કરી સખ્સ તેને મલવા માંગતો હતો. અંદર બોલાવતાં એક ઉંચો કાલા દેખાવનો બળ્યો હીંદુ દાખલ થયો તેનું જોરાવર તન જોઇ પેલો ઇંગ્રેજ જવાન પણ હેરત રહયો. સલામ સાહેબ થયા પછી તે હીંદુ પોતાની મુખ્ય વાત ઉપર ઉતર્યો. તેને જણાવ્યું કે જે હીંદુ

બાઇને તેને આજ સહવારે બચાવી હતી તે તેની બેહન હતી. તેણી કેટલાંક વરસ થયાં ખાનદેશના એક શ્રીમંત રજપુતને પરણી હતી અને તેનો ધણી અહમદનગરના લશ્કરનો વડો હતો તેને એશ્મોર્નને મોહ માગી રકમ આપવા કહી પોતાની બહેનનો અખ્ત્યાર માંગ્યો. પેલા દુભાષ્યાના કહેવા પ્રમાણે તે પેલા હીંદુને ઓળખતો હતો એટલે એશ્મોર્ન તેને રજપુતાનીના તંબુમાં લઇ ગયો. તેને આવતો જોતાંજ પેલી રજપુતાની એક ખુશાલીની ચીસ પાડી તેને વલગી પડી, બસ એશ્મોર્નને એથી વધારે સાબેતી શું જોઇએ તેને તેણીને પોતાના ભાઇ સાથ જવાની પરવાનગી આપી તે ભાઇ બહેનની ખુશાલીનો કશો પાર નહતો. તેઓએ તે ગોરા જવાનને તરેહવાર નજરાણું આપ્યાં પણ તે સર્વે નાકબુલ કરી તેને એક શમશેર બેમુલ હીરામાં મઢાએલી કબુલ રાખી. પેલા હીંદુએ તુરત એક ગર્દનો વેશ મંગાવ્યો અને તે પોતાની બેહનને આપ્યો, અને આવી રીતે એક છોકરાના અવતારમાં સજ્જ થઇ તે રજપુતાની પોતાના ભાઇ સાથે રવાનગી થઇ.

તેઓએ પેલી ન્હાની છોડીને સાથે લઇ જવાની કનવાર કીધી નહી તેમ તે છોડી પણ તેઓને જતાં જોઇ સેહજબી દલગીર થાઇ નહી એશ્મોર્ને પોતાના દુભાષ્યા મારફત પુછ્યું કે તે ન્હાની છોડી કોણ હતી જેના જવાબમાં પેલી રજપુતાનીએ ખુલાશો કર્યો કે તેણી એક મુસલમાન છોડી હતી અને તેઓનાં ઘરની બાજુમાં રહેતી હતી, તે છોડીનું નામ હશમત હતું જ્યારે દુષ્મનો તેમના ઉપર ધસી આવ્યા ત્યારે તે ન્હાની છોડી રજપુતાનીને વળગી પડી, એટલે દયાને ખાતર તે તેણીને સાથે લાવી હતી બાકી તેણી કોણનું ફરજંદ હતી

તે તેણીને કશું ખબર નહતું. તેઓએ હશમતને સાથે લઇ જવાની કસી મરજી નહી બતાવી એટલે એસ્ઓનેં પોતાના એક મુસલમાન નોકરની બાયડીને બોલાવી હશમતની સંભાલ સોંપી.

અહમદનગરની જીતથી જબરી લુટ અકબરશાહને હાથ આવી હતી નગરના જવાન રાજા તે ચાંદ સુલતાનાના ભત્રીજાને શાહઅકબરે ગોવાલ્યરના કિલ્લામાં મોકલાવ્યો જ્યાં અકબર પોતાના પદભ્રષ્ટ કેદી રાજાઓને રાખતો હતો. અબુલ ફજલને હાથ જે સર્વેથી ઉમદા લુટ આવી તે એક સંગીન કેતાબોની ભારે લાયબ્રેરી હતી, અબુલ ફઝલને મન તે દુન્યાનો ગંજ હતો એસ્ઓર્નને તેને ઘણી ઉદાર નવાજિસ કીધી અને તેનાં આદમીઓને પણ હદ બ્હાર નવાજી નાખી, ખુસાલ કરી મેલ્યાં.

એક સાંજે બેનડીકટ સાહેબ આવી ઉભા તેવન વાત લાવ્યા હતા કે જે મુસલમાન કેદીઓ તેમને હાથ આવ્યા હતા તેઓ અસલવારે તો પોરચ્યુગીસોજ હતા ! પણ હવે એક વાર ફરીથી તેઓને હૉલી વૉટર પાઇને ખ્રીસ્તી કરવામાં આવશે. પેલી રજપુતાણીની કહાણી સાંભલી બેનડીકટ ગંભીર બની ગયા, અને એસ્ઓર્નને જણાવ્યું કે કોઇ ભલતા હીંદુને હાથ તેણીને સપૂરદ કરવાને કરતાં બેનડીકટને સોંપી હતે તો તે તેણીને સીધી બેહસ્તને રાહે ઉતારતે ! પછી સેહજ જીગ્નાસા ખાતર પાદરી સાહેબે હુસ્મતને જોવા માંગી એસ્ઓર્નના હુકમથી તેણીને દાખલ કરવામાં આવી.

તે ન્હાની છોડી એક ઠરેલ ઓરતના જેવો ગંભીર ચેહરો કરી તંબુમાં દાખલ થઈ, તેણીએ પોતાના ચેહરા ઉપર મજલીનનો બારીક બુરખો નાખ્યો હતો, તેમાંથી ચપક ચપક થતી તેની કાલી

આંખો, લાલ દાડમ્યા હોઠ અને કેવડાનાં ફુલ જેવો મીઠો ચેહરો ઘણો શોભી રહ્યો હતો, તેની ઉમર તરફ જોતાં તેણી ઘણી બાહોશ જણાતી. પેલા પોરચ્યુગીસ પાદરીના સવાલોનો જવાબ બનતાં સુધી ટુંકમાં અને ઘણા વીચારીને આપતી જ્યારે જવાન એસ્બોર્ન તરફ તેણી ઘણા આભારની લાગણીથી વર્તતી. હસ્મતના જવાબાદ પાદરી સાહેબે વાત છેડી કે તેવન પાસે લડાઇની લુટનાં ઘણાં દાગીના એકઠાં થયાં હતાં અને તેનો બોજ ઉઠાવવો ભારી પડતો હોવાથી તેવન સેતરંજમાં થોડું ખોવાને ખુશી હતા! એસ્બોર્નએ તુરત પાટયું મંગાવ્યું અને બંને વચ્ચે રમત શરૂ થઇ. એસ્બોર્ને ગમે એટલી સીફત વાપરી બેંજુ કરયું પણ તે એકથી અનેકવાર બેનડીકટના હાથ ઉપર મ્હાત થયો અને પાદરી સાહેબના દાગીનાના ભારમાં એસ્બોર્નના દાગીનાનો બોજ વધતો ચાલ્યો, એસ્બોર્ન છેક કંટાલીને જીવ ઉપર આવી રમવા લાગ્યો એટલે બોલ બોલતામાં તેની પાસના દરેક દાગીના ખલાસ થઈ ગયાં અને સામું કરજ વધ્યું. હવે તે ગોરો જવાન વીચારમાં પડયો.

"કાંઇ ફકર નહી દોસ્ત." બેનડીકટ બોલ્યો, "તું જો પેલી ન્હાની છોડી હસ્મતને મારે હવાલે કરે તો તારૂં કરજ વળી રેહલું હું કબુલ કરશ તું એ છોકરીને શું કરશે? તુંને તો એક કંટાલા સમાન થઇ પડશે જ્યારે હમો પાદરીઓ તો એને ખોદાઇ રાહે ઉતારસું."

"હું તારી ગત સમજુંછ બેનડીકટ," એસ્બોર્ન ખુલ્લા તુચ્છકારથી બોલ્યો, "આ ન્હાની નીરદોષ બાળકીને હાથ કરવા તું આજે આ રમતમાં ઉતર્યો હતો, પણ નહીં હું એને આપવાને રાજી

નથી, તું ધારેછ તેમ હું તદન ખાલી થયો નથી, થોમ." અને એશ્બોર્ને તે પાદરીને અંતે એક સુનાની ગોળી આપી જો કે તે જોતાંજ બેનડીકટ અજાયબીથી હેરત રહ્યો તોબી કાંઇબી બોલ્યા વગર તે લઇ તે સુનાનીજ હતી એવી ખાત્રી કરી ત્યાંથી ચાલ મૂ-કી. બીજી સાંજે બેનડીકટ ફરીથી સેતરંજ ખેલવા આવ્યો, આ વાર નસીબ એશ્બોર્નની તરફેણમાં આવ્યું અને થોડા કલાકમાં તે ઇંગ્રેજ જવાન ગઇ કાલની બધી પોતાની ઉગદા ગત્તા પાછી મેળવી શક્યો એટલુંજ નહી પણ બેનડીકટ કાકાના દાગીનાનો ભાર પણ ઓછો કરી નાખ્યો. સારાં નસીબે આ બનાવથી તેઓ વચ્ચેની જી-કરનો છેડો આવ્યો; ત્રીજી સાંજે પાદરી સાહેબ વસણાયલી દાલ જેવું મોહડું કરી આવ્યા કે વડા ધર્મગુરૂને તેઓની રમતનો સં-સારો ગએલો જણાયછ માટે હવે વધુ રમવાને તે હીમત કરતો નથી.

અહમદનગર શેહર આસપાસની લુટ પુરી કરવા માટે શાહ-ઝાદા ડાન્યલના લશ્કરને ત્યાં છોડી અબુલફઝલ ગોરાં લશ્કરને લઇ શાહ અકબરને અસીરના કિલ્લાને મ્હાત કરવામાં મદદ આપવા ખા-નદેશ ખાતે કુચ ઉઠાવી. ખાનદેશનો રાજા બ્હાદરશાહ અખુટ ખ-જાનો ધરાવતો હતો. તેનાં શેહરમાં વર્ષો સુધી નીભી શકે એટલો અણાજ, પુષ્કળ ખોરાકી અને અસંખ્ય ઢોરો હતાં. ખાનદેશનો ખ-જાનો દુન્ગા વર્ણનો કેહવાતો પણ તેનો માલેક નવાબ બ્હાદરશાહ ઘણો ચડુલી અને બેઇનસાફી હતો.

અકબરનાં લસ્કરને અસીરનાં કિલ્લાની આસપાસ ઘેરો ઘાલતાં જોઇ, શેહરનું લોક ગાભરૂં પડયું, તે અભણ લોકમાં તે વાર કાંઇ એવોજ વેહમ પેઠો હતો કે અકબર તો જાદુગર હતો, અને તેના

ઇલમથી તે દરેક શેહર જીતી શકતો. વળી આ પોતાનાં અદભુત કામમાં તેને બીજા ત્રાહીત દેખાવનાં ઇલમીઓ મદદ કરતા. અકબરનાં લશ્કરમાં ગોરાઓને જોતાંજ ઉપલી તેઓની દહેસ્તમાં જબરો વધારો થયો, કારણ આ જોરેમંદ ઈંગ્રેજ બચ્ચાઓ તપતાં હીંદુસ્તાનના કાલા દેશીઓની નજરે બેશક તદન ત્રાહીત હતાં. ઘેરો નાખ્યા પછી બંદુક ગોઠવવાનું શુરા એશ્ઓને માથે ઉઠાવ્યું. તેટલાં એક રાતે અબુલફઝલ અને લશ્કરખાન તે ઈંગ્રેજ જવાન આગલ આવી ઉભા. તેઓ ખબર લાવ્યા હતા કે અસીરના કિલ્લામાંનો એક જાણુભેદુ તેઓને છુપ્યે રસ્તે કિલ્લામાં દાખલ કરવાને તૈયાર છે. ગંજાવર મોટી તોપો લઇ કિલ્લાનો દરવાજો તોરી પાડી તેઓ આ જાણુભેદુ સાથ બેધડક માંહે દાખલ થયા. જ્યારે નવાબ બ્હાદરશાહે દુશ્મનોને માંહે પેઠેલા જોયા ત્યારે તેને માંગી લીધું કે તેને અને રૈયતને જરાબી અલવલ નહી કરવામાં આવે તો તે તાબે થવા તૈયાર હતો. પણ અકબરશાહ આમ સાંતીથી કાંઈ કબુલ કરી લગભગ હાથે આવેલો ખાનદેશનો અખુટ ખજાનો જવાદે? તેને અલબત બ્હાદરશાહની માંગણી નામંજુર કરી અને ખાનદેશનો મૂલક પોતાને તાબે કીધો.

બીજે દીવસે મોટી દરબાર ભરવામાં આવી જ્યાં એશ્ઓને હાજર થવા પામ્યો હતો. શાહ અકબર ફુલોથી સંગારેલા બનાવટી સુંદર તખ્ત ઉપર બીરાજમાન થયો હતો કારણ દરબાર જંગનાં મેદાનમાં ભરવામાં આવી હતી. શાહની ઝરરીન પાઘડીની વચ્ચોવચ્ચમાં આફતાબ સમાન ઝલઝલ થતો એક બીનગણીત મુળનો હીરો ખોસાયો હતો. તેના બદન ઉપર ઘણોજ દબદબાભર્યો હીરાજડીત પોશાક હતો, ઈંગ્રેજ એશ્ઓને મોગલશાહની આવી જાહોજલાલી

જોઇ હેરત રહ્યો. કેટલાક તુગાબી મોગલોનું કહેવું હતું કે એક ગોરા ઈંગ્રેજને શાહની દરબારમાં હાજર થવાને હક નહી હતો પણ તેઓને થોડીજ ખબર હતી કે આ ગોરો એક એવી બહાદુર શૂરી ઓલાદનો હતો કે જે વંસ ચાલતે દહાડે હીંદુસ્તાનના રાજાઓને પોતાને તાબે કરનાર હતા, તેઓમાંનોજ એક ચાલતે દહાડે તમામ શાહ અકબરની ઓલાદને પદભ્રષ્ટ કરી ત્યાં બ્રીટીશ અદાલતનો ઇનશાફી વાવટો ઉડતો કરનાર હતો તેનો તેઓને સ્વપનેબી તે વેળા ખ્યાલ તો કયાંથીજ. આસરે બસો વરષ પછીથીએજ અહમદનગર અને અસીરના કિલ્લા બહાદુર લડવૈયા ઇંગ્રેજ વેલેસલીએ હાથ કર્યા હતા.

નવાબ બહાદરશાહ સર નમાવતો શાહની હજુરમાં કેદીની હાલતે આવી ઉભો એક લશ્કરીએ પહેલાં તેનાં બદન ઉપર કશાં ખંજર છુપાયાં હતાં કે કેમ તેની જુસ્તેજી કર્યાબાદ તેને શાહનાં પાંઉસુધી જવા દીધો, ગરીબ બીચારો ખાનદેશના નવાબ ગઇ કાલે તો તે એક રાજકર્તા હતો તો આજે તેની હાલત એક તાબેદાર કેદીની હતી. ખોદાએ બક્ષેલા ખજાનાને અંધારામાં સબડવા દઇ તેને પોતાનાં માણુસોમાં ઉમંગ ઉલટ ઉશ્કેરવાને કશું કર્યું નહી, જેથી આજે આવી હાલત થઇ તેને પણ શાહે નજરકેદ દાખલ ગોવાલ્યારનાં કિલ્લામાં મોકલ્યો અને તેની બેશુમાર દોલત પોતાને હાથ કીધી.

પેલા પોરચ્યુગીસ પાદરીઓ આ બધો વખત કાંઇ બેસી રહ્યા હતા નહી તેઓ અહમદનગરથી અસીર આવ્યા હતા અને જે સુલાચુકા કે હાંદેસાના મારેલા હાથ આવતા તેઓને હોલી વૉટરથી પાક કરી નાખતા ! એસ્ગોર્નને પેલી ન્હાની મુસલમાન છોડી હસ્મતની સોહબતમાં ઘણો મીઠાસ મલવાથી તે તેણીને અસીર લાવ્યો

હતો. તે ન્હાની ભુલકીની રમત ગમત અને ઈંગ્રેજી શીખવાની જાગી હુઈ શ્હરૂઆતથી તે જવાનને ઘણી રમુજ મલતી. એક દિવસ જંગનાં મેદાનથી પરવારી તે જવાન પોતાના તંબુમાં પાછો ફર્યો તો હસ્મતની સંભાલ માટે રોકાએલી મુસલમાની દાયાને રડતી કુટતી હાયવીલાપ કરતી ઉભેલી જોઇ એસ્કોર્નએ પુછતાંજ તેણીએ ઘબરાઇને કહી દીધું કે ન્હાની હસ્મતનો પત્તો મળતો હતો નહી. એસ્કોર્ન આ સાંભળતાંજ ઘોડેસ્વાર થઇ પોતાની તલવાર ઉઠાવી ખુનપર ચ્હડેલા જેવો તેણીની શોધમાં નીકળ્યો. તેને નક્કી ભ્રાંતી થઇ કે આ કાવત્રાંમાં મુળધર પોર્ત્ગ્યુગીસ પાદરીઓ હોવા જોઇએ.

એએક માઇલ એમ તેમ ફરતાં તેને પોતાસામેની એક સડકેથી થોડાંક આસામીઓને જતાં જોયાં. એસ્કોર્ને ઓળખ્યાં તેમ તેઓ પાદરીઓને હાથ ગળેલાં વટલેલાં આદમીઓ હતાં. જોરથી ઘોડો ડપટાવી નજદીક જતાં તેને એક ગારામાંથી નાજુક ચીચ્યારીઓના અવાજ સંભલાયા, એસ્કોર્ને ઉકલેલા પીતા સાથ જોયું તેમ કુમલાં બદનની સુંદર હસ્મતને બાધીને ગારાંમાં નાખેલી તે જવાને તુરત તે બાલકીને પોતાના ઘોડાની પીઠ પર ઉઠાવી લીધી અને ગારાંવાલાંને જહેન્નમ કરવા શમશેર ઉઠાવી, તે હીચકારો ગાડાંવાલો તો આ ઇંગ્રેજના લોહીમાં તરતા તસતસ ડોળા જોઇને રડી પડયો અને તે તો ફક્ટ પાદરીઓનો પગારદાર મજુર હતો એમ કબુલ કરી દીધું.

એસ્કોર્ન હુસ્મતને લઇ પોતાને તંબુ આવ્યો. બીજે દીને પાદરી બેનડીકટ બીજા બે ધર્મગુરૂઓને લઇ તે જવાન પાસ ગયો એસ્કોર્ને તેઓની નીચ ચાલ ઉપર ફીટકાર નાંખ્યો પણ બેનડીકટ કાંઇ ખાંડયો જાય તેમાંનો નહીં. તેને ભટાઇ ચલાવી કે તે તો એક

પુનનું કામ કરતો હતો કારણ તે હશ્મતના માતપીતાને ઓલએછ, તેણીનો પીતા અહમદનગરનાં શેહરનો વડો સૈનાધીપતી ફરહાદખાન હતો. અને તેને ઇસલામી ધર્મ ઉપર આસ્થા નહતી તે વટલીને ખ્રીસ્તી થયો હતો અને તેથી હશ્મત ઉપર આ પાદરીઓને બાપે દાદે બધા હક પોંહચતા હતા ! વગેરે. એશ્બોર્ન તેઓનાં આવાં જુઠાં ઉપર હેરત રહ્યો અને સાફ જણાવ્યું કે હેશ્મત આજથી તેની પોતાની બેટી હતી જેણીને તે કદીબી તેઓને હવાલે કરશે નહી.

પ્રકરણ નવમું.

જવાન એશ્બોર્ન આગ્રામાં.

અહમદનગરની જીત પછીથા એશ્બોર્ન અને તેનાં માણસો શાહ અકબરથી ઘણા નેહાલ થયા. વેલાતના ગોરાઓને હીંદુસ્તાનની જીં-દગી હવે માફક આવી ગયેલી હોવાથી તેઓ આ દોલતના દરંગમાંથી પોતાને વતન જવાને ખુશી નહતા, અને એશ્બોર્ન જ્યાંસુધી શાહની નોકરીમાં હતો ત્યાંસુધી તેઓ પણ તેને વલગી રહેવાને રાજી હતા.

એશ્બોર્ને હવે હીંદુસ્તાની બાષા શીખવા માંડી ત્યારબાદ એક મુનશી રાખી તેને દરબારની ભાષા જે ફારસી હતી તે ભણવા માંડી શાહ અકબર તે ગોરા જવાનની સોહબતથી ઘણો ખુશી થતો અને અવાર નવાર તેને દરબારમાં તેડી તેના સ્વદેશ ઈંગલન્ડને લગતા સ-વાલો પુછી ગમત મેળવતો.

આ લડાઇ પછીથી અકબરના બીજા બેટા ડાણીયલનાં લગનની ધામધુમમાં સર્વે પડયાં. ડાન્યલ ઘણો સોહામણો અને કદાવર શાહ

જાદો હતો, મગર શરાબની સ્યતાન્યત સોહબતનો તે ભારે શોખીન હતો અને તેમાંથી બચાવવા તેનો બાદશાહી પીતા તેના ઉપર સખ્ત જાપતો રાખતો, આ ખુશ હીંગામમાં કન્યા તે બીજાપુરનાં રાજાની બેટી શાહજાની બેગમના રસાલા સાથે જગમશ્હુર શાએર ફેરીશ્તા આવ્યો હતો, તેને એશ્ગોર્ન સાથ તુરત પીછાણ માંડી શાહજાદીના આ ખુશનુમાં અવસર માટે ગાયણો અને ગઝલો જોડનારા શાહેરો અબુલ ફ્ઝલ, તેનો બીરાદર ફ્ઇઝી અને ફેરીશ્તા દરબારમાં પુષ્કળ માનો ઇજ્જત મેળવતા. ગોયા અકબરને કાંઇ બસારત થઇ હોય કે આ ત્રણ મુનશીઓની તેજી જગવર્ણની કલમથીજ તેનું રાજ્ય સોનેરી હર્ફે આવતા જમાના માટે નોંધાઇ રહેશે.

આ વખતે શાહ અકબર અરધાં ઉપર હીંદુસ્તાનનો એકલો માલેક હતો અને હાલ તે દક્ષીણનાં હીંદુરાણાઓને મ્હાત કરવા પડયો હતો એશ્ઓર્ન મનમાં ઉમેદ એમજ રાખતો કે ચાલતે દીવસે આ મ્હાન યોધ્ધો પોરચ્યુગીસોની સત્તા છીણવી લઇ ગોવા, દીવ, વગેરે પોતાને કબજે કરી વેલાતના ગોરાઓ માટે વેપારનું દર્યાઈ બારૂં છડેચોક ખુલ્લું મેળશે; પણ એશ્ઓર્નની આ ઉમેદ હાલ તરતતો હવા ઉપર ઉડી ગઇ, કારણ આગ્રા શહેર જે અકબરનું પાયતખ્ત હતું ત્યાંથી એવી ખબર આવી કે અકબરનો વડો બેટો સલીમ પોતાના બાપની ગેરહાજરીનો લાભ લઇ તખ્ત ઉપર ચહડી બેઠો હતો અને છેકજ આપખુદી વાપડી પોતાને નામના સીક્કા વગેરે પડાવવાની તૈયારીમાં હતો. આ સાંભલતાંજ શાહ ઘણો ક્રોધાયમાન બન્યો અને અબુલ ફ્ઝલને દક્ષીણમાં લડાઇ ચાલુ કરવાને થોભાવી પોતે તુરત આગ્રા ભણી ઉપડી ગયો. આ વાર તેને એશ્ઓર્નને પોતા સાથે આગ્રા લઇ જા॥

માંગ્યો, જે લડાઇથી કંટાળી ગએલો હોવાથી ખાખુશી શાહ સાથ તેનાં પાયતખ્ત તરફ જવા નીકળ્યો.

આગ્રા શેહરની જાહોજલાલી તે વેળા હદ બહાર હતી. આગ્રા ઘણું ખરૂં તે વખતે અકબર આબાદને નામે ઓળખાતું. આ શેહરની આસપાસ કિલ્લા રોકી દીવાલ બાંધેલી નહતી કારણ અકબરને દુશ્મનના હલ્લાની કુચ્છ પરવાહ કે રાઇભાર દહેશત નહતી. તે વખતે નજદીક પાંચ લાખ માણુસની ત્યાં વસ્તી હતી. જેઓ માટે મોટાં મોટાં મકાનો બાંધી તેવાજ ઉમદા તરોતાજગીભર્યા બગીચાઓ બનાવી અકબરના ઇનશાફી રાજમાં ખુશાલ બના રહેતાં.

બાદશાહી મેહલ, જમણુા નદીને કાંઠે બંધાયલો હતો. તેનો દબદબો જોનારને છક કરે તેવો હતો; તેનાં બાંધકામમાં એક પણ સાંધો જણાતો નહી. ગોયા એક મોટા પહાડમાંથી તે કોતરી કહાડયો હોય. કુલ દુન્યામાં આ મેહલ તે વખતમાં સર્વેથી ગજાવર ગણાતો હતો. અકબરે હીંદુસ્તાનના કારીગર ઉપ્રાંત, ઇટાલીયન અને ફ્રેંચ આરટીસ્ટોને ભેગા કર્યા હતા અને તેઓની ભેગી કળા કૌશલ્યથી તે મહેલ કોઇ આકાશી પરીસ્તાન જેવો સુંદર બનયો હતો. હાલમાં આગ્રા દીલ્લી તરફ આપણે જોઇશું તો હુમાયુની ઘોર અને ફતેહપુર સીકરી વગેરેનું બાંધકામ હીંદુસ્તાની કોતરકામ સાથ વેલાતી ખુબી પણ ઠરાવે છે અને તે ઉપલા ઇટાલીયન કારીગરની બનાવટ હતી. જેઓની ભેગી કળાના પ્રખ્યાત તાજમ્હાલ જે આજના જમાનામાં સર્વોત્તમ ઉત્તમ બાંધણી દાખલ ધ્યાન ખેંચી રહયોછ તે પણ ઉભો થયો હતો. આ મીનારો અકબરના નબીરા શાહજેહાને બંધાવ્યો હતો.

આ યુરોપ્યન કારીગરોમાં એક મહરથ એસ્મોર્નની પીછાણનો

નીકળ્યો એટલે જાતે જાતને મળી જતાં કેટલી વાર. તેઓ પહેલીજ મુલાકાતમાં પ્રેમાળ ગયા અને એસ્ઓર્નને આ પરમુલકમાં પોતાના જાતીલાઓની સારી સોબત મળી ગઇ. પેલા પોર્ટ્યુગીસ પાદરી-ઓબી શાહની સાથ આગ્રા આવ્યા હતા. અને એસ્ઓર્ને જોયું તેમ બાદશાહી મેહલની નજદીકમાંજ તેઓનું એક દેવલ હતું.

એસ્ઓર્નને શાહે પોતે એક સુંદર મકાન રહેવા માટે બક્ષ્યું, જે આગલા એક અમીરની મત્તામાં હતું. આ મકાન તે જવાનને ઘણું પસંદ આવ્યું જેમાં અવારનવાર તે પોતાના મીત્રોને નોતરી ખુશ રંગમાં વખત કહાડતો.

અકબરે આ ગોરા જવાનને એક હજાર સીપાહો ઉપર સરદારી આપી સૈનાપતીનો દરજ્જો આપ્યો. ઇંગલંડમાં આવી પદવી મેળવવા આગમજ રાજની કેવી ખુશામદ કરવી પડે તેના ખ્યાલે એસ્ઓર્ન પોતાનાં નસીબ મોટાં સમજવા લાગ્યો, ઇંગલંડની રાણી ઇલીઝાબેથ ખુશામદ અને ચાપલુસીની ભુખી હતી અને સર વૉલટરરૅલે જેવો એક મ્હાન મર્દ પણ તેણીની ખુશામંદ કરીનેજ આગલ વધ્યો હતો. પણ હીદુસ્તાંનમાં તેવું કાંઇ નજર આવતું નહી. ઇંગલંડમાં મોટાં અને ન્હાનાં વચ્ચે આકાસ પાતાલ જેટલો તફાવત રાખવામાં આવતો. અ-હીંનો મ્હોમેદન અમીર ઉમરા બીજા આમ લોકો સાથે એક સુફરે બેસી એક થાળમાંથી ખાણું ખાતા. આ ભાઇબંધીથી બીજા ગરીબ વર્ગના ગોરા ખલાસીઓ પણ એસ્ઓર્ન જેટલાજ સુખી હતા.

એકવાર શાહ અકબર, જવાન એસ્ઓર્નને ચીતા વાઘોના શેકાર માટે સાથે લઇ ગયો જ્યાં ટેકડા કુદાવતાં તે જવાનનો પગ લપસી જવાથી સખત મોરચાયો અને તેને ડોલીમાં નાખી તેને મકાને લઇ

જવામાં આવ્યો. શાહે તુરત તેને માટે પ્રખ્યાત હકીમ અલીને મો-કલ્યો જે હકીમ શીરાજનું તબીબું પહડેલો ઘણો બાહોશ હતો.

"તારૂં બખ્ત ઘણું બુલંદ ઓ નામવર ફીરંગી કે તારી આજે મારા સાથ મુલાકાત થઇ, નહીતર હસનઅલી નામનો તબીબ આવી પોંહચતે તો તારૂં કાટલું કહાડી નાખતે. તે જબરો દગાખોર ઠગ છે, શીરાઝનું અસલ હકીમું માત્ર હુંજ જાણુંછ, બાકી બીજાંતો બધા ઢોંગી છે."

આ મોગલાઇ આપ વડાઇ ઉપર જવાન એસ્ઓર્ન મનમાં હસ્યો. હકીમઅલીએ આગલ ચલાવ્યું. "જવાન મને તારો ધર્મ પસંદ નથી પોરચ્યુગીસ કુત્રાઓબી પોતાના ક્રીસ્ચીયન ધર્મ માટે જીવ પટકેછ પણ મને લેટીન ભણવું હતું ત્યાં સુધી મેંએ પોરચ્યુગીસો સાથે સારૂં રાખ્યું, તેઓ પાસથી લેટીન શીખી લઇ મેં તેઓની દોસ્તી તર્ક કીધી અને આજે દરેક પોરચ્યુગીસોને હું મારા દુષ્મન દાખલ સમજુંછું."

એસ્ઓર્ને માન્યું તેમ આ હકીમઅલી જબરો ખરો.

સાહજો થયા બાદ એસ્ઓર્નને હકીમઅલીએ પોતાને ત્યાં નો-તરીયો. તેનું મકાન ઘણું ખુસ્નુંમાં હતું. વચ્ચે એક નાહની તલાવડી હતી જેમાં તરીને તેઓ દીવાનખાના તરફ જઈ શકયા જયાંનાં એકાંત ઓરડામાં સુફયાણું વાણાઓ નાસ્તા માટે તૈયાર હતાં. તે જવાને આંખો ચોપાસ ફેરવીને જોયું પણ તેને સ્ત્રીજાતનો ત્યાં ઓળોત્રટીક દીસ્યો નહીં હકીમઅલીએ આ બધો વખત તેના આગલ શાહ અકબરની ફીલસુફીએ ઉભા થયેલા નવા ઇસલામી ધર્મની ખુબીઓ ગાયા કીધી. જયારે બીજે રોજે એસ્ઓર્ન શાહની મુલાકાતે ગયો ત્યારે તેને પણ ઈસલામી ધર્મનીજ વાતો માંડી. "ફીરંગી જવાન હ-

મારાં પવીત્ર કોરાનમાં કહેલું છે કે મ્હોમદ પયગમબર પછીથી માહદી જન્મસે, અને તે નવો ધર્મ લાવશે તો કાં નહી હું માહદી બની શકું મારા વીચાર પ્રમાણેનો ધર્મ ઘણો નેક છે. હું હીંદુસ્તાનનાં દરેક આસામીઓને એક ધર્મ બક્ષવા માંગુછ કે જેથી હીંદુઓ જેવા કોઇ હરીફ રહે નહી, કે નાતો ફીરંગી જેવાઓની જુદાઈ રેહ. બસ બધી રૈયત એકજ ધર્મ પાળનારી, અલ્લાહ દાખલ તે મીનુઇ માલેકને માની પયગમબર દાખલ મને જોએ. હે જવાન શું આ મારા વીચારો દરૂસ્ત નથી ? તુંને મારાં રાજમાં કોઇબી વાતની કાંઇ ખામી નજરે આવેછ?"

આ સીદ્ધા સવાલથી એસ્બોર્ન જરા ગુંચવાયો પણ પછી મન મક્કમ કરી તેને કહ્યું. " અએ શાહ તારાં રાજમાં મોટાઓ સુખી છે દરબારીઓ સંતોષીછે, પણ તદન ગરીબ વર્ગ મોહતાજ મંદીમાં મરેછ, તારી દરબારની ચ્હેલમહેલ જોઈએ તે કરતાં જયાદા છે. તેનાં બદલ ગરીબોનાં ભલાં માટે અડધો ખર્ચ થાયતો સારૂં, વળી તમોમાં એકથી અનેક બાયડીઓ પરણવાનો રીવાજ ઘણો કઢંગો છે. હમારાં વતનમાં હાલ જે રાણી ઇલીઝાબેથ રાજ કરેછ તેનો બાપ હેનરી આઠમો એક ઓરતથી નહી ધરાયોતો તે આજ સુધી રૂસવા થાએછ અને ઇંગલંડનાં ઇત્યાસમાં સદાની તેને આબરૂ ગુમાવીછ." એસ્બોર્નની આ કહાંણી ઉપર અકબર હેરત રહ્યો. એકજ બાયડીનો વીચાર તેને તદન તુચ્છકારી કહાર્યો. પણ ગરીબ રૈયતનાં ભલાં બાબેનો તેનો વીચાર શાહને ગમ્યો. " અએ જવાન, આજ સુધી કોઇએ મારાં મોહઢાં ઉપર મારી ખામીઓ કહી નથી પણ તું ઘણો તરને ફૂર બોલનારો રાસ્ત દીલનો સખસ માલમ પડેછ. ઠીક હું તુંને એક જાગીર બક્ષેસ કરશ અને ત્યાં તું કેમ રાજ કરેછ તે જોઇ હું મારી જાતે ખાત્રી કરીશ."

પ્રકરણ દસમું.

શાહદીની ગોઠવણ.

એક દીવસ હકીમઅલી ઘણે ગંભીર ચહેરે એસ્ઓર્નની મુલાકાતે આવ્યો, તે શાહ તરફથી તેના માટે એક પેગામ લાવ્યો હતો જે તેને સાંત અને ગંભીર અદાએ નીચે પ્રમાણે કહી સંભલાવ્યો.

" ઝેહાંપનાહને તારી બાહોશી અને કળા માટે ઘણું ઉંચુ મત છે અને તે નામદારની ખાહેશ છે કે તું હમેશાં તેમની નોકરીમાં રહે, મગર એકલા અટુલા જવાન ઉપર શાહને ઇતબાર આવતો નથી, કારણ હોઝ્યાઓ પગ ઠેડવીને એક ઠેકાણે બેસી સ્કતા નથી અને તેથી તે નામવરની ખુશી છે કે તું પરણે." હકીમઅલીના આ ધડાકાથી એસ્ઓર્ન હેરત રહ્યો.

" બેસ્ક હકીમ સાહેબ, હઝુરની મુજ કમીના ઉપર ઘણી હેશાનમંદી છે, હા જો મારા લાયકની કોઇ બાનુ મલેતો હું પરણું, અલબત હું ઇસ્લામી ધર્મ અખ્ત્યાર કરી સ્કતો નથી અને મારી પોતાની જાત સીવાય પરજાતની ઓરત મારે કબુલ નથી."

"બસ તારો વાંધો શું એજ છે ?" હકીમે પુછ્યું.

"હા એજ," એસ્ઓર્ને માન્યું કે એથી મજબુત બીજું બ્હાણું મલી સ્કશે નહી. હકીમઅલી તુરતજ રજા લઇ ઉઠયો. શાહ તરફના આ સવાલ ઉપર વીચાર ચલાવતાં એસ્ઓર્નનું મગજ ચકભમ થઇ ગયું. તેને બાનુઓનાં નામનીતો ટાઢક હતી તો રખે શાહનાં ફરમાનથી તે કોઇ બલાગતમાં ફસે.

થોડા દીવસબાદ શાહ તરફનો વળતી પેગામ લઇ હકીગઅલી આવી ઉભા.

"શાહે તારો જવાબ સાંભલીયોછે અને તારી દાનેશ્મંદી તેને વખાણીછે. બેશ્ક તારૂં કેહવું દરૂસ્ત છે, પરજાત સાથનાં લગ્ન સુખી નીવડતાં નથી. હાતમનામામાં કહ્યું છે કે બાઝ બા બાઝ, અને કબુતર બા કબુતર તે છતાં શાહને તારા માટે મોહબતની લાગણી હોવાથી તેને તારાં ભલાં માટે આ શુભ કામ હાથ ધર્યુંછ એટલે તે ચંદરોઝમાં સફલ થશે. શાહના જનાનામાં એક આરમીનીયન ઇમેજની બેટી નામે ઇરીન છે, તેને પુષ્કળ ઝરઝવેરાતની નવાજેસ કરી તેણીનો હાથ તુંને સોંપવાની તે હઝુરની ખુશી છે. તેના મા બાપ મરી ગયાંછ અને ભાઇઓ છે તે ઘણા ઉડાઉ અને આલસુ છે; તેઓએ ઇરીનનો વારસો પણ ચાંપી આપ્યોછ. પણ નામવર શાહ ઇરીનને ખાલી હાથે રાખશે નહી. બોલ જવાન તે સુંદરીને વરવાને તું રાજી છે?"

એસબોર્નનાં ગુંચવાડાનો પાર રહ્યો નહી તોબી તેને સીફતથી જવાબ કહ્યો. "તે નામવરની મારા તરફની આવી ઉદાર લાગણી ખરેજ મને તેનાં હેશાંનમાં ગરક કરનારી છે. પણ મારે પહેલાં જાણવું જોઇએ કે તે બાનુ પોતે મને પરણવાને રાજી છે કે."

હકીગઅલી આ સાંભળી હેરત રહ્યો, "જ્યારે ખુદ શાહ નામદારની ખુશી થઇ ત્યારે તે બાનુની નામરજી હોયજ કેમ ?"

"જો તે બાનુની ખુશી હોયતો મારે તેની સાથ વાત કરી તેને મોંહડેજ તે સાંભલવીછ."

"યા અલ્લાહ, આ કેવી બેહુદી બકબક. જવાન તારૂં મગજ ઠેકાણે હોય એમ લાગતું નથી." એક ઓરત જાત સાથ પરણવા આ-

ગમજ વાતો કરવી એ પેલા મ્હોમેદનને મનસે બ્રહ્માંડ તુટી પડવા જેવી વાત હતી.

"હમારાં મુલકમાં શાહદી આગમજ મેલાપ થાએછ."

હકીમ અલીએ કમકમાટથી આંખો મીંચી દીધી.

"છટ, છટ, અહીંતો એક કમીની દાસી કે તાબેદાર ગુલામ પણ આવી નફટાઇ કરી શકે નહી. જ્યારે તારો પેદર નથી, અને શાહે તારા પીતાની જગ્યો રાખી તુંને પરણાવવાનું માથે લીધુંછ ત્યારે તુંએ કેટલી આભારી લાગણી સાથ તે મંજુર કરવું જોઇએછ, ચાલ હું જાઉંછ અને નાગવર શાહને જણાવીશ કે તું તે ખુદાવંદની મરજીને માન આપવા તૈયાર છે." આટલું કહી હકીમઅલીએ રજા લીધી.

"કોઇબી ઈંગ્રેજ બચ્ચો આવી રીતે આંખ મીંચીને કુવામાં કદી પરયો હશે?" એશ્બોર્ન મનસે બબડયો. "તેણી કેવી હશે? ઇંગ્રેજ થઇને મહોમેદન જનાનાંગાં રહીછ તો તેણીને ખ્રીસ્તી ધર્મ ઉપર ભાવ રહ્યો હશે કે, જો હું તેણીને નહી જોઇ શકતો હોઉતો કોઇ બીજાં મારફત તેણીની ખબરતો મેળવવી જોઇએ, આહ ઠીક યાદ આવ્યું મારા દોસ્ત રેજીની બાયડીને મલી આંઉ." અને એશ્બોર્ન ઘોડેસ્વાર થઇ તુરત બ્હાર નીકળ્યો.

શાહના મહેલમાં ચીતારાનું કામ કરનાર ઈટાલીયન રેજી પોતાના કુટુંબ સહીત એશ્બોર્નનાં મકાનથી થોડેક છેટેજ રહેતો હતો. તેની બાયડી આગલ એશ્બોર્ને જઇને સર્વે હકીકત કહી. મીસીસ રેજી અવારનવાર બાદશાહી જનાનામાં મુલાકાતે જતી હોવાથી તેણીએ પ્રીનને નજરે નજર જોઈ આવવા કે તેણીની મરજી પુછી આવવા-

ને વચન આપી તે જવાનના મગજ ઉપરનો કાંઈક ભાર ઓછો કીધો.

બીજે દીવસે તે મીસીસ રેજીને ત્યાં હાજર થયો. "મી૦ એ-સ્બોર્ન એ ચુસ્ત મુસલમાનોના કાયદા એવા સખત ને ચણુખડછે કે ઈરીનનું નામ હવે શાહદીની તૈયારીમાં ગોઠવેલું હોવાથી તેણીને કોઈબી બહારનાંઓની મુલાકાત લેવાની મનાઈ થઈછે. મારા જોવામાં તેણી આવી નથી પણ બેગમ સાહેબ ખાત્રીથી કહેછે કે ઈરીન ઘણી ખુબસુરત અને મીઠા સ્વભાવની છે, વળી તેણી ફારસી ગઝલો વટીક જોરી જાણેછે ને ઘણી બાહોશછે. તેણીને પોતાના ખ્રીસ્તી ધર્મ ઉપર ઘણો ચાહછે અને તેથીજ મુસ્લમાન બાદશાહની પનાહમાં તેનાં જનાનાગાં રહેવા છતાં તેણી હજુર કુમારી છે."

આ ખુલાસો એસ્બોર્નને ઘણો મનમાંનતો લાગ્યો નહી, તોબી એથી વધારે કસું કરી સકાય એમ હતું નહી એટલે તે નસીબ ઉપર બેઠો. ઈરીનની શાહદીની ખબર તેના બીરાદરોને પડી કે તે મ-વલાઓ એસ્બોર્નની મુલાકાતે આવ્યા તેઓ હતા તો ઈંગ્રેજ, દે-ખાવે ઘણા રૂપાળા પણ મુસલમાનો ગાફક ઝરીન ઝબ્બા અને કીનખાબી દુપટ્ટા પહેરતા. તેઓની બહેન ઈરીન, એસ્બોર્ન જેવા એક લાયક જવાનને મેળવવા પામી તે માટે તેઓએ ખુશાલી બતાવી અને જણાવ્યું કે આવતે અઠવાડયે વેલાતનો એક બીસ્પ સાહેબ ત્યાં આવનાર હતો તેના હાથે આ શુભ કામ પાર પડશે. આ કહેવાલા બીસ્પ સાહેબની તેઓ રાહ જોતા, પણ વખતસર તેવન આવ્યા નહી અને ખબર કહાડતાં માલમ પડયું કે પોર્ચ્યુગીસ પાદરીઓએ આ નવા બીસ્પને આવતાં અટકાવ્યો હતો. આ બધો વખત એસ્બોર્ન ઈરીનને મલવા ચાહતો, તેણી સાથ કાગજ પત્ર

ચલાવવાની પેરવીમાં હતો અને અંતે એક દીન તેને તે જવાન સુંદરી તરફથી નીચે પ્રમાણેનો એક રૂક્કો મળ્યો.

"હુઝુરે પુરનુર શાહ અકબરની મુજ કમીની બંદી ઉપર મોટી હેરબાનમંદી ઉતરીછ કે જેથી તું નામવર જવાનની દાસીનો દરજ્જો મને મલશે. હું રાતોદીન તું મારા માલેકની તંદરૂસ્તી માટે દુવા ગુંજારૂંછુ. લંડનના બીશપની ગેરહાજરીની ખબરે મને બેહદ રંજ પહોંચીછે કારણ હું તે શુભ દીવસની કાગને ડોળે વાટ જોઉંછ."

આતે કઇ જાતનું પ્રેમ પત્ર! એસ્બોર્નનું દીલ ઠંડુ મારી ગયું. તેને તુરત કલમ ઉઠાવી પોતાના જીગરના ગરમ ઉછાલા કાગજ ઉપર બ્હાર પાડીયા ને તેના જવાબની રાહ જોતો બેઠો. સાંજ પડતાં પ્રરીન તરફથી એક મઘમઘતાં અતરની ખુસ્બો સાથનો સોનેરી શાહીનો રૂક્કો મળ્યો જેમાં તેણીએ ફારસી ગઝલ જોડી મોકલી હતી. આપણા જવાને મહા મુશ્કેલીએ તેનો બાયસ ઉકેલ્યો, તે ગઝલમાં પ્રરીને કબુતર પંખી જેવી પોતાની વફાદારી નોંધી હતી, અને પોતાના વ્હાલાની જુદાઇમાં તેણી ચકલાની અદાએ ઝુંરતી હતી વગેરે પુષ્કળ ફરાહત દર્શાવી હતી. આ રૂક્કો વાંચી એસ્બોર્નનું જીગર કાંઇક સમાધાની પામ્યું.

પેલા બીશપની પધરામણીની વાટ જોતાં તેની પધરામણી જેવું કશું જણાયું નહી. અંતે થાકીને એસ્બોર્ને નક્કી કીધું કે પોરચ્યુગીસ ફાધર ઝેવીયરને હાથે લગન કરાવવાં. ફાધરે એક સરતે લગન કરી આપવા કબુલ્યું અને તે એકે એસ્બોર્ન પોરચ્યુગીસોનાં ધર્મને માન્ય રાખે. અલબત આપણા જવાને તેમ કરવા ધીક્કારથી ના પાડી અને ઉશ્કેરાઇ આવી તેને ફાધર અને પાદરી બેનડીકટ–ડ ઘોસ સાથે વેંઢચી,

લીધું. તકરાર વધી પડી એટલે શાહનું ધ્યાન ખેંચાયું કે તેને તુરત ફાધરને પોતાની દરબારમાં બોલાવ્યો.

"મારા સાંભલવામાં આવ્યુંછ કે વેલાતમાં તમો ખ્રીસ્તીઓ વચ્ચે બે તડ છે અને તેઓ હમારા શીહા અને સુની કરતાંબી વધારે ઝનુનથી એકમેકને ધીક્કારેછ. ત્યારે એમ કેમકે તમારા શહેરમાં ખુદ તમારી જાતમાં તમે એકજ ધર્મ સ્થાપી શકતા નથી તો બહાર દેશાવરમાં આવી પર જાતને વટલાવવામાં તમે શું ફાએદો જુવોછ?" શાહે પુછ્યું.

"દીવા નીચે હમેશાં અંધારૂં હોયછ" ફાધરે નરમીથી કહ્યું." અય શાહ, હરીફાઈ વીનાની દુન્યાજ નથી. સર્વેથી પહેલો ધર્મ હમો રોમન કેથોલીકનો હતો, જ્યારે આ પ્રોટેસટંટ પંથતો ખાલી ઉભો કીધેલો છે."

"એમ? મારા માનવામાં તો નથી આવતું."

"શાહ અકબર આજ પાંચ વર્ષ થયાં તારી દરબારમાં હમે આવી રહ્યાછ અને તે એવીજ ઉમેદથી કે અંતે એક દહાડો હમારા સાચા ધર્મ ઉપર તમારૂં મન ખેંચી શકીશું, પણ અંતે હમોએ હમારી નાઉમેદી જોઇછ, હવે વધુવાર હમોએ અહીં રહેવું નથી, કારણ દુરના મુલકમાંથી ખબર આવીછ કે હમારા ભાઈબંધોએ ચીનમાં પગ પેસારો કર્યોછ અને જાપાનમાં ઘણાઓને વટલાવ્યાછ ત્યારે અહીં ફોકટ આશામાં હમોએ થોભવું નથી પણ ચીન તરફ જવુંછ." અને પાદરીસાહેબ કુરનસ બજાવી ઉઠયા.

આ મુલાકાત પછીથી શાહે દીલ બેહલાવવા હાથીનો અખાડો કરવા ફરમાવ્યું, અકબર પાસ છ હઝાર હાથીઓ હતા, અને તે

પોતાની બાદશાહી ગત્તા ઉપર તે ઘણો ખુશ હતો.

"જા હકીમઅલીને કેહ કે પેલા ગોરા સૈનાપતી એસ્બોનને લઇ આવે" શાહે પોતાના નોકરને ફરમાવ્યું "અને મુફતી સદર જેહાન, હસન મોલવી. કવી યુસફખાન. અલીબેગ, સોદાગર મેહરબાન અને પેલો હીંદુ બ્રાહ્મણ રૂપરાગ, પેલા ઇરાણી નોરોઝ, પેલા દસતુર ધ્રતસ અને મીયાં ટાનસેન એ સૌને શાહના નામથી હાજર કર. મારે હાલમાં જરા રંગરાગમાં વખત ગાલવોછે."

શાહના ફરમાનમૂજબ ટુંક વખતમાં સર્વે જણ આવી દરજ્જા પ્રમાણે પોતપોતાને ઠેકાણે ગોઠવાયા કે પછી હાથીઓ એક પછી એક શાહની સનમૂખ રજુ થયા.

"પેગુથી આવેલો આ નવો હાથી અબરખ ઘણો જોરેમંદ દીસે છે હં, બેશક એ આજની કુસ્તીમાં જીતસે," શાહ બોલ્યો. "ચાલ આવ દાદુ હુશીયારી પકડ નવા હરીફથી બીહ ના જતો." અને અહીં શાહે બે હાથીઓને જંગમાં ઉતારવાને તૈયાર કીધા.

બન્ને હાથીઓ તરફથી બબે માહવતો હાજર હતા જેઓના પેટમાં કલેજી નહતી હાથીઓની મારામારીમાં તેઓને કચરાઇ જવાની દેહસ્ત વધારે હતી અને તે ગરીબ માહવતોની મા કે બાયડીઓનાં જીવમાં જીવ નહતો, અંતે રમત સ્હરૂ થઇ. અકબર તરફથી ઇસારત થતાંજ બન્ને હાથીઓને એકમેકની સનમુખ જોસબંધ લઇ જવામાં આવ્યા, સાધારણ આદમીઓને જોતાં સમેતજ ચીતરી ચહડી આવે એવા ફટકાઓ બંને હાથીઓએ એકમેકને લગાવવા માંડયા. હાજર રહેલાંઓની ઉંતેજારીના પુકારથી મસ્ત જાનવરોનું ઝનુન વધ્યુંજ ગયું; અંતે અબરખે પોતાના હરીફ દાદુ ઉપર ફતેહ મેળવી, અકબરે ખુશીમાં

આવી જઇ તેના માહવતોને નેહાલ કીધા અને ત્રખાડો ખતમ થયો.

અકબર કેજે કસાઇથી કમકમતો, માસ મચ્છી તર્ક કરતો તે પોતે આ પ્રમાણેની રમતોનો સોખ ધરાવતો એ અજાએબી હતી.

પ્રકરણ અગ્યારમું.

ધર્મ સંબંધી તકરાર-જનાનો.

શાહ અકબરનો ધારો એવો હતો કે જ્યારે રાજ્ય સંબંધી તકરાર કરવાની હોય ત્યારે તે ખાસ વ. આમને પોતાના દરબારી મેહલમાં નોતરતો, પરંતુ ધર્મ સબંધી કે એવીજ કાંઇ ખાનગી તકરારને ખાતર તે પોતાના આગ્રા શેહરની દક્ષીણે આવેલાં એક સુંદર બગીચાના મનોહર મકાનમાં સર્વેને બોલાવતો.

આ મકાન ઘણુંજ સુખદાયક ફુલફલથી સુવાસ આપતું દીલચગન બગીચા સાથનું હતું ત્યાંના વચલા ઓરડાગાં કશો ફરનીચર નહતો માત્ર ચટાઇ બીછાવી ઉપર દુધ જેવી ચાદરનું પડ કરી નરમ ટકીયાઓની ગાદી ગોઠવી હતી, અકબર વચ્ચોવચ્ચમાં બેઠો હતો જ્યારે તેની આસપાસ શેહરના ઘણા પહડેલ અને આકેમ મર્દો બીરાજીયા હતા. અકબરે સચ્ચાઇની ખુબી ઉપર વાત શરૂ કીધી, તેને પેહલાં સાફ કહ્યું કે તાજે તખ્ત ઉપર બીરાજે ત્યારે તે તેગનો શાહ હતો હાલમાં તો તેને સૌએ પોતાનાં બરોબરયો મીત્ર ગણવો અને દીલમાં કશોબી અંતર રાખ્યા વગર એખલાસ અને ખુલાશાથી વર્તવું. ત્યાર બાદ તેને ફાંધર જેરોમને મુશ્લમાની ધર્મ માટે સવાલ મૂક્યો. આ

પાદરી સાહેબે પોતાના ખ્રીસ્તી ધર્મને ખોદાને ઘરનો જણાવી મ્હો-મેદનો એક નહીં જેવો હતો એમ જણાવ્યું. હાજર રેહલા ચુસ્ત મુસ્લમાનો આ સાંભળી ઝનુનથી રાતા પીલા મારી ગયા પણ અ-કબર સાંતીથી હસ્યા કીધો.

"અએ પાદરી, હમારા મ્હોમેદ પયગમબરનાં જન્મ માટે સ-દીઓ આગમજથી તો ખુદ તારાં બાઇબલમાં ઇસારો કરેલો છે." મોલવી સાહેબ ખફગીથી ડોળા કકડાવી બોલ્યો, અને પછી તેટ-લાજ જુસ્સાથી તેને અકબર તરફ ફરી હુમેર્યું "આવી એની બક-વાને તુરત બંધ કર જેહાંપનાહ અગર નહીતો મને તુરત રૂખસદ આપ."

અકબરને ચુપ બેરી રહેલો જોઇ મોલવી સાહેબ ગુસ્સાભર તે અએવાંન છોડી ગયા.

"અને ધર્મ બાબે હવે તમુને શું કહેવુંછ દસતુર સાહેબ ?" અકબરે ફરેસ્તાઇ દેખાવનાં એક બુઝર્ગ દસ્તુરને બાઆબરૂ પુછયું.

"દરેક ધર્મ સચ્ચાઇ ધરાવેછ." દસ્તુરજીએ ગંભીરાઇથી કહ્યું. "આપણુ સર્વેને જવુંછે તો એકજ રસ્ત રાહે, ત્યારે અહીં ફોકટનો ભીનાકેસો કરેલો શા ખપનો? ઓ શાહ અકબર તું પઢેલા દાનાવોને તારી હાજરીમાં ભેગા કરી વધુ ખોદાઇ ગ્યાન મેળાવ્યાને બદલ ઓરબી તે ગેબી ધીલસુરીની મજાક કરાવેછ અને તે દાનાવ મર્દોને પસંદ નથી."

શાહ કાંઇક ઝંખવાઇ ગયો, આ વખતે એસ્ઓર્નની નજર ઓ-રડાને છેડે નાખેલા ચક તરફ ફરી, તેની પાછલથી બીલીયાણના ચ-મકારા ફેંકાતા હતા, તે જવાન પામી ગયો કે ચકની પાછલ કોઇ

બેગમ હોવી જોઇએ, એવામાં શાહની નજર પણ ત્યાં ફરી પેલા આકારને જોતાંજ તેને મીજલસ બરખાસ્ત કરી. જેવા સૌ છુટા પડ્યા કે શાહ ચક ઉઠાવી પેલી બીલ્યાણુના હારવાલી સુંદર નાજનીન જેણી ઇંતેજારીથી તેની રાહ જોતી હતી તેને ભેટી પડયો.

"આવા બેઇમાનો સાથે તારે બેસવું ઘટતું નથી શાહ" પેલી સીરકેસીયન સુંદરીએ પોતાની તારા જેવી ચલકતી રોશણ આંખો ઇંતેજારીથી અકબર ભણી ફેરવતાં કહ્યું. "વળી હું બ્હેદ ઇંતેજારીમાં છું, આપણા બેટા ખાલીલને બોખાર ચ્હડીછ અને તે બપોરથી બીમાર થઇ ગયોછ."

આ સીરકેસીયન બાનું અકબરની સર્વેથી ન્હાની બેગમ હતી, તેણીને મેહલની ઝાહોઝલાલી પસંદ નહતી ત્યાં ઝનાનાની બીજી બેગમોના અંતસ વચ્ચે વસવાને બદલ તેણીએ આ મકાન એકાંતમાં પસંદ કર્યું હતું અને ત્યાં તેણી પોતાનાં બચ્ચાંઓ સાથ સાદાઇથી રેહતી. અકબરે ઘણીબીવાર તેણીને મેહલમાં લઇ જવા માંગી પણ તેણી એકની બે નહી થઇ.

"ખાલીલને શું છે મારો લાડકો બેટા" અકબરે ઇંતેજારીથી પુછ્યું.

"તે બોખારની તાસવીસમાં પડયોછ, આવો. નામવર તે તમોને જોઇ સાંત થશે."

શાહ તેણીની સાથે અંદરના ઓરડામાં ગયો ત્યાંની ચટાઇ ઉપર એક નવ વરષનો ખુબસુરત છોકરો અશાંત હાલતમાં પડયો હતો. તેના બાદશાહી પીદરે વ્હાલથા તેના ગાલ ઉપર હાથ મુકીયો "બોખાર સખ્ત છે." તે ફીકરથી બોલ્યો.

" હા. મને દેહસ્ત છે કે કોઇના કાલા ઇસગથી બોખાર આ-વીછ." તે બેગમ ધારતી ભર્યા અવાજે બોલી.

"નહી બેગમજાન, આ મીઠાં ફરજંદને કોણ હરકત પોંહચાડે?"

" ઘણાથી." તે માતાએ દલગીરીથી કહ્યું " જો એ ગરીબ સખસનો બેટો હતે તો સાંતીથી સુતે."

" બેગમ તારા એમ બોલવાનો બાયસ શું ?" અકબરે હેરત થઈ પુછયું. " ગરીબ ઘરનાં ભાઇબેન એકમેકને વાહલથી ચાહતાં ઉધરેછ, જ્યારે સુલતાનો અને બાદશાહનાં ફરજંદો બચપણથી એક મેકના દુષ્મન જેવાં રહેછ તારી બેગમોના બેટાઓ મારા બચ્ચાંનું, કાટલું કહાડવા તૈયાર હશે." તેણી બોલી.

" આહ, હું કેવું ચાહુંછ કે મારો ખાલીલ મોટો થાય ત્યાંસુધી હું જીવી શકું, પણ હું તો અત્યારમાંજ બુઢો થઇ ગયોછ મારા બે-ટાઓ સલીમ કે ડાન્યલ કોઇપણ હીંદુસ્તાનનું રાજ સલામત ચલા-વવાને લાયક નથી, બેગમજાન હું મારા પછી આપણા બેટા ખાલી-લને રાજગાદી આપી જઇશ."

" શાહના આ સખુનોથી પેલી સુંદરી ઉજરી ફક મારી ગઇ" ઓ નહી નહી, ઓ શાહ ઘણી સતાથી માણસ ઘણાં બુરાં બનેછ. પોતાને હાથ આવેલી સ્કતીનો સદ ઉપ્યોગ કરનાર તારા જેવા દા-નેસ્મંદ મર્દો હજારમાં એકજ મલી આવે. નહી હું મારા બેટાને ખેશીઓનાં લોહીથી ઝહેં બનેલી ગાદી ઉપર બેઠેલો જોવાને રાજી નથી. અલ્લાહને ખાતર ફરી કાંઇ એવું બોલતો ના માલેક એ વાતની સહેજ હવા જો બ્હાર ફુંકાઇ તો મારા નિરદોષ બેટાને મોકત જેવી ઝેરી થઇ પડશે."

" હા તારી ફીકર વાજબીછે. " અકબરે કહ્યું સલીમ અને તેના બેટાઓ ખુસ્રો અને પરવીઝ જેઓ અત્યારથીજ એક બીજાને ધીક્કારેછ તેઓએ મારા કાન ભંભેરવા માંડયાછ, નથી બાપ બેટાને જોતો કે નથી ભાઇઓ ભાઇ જેવું કાંઇ રાખતા. "

અને તેથીજ હું કહુંછ નામવર કે તમે તમારા આ ન્હાના બેટા ખાલીલ અને આપણી બેટી શાહરૂ માટે રાજથી અલગ બીજીજ ગોઠવણુ રાખજો. હીંદુસ્તાનની ગાદી ઉપર ગીનાકેસા અને જીંદગી માટે ધરક ધુજારામાં રહેવાના કરતાં હું મારા બેટાને કોકેસસ પર્વતનાં ગામડાંનો માત્ર જાગીરદાર થએલો જોવાને વધારે પસંદ કરીશ. લોકો ઉપર રાજ કરવાને હમને અભખરા નથી. "

" ટૈમુરની બાદશાહી વંશનો એક નબીરો માત્ર સાદા ગ્રહસ્થની જીંદગી દહાડા કહાડે એ કાંઇક નામોસી જેવું લાગેછે. અકબર બોલ્યો.

" પોતાનાં અતલગતા ખેશીઓનાં લોહીના તરસ્યા બની રાજગાદીએ ચહડી બેસવાની નામોસી કરતાં તો એ કાંઇજ નથી. નામવર મારા કહેવા ઉપર જરૂર ધ્યાન આપજો. "

" ઠીક બેગમજાન, પણુ અહીં હું આવ્યોછ તે રાજ સબંધી વાતો કરવા નહી, એક મધુર ગાયણુથી મારૂં દીલ રીજવ, બુલબુલ" અને અકબર પોતાની મીઠી મ્હાબુબની સોહબતમાં રાજને લગતા ખ્યાલો ભુલી ગયો.

પ્રકરણ બારમું.

શાહઝાદા સલીમ—બીજબાની-ઉગમન તરફની કન્યા.

શાહ અકબરના વડા બેટા સલીમનાં કાવત્રાં બાબે તરેહ કીસમની અફવા ઉડી રહી હતી, તે હાલમાં અલ્લાહબાદ ખાતે સ્વતંત્ર બની રાજ ચલાવતો હતો તેના પીદરે ઘણીવાર તેને કહેણુ મોકલી આગ્રા બોલાવ્યો અને શાહઝાદો તાબે થવાને બ્હાણે મોટી હડીયારબંધ ફોજ સાથ આગ્રા આવવા નીકળ્યો. પોતાના બેટાના મનનો દગો પામી જઇ અકબરે તુરત તેની ફોજને આગલ વધતી અટકાવી સલીમ ઉપર કહેવાડયું કે તેને એકલાએ આવવું. જો કે અકબરને લશ્કરની જે ફોજની દેહેસ્ત તો જરાએ નહી હતી, મગર બાપ બેટા વચ્ચે ફોકટ મીનાકેસો બરપા થાએ તે તેને પસંદ હતું નહી. જોકે આગ્રાના દરેક રહીશો અકબરની સેવામાં એક્કે પગે હતા તોપણ તેઓની સલીમને ટાઢો ગોઠો રાખવા ખંતી હતા, કારણ તેમનો શાહ બુઝર્ગી તરફ ઢલી ચુકગો હતો અને ચાલતે દહાડે જવાન સલીમ બાપની ગાદીએ આવનાર હતો. સલીમ લડાઇમાં ઘણો શુરવીર અને બ્હાદર હતો પણ જબરો ગુસ્સાબાજ, ઝનુની અને કીનાખોર હતો.

અંતે અકબરે પોતાની એક બેગમ સુલતાના સલીમાને પોતાના બેટાને બોલાવવા મોકલી. આ બેગમ ઉપર સલીમને પોતાની માદર સમાન પ્યાર હતો એટલે તેણીની ગાયાથી સમજી તે પોતાના બાપને ભેટવા થોડાંક માણુસો સાથ આગ્રા આવ્યો: બાપ બેટા

હેતથી ભેટયા અને અકબરે ઉદાર દીલ કરી અલ્લાહબાદની ગાદી પોતાની હૈયાતીમાંજ સલીમને હવાલે કીધી.

ત્યારબાદ શાહઝાદો સલીમ એશ્બોર્નની ફોજ જોવા ગયો. તે ગોરા ઈંગ્રેજના હાથ નીચે તાલીમ લેતાં લશ્કરની કવાયદ જોઇ તે ખુશ થઇ ગયો અને તેને મીઠાસથી પુછ્યું કે એશ્બોર્ન તેની સાથ અલાહબાદ આવી તેનાં લશ્કરને સારો તાલીમ આપશે. તે જવાને ઘણી લાયકાતથી શાહઝાદાને સમજાવ્યું કે હાલમાં તે શાહની નોકરીમાં બંધાયલો છે માટે તે છોડીને તેનેથી કેઠે નીકલાય એમ નહી હતું. બીજે દીને શાહઝાદા તરફથી એશ્બોર્નને મીજબાનીનું ઇજન આવ્યું તે કાંઇક આનાકાની સાથ ગયો. સલીમ ઘણાજ તોરથી પોતાની મોભાદાર બેઠક ઉપર બેઠો હતો તેનો તમામ પહેરવેષ બેમુલા હીરાઓથી ઝકઝક થતો હતો. તેની મા હીંદી શાહઝાદી હોવાથી તે પોતાના બાપ કરતાં સાગલો હતો પણ તેનું લાંબુ નાક, જડ ભરેલા ભવાં અને ભારી મુછ સાથનો તોખમી કદાવર ચહેરો ઘણો સોહામણો લાગતો.

સલીગના બીજા પરોણાઓ બધા જવાન અમીર ઉગરા અને બાડેખાંઓ દીસતા, તેઓ દરેકે શાહજાદાનીજ ઢપે ઘણો એસકી લેબાશ સજ્યો હતો જેઓમાં એશ્બોર્ને પોતાની ભવીષ્યની ભાગ્યન સુંદર ઇરીનના ભાઇ કોનસ્ટેનટાઇનને પણ જોયો. તે બહુજ ફાંકડો બની સલીમની બાજુમાંજ બેઠો હતો અકબરની મેહફીલમાં સદા બુઝર્ગ દાનેસમંદો ને આકેલ મર્દો, હુન્નરમંદ કીરબીઓ કે મ્હાન કવીઓ નજરે આવતા તેવું અહીં કશું હતું નહી.

સલીમ ઘણીજ સારી રીતે એશ્બોર્ન સાથ વર્તતો તેને ઇગ્લંડને

લગતા તરેહવાર સવાલો પુછીયા ત્યાં વરષતા ઘોધમાર બરફની વાતથી તે હેરત રહ્યો, વળી વાઘ, ચીતા રીંછ, સીંહ જેવાં ફાડી ખાનારાં જાનવરો તે ઠંડા મુલકમાં નહતાં એ જાણી સલીમે નાકનું ટીચકું ચ્હડાવ્યું. "ત્યારે તમારા મુલકમાં શેકારની ગમત તો કાંઇજ નહી પડે ?" સલીમે પુછ્યું.

"કાં નહી નામવર, ત્યાં પુષ્કળ હરણ, સાબર, જલમુર્ગ વગેરે છે." એશ્બોર્ને કહ્યું.

"છટ, છટ તેતો બચ્ચાંની રમત" બેશક સલીમ શેકારમાં ઘણો હીંમતવાન અને બ્હાદર હતો, ત્યારબાદ મેવા મીઠાઇની થાળી અને આબેહેયાત જેવાં સરબતની સુરાહી ફરતી થઇ શાહઝાદાના પાઉંપાસ ગુંઠણપર પડી એક નોકર પોતાના હાથમાં લીલમથી મઢેલી એક સુંદર સોનેરી ડોકની સુરાહી લઇ બેઠો હતો જેમાંથી તે એકલો પીતો જેમ જેમ તે પીણું સલીમ પીતો ગયો તેમ તેમ તે વધારે રંગીલો બનતો ગયો એટલે એશ્બૉર્ન પામી ગયો કે તે શરાબ હોતો જોઇએ એકાએક શાહઝાદાએ ખુસીમાં આવી જઇ આખી મીજલસમાં શરાબ વેંહચવા ફરમાવ્યું કે મોટે ભાગે સર્વે પહરોણાના ચેહરા ઝર્દ મારી ગયા તેમાંનો એક ચુસ્ત મુસલમાન ઉઠીને તે મેહફીલમાંથી ન્હાસી જવાની પેરવી કરતો જણાયો કે તુરત સલીમે તેને પકડાવી તેના માથા ઉપરથી એક આખી શરાબની જાગ ઉંધી વળાવી.

આ ગેરઇનશાફીથી એશ્બોર્નનું દીલ બહુ દુખાયું પણ શાહઝાદા ઉપર કસી અસર થઇ હતી નહી તેને હસીને પોતાની નાકદર લાગણી હવે છડે ચોક બતાવવા માંડી, એશ્બોર્ન સતમુખ વાતો કરતાં શાહજાદો નફટાઇથી બોલ્યો કે તેને ધર્મને નાગની કોઇગી બીજની

બાંધ પસંદ હતી નહી. "તમો ગોરાઓનો ધર્મ સારો કે ખાવા પીવામાં કોઇ વાતની મનાઇ નહી. અરે પણ એઇ ઇંગ્રેજ જવાન જો હું પેલા પોરચ્યુગીસોનો ધર્મ લેઉં તો તે લોક મારે માટે વીસ પચીસ ખુબસુરત મડમો વેલાતથી મંગાવે કે ?"

"તમો નામવર જો ખ્રીસ્તી થાવો તો તમોને એકજ બાયડીમલે."

આ સાંભલી સલીમે નાક ચ્હાડાવ્યું.

અંતે શરાબની ઘેન ચહડવાથી તે બુરા શાહાઝાદાએ ઘોરવા માંડયું કે તેના કેહવાતા રફીકો તેના ઉપર હેફ ફૂંકી ત્યાંથી ચાલી ગયા. એરઓર્નં ઘણો સાહુચેત અને સચેત રહ્યો હતો કારણ તે જાણતો કે સલીમ ઘણો જોખમદાર માણસ હતો ઘર જતાં ઇરીનનો ભાઇ કોનસટેનટાઇન આપણા એરઓર્નની સાથે થયો.

"દોસ્ત હવે જેમ બને તેમ જલદી તમો ઇરીન સાથે લગ્ન કરો તો સારૂં, કારણ પેલા પોરચ્યુગીસ પાદરીઓ અવારનવાર તેણી ઉપર દબાન ચલાવેછ કે જો તેણી તેઓનો ધર્મ અખ્ત્યાર કરે તો તમારાં લગ્ન જોડી આપે, હમે તો એ પાદરીઓથી કાએર થઇ ગયાછ જો તમારી ખાહેશ હોય તો અહીં આપણા વતનનો એક ધર્મગુરૂ ઇંગ્રેજ છે તેના હાથે તમારાં લગનના આસીરવાદ નખાવ્યે ઇરીનતો તૈયાર છે અને તમુને વાંધો નહોય તો આવતી કાલે મારાં મકાન ઉપર સર્વે તૈયારી કરાઉં."

એરઓર્નં પોતાની એકલી અટુલી જીંદગીથી ધરાઇ ગયો હતો તે હવે એક બાનુની મીઠી સોહબતનો ઘણો આરઝુમંદ બન્યો હતો. ખાસ કરીને ઇરીનની તેને સર્વે મોહડે એટલી તારીફ સાંભલી હતી કે તે હવે તેણીને પરણવા ઉતાવલમાં પડયો હતો.

કોનસટેનટાઇનના કેહવાને એસ્ઓર્ન તુરત ગલતો થયો અને બીજી બામદાદે લગ્નથી જોડાવા તે પોતાની ઇરીનના બાપને ત્યાં વખતસર જઇ ઉભો ત્યાં સર્વે તૈયાર હતું, પણ શાહઅકબરની બુઝર્ગ ગાવતર તેજ દીવસે અચબુચ મરણ પામી એટલે તે નામવર એટલો દુખી બની ગયો કે શાહદીમાં ભાગ લઇ શક્યો નહી. એસ્ઓર્નને અંદરના ઓરડામાં લઇ જવામાં આવ્યો જ્યાં લાલ રેશ્મી બારીક પરદાવાલો એક નાજુક આકાર ફુલોથી સંગરાઇ વચ્ચો વચ્ચમાં ઉભો હતો. તે જવાન પોતાની બાયડીનું મોંહ જોવા તલપાપડ બની રહ્યો હતો પણ પરદો ઉઠાવવાનો તે વખત નહતો, અંતે લગ્નની ક્રીયા પુરી થઈ અને એસ્ઓર્ન દેશના રીવાજ મુજબ પોતે પેહલે ઘર આયો અને પાછલથી રંગરાગ સાથ મોટી જાન લઇ કન્યાને તેને ઘેર પોંહચાડવાની તૈયારી થઇ.

એસ્ઓર્ન પોતાને મકાન જઇ ઈરીનની રાહ જોતો બેઠો હતો તેવામાં પેલી ન્હાની સુંદર છોકરી હસ્ગત જેને તે અહમદનગરની લુટમાંથી બચાવી લાયો હતો અને જે હજુર તેની સાથેજ હતી તે એકાએક દોડી આવીને તેને વલગી પડી.

"તારી બાનુ મને મારીને હવે ઘરની બ્હાર હંકાલી મેલશે." હસ્ગત થોબડો ચહડાવી બોલી.

"કાંય, મારી બાનુ એમ કાંય કરશે ?" તે જવાને મનસે રમુજ લેતાં પુછ્યું.

"અદેખાઇને ખાતર." હુસ્મત પોતાની મીઠી આંખો તે જવાનના ચેહરા ગમ ઉંચકી બોલી. "તું એમ નહી ધારી શકતો સાહીબ કે પોતાના ઘરમાં એક બીજી બાનુને જોઇ તેણી અદેખી પંડશે ?"

"બીજી બાનુ! હસ્મત તું તો હજુર નાદાન બચ્ચું છે."

"પણ એક દહાડો હું મોટી થવસ કેની? અને ત્યારે તે મને કહાડી મુકશે."

"નહી, ફકર ના કર બેટા, પણ હવે તુ ચેડી થતી ના અને દોડધાગ કરી કાંઇ ઉંધું ના વાલતી."

"નહી તે માટે હું સાહુચેત રેહવશ પણ મારો નહી વાંકનો તે વાંક બતાવશે અને તમે મારૂં નહી માની તેનું માનસો, અરે પણ જુવો તમારી બાનુ આવી રેહીછ, જાન આવી સાહીબ જાન આવી." અને હસ્મતે ઓરડામાં આમ તેમ દોરવા માંડયું.

"ઓહો એવનનાં દાસીબાઇ તો પેહલાં ચાંદીની પાનદાન સાથ હાજર થતાં દેખું." હસ્મત એક દાસીને દાખલ થતાં જોઇ બોલી.

પોતાનાં સદાનાં એકાંત મકાનમાં ઓરતોનો મીઠો હલક સાંભલી એસ્મોર્ન ઘભરાઇ ગયો, પણ હીંમત રાખી તે પોતાની બાનુવાળા ઓરડામાં ગયો.

તેણી પોતાની દાસીઓના ઢગલા વચ્ચે સફેદ બુરખો ઓઢી ઉભી હતી, એસ્મોર્ન નજદીક ગયો પણ તેણી સાંત અને ચુપ ઉભી રહી, અંતે તે જવાને વધુવાર ખામોશ ન રેહતાં નજદીક જઇ પડદો ઉઠાવ્યો કે ઉગમન તરફની પંકાએલી ખુબસુરતી ધરાવતી કાલી બદામ રોકી આંખો સાથ તેની આંખ મલી. તેણીનો ચેહરો સામલો પણ અતીઘણો સોહામણો, ગોલાબની લાલાસવાલા ગાલ અને દુન્યા જીતે એવી મોહીની ધરાવનારી આંખો જોઇ એસ્મોર્ન હેરત થયો. તેને પોતાની વાહીઆત નજરે અને ખાલી ખ્યાલે પ્રીનની ખુબસુરતી મડમો જેવી સુફેદ અને બ્લુ આંખ કે સુનેરી બાલ સાથની

ધારી રાખી હતી પણ આ તો તેને તેથી તદન ઉલટુંજ જોયું તેણીનાં નાગન જેવા કાલા બાલો ઉપર મોતીના ઝુમખા અને હીરાના ચોકડાં હતાં, તેણીનાં ગળામાં મોતીના ત્રણ હાર હતા તેણીને આંગલે આંગલે વીંટીઓ પગમાં કડાં અને જયાં નજર ફેરવો ત્યાં ઝલકાટ અને ચલકાટ. એસ્ઓર્નેં એક મીનીટ સુધી ચુપકીદીમાં હેરત થઇ જોયાજ કીધું. તેણીએ ધીરેથી પોતાની કાલી ચસ્મો ઉઠાવી તે જવાનના ચેહરા તરફ ફેરવી કે બીજીજ પલે તેણીનાં લાંબા પાપણોએ આસ્તેથી ઉપર પોતાનો પરદો નાખ્યો. ફરી એકવાર તેજ પ્રમાણે આંખો ઉઠાવી દીલ જીતી લે એવાં મીઠાં હસવા સાથ તેણીએ મોહક સ્વરે પુછયું. " તમો સંતોષ પામ્યા ? "

બેસ્ક એસ્ઓર્નં સંતોષ પામ્યો હતો, આ સુંદરીમાં તેને જગજાહેર કલીઓની ખુબસુરતી બાગેની સીફારસ ઇંચે ઇંચ ખરી પડેલી જોઇ, અને દીલના ઉભરાઓ સાથ તેને તે સુંદરીનો નાજુક કર ઉઠાવીને પોતાને હોઠે દાબ્યો.

પ્રકરણ તેરમું.

ઇંગ્રેજ જનાનો !

આસ્તે આસ્તે એસ્ઓર્નને પેલી ઉગગનની હુરનો અનુભવ મલતો ગયો પેહલાં તો તેણી પોતાના ધણીની ઘણી બીહીક અને શરમ ધરતી પણ તે થોડોજ વખત, બસ તેણી આ પોતાની હાલતથી ઘણી ખુશાલ બની ગઈ હતી અને રોજીંદી ખુશખુશાલી ખાણાંપીણાં

અને નાચ રંગ તેણીએ ઉભા કર્યાં હતા. એશ્બોર્નને પહેલાં તો આવી જીંદગી ઘણી મોજ આપનારી લાગી પણ પછી તે જલદીજ આ રોજનાં ધીંગા મસ્તીથી ધરાઇ ગયો; પણ તેની બાયડીને મનસે દુન્યાંમાં મજાહ કરવા અને પૈસાનો ધુમારો કરવાજ જીવવાનું હતું. તેની આંખ વીંચીને નવા નવા મોઘા પોશાકો ખરીદતી, પરદા પાછલ બેસી તેણી કાપડયાઓ અને ગોલામો સાથ તરેહવાર તકરાર કરતી.

"નગરગલને કાંઇ શરમ નથી આવતી કે આ કીનખાબનું દશઘણું નુર માંગેછ" તેણી દાસીઓને ધમકાવતી "અને આંય કાંઇ તદન રેશ્મ નથી એતો સન છે. ચાલ લઇ જા એ પાછું." અને એશ્બોર્ન જોતો કે જે ચીજ પાછી ફરતી તેથી કાંઇ વધારેજ મોંઘી ચીજ પાછી આવતી. તેણી પોતાનો આખો દીવસ નહાવા ધોવા સુંદર કપડાં સજવા પાનચાવવા, બુલબુલ જેવા હલકે ગીત ગાવા કે દીલરૂબા વજાડવામાં કહાડતી અને એશ્બોર્ન તેણીની આઇયાસી હાલત ઉપર હેરત રેહતો.

એશ્બોર્ન તેણીને પોતાના ઇંગ્રેજ મીત્રો અને તેની બાયડીઓ સાથ મેલાપ કરાવતો, પહેલાંતો તેણી પોતાના ધણી સીવાય બીજા પારકા મર્દો આગલ આવવાંને લજવાતી પણ પછીથી તો તેને બીજી મડમોને પોતાને ત્યાં આવતી રડી તતરીને બંધ કીધી. પારકી સ્ત્રીઓ તેના ધણીની મુલાકાતે આવે એ શું સીતમ ! આ તેણીની ચાલથી એશ્બોર્ન ઘણો દુખી થતો, તેને તેણીનાંમાં ઇંગ્લીશ રીતભાત દાખલ કરવાને ઘણુંએ કર્યું પણ ફોકટ.

એશ્બોર્ન કોઇવાર તેણીને શાહના ઝનાનામાં મુલાકાતે જવા સમજાવતો પણ તેણી એકથી અનેક બ્હાણે તે વાત ઉડાવતી, તેમજ

શાહના ઝનાનામાંથી કોઇ તેણીની મુલાકાતે આવવાની ખાહેશ જણાવતું તો તેણી કોઇબી બ્હાંણે ન્હાસતી ફરતી, એસ્બોર્ન ઠાકેલો આરામ મેળવવા આવીને પોતાની બાયડી પાસ બેસતો તો તેણી તરેહ તરેહની શાહના ઝનાનાની નીંદા કરતી બેસતી, તેણી અકબર માટે તેની બાયડીઓ કે બેટાઓ માટે તરેહવાર જાણતી હતી. ૫કટ સલીમની વાત તેણી હમેશાં ઉડાવતી. એસ્બોર્ને એકવાર ફોસીપુરના પેલા મકાનમાંની અકબરની બેગમ માટે પુછયું, જેણીને તેને પરદાની પાછલ પોતાના બેટાની બીમારીની ઇંતેજારીમાં ઉભેલી જોઇ હતી.

"તેણી અકબરની સર્વેથી ન્હાની બેગમ છે."

"પણ બેગમ તો એકજ હોઇ શકે. લગનથી કાયદા પુર્વકતો એકજ બાયડી થઇ સ્કાય." એ એસ્બોર્નની તકરાર હતી.

"નહી એકવાર શાહે એક મોલવીને પુછયું કે કેટલી બાયડીઓ હકદાર દાખલ પરણી સ્કાય તે મોલવીએ જવાબ વાલ્યો કે 'ચાર' પણ અકબરે પુછયું" પણ હું તો ચારથી વધારે પરણયોછ તો શું બીજીઓ હકદાર નહીં કહેવાય?" આ સાંભલી પેલો મોલવી ગભરાયો એટલે તેને તુરત ફેરવી તોલ્યું કે કુરાનમાં લખ્યુંછ કે માનવી તું બે, ત્રણથી ચાર બાયડી પરણી સ્કે એટલે બે ત્રણ ચાર ગણતાં નવ થયાં, અને તે પ્રમાણે નવ બાયડીઓ હકદાર કુહી સ્કાય "અકબરને આ ખુલાસો મનમાનતો લાગ્યો પણ બીજા એક કાઝીએ એ વાતમાં સચ્ચાઇ સ્વીકારી નહી, અકબરે ઝનુતમાં આવી તેને પરહેઝ કરાવ્યો. હવે આલેક સાંભલ, હું તુંને પેલી સીરકેસીયન બાનુ માટે કહું. શાહને ઘોડાની ખરીદીનો ઘણો શોખ છે અને એને પો-

તાના નોકરો ઉપર ઈતબાર નહોવાથી જાતે ઘોડા ખરીદવા જાએછે. હવે કાસીપુર ખાતે એક મોટા આરબ વેપારીની વીધવા રહેતી હતી, તેણીના સાતસો રખશો વેચવાના હતા. શાહ તે રખસોની તારીફ સાંભલી જાતે ખરીદવા ગયો તેઓમાં એક અસલ આરબ જાનવર ઘણું સુંદરને તેજી હતું. અકબરને તે પસંદ આવ્યું અને તેની ખરીદી કરવા ચાહી. અલબત જ્યારેબી શાહ એક ઘોડાની ખરીદી માટે જતો ત્યારે તે છુપ્યા લેબાસમાં જતો, તેને લાંબી દહાડી બાંધી હતી એટલે કોઇ તેને ઓલખી શકતું નહી, પેલો આરબ ઘોડો ઘણો તુફાની હતો અને કોઇનાબી હાથમાં ઠરીને રહેતો નહી. એટલે અકબરે ઝટ તેની પીઠ ઉપર કુદાવી તેને પલમાં બોંકરાં મીસાલ કરી મુક્યો, હવે એક નોકર શાહ સનમુખ ઘોડાની કીમત આંકવા આવ્યો કે તેજ પલે મકાનના દરવાજા તરફથી એક વાજીંત્ર જેવો મીઠો હલક સંભલાયો.

"તે વેપારીને મારી હજુરમાં મોકલ હું એના સાથે બંદોબસ્ત કરીશ."

અકબર આ સાંભળતાંજ તુરત તે મકાન તરફ વળ્યો, ત્યાં બારીક બુરખા સાથે પેલી વીધવા બેઠી બેઠી પોતાના નોકરોને વરદી આપતી હતી.

"તમોને તમારા નોકરો ઉપર વીશ્વાસ હોય તેમ લાગતું નથી, તેમજ મને પણ મારા નોકરો ઉપર ભરૂષો નથી અને હું જાતે ખરીદવા અત્રે આવ્યોછ, બાનુ આ રખસની કીમત શું લેશો?" તેઓ વચ્ચે કીમત નક્કી થઇ અને શાહે તુરત પૈસા ગણી આપ્યા. તે લેવા પેલી બાનુએ હાથ લંબાવ્યો તે બરફ જેવો રૂપાલો જોઇ શાહ

બુરખાની અંદર પોતાની નજર ટાંકી તો તે પેલી વીધવાનું હોસ્નુ જોઈ હેરત રહ્યો. તેણી સીરકેસીયન જાતની હતા કે જે જાત ખુબસુરતી માટે ઘણી પંકાએલી હોયછ. અકબર ત્યારબાદ અવારનવાર ઘોડા ખરીદવાને બ્હાણે તેણીને ત્યાં આવતો ગયો અને એ પ્રમાણે તેઓ વચ્ચે પીછાણ થઇ. દીનપરદીન શાહ તેદીનથી તેણીની બાહોશી અને ખુબસુરતી ઉપર ફીદા બનતો ગયો અને એક રોજ તેને તેણીના હાથની માંગણી કીધી તે સરકેસીયન સુંદરી અકબરને કોઈ અફગાન અમીર ધારતી હતી અને તેથી તેણીએ તેનો હાથ મંન્જુર રાખ્યો પણ જ્યારે અકબરે તેના આગલ પોતાની ખરી ઓલખ આપી ત્યારે ખુશી થવાને બદલ તેણી ઘણી રંજીદા થઇ, તેણીએ સાફ કહ્યું કે તેણી કદી'ની બાદશાહી ઝનાનાનાં સોનેરી પીંજરાંમાં બીજી બેગમોના અંતસ વચ્ચે આવી રહેશે નહી. શાહે ગમે એટલું સમજાવ્યું પણ વ્યર્થ. અંતે અકબરે તેણી સાથ નેકાહ કરી તેને ફોસીપુરનાં મકાનમાં જુદી રાખી. તેણીને બે ફરજંદ થયાંછ અને અકબરના બીજા બેટાઓ એના ન્હાના છોકરા ખાલીલની ઘણી અદેખાઇ કરેછ કારણ તે પોતાના પીદરને સૌથી વ્હાલો છે."

એરઓર્ન આ કહાંણી સાંભલી હેરત થયો પણ ઇરીન પાન ચાવવા ઉઠી કે તે જવાન કંટાલીને તેની બાજુમાંથી ઉઠી ગયો.

પહેલાં તો ઇરીનના બાઇઓ લાંબી મુદતે તેણીની મુલાકાતે આવતા પણ પછીથી કોનસ્ટેનટાઇને રોજનો પહાંગો માંડયો. આં મતલા જ્યારેણી આવીને જતો ત્યારે ઇરીન પોતાના ધણીને વાહી પટાવી પૈસા કહડાવતી, એરઓર્ન સારી રવેષ સમજતો કે તે તેના હકદાર પૈસા પેલા વીટીપરનાં નંગ કોનસ્ટેનટાઇનનાં ગજવામાં જતા પણ

શેતાન ડાહબો કરવા તે ચુપજ રહેતો.

આ બધો વખત હકીમઅલી તે ગોરા જવાનની મુલાકાતે ચાલુ આવતો હતો. તે હમેશાં વાત દરમ્યાન પુછતો કે તેને પોતાની બાયડીનું પુરેપુરૂં સુખ હતું કે, અને એસ્બોર્ન હાનું ડોકયું કરતો.

"દોસ્ત હાલમાં શાહે મારે માથે સૌથી મુશ્કેલ કામ નાંખ્યુંછ સલીમની ચાલથી અકબરે બહુજ નારાજ થઇ જઇ તેને ફત્તેહપુર સીકરી તરફ પરહેજ કરાવ્યો હતો પણ ત્યાંથી મુક્ત કરી તેને મારે હસ્તક સોંપ્યોછ. શાહે મને સાફ ફરમાવ્યુંછ કે સલીમને એક શરાબનું ટીપું લેવા દેવું નહી, પણ તે છોકરો શાહઝાદો કાંઇ કોઇનું માને તેવો નથી. વળી હું તેના ઉપર કોઇબી રીતનું દબાણ કરી શકતો નથી. કારણ ચાલતે દહાડે તે રાજગાદીએ આવશે એટલે એનેતો ટાઢો મીઠો રાખેલોજ સારો, ખરેખર મારી હાલત સુડી વચ્ચે સુપારી સમાન છે.

પ્રકરણ ચૌદમું.

પાછી લડાઇ-કાવત્રું-અબુલફઝલ અને બીરસીંગ.

મહીનાઓ પસાર થઇ ગયા. એક દીવસ એસ્બોર્નને શાહ તરફથી પેગામ મળ્યો કે દખણમાં લડાઇ માટે ગએલા અબુલફઝલને તે ગોરા જવાનની મદદની અગત્ય હતી એટલે તેને વગર થોભતે તુરત નીકલી પડવું.

ઇરીને આ પેગામ સાંભલી નાકનું ટીચકું ચઢાવ્યું. "લેવો, તમે મારેથી આટલા વારમાં કંટાળ્યા કે ?" તેણીએ થોબડો ચ-

હડાની પુછયું.

"અલબત નહી, પ્રરીન, પણ મારેથી કાંઇ શાહના હુકમનો અનાદર કરાય ? એતો ઓરબી મને મોહું માન મલેલું ગણાય."

"એ બધા ઢોંગ છે, તમે એકલા પડવાને ખુશી દેખાવોછ, વારૂ જીત પછીની લુટ ખુબ રવેશ લાવજો, અને જુવો તે તરફના હીરાઓ ઘણા વખણાયછ, મારે માટે બે બીલ્યાણુની સેર લેતા આવજો."

ગરીબ બાપડો એસ્ઓનં મોહત જીવત વચ્ચેની લડાઇમાં જતો હતો ત્યારે તેના હેતનો કટકો બાયડી હીરા મોતી મંગાવતી, તે જવાને દુખનો એક નીશાશો ખેંચ્યો.

"લશ્કરનો ઉપરી કોણ છે ? શાહાઝાદો ડાનીયલ કે ?" તેણીએ પુછયું.

"નહી ડાન્યલે તો ધુમ શરાબ પીવા માંડયોછ એટલે એના પીદરને હવે એના ઉપર વિષવાસ નથી. લશ્કરની સરદારી અબુલ ફૂઝલને હાથ છે, અને એનો બ્હાદર બેટો અબદુલ રહેમાન પોતાના પીદરને મદદ આપેછ."

"ઠીક ત્યારે સલામ, મારે માટે ઉંટપર લાધીને પુષ્કળ લુટ મોકલાવી દેજો ને જુવો પેલા સુંદર બીલ્યાણુ લાવવાને ચુકતા ના."

એસ્ઓને ઝડપથી મકાંન છોડયું, તેને પોતા સાથ થોડાક ગોરા સીપાહોને લીધા અને અબુલફૂઝલ સાથ જોડાવા તેને આગ્રા છોડયું. રાહ દરમ્યાન રાતે તે એક કારવાનસરામાં ઉતર્યો. રાતે અચબુચ આંખ ઉઘડી જવાથી તે ઉઠીને જોએછ તો તેનાં ઓરડામાં બ્હારથી રોશણી આવતી હતી. બામદાદ સ્હેર થએલી સબાજી તેને તુરત પોતાનાં આદમીઓને ઉઠાડયાં અને તૈયાર થઇ તેઓ મુશાફરીએ ની-

કહ્યાં. પણ થોડા વખતમાં પેલી આકાશી રોશ્ણી ગુમ થઇ ગઇ, અને એસ્બોર્ને જોયું તેમ તે કુદરતથી ઠગાયો હતો, હજુર તો મ-ખરાત હતી પણ હવે એકવાર મુશાફરીએ નીકળ્યા બાદ તેઓએ પાછું ફરવા ગમ્યું નહી અને તેઓ આગલ વધ્યા. બપોર પડતાં તેઓ એક ઠેકાણે ઠાક ખાવા થોભ્યા ત્યાં ખબર મલી કે જે કારવા-નસરામાં તેઓ ઉતર્યાં હતા ત્યાંથી તેઓના નીકલી જવા પછીથી તુરતજ ધાર પડી હતી પણ ગોરાઓની ટુકડીને નીકલી ગએલી જોઇ તેઓ બીજાના જાન માલને સહેજબી હરકત કર્યા વગર ચાલી ગયા. એસ્બોર્ને આ સાંભલીને હેરત રહ્યો તેના જાન ઉપર આ પ્ર-માણે તલબ કરનાર કોણ હશે ? હાલ તરત પોતે કશાં અનુમાન ઉપર આવી સ્કયો નહી.

એક પખવાડયાં બાદ એસ્બોર્ન પોતાના માણસો સાથ અબુ-લફઝલની છાવણીએ જઇ પોંહચ્યો. તે આકેલ મર્દ આપણા ગોરા જવાનને જોઇ બેહદ ખુશી થયો. અબુલફઝલ સાથ એસ્બોર્નના આ-ગલા થોડાક ગોરા લશ્કરીઓ પણ હતા તેઓ પણ આ પોતાના સરદારને જોઇ અત્યંત ખુશાલીમાં ગરકાવ બની ગયા.

અબુલફઝલે ખુલાશો કીધો કે શાહઝાદો સલીગ તેનો કટ્ટો મુદઇ બન્યો હતો, તે કોઇબી રીતે અબુલનું કાટલું કહાડવાને તતપર હતો અને તેનાં કાવત્રાંથી તે દાનાવ મર્દને ઘણો ચેતેલો રેહેવું પડતું. "શાહ બીચારો પોતાનાં ફરજંદોના બાબમાં ઘણો કમનશીબ છે. તેનો ચાહ શાહઝાદા મુરાદ ઉપર ઘણો હતો પણ તે બીચારો જવાનીમાંજ ગુજર પામ્યો. ડાનીલ તો પુષ્કળ શરાબી છે, જ્યારે સલીમ ખરેખરો નાફરમાન અને એક બેટો નહી પણ મુદદઇ બરાબર છે." અબુલે કહ્યું.

બીજી બાગદાદે અકબર તરફથી અબુલ ફઝલને પેગામ મલ્યો કે તેને અચબુચ પોતાના આ કાબેલ સલાહકારનું કામ પડયું છે માટે બધું પડતુ મેલી તેને તુરત આવવું. આ વાંચતાંજ તેઓ બન્ને ભારે વીચારમાં પડયા તે ગોરા જવાનને તેમાં કાંઇ કાવત્રું જણાયું પણ અબુલે તેમ માનવા નાં પાડી અને શાહના હુકમનો અનાદર ન થાય કરીને લશ્કરની સરદારી પોતાના બેટા અબદુલ રેહમાનને સોંપી તે આગ્રા જવા નીકલ્યો, એસ્ઓર્ન કેટલેક છેટે તેની સાથેજ ગયો રાહદરમ્યાન તેઓને જાસુસ તરફથી ખબર મલી કે બીડલખંડનો ર-જપુત રાણો બીરસીંગ પોતાનાં લશ્કર સાથ અર્ધરસ્તે છુપાયો હતો અને અફવા એવી ઉડી હતી કે આ બીરસીંગને શાહાઝાદા સલીમે ખાસ અબુલ ફઝલનું કાટલું કાહડવા રોકયો હતો. આ સાંભલી એ-સ્ઓર્ને અબુલને ઘણો વારીયો પણ તેને મક્કમતાથી આગલ વધ-વાજ માંડયું.

"વહાલા ફીરંગી તુંને દુશ્મનોની દેહરત હોય તો તું પાછો ફર, પણ મારે તેમ કરવું નથી."

"ઠીક ત્યારે હુ પણ તમો સાથેજ આવીશ." એસ્ઓર્ને જ-વાબ દીધો.

બાગદાદ થતાંજ તેઓ બીડલખંડની સરહદે આવી પુગ્યા. તે-ઓ ચોપાસ નજર ફેરવી સાહુચેતીથી આગલ વધતા હતા તેવામાં આજુબાજુની ગીચ્ચ ઝાડીઓમાંથી વરષાદનાં ધોધ પ્રમાણે બે અ-પ્યાર ગોળીઓ છુટવા લાગી અબુલફઝલનું લશ્કર યાહોમ માર્યું ગયું, હવે બચવાનો કે નહાસવાનો કશો રસતો હતો નહી, ચોતરફ-થી રજપુતોએ જગ્યો ઘેરી લીધો હતો અબુલ જ્યાંબી ઘોડાનું મોંઢ

ફેરવતો ત્યાં ગોળીઓ છુટતી. એકાએક ધસારાબંધ દુષ્મનોએ ઝાડીમાંથી નીકલી આવી તેઓને ઘેરી લીધા, અબુલફઝલ જીવ ઉપર આવી લડયો તેની મરદાનગી જોઇ જવાન એસ્ઓર્ન વંટીક હેરત રહ્યો. તે અબુલને બચાવવા તેની પુઠે પુઠ હતો, જ્યારે પોતાના ગોરા સરદારને બચાવવા બીજા ગોરા સીપાહો તેની બાજુમાંજ હતા. અંતે એક લડ હીંદુએ બ્હાદર અબુલ ફઝલને પીઠેથી ઉંડો ઘા કીધો કે તે દુન્યા વર્ણુનો કવી તમ્મર ખાઇ લોહીમાં લોટતો હેઠે પડયો. એસ્ઓર્ને ઝટ તલવાર ઉગામી પેલા હીંદુની છાતીમાં ચલાવી દીધી કે તેજ પલે પાછલથી તેના મસતક ઉપર ઘુમરી ચહડી આવે એવો જરબ પડયો અને જવાન એસ્ઓર્ન તદન સુદ્ધ ખોઇ લોહીના ખાબોચ્યાગાં પટકાઇ પડયો.

પ્રકરણ પંદરમું.

ગોસાંઇ બાવા. બુત્તીસ્ત ગુફા. મદદ.

એસ્ઓર્ન લાંબી મુદતે સુદ્ધીમાં આવ્યો જયારે તેને આંખો ખોલી ત્યારે ચોપાસ અંધારૂં ફેલાયલું હતું અને આકાશ ઉપર તારા ઝલકતા હતા. તેનાં મોહડાંને કાંઇ અડકવાથી તેને હાથ ઉઠાવી જોયું તો કોહલાનું મોહડું તેનાં હાથને લાગ્યું. કમકમાટથી ધુજી તેને આંખો બંધ કરી નાખી. રે ખોદા, તે મૂવેલાંઓનાં ઢગલા વચ્ચે પડયો હતો જ્યાં ગીધ અને કોહલાં શેકાર કરવા ઉતરી પડયાં હતાં. એકાએક તેને લાગ્યું કે કોઇનો વાત કરતો સાહદ અને પગલાંનો

અવાજ આવતો હતો, અને ખરેખર તેમજ હતું, હાથમાં બલતો મશાલ સાથે કોઇ દુરથી આવતું હતું, એશ્ઓર્નેં આંખ મીચી વિચાર કીધો કે તેઓ દોસ્તો હશે કે દુશ્મનો. બત્તીના ઉજાસે તે જવાને જોયું તેમ આવનારાઓ હીંદુ હતા. આહા, શું ત્યારે દુશ્મનો તેને આખર પોંહતો કરવા ત્યાં આવ્યા હતા ? કદાચ કોઇ તેઓનાં માણસની સોધમાં તેઓ હોય. એશ્ઓર્નની ભારે અજાયબી વચ્ચે તે ટોળું તેની નજદીક આવ્યું અને તેઓમાંના એકે આંગલી ટાંકી તે ગોરા જવાનને બચાવતાં પોતાના સાથીઓને ફરમાવ્યું. " એજ પેલો જવાન, ચાલો એને ઝોળીમાં મૂકો."

"મને કયાં લઇ જાઓછ ?" તે જખમી જવાને પુછયું.

"તમુને બચાવવા." એકે જવાબ દીધો.

આં સાંભળી એશ્ઓર્નનાં જીગરમાં આશા ઠપકવા લાગી. પેલા હીંદુઓએ તેને ઉઠાવી ઝોળીમાં નાખ્યો અને ઉતાવલે રસતો કાપવા માંડયો, કોઈ તેને ઠગાવતું તો નહી હોય ? આ દુશ્મનોને શું પરી કે તેઓ તેને બચાવે અંતે તેને થોડુંક પાણી પીવા માગ્યું એક હીંદુએ પોતા પાસનો લોટો કહાડી એશ્ઓર્નને અડકયા વગર ઉપરથી અધર પાણી તેનાં ગળામાં રેડયું અને ફરી તેઓએ આગલ ચલાવ્યું. થોડોક ઉતરાણનો રસતો કાપ્યાબાદ પેલી ટોળી એક હીંદુ મંદીર પાસ આવી ઉભી ત્યાં ઉગેલાં એક પીપલનાં ઝાડ હેઠળ આસરે સો વર્ષનો વૃદ્ધ ગોસાંઈ બાવા બેઠો હતો તેને પેલા હીંદુઓએં જમીન સુધી વાંકા વળી નમસ્કાર કર્યા. તે ગોસાંઇના ચેહરા અને આંગ ઉપર ભભુત જોઇ એશ્ઓર્ન હેરત રહ્યો. વળી તેનું અરધું ખુલ્લું બદન, માથાના બાલની ભારી જટા, અને હાડપીંજર જેવું શરીર જોઇ

તે ગોરા જવાનને ઘણી અજાએબી લાગી, તેનાં મોંહમાં ફક્ત એકજ રહેલો દાંત તેને અસલ દાંતો હતા તેની ગુવાહી પુરતો. તેની આંખો સ્થીર અને હવાઇ જેવી હતી. આ બાવા લગભગ સદી પસાર કરી ચુકેલા હતા અને તેઓ હીંદુઓમાં ઘણુંજ માન મેળવતા. તેની બાજુમાં તેના ચેલા જેવો એક બીજો બ્રાહ્મણ ઉભો હતો જે જવાન રૂપાળો પંડિત જેવો ભણેલો ને મીઠા સ્વભાવનો હતો. તેઓએ એસ્બોર્નને એક ચારપાઇ ઉપર સુવાડયો અને પડોસમાં આવેલાં એક ભાગા ઘરમાં લઇ જઇ મેલ્યો. અલબત તેને કાંઇ ગંદીરમાં દાખલ કરાય ? એસ્બોર્ન ભારે વીચારમાં પડયો, એઓ દોસ્ત હતા કે દુશ્મન ? તેને શા સારૂ ત્યાં લાવ્યા હતા, એ ખોદાવંદતાલા તેઓ પેલી પથરની મુર્તીને આ ગોરાનો ભોગ તો નહી આપે ? અને એસ્બોર્ન આવા વાહીયાત ભયભીત ખ્યાલથી નીશોશ બની ગયો.

થોડેવારે પેલો બ્રાહ્મણ ચેલો એક લોટામાં બકરીનું દુધ લઇ આવ્યો તેને પુછતાં જણાયું કે તેને લાવનારા આદમીઓ ચાલી ગયા હતા અને તે હવે પેલા વૃદ્ધ બાવા અને આ ચેલાની સંભાળમાં એકલો હતો. સાંહજ પડતાં પેલો બાવો પોતાના લટડતે પગલે કાંઇ છાલાપાલાની ધુંટી લઇ આવ્યો, અને એસ્બોર્નના જખમો ઉપર તેનો લેપ મારી પાટા બાંધ્યા, આથી તેને એટલો કરાર લાગ્યો કે લાંબી મુદતે તે મીઠી ઉંઘમાં પડયો. ઉંઘમાંથી ઉઠતાં તેને પેલા બ્રાહ્મણ ચેલાને દુધ પુરી અને ફળ લઇ તેની પલંગરી પાસ બેઠેલો જોયો. જમ્યાબાદ એસ્બોર્ને તેને પુછયું.

"મને બચાવનારા કોણ હતા અને એ પ્રમાણે મને મદદ કરવાની તેઓની મકસદ શું ?"

"હા, તારે તે જાણવું જોઈએ. એમ કેહવાયછ કે અહમદનગરની લડાઇ વખતે તેં બીરસીંગની બેહનને અફગાન લુટારૂઓનાં હાથમાંથી બચાવી હતી એટલે જ્યારે શાહઝાદા સલીમના હુકમથી બીરસીંગે અબુલફઝલ અને તારો રસતો ઘેરીગો ત્યારે બીરસીંગની બેહને તુંને બચાવવા માટે કાકલુદી કીધી અને તેથી બીરસીંગનાં માણુસો તુંને લડાઇના મેદાનમાંથી બચાવી લાયા. તે માણુસો તો ચાલી ગયાછ અને હમને કેહતા ગયાછ કે તમારા જખમો સાહજા થયા પછીથી તમને જતા મેલવા." આ સાંભલી એસ્મોર્ને છુટકારાનો દમ ખેંચ્યો.

"અને અબુલ ફઝલનું શું થયું?" તેને પુછ્યું.

"તે માર્યો ગયોછ." તે બ્રાહ્મણે જવાબ દીધો.

એસ્મોર્ને આ સાંભળતાંજ ગમની હાય મારી.

રહેતે રહેતે તે જવાન સાહજો થતો ગયો, સહેજ સાજ ઉઠી બેસવાની તે તજવીજ કરવા લાગ્યો. એક દીવસ પેલા બ્રાહ્મણ ચેલાએ તેને બીજા એક સુખદાયક ગુફામાં લઇ જવા માંગ્યો, "શીરંગી, અહીં ઘણી નજદીકમાં હમારૂં મંદીર છે ત્યાં લોકો પુંજા માટે આવેછ તેઓની નજર જો તાહરી ઉપર પડશે તો તુંને જીવતો રાખશે નહી, માટે અહીંથી કેટલેક છેટે એક સગવડ ભર્યો કોતર છે ત્યાં જઇ રહેવામાં વધારે સલામતી છે." એમ કહી તે થોડાંક આદમીઓને લઇ આવ્યો જેઓ એસ્મોર્નને ઉઠાવી પેલા કેહેવાતા કોતર તરફ લઇ ગયા. તે ગોરો જવાન એટલો તો નબલો બની ગયો હતો, કે આ સહેજ મુસાફરીથી તેને તમ્મર આવી ગયા. તે કોતર અતીશય મોટું અને પોખાલ હતું. ત્યાં પથરની મુર્તીઓ કોરેલી અને ઠા-

રે ઠારે દેવો બેસાડેલા. કોહનાં મોહડાં તરફથી સુર્યની રોશણી આવતી હતી તેજ, બાકી ત્યાં અંધકાર જેવું હતું. એક મોહટા પથર ઉપર તેનુ બીછાણું પાંથરી તેઓએ તે ગોરા જવાનને સુવાડયો અને ચાલતા થયા પણુ પેલો બ્રાહ્મણુ ચેલો તેની બાજુમાં બેસી રહ્યો.

" તમે આ ગોસાંઇની સેવામાં કેટલો વખત થયા છો ? મને તમારે લગતું જાણુવા ગમશે. " એસઓર્ને કહ્યું. મારી કહાંણી, ઘણી દુખી છે. તે બ્રાહ્મણે કહ્યું. સાંભલ જવાન મારૂં નામ આનંનદા છે. મારો બાપ હીંદુરાજાના લશ્કરમાં સીપાહ હતો, તે લડાઇમાં માર્યો ગયો તે વેળા હું પાંચ વર્ષનો હતો. ઘરબાર વનાનો થઇ પડવાથી હું જંગલમાં રખડતો આ ગોસાઇ બાવાના મંદીરમાં આવી ચહડયો અને એને મને માયાથી રાખ્યો. થોડો વખ્ત જવા બાદ એક હીંદુ રાણો હમારાં મંદીરમાં પુંજા માટે આવ્યો. તેને જોતાંજ મને પોતાના મુલકમાં લઇ જવા માંગ્યો, અને બાવાએ મને જવા દીધો. તે રાણાએ મને ચહડતી કેળવણી આપી પોતાને ત્યાં ખજાનચીનો જોખમદાર ઓહ્દો આપ્યો. થોડાંક વર્ષ મેં રાજની નોકરીમાં કહાડયાં, તેટલા વખતમાં મેં મારી બાહોશી અને પ્રમાણીકપણાંથી ઘણાં દુષ્મનો ઉભા કીધા કે જેઓ મારૂં કાટલું કહાડવા તૈયાર થયા હતા; ઇશ્વર જાણે કે તેઓમાંનાં કોણે અંતે દગો રમી ખજાનામાં ખાડો પાડયો અને તેનું આળ મારે શીર આવ્યું. રાણાને તરેહવાર જુઠી સાચી કહી તેઓએ મને બેહુરમત કીધો એટલે કંટાલી હું રાજની નોકરી છોડી એક પૈમી લેવા વના પાછો એકવાર બાવાનાં મંદીરમાં ચાલી આવ્યો, અને અહીં મને આવવાને બે વર્ષ થવા આવ્યાંછ. જોકે તે હીંદુ રાણાએ ત્યાર બાદ મારી

માફી માંગી મને પાછો બોલાવવાને ઘણુંએ કીધું પણ હું ગયો નહીં. આ રીતે મારી જવાન જીંદગી ગેરઇનસાફી ખમતી જીવે છે, પણ સારો દીવસ મ્હાદેવનું નામ પુંજવાથી મારા દીલને રાહત વળેછ," એટલું કહી તે ઉઠીને ત્યાં કોરેલી એક બુધ્ધદેવની મુર્તીને પાગે લાગ્યો.

જ્યાં સુધી સુર્ય તપયા કર્યો ત્યાં સુધી તે ગોરો જવાન ગુફામાં પડી રહ્યો, પણ ચાંદરણું થતાંજ તે ઘસરાતો ફસરાતો કોતરનાં મોંહ ઉપર આવી બેઠો જ્યારે તે પોતાનાં બીછાણાંપર પાછો આવ્યો, ત્યારે રાતના તે એકાંત સમે પોતાને એક ઘમઘોર ગુફાગાં એકલો પડેલો જોઇ તે ફીકરથી મંદ બની ગયો, સુરત હાલતે તે પોતાના આગલી પાછલીનો ખ્યાલ કરવા લાગ્યો. તેનું લંડનનું મકાન, તેનું હીંદુસ્તાન આવવું, લશ્કરમાં જોડાવું, મોગલ બ્હાદશાહ અકબર તરફથી મેલવેલું માન અને છેલ્લાં એક બલતીજ બાનુ સાથનાં તેના જંગલી ઢપના લગન એ બધા વીચારો એક પછી એક તેનાં મગજમાં ઘુગવા લાગ્યા. "હું મારી બાનુને પાછો મલશ કે ? તેણી મને લડાઇમાં માર્યો ગએલો સમજી દલગીર થઇ હશે કે બીજા નવા ઝરઝવેરાત નહી મલવા માટે નાસીપાસ થઇ હશે ! અને મારી ગરીબ હુશમત, તે બચ્ચાં ઉપર સીતમતો નહી પડતો હોય. બસ હવે બે ત્રણ દહાડામાં હુ ટટાર થવશ કે તુરત આગ્રા તરફ નીકળી જવસ."

આવા વીચારોમાં તે અંધકારમાં પડયો હતો તેટલાં કોતરનાં મોંહ ઉપર થોડો ઉજાસ જણાયો અને એસઓર્ને જોયું તેમ પેલો બ્રાહ્મણ પાછો આવ્યો હતો, તેઓ બંન્ને ત્યાંની સાંતીમાં વાતે બેઠા તે ગોરા જવાને અચરતી બતાવી કે તે બ્હામણ આવો ભણેલો હોવા છતાં જીન વનાંની પથરની મુર્તીને પુંજવામાં કાંએ વખંત કહાડતો

હશે જે સાંભલી પેલા પંડીતે કહ્યું. "ઇશ્વરને હરકોઇ રીતે ભજી શકાય, ગમે તો જીગરમાં સ્મર્ણ કરો કે આતશ, સુર્ય, પાણી યા મુર્તી મારફત ભજો તે સર્વે સરખુંજ છે."

હવે એસ્ઓર્નેં વાત ફેરવી પોતાની હાલત માટે પુછ્યું.

"જવાન તારે હવે જરાબી ફકર કરવા જેવું નથી, તારા ધાહો તદન રૂંજુવાપર આયાછે."

"હું કયે અભાગ્યે ચોઘડયે હીંદુસ્તાન આવવા નીકળ્યો હોઇશ કે મેં સાંતીથી વખત તો કહાડયોજ નથી." તે બબડયો.

"એનું કારણ છે," પેલા બ્રાહ્મણે કહ્યું, "તારી આગલી હાલતમાં તું હીંદુસ્તાનનો વતની હોવો જોઇએ અને તે વાર તેં જે કીધું હશે તેનો આ નતીજો મલેછ."

"એ તમે કેમ જાણ્યું ?" એસ્ઓર્નેં હેરત થઇ જઇ પુછ્યું.

"હીંદુસ્તાનની તમારી મુસાફરીમાં તમોને નવો જગ્યો જોતાં એમ નથી લાગતું કે તે તમે આગલ કેઠે જોયો હોય ? શું કોઇબી એવે જગ્યે તમે ગયા નથી કે જે તદન નવો હોત્રા છતાં તમને તે કોઇ રીતની યાદ આપતો હોય ?"

"હા, કોઇવાર એમ મને લાગ્યુંછ," તે જખમી જવાને કાંઇક ધબરાટથી કબુલ્યું. "પણ આપણે આગલા ભવમાં જે જગ્યામાં રહ્યાં હોઇએ તે હાલ આપણને યાદ કેમ નથી રેહતું ?"

"હું ધારૂંછ કે આપણને ઘણી ચીજો યાદ હોએછ પરંતુ આ નવી જીંદગીની નવી નવી રાહ રસમથી તે આગલું આપણના મગજમાંથી ખસી જાએછ. એમ શા માટે બનેછ કે એક માણસ એક ચીજ ઘણી સેહલાઇથી કરી શકે તે બીજો કરી શકતો નથી ? એ

તેના આગલા જનમનો અનુભવ છે. તમે જોતા નથી કે જાનવરનાં બચ્ચાં જન્મવા સમેતજ પોતાની સંભાલ લઇ શકેછ અને તે તેઓ પોતાના આગલા અનુભવની યાદદાસ્ત વગર કેમ કરી શકે ? વળી જ્યારે તમુને અહીં લાવવામાં આવ્યા ત્યારે હુ જાણતો હતો કે તમે મને મદદ કરવા આવ્યાછ." તે બ્રાહ્મણના આ બોલવા ઉપર તેની અજાએબી વધતીજ ગઇ.

'હું તમુને કયાં મદદ કરૂંછ, ઉલટા તમો મને મદદ કરોછ," એશબોર્ન બોલ્યો. "નહી, આજે હું કરૂંછ તેતો તમારી હવે પછીથી મને થનારી મદદ આગલ કુચ બીસાદ નથી ખોદાએ તમોને રાજા જેટલી સત્તા આપીછ અને મને તમારો વઝીર થવા ગમસે."

"ઠીક, પણ કદાચ મને રાજપદ આવતે જગાને ગસે," તે ગોરો જવાન હસ્યો, મારાં બોલવાની મશ્કેરી ના કર ઓ ફીરંગી જવાન હુ તારૂં બખ્ત ખુલ્લું વાંચી શકુંછ, તુ રાજા જેવી સત્તા વાપરવાને જન્મ્યોછ." અહીં તે બ્રાહ્મણ એક બુધની મુર્તી તરફ ફર્યો. "જો જો મારા બોલવાના ટેકામાં બુધદેવની મુર્તી હાનું ડોકયું કરેછ, જો જો, મ્હાદેવ મ્હાદેવ !" એમ બબડતો તે બ્રાહ્મણ અંધારામાંથી બ્હાર નીકળી ગયો અને ગરીબ જખમી એશબોર્ન તે અંધકારભર્યા ગુફામાં એકલો પડયો. એક ડોકયું હલાવતી બુધની મુર્તી તેની સાથ અંધારામાં હતી તેના ખ્યાલે તેને જબરી ફાલ પડી અને દાંત્યાં બીડી તે ચુપ પડી રહ્યો. કલાકબાદ તેની આંખ સેહજ લાગી હતી તેટલાં તેને કોઇએ ધીમેથી ઢંઢોલ્યો, તે ઝબકીને ઉઠી જોએછ તો મેલોજ બ્રાહ્મણ ત્યાં ફરી આવીને ઉભેલો.

" ઉઠ, ઉઠ, ફીરંગી જવાન મને પકકે પાયે ખબર મલીછ કે

દુશ્મનોએ આ આપણું રહેઠાણ જાણી લીધુંછે અને તેઓ તારી પકડમાં છે, ન્હાસ જીવ લઇને ન્હાસ."

"પણ હું કહાં જાંઉ, ? કેમ જાંઉ ? મારામાં ઉઠી બેસવાની શકતી નથી તો."—

"જીવપર જેહમત કરીનેબી ન્હાસવું તો પડશેજ, જવાન, બીરસીંગની બેહન તરફથી તારે માટે એક ભોમ્યો એક સુજાંની ઠેલી અને ઘોડો લાવ્યોછે તેપર સ્વાર થઈ નીકલી જા, ફકર ના કર, પેલો ભોમ્યો તુને રસતો બતાવશે." અને આમદાએ તેના હાથમાં એક ભારી ઠેલી મૂકી.

એસ્મોર્ને ડોળા ખાતો ઉઠયો. આમદા તેને કોતરની બ્હાર ઉઠાવી લઇ ગયો. ત્યાં બ્હાર તેને એક ઘોડાને ઉભેલો જોયો. બરી જેહમત કરી તે જખમી જવાન આમદાની મદદે ઘોડા ઉપર બેઠો કે પેલા ભોમ્યાએ આગલ ચલાવ્યું.

"તું મને ક્યાં લઇ જાએછ ?" તેને પુછી જોયું.

"બીડળ ખંડ શહેરની બ્હાર!" પેલા ભોમ્યાએ ટુંક જવાબ કર્યો.

એસ્મોર્નનો ઘોડો ખચ્ચરના અવતારનો સુસ્ત પગ અને મુરદાલ ઢપનો હતો; તેની પીઠ ઉપર બેસતાં તે દીવસો સુધીના માદા જવાનને ચીત્રી ચહડી આવી, તે દાકથા નીસોસ બની ગયો અને તેના હાથો ઢીલા થઇ પડ્યા. તેને લાગ્યું કે હવે ઘોડા ઉપરથી છુટી પડવું પણું જીવ ઉપર જગારી કરી દાંતાં ભીડી તે જવાને હીંમત રાખી. અંતે બામદાદનું ઝઝકલું પડવા માંડયું, પણ તેના ભોમ્યાની ચાલ થોભી નહી., એસ્બોર્ને હાકયો, મરતે તોલ હાકયો અને તે પોતાના ભોમ્યા પાસથી મદદ માંગવાનો પુકાર ઉઠાવે તે આગમજ

તમ્મર ખાઇ ઘોડાની પીઠ ઉપરથી નીચે ઘાંસમાં તુટી પડયો, તેજ પલે તેને સાંમી બાજુએથી થોડાક ઘોડેસ્વારોને દોડમાર આવતા જોયા. તેઓ દોસ્ત હોવે કે દુષ્મન પણ એસ્બોર્ન ન્હાસવા જેટલો શકતીમાન નહતો, તે લાઇલાજ પડી રહ્યો અને પેલું ઘોડેસ્વાર લશ્કર જોશબંધ તેના તરફ આવ્યું.

એસ્બોર્ને જોયું તેમ તેઓ દોસ્તો હતા. શાહ અકબરે આ નવી ફોજ બીડળખંડ ઉપર હુમલો કરવા મોકલી હતી અને તેઓમાંના થોડા ઘોડેસ્વારો પોતાના વડા રાજસીંગ સાથ હમણાં એસ્બોર્નને મલ્યા. આ રાજસીંગને તે ગોરા જવાન સાથ પીછાણ હતી એટલે તેને તુરત તે જખમી સખ્સને બનતી મદદ કીધી. એસ્બોર્ને તેનેજ મોંહડે સાંભલ્યું કે અબુલફઝલનાં મરણની ખબર સાંભલી અકબર પોતાના બેટાના મરણ વખતે જેટલો ગમગીન બન્યો હતો તેટલોજ ગમખાર બની ગયો અને તેને તત્કાલ રાજસીંગની સત્તા હેઠળ આ મોટી ફોજ બીરસીંગને પરહેજ કરવા માટે મોકલી આપી હતી.

હવે એસ્બોર્નની કહાંણી સાંભલી પેલો રાજસીંગ ઘણો હેરત થયો અને તેને બનતી ઉતાવલે તે જવાનને આગ્રા તરફ પાછા ફરવાની સલ્લાહ આપી, પણ નીશોસ બનેલો તે જવાન તાતકાલીક મુસાફરી માટે જરાબી સામર્થવાન નહતો એટલે લશ્કરીઓએ તેને માટે ત્યાં એક તંબુ થોકયો જેમાં આખી રાત તેને આરામ લીધો. બીજી સવારે તે ઉઠીને જુવેછ તો પેલા લશ્કરીઓ ચાલી ગયા હતા, એટલે તે ત્યાંની એક કારવાનસરામાં ગયો, ત્યાં થોડા દીવસમાં ટટાર બની હવે તે આગ્રા જવા ઉપડયો.

પ્રકરણ સોલમું.

પાછો મકાનમાં-સીતમ.

જ્યારે અંતે તે જાણીતા મોહલાઓ આગલ આવી ચહડયો અને પોતાનાં મકાનનો રસતો તેને દીસવા લાગ્યો ત્યારે એસ્મોર્નનું જીગર થડકવા લાગ્યું, તેને પોતાનો જીવતી જીંદગીની ખબર પોતાની બાનુની ઉપર કહેવાડી હતી નહી, અને તે વગર ખબર કરવે જતો હતો તો તેને ત્યાંથી કેવો આવકાર મલનાર હતો! ઘરે પહોંચતાં રાત પડી. દરવાજામાં દાખલ થતાં નોકર પોતાના માલેકનો અવાજ સાંભલી ડઘાઇ ગયો પણ તુરત સાંત પડી તેને બા આબરૂ ખસી તે જવાનને અંદર જવાને રસતો આપ્યો. અંદરના પહેલા ઓરડાગમાં જે ગુલામો તેને મલ્યા તેઓ પોતાના સરદારને જોઇ ફીકા ફચ મારી ગયા. તમામ ઓરડાઓમાં ભભુકદાર રોશણી થએલી હતી. વચલા ખાસ ઓરડામાં તેની બાનુ બેઠી બેઠી સીતાર બજાવતી હતી અને તેની બાજુગમાં કોનસ્ટેનટાઇન અને બીજા થોડા મર્દો બેઠા હતા, તેઓ સાંમે સુશોભીત કપડાગમાં સજ થએલી જવાન સ્ત્રીઓ ડેન્સ કરતી હતી અને દાસીઓ ગુલામો ત્યાં છુટથી શરબત મેવાની દાળ ફેરવતાં હતાં તેઓ સર્વે ખુશી ખુશગેલગમાં અને રંગ રાગમાં હતાં જ્યારે એસ્મોર્ન ફીક્કા સખત કરડા ચેહરાએ તેઓની વચ્ચે જઇ ઉભો, તેનો દેખાવ મુરદાં જેવો ધોવાયલો જણાતો અને તેના મોહત જેવા સુફેદ ચેહરા ઉપર તેના કાલી ધીક્કારની રોશણી બતાવતી આંખો હાલમાં ઘણી ભયંકર લાગતી હતી તેને જોતાંજ ઇરોને તીણી ચીસ

મેલી, કોનસ્ટેનટાઇન ધબરાટથી એકદમ પગભર થયો, દરેક જણ સ્તબ્ધ બની ગયા, એસ્બોર્ને પોતાની નજર ઇરીન તરફ કરડાઇથી ટાંકી રાખી. બેશક તેને જોઈ લીધું કે તેની હાજરી ત્યાં મુબારક હતી નહી.

"એ શું તુંછે ? તું ખરેખર જીવતો છે ?" અંતે ઇરીને પુછ્યું.

"ત્યારે મારા મરણની ખાત્રીમાં આ નાચરંગ અને ખુશખુશાલી ચાલતી હતી કે ! આ આદમીઓ કોણ છે ?" એસ્બોર્ને પુછ્યું.

"કોનસ્ટેનટાઇન પોતાના થોડાક દોસ્તોને મારો જીવ બેહલાવવા માટે લાવ્યોછ." એસ્બોર્ન ધીક્કારથી ઓરડો છોડી ગયો કે તે ફજેત પડેલી મેહફીલ એકદમ બરખાસ્ત થઇ અને સૌએ ચાલતી પકડી, એકલી પડેલી ઇરીન બીહીતી લજવાતી પોતાના ધણીની પાછલ આવી અને એક ખુશાલીના પુકાર સાથ તેને અચપુચ ભેટી પડી. ખફગી, શક અને નાસીપાસીના ભેગા ઉછાલા એસ્બોર્નનાં જીગરમાં ઉઠતા હતા.

"ઓ તમે કેવા સખત છો, મારા માલેક તમે શું તમારી ઇરીનને ચાહતા નથી, શું લડાઇમાંથી તારૂં ખોખું કોઇ બીજા જીવ સાથ પાછું ફર્યુંછ ? ઓહ મારા સરદાર તારાં મોહતે હું કેટલી રડી કેવી નાસીપાસ થઇ ગઇ, છેક ગભકાલેજ મને તારા બચી જવાની ખબર મલી અને આજે હમે તે માટેજ શુકર ગુજારીમાં રંગરાગ કરતાં હતાં." અને અહીં તેણીએ ડચકાં ખેંચી રડવા માંડ્યું. બીમાર એસ્બોર્નથી આના આંસુઓ તામાસ થઇ શક્યાં નહી અને તે નરમ થઇ ગયો.

"થોભ હું નાહી ધોઇ મુસાફરીનાં કપડાં ઉતારી પાછો તારી

જઇ આઉં." અને એસ્ઓર્ન હાલ તરત ત્યાંથી નીકલી જઇ પોતાનાં તપેલાં મગજને જરા રાહત આપવા બ્હારનો દરવાજો ખોલ્યો તો બ્હારના અંધારામાંથી એક ન્હાનો ઓળો ઉતાવલાં પગલાંએ દોડી આવી તેને ભેટી પડયો.

"એ કોણ ?" તે પુકારી ઉઠયો.

"તારી ન્હાની હસ્મત છે, સરદાર, તુંને પાછો ફરેલો જોઇ હું નેહાયત ખુશ થઇછું તેઓએ કહ્યું કે તુ મરણ પામ્યો હતો અને તેઓએ મને ઘરની બ્હાર કહાડી મેલી."

"કાય વારૂ ?" એસ્ઓર્ન ગુસ્સામાં આવી જઇ પુછ્યું.

તેઓને તેમ કરવાને ઘણું કારણ હતું! "તે બાલક છોડીએ કહ્યું."

"શું કારણ ?" "મારેથી કહેવાય નહી હું પરદામાંથી ચીગાઇને જોતી તો તારી બાનુ મને ચુંટી ભરીને પીખી નાખતી હું તુંને તે બીના કહું સરદાર તો તું મને તારી બાનુના મારમાંથી બચાવશે ?"

"જરૂરજ, અને હવે મને ઉતાવલે તુ જે જાણેછ તે કહી દે," એસ્ઓર્ન તેણીનો હાથ ઝાલી રાખી બોલ્યો.

"ત્યારે એમ આવ અહીં તો નહી કહેવાય," અને હસ્મત તેને પડોસના ઓરડામાં લઇ ગઇ, આસપાસ જોઇ આવી તેઓ એકલાંજ હતાં એવી ખાત્રી કરી લઇ તેણી લગોલગ આવી એસ્ઓર્નના કાનમાં બબડી. "પેલો મર્દ જે હમેશાં અહીં આવેછ તે તારી બાનુનો ભાઈ નથી."

તે જવાન આ સાંભલતાંજ એક હાથબર ઉછલ્યો. હસ્મત

તેનો ચેહરો જોઇ ડરી ગઇ. એમ કેમ બને ? કોનસ્ટેનટાઇન ઈરીનનો બાઈ હતો એમ તેને ખુદ શાહને મોંહડેથી સાંભલ્યું હતું તો તે શું બાદશાહી કાવત્રાંનો ભોગ હતો ? એ બનેજ કેમ !

" એ શું બકેછ છોકરી ! ઈરીનનો એ બાઇ નથી એમ માનવાને તુંને કારણુ શું ?" એસ્ઓર્નેં રાતે ડોળે ગુસ્સામાં આવી જઇ બરાડ મારી.

" ધીરે સરદાર, હસ્મત તુંને દુખી જોઇ બેહદ રંજ પામેછ, મગર હું જે જાણુંછ તે તુંને કહ્યા વગર રેહીશ નહી. મેં તે છુપીથી સંતાઇને બધું જાણ્યુંછ તે એથાબી ખરાબ છે અને તે એકએ"—

" બોલ જલદી બોલ !" તપી આવેલાં મગજે તે પુકાર્યો.

" અફસોસ, સરદાર, તુંને સરગરદાન ફસાવવામાં આવ્યોછ તારી બાનુ તે પેલી આરમીનીયન ઈરીન નથી, પરંતુ તેને ઠેકાણે કોઇ બલતીજ છે. મેં એ છુપીથી જાણી લીધુંછ."

તે એક ખુનપર આવેલા શેર જેવો વીકાળ બની ગયો એસ્ઓર્ન આ સાંભલતાંજ પોતાની બાયડીવાલા ઓરડામાં ધસ્યો અને આ નાલાયક કાવત્રાં માટે ગુસ્સાથી ઉકલતાં લોહીએ ફર્યાદ ઉઠાવી. તે સાંભલતાંજ તેણીનો ચેહરો બે પલ લીલો છર મારી ગયો, તેણીના હાથો બાજુમાં ઢલી પડયા અને ડોળા ફરી ગયા. તે ગોરો જવાન જે હાલમાં ખવીસ અવતારમાં ફેરવાઇ ગયો હતો તેની તરફનાં એક તતકાલ મોહતની દહેસ્તે તેણીનું જીગર ઠંડું મારી ગયું, પણુ બીજીજ પલે પુરતી સાવધ થઇ તેણીએ હવે ઉલટોજ રસતો લીધો. મોટા મોટા બુમ બરાડા અને રડવાં તતરવાથી તેણીએ ફેસતો કરી મુક્યો અને પોતાની એ સ્ત્રી ચરીત્રથી ભરપુર શેઠાણીને મદદ કરવા પરડ

પાછલથી તેનીની બે દાસીઓએ આવી સાથે બીજું રોખરૂ મચાવ્યું.

"તમારા માલેક કહેછ તે સાંભલ્યું કે ?" એરઓર્નની બાયડીએ ધાંટો પાડી રડતાં પોતાની દાસીઓને પુછ્યું. "એ કહેછ કે હું ધરીન નથી પણુ કોઇ બલતીજ છઉં."

"એ દેખો અલ્હા !" એકે ખોદાની સાહદત માંગી.

"વાજી, આજે એ તો કાલે બીજું," બીજીએ રાઇ ગરચાં ભભરાવ્યાં. "બરયું એ જીવતરે તે કેમ જીવાય."

"એતો આપણાં બીબી સાહેબ એવાં ભલાં છે તેમાંજ તો." પેહલી બોલી.

એરઓર્નને લાગ્યું કે તે બંન્ને વંત્રીઓને જીવતી ઉઠાવીને કુવામાં પુરવી પણુ હાલ તો તે ખામોશ રહી સાંન્તી બતાવતાં બોલ્યો, "ઠીક હું એ બાબે વીગતે જુસ્તેજુ કરીશ" અને તે ઓરડો છોડી ગયો.

બીજી બામદાદે એક દરબારી સખ્સ શાહ તરફથી એરઓર્નને બોલાવવા આવ્યો, તે તુરત તૈયાર થઇ જવા નીકળ્યો, પેહલાં તેને અરધો એક કલાક મેહલની સીહડીએ થોભવું પડ્યું, જ્યારબાદ તેને દરબારમાં હાજર કરવામાં આવ્યો. અકબર થોડાક પોતાના અંગત માણુસો સાથ બેઠો હતો તેને તે ગોરા જવાનને જોતાંજ અબુલ-ફઝલ માટે પેહલાં પુછીયું, તેનાં મોહતની છેલ્લી ઘડીનો ખ્યાલ તે જવાન તરફથી મેળવતાં શાહ ઘણો ખેદ પામ્યો અને તેજ પલે એરઓર્ન હીંદુ દુશ્મનોને હાથ બચવા પામ્યો તે માટે તેને અજાએબી બતાવી, વળી રસ્તે રાજસીંગ તેનાં લસ્કર સાથ મલી ગયો તે ખબર પણુ શાહે શકથી સાંભલી. તુંને શું ખબર હતી કે રાજસીંગ

લશ્કર સાથ તે રસતેથી આવનાર હતો ?"

"નહી, મને તો બોમ્યો જે રસતે લાગ્યો તે રસ્તે હું બેભાન જેવો ચાલ્યો આવ્યો, "તુંને લડાઇમાંથી બચાવી લેવાને દુષ્મનોને શું કારણ હતું ?" આના જવાબમાં એશ્મોનેં પોતે અહમદનગરની લડાઇમાં બીરસીંગની બ્હેનને બચાવી હતી તેનું કારણ આપ્યું, શાહે આ વાત પેહલીજ વખત સાંભલી હતી અને બીજા બધા દરબારીઓએ પણ તે કહાણી આગલ કદી જોએલી કે સાંભલેલી નહતી એમ પુરવાર કર્યું.

"જ્યારે તું પેલા ગોસાંઇ સાથ રેહતો હતો ત્યારે હીંદુઓએ તુંને પોતાંનાં લશકરમાં જોડાવા માટે પુછયું હતું ?" શાહે સવાલ કીધો.

""હા મગર મેં સાફ ના કહ્યું, કારણ હું મારી અંતની ઘડી સુધી મોગલ રાજને વફાદાર રહીશ." તે જવાને જવાબ દીધો.

"તું આ વીટી માટે કાંઇ જાણેછ ?" અકબરે એક વીંટી તેના હાથમાં મેલતાં પુછયું, તેને શાંતીથા તે વીટી જોઇ, તેમાં મોટાં બેમુલાં બીલ્યાણુ અને વચ્ચો વચ્ચમાં લાલ જડેલો હતો. "મેં આગલ કદી એ વીટી જોઈ હતી નહી." તેને સાંતીથી કહ્યું.

"એ વીટી તારા પાસેની ઠેલીમાં હતી, અને રાજસીંગ પોતાની ફોજ સાથ તુંને મલ્યો હતો ત્યારે તેને એ વીટી જોઇ મારા ઉપર મોકલી, કારણ એ વીટી દુષ્મન તરફની છે અને તેથી અએ જવાન દુષ્મન તરફની ભેટ કબુલવાનાં બચાવમાં તારે શું કેહવુંછ ?" શાહના આ ખુલાસાથી એશ્મોર્ન હેરત રહ્યો, તેની બીમારીની મુરદાં જેવી ઉમ્રનો લાભ લઇ રાજસીંગ તેની ટેળી સાથ આ પ્રમાણે દગો રમ્યો હતો તે જાણી તે ગુસ્સાથી ઉકલી મયો.

"ઝેહાંપનાહ તે ઠેળી બીરસીંગની બેહન તરફથી મને વાટના ખરચ સારૂં સુન્નાના સીક્કાઓથી ભરપુર મલી હતી. અને તેમાં એ વીટી હતી તેની મને ખબર નથી."

"એ તદન જુદહું છે," સદરજેહાંન જેનાં પેટમાં સદાનો તે ગોરાને નામનો ચુકો હતો તેને ભંભેરી આપ્યું. "બેશક ગલ્લત."

"વારૂ તુ આ જાણેછ?" અને શાહે તેંના હાથમાં એક સુન્નાંની મોટી ગોળી મેલી, એના ઉપર શું હર્ફો કોરાયા છે તે વાંચીજો. એસ્મોર્નેં તે ફારસી હર્ફ ઉકેલ્યા તે ઉપર લખ્યું હતુ. "અકબરને મોહત." આ શબ્દો સાંભલતાંજ બધા દરબારીઓએ ખફગીથી પગભર થઈ પોતાની સમશેરપર હાથ નાખ્યા. "તેં એ ગોળી કદી આગલ જોઈ હતી?" શાહે પુછ્યું.

"હા, અહમદનગરની લડાઇ વખતે ચાંદ સુલતાનાએ જે સોનાંની ગોળીઓ આપણાં લસ્કર ઉપર ફોડી હતી તેમાંની આ એક છે, અને પોરચ્યુગીસ પાદરી બેન્ડીકટ સાથે જુગાર રમતાં મેં તે ખોહી હતી."

"ઠીક ત્યારે એ ગોળી તેં શું તારી મત્તા દાખલ ધારી હતી?" શાહે પુછ્યું.

"બેશક, તારા આદમીઓએ ખાત્રા પલીદોની માફક લોકોના હકદાર માલ ઉપર ત્રાપ મારી તેમ મેં કર્યું નથી, મારા જાનની તલબગારૂ થઈ ધસી આવેલી આ ગોળી મેં રાખી લીધી." શાહ ચુપ થઇ ગયો. પણ દરબારીઓ એસ્મોર્નનું કાંટલું કહાડવા તત્પર હતા તેઓએ ફર્યાદ ઉઠાવી.

"નામવર શાહ, આ પરમુલકી ફીરંગી કેહછ કે તારાં રાજમાં રૈયત સુખી નથી, તેઓ ભારી કરના બોજા હેઠળ કચડાયછ, એ

કહેછ કે વેલાતની રાણી માફક અહીંના રાજનો ટાળો સારો નથી, હીંદુસ્તાન ઘણું માતબર છે અને અહીંની રૈયત ગરીબ સ્વભાવની છે એટલે ઈંગ્રેજ કુનેહથી તેઓ ઉપર રાજ ચલાવવું જોઈએ. " સદરજેહાંને ફર્યાદ કીધી.

" મેં એમ નથી કહ્યુ કે શાહની સત્તા હેઠળ કરનો બોજો મોટો છે. " એશ્ઓર્ને સાફ કહ્યુ " મગર હું એમ બોલ્યોછ કે શાહની જાણ વગર રૈયત ઉપર ભારે કર સદરજેહાન તરફનો છે." આ સાંભલતાંજ સીપલો સદર મોહત જેવો ફીક્કો મારી ગયો શાહ ખરૂં ખોટું સમજનાર હતો એટલે ઓરણી તેને તે ગોરા જવાનની હીંમત ઉપર મનસે આફ્રીન કીધી અને અહીં તેને અસારત કરી તેઓએ મુલાકાત ખતમ થવાની ખબર આપી,

આ વખતે એશ્ઓર્નનાં દીલમાં એવું ઘણું થયું કે શાહ પાસ ઇરીનનો ખુલાશો મેળવે, પણ હાલમાં અકબરનો મીઝાજ ઠેકાણે નહતો, વલી ત્યાં ભેગાં મલેલાંઓ સૌ તેનાં રાઈ મીઠાંમાં હતાં. એટલે આઝેઝ બની તે ઘર પાછો ફર્યો. તેને લાગ્યું કે બધા દરબારીઓ તેમજ પેલા પોરચ્યુગીસ પાદરીઓ હવે તેનું કાટલું કહાડવા પડયા હતા તો! હવે રાજની જીંદગીમાં સાંતી રહી હતી નહી. મકાન નજદીક આવતાં તેને મોટા અફસોસ સાથ વીચાર્યું કે ઘરમાં પણ તેને હવે સાંતી કયાં હતી

મકાનની નજદીક આવી લાગતાં તેને બ્હારના દરવાજા ઉપર અંધકારનો ઓળો જણાયો તેને કાંઇ ખરાબ બનાવની આગાંહી થવા લાગી, ભારી દીલે સીહડી ચ્હડતાં સામેથી હશ્મત દોડી આવી, તેણીએ પરચુરણ દાગીના ઉલટાં સુલટાં પ્હેર્યાં હતાં અને મોટી ગોલાબી સારી લટકાવી હતી.

"તારાં બાનુતો ગયાં." તેણી બોલી.

"ગેઇ? કહાં?"

"હું નહી જાણુતી. તેણીએ દાસીઓને હુકમ આપી પોતાનાં બધા ગાંસરા પોટલા બંધાવ્યા, દરેક કીમતી ચીજો એકઠી કરી એક મોટું ખચ્ચરનું ગાડું મંગાવી તેમાં લાધી તેણી પોતાની દાસીઓ સાથ ચ્હડી બેઠી. જવા આગમજ તેને મારૂં માથું બારણાં સાથ અફાલી મુકી કહ્યું કે 'ન્હાની વંત્રી એ તારી વલવલતી જીભલીનું પરીણામ.' તેઓ બધાં કહાં ગીયાં તે હું તો જાણુતી નથી."

એસ્મોર્ન ખાલી ઓરડાઓમાં ઘેલા માફક દોરયો. સર્વે વેરવીખેર થઇ પડેલું જે ઉત્તમ દરદાગીનાં હતા તે બધા સફા થઈ ગયા હતા બીજા કપડાં ચપડાં અને સાધારણ દાગીનાઓ જમીન ઉપર વીખેરાઇ પડેલાં જેમાંથી આપણાં હસ્તગતબીબી તૈયાર થઇ ઉભાં હતાં!

"તેં તેણીને જતાં જોઈ કોઈ બીજાને તુરત કહ્યું નહીં?" એસ્મોર્ને પૂછયું.

"નહી, હું શું કામ કહું, તે ગેઇ તો ગામનું પાપ પત્યું. સાહીબ તેણી ઘણી ખરાબ ને જાલેમ હતી તારા પવીત્ર મકાનને લાયક નહી હતી. અને જે કાંઇ થયુંછ તે સારૂંજ થયુંછ." ન્હાની હસ્મત એક ઓરત જેવાં ડાહપણથી ગંભીર થઇ બોલી.

હવે ઘણુ થઇ ગયું.

મહીનાઓ સુધીની માંદગી તેની બીબીની બેવફાઇ, શાહની ખફગી અને છેલ્લાં તેણી આ ઓરત તરફની બેહુરમતી એ સામટા સીતમથી એસ્મોર્ન તદન લાઇલાજ બની એક દીવાન ઉપર ટુટી

પડયો તેની આખોગાંથી તરતર જુલમનાં આંજુઓ ખરી પડયાં. ન્હાની હસ્ગત તેનાં ગળાગાં હાથ નાખી મીઠી બકીઓ અને માય ભર્યા સખુનોએ તેને સમજાવતી બેઠી અને ગરીબ જવાન એસ્ઓ-નેં માન્યું તેમ હાલ ને કાજતો ગાત્ર આ ન્હાની બાળાજ તેની ખરેખરી સાચી રફીક હતી.

પ્રકરણ સતરમું.

શોધખોળ–ખરી હકીકત.

સુદ્દીમાં આવતાંજ તેને એસ્બોર્નેં નોકરો દોરાવી કોનસ્ટેનટાઇન માટે ખોળ કરાવી પણ ખબર મલી કે તેનું ઘર ખાલી હતું. એસ્બો-નેં હવે પોતાના દોસ્તો પાસ મદદ માંગવા અને સલાહ પુછવા ગયો. કેટલાક તેના કહેવાતા દોસ્તો ઘરમાં નહી હતા, કોઇકો કામમાં રો-કાયલા હતા, એક અમીરે અંતે તેને જોઇ મલવાની ખુશી બતાવી.

એસ્બોર્નેં પોતા ઉપર વીટેલી કહાણી કહી સંભલાવી "હવે મારે શું કરવું જોઇએ?" તેને છેલ્લાં પુછયું.

"તેણી તુંને છોડી ગઇછ તો તારે શું તેને પાછી બોલાવવી છ?" અમીરે ઠંડાઇથી પુછયું.

"નહી પણ હું કીનાની ખાહેશ રાખુંછ, બેહુરમતીની મને અગન બળેછ."

"ત્યારે તું એ વાત બ્હાર કરેછ શું કામ? તારા કેહવા આગમજ હું એ તારી બેહુરમતી જાણુતો પણ નહી હતો."

હવે તે ગોરાએ અબુલફઝલનાં મરણ માટે જે દગો રમાયો હતો તેની વાત કહાડી. "ચાલતે દહાડે એ કાવત્રું બ્હાર આવ્યા વગર રહેનાર નથી." એસ્બોર્ન ઉશ્કેરાઇ બોલ્યો. તે ગોરાની આ વાત ઉપર અમીરે તો સાફ કાનપર હાથ મેલ્યા, "કોણ જાણે બા" તે બોલ્યો. અને એસ્બોર્ન કંટાળીને ઉઠી ગયો. આ તેના બધા રફીકો ખોટા નીવડ્યા હતા. તે હવે હકીમઅલીને ત્યાં ગયો, જેને તેને બહુ ગમતાલુ આવકાર આપ્યો, શાહનો તેની ઉપર જે શક હતો તે બાબેની તે જવાનની ફર્યાદ સાંભલી હકીમઅલી બોલ્યો.—

"તું કોઇબી વાતની ફકર ના કર. એ તો શાહ અબુલફઝલનાં મરણથી ગમખ્વાર બની ગએલો હોવાથી સારા મીઝાજમાં નથી. અબુલફઝલ અને એનો બીરાદર ફઇજી એ બંન્ને બાહોશ કવીઓને શાહ પોતાની બાજુબંધ મીસાલ ચાહતો હતો, આજ છ માસ ઉપર ફઇઝી મરણ પામ્યો ત્યારેબી પાદશાહે એજ મીસાલ હદબ્હાર ગમગીની બતાવી હતી, તે નામવર ફઇઝીના રવાન આગલ પોતાની પાઘડી પટકીને રડયો હતો, એટલે જ્યારે અબુલફઝલનાં મરણની ખબર મલી ત્યારે તે શાહને કેમ પોંહચાડવી તેના બારે અંદેશામાં સૌ પડયા, જ્યારે કોઇ શાહાઝાદાનાં મોહતની ખબર શાહને કરવાની હોય ત્યારે એનો વકીલ કમરે બ્લુ રૂમાલ બાંધી હાજર થતો, તેજ પ્રમાણે વકીલ મારફત અબુલનાં મોહતનો પેગામ શાહને પોંહચાડયો. તેજ પલે તે નામવર તખ્ત ઉપરથી ટુટી પડી બચ્ચાં માફક ડચકાં ખાઇ રડયો. હમો સર્વેને શાહની તબ્યત માટે જબરો અંદેશો પેઠો હતો કારણ દીવસો સુધી તે નામવરે અન્ન મોંહમાં મુકયું હતું નહી. અને હવે તારી બાનુની વાત, અરે રફીક તે એક ગેઇ તો ખ્યેર, બીજી સુંદર

બીબીઓ ઘણીબી, એમાં શું દમ?"

"નહી, પણ મારે તો જાણવુંછ કે તેણી કહાં ગઇ? અને મારી ઉપર આ દગો રમનાર કોણ? હું જો તેનું નામ જાણું તો કીનો લેયા વગર રહું નહી," એરમોર્નના આ ઉસકેરાટથી હકીમઅ-લી વીચારમાં પડયો.

"દોસ્ત તારાં ભલાં માટે કહુંછ કે એ વાત તું નહી જાણે તેટલો ફાયદો છે."

"તું નહી કેહશે તો હું શાહ પાસ જવસ, અને તારી મારફતે મારી શાહદી નક્કી થઇ હતી તો તમો પાસથી ખુલાશો મેળવવાને મને પુરેપુરો હક છે."

"અરે દોસ્ત એમ બેમ કરતો ના ઓરંગી તેથી તો તું વધુ આપદામાં આવી પડશે."

"હેં પણ એ બે માથેનું છે કોણુ કે મને ઇનશાફ મલવા દે નહી," તે ગોરા જવાનનું રાતું લોહી બહુ તપી આવેલું જોઇ હ-કીમઅલીએ તેને ઠંડો પાડયો.

"ફીરંગી દોસ્ત, હું તુંને સર્વે ખુલાસો કહું પણ તેં એ વાત મારી તરફથી સાંભલીછ એમ કોઇને કેહતો ના મને વચન આપ કે તું મારૂં નામ એ વાતના ખુલાશા સાથ બ્હાર પાડશે નહી."

"ત્યારે એ કાવત્રું રચનાર કોઇ ઘણો સતાધીકારી, મર્દ હોવો જોઇએ,?" એરમોર્ન બબડયો.

"બેશક, અને તેથીજ સંભાલની અગત્ય છે." અંહી હકીમ-અલી તેને પોતાના અંદરનાં ઓરડામાં લઇ ગયો અને સાહુચેતીથી ચોબાજુ જોઇ તને પોતાની બેઠક નજદીક ખેંચી." તુંને રોશનુ

તો હોવુંજ જોઇએ કે દરેક આદમી શાહ અકબરને તનોજાનથી ચાહેછ, પણ દરેક જણ શાહઝાદા સલીમથી ડરેછ જે ઘણો ઘાટકીને હેવાન ખસલતનો છે. તેને એક દીવસ એક જીવતાં આદમીની ખોલ ઉતરાવી હતી. જ્યારે અકબરે તે સાંભળ્યું ત્યારે તે ગુસ્સામાં બોલ્યો "અરે અલ્લાહ હું કે જે એક મૂવેલાં પંખીની ખોલ ઉતરેલી કમકમાટ વગર જોઇશકું નહી, તેનોજ બેટો એવો બદ ખસલતનો !" એક વખત સલીમે પોતાના બાગમાં એક ફુંવારો ખોદાવ્યો અને પછી તેને પોતાના આદમીઓને પુછ્યું. "આ ફુવારામાં શું ભરાવ્યે ?" કોઇએ કહ્યું ગુલાબજલ, કોઇએ શરબત. ફરમાવ્યું કેટલાક બેદીનોએ શરાબ કહ્યો જ્યારે કોઇએ ગધ સુચવ્યું "નહી એ ચારમાંનું કાંઇબી નહી" સલીમ બોલ્યો. "અંદર બલવાખોરોનું લોહી ભરવું જોઇએ, એટલે જ્યારે હું ગાદીએ આવશ ત્યારે લોકો મારાં નામની યાદથીજ ધ્રુજી રેહશે."

"વારૂ તેતો હોશે હકીમઅલી, પણ એ પીંજણ પાટલાને મેં વેઠેલા સીતમ સાથે શું નીસબત ?" એસ્ગોર્ન વચ્ચે પડયો.

"સબુર હું હવે તેજ વાત ઉપર આઉછ. હકીમજીએ દાહારી પસવારી જ્યારે શાહઝાદા સલીમે તારાં લગનની ગોઠવણ હરીન સાથ થતી સાંભલી ત્યારે તેને મનસે નક્કી કર્યું કે તે સુંદરીને જોવી. એક દીવસ તે પોતાની માતા સુલતાના સલીમની મુલાકાતે જનાનામાં ગયો ત્યાં તેણે સુંદર હરીનને બેઠેલી જોઇ, બસ તેણી ઉપર એકજ નજર ફેંકતાં તે તેણીનો પરસ્તાર બન્યો, સુલતાના તેના ચહેરા ઉપરનો આ ફેરફાર જોઇ ડઘાઇ ગઇ અને સલીમને બાજુ લઇજઈ સમજાવ્યો કે તે આરમીનીયન ખ્રીસ્તી છોડીને શાહે ગોરા સેનાપતીને માટે નક્કી કરીછ.

સલીમ તે વખત તો કાંઇ બોલ્યો નહી મગર પોતાને મહેલે પાછું ફરી તેને તુરત કોનસ્ટેનટાઇનને બોલાવી મંગાવી ધમકી દીધી કે તેની બ્હેનને એકદમ સલીમને સપુરદ કરવી. તે બેહદ કેલા છોટકા ભાઇ થતાએ તેમ કરવાને કબુલ્યું, અને સલીમે તેને મોંહ માગ્યું દામ આપવા વચન દીધું ત્યારપછી તેઓએ ઇરીનને ઝનાનામાંથી નસાડવાની પેરવી કીધી. પણ શાહથી ડરખાઇ તેઓએ પહેલાં તુને ઠગાવવાનું નક્કી કીધું. આગ્રામાં એક અમીજાંન નામની ખુબસુરત નાટકવાલી રેહતી હતી તેણીને સલીમે ઇરીનને ઠેકાણે ઠસાવી દેવાને તૈયાર કીધી. આ સ્ત્રી નાટકનો ધંધો કરતી અને અવારનવાર તેણી શાહના ઝનાનામાં પોતાના ખુલખુલી હલકે ગાયણ ગાવાને જતી, જે કોઇ તેણીને જોતું તે તેણીની કાલી ખુબસુરતીના તારીફ કરતું, વળી તેણી કોઇનોબી ભાગ બજાવવામાં એક્કી હતી એટલે તેણીએ ખુશીથી અને સહેલાઇથી ઇરીનનો જગ્યો લેવા કબુલ કીધું. વળી સલીમે તેણીને ઝરઝવેરાત બક્ષીસ કીધાં અને તેમાં સણગરાઇ ઈરીનના નામ હેઠળ તેણી તુંને પરણી."

એરઓર્ન આ સાંભલતાંજ કીનાના દાંત કચકચાવતો ઝનુનમાં ઉભો થયો. હકીમઅલી તેનો દેખાવ જોઈ પોતાનું મોહત નક્કી આવેલું માની ધાબરો બની ગયો. "પણ ફીરંગી એ કાવત્રું મેં હમણાંજ જાણ્યુંજો! તું લડાઈ પર ગયો હતો ત્યારેજ, અને બીજાઓબી જાણેછ પણ સલીમની બીહીકે કોઇ બોલવાની હીંમત કરતું નથી."

એરઓર્ને ધીટકાર અને નાસીપાસીથી પોતાનો હાથ ઉઠાવી પોતાનાં કપાલ ઉપર જોસમાં અફાળ્યો "આહ તે કંગાલ ઓરતે મને કેવો ઠગ્યો."

"ઓરતને હાથે ફસનાર કાંઇ તુંજ પેહલો મર્દ નથી." હકીમ બોલ્યો, "એતો ઓરતોનું કાગજ છે."

"અને ખરી આરગીનીયન ધરીનનું શું થયું?" એસ્ઓર્ને પુછયું.

"મને ખબર નથી." હકીમઅલીએ જવાબ દીધો. "પણ હવે તારા લાભ માટે કહુંછ કે એ વાત ઉપર ઢાંકણું વાલ. સલીમને બાતેનમાં ધીક્કારનારાબી બ્હારથી તેના તાબેદાર છે કારણ ચાલતે દહાડે આપણ સઘળાંની જીંદગીનો દોરો એ ધરી બેસનાર છે. તું જાણેછ કેની કે અબુલફઝલ સલીમને માન આપતો હતો નહી જેથી અંતે બીચારાનો કેવો અંત આયો. બીરસીંગને અબુલનું કાટલું કહાડવા સલીમે રોકયો હતો પણ શાહ તે કાંઇ માનનાર છે? જો જવાન, હવે તો બીરસીંગ જીવતો પકડાય ત્યાં સુધી થોભી જા, જીવતો પકડાશે તોજ બીરસીંગ સલીમનું કાવત્રું શાહને જણાવી દેશે. અરે ચાલ ચાલ દોસ્ત તારો જખમ ખોલીને મને બતાવ કોઇનાં પગલાં સંભળાયછ, અને તે આવનારને જાણવા દે કે તું તારો જખમ તપાસાવવા અત્રે આવ્યો હતો." એમ કહી હકીમઅલીએ એસ્ઓર્નનો ઘાહ છોડી ત્યાં મલમની પટી બાંધી, જેના બદલામાં તે જવાને એક સીકો આપી ત્યાંથી ચાલતી પકડી.

એસ્ઓર્ન બીજા પોતાના મીત્રોમાં ફર્યો પણ સર્વે તે કાવત્રું જાણતા હોય પણ સલીમની બીહીકે બોલવાની હીંમતજ ન કરતાં હોય એમ જણાયું, સાંહજ પડતાં હકીમઅલી તેને પાછો મલ્યો.

"શાહઅકબર ધનસારી છે ખરો, પણ તેને પોતાના બચ્ચાંઓ ઉપર ઘણો પ્યાર છે, એનો મરનાર બેટો મુરાદ ખરાબ ચાલ ચલાવવા લાગ્યો તો તેના ઉસ્તાદ ખાનખાનાને શાહનું ધ્યાન ખેંચ્યું

તો સામું શાહે ખાનખાનાનને ઠપકો આપી તેને બરતરફ કર્યો. વળી ડાન્યલ શાહાઝાદો બી શરાબ પી પીને મારગ લાગોછે અને શાહના જીવતા બેટાઓમાં માત્ર સલીમ અને પેલો કાસીપુરનો ન્હાનો છોકરો ખાલીસ બાકી રહ્યાછે, શાહ પોતાના બેટાની બુરી આદતો જાણેછે, મગર તે તેનો વારસ છે. તું જો શાહઆગલ આ તારા ગેરઇનસાફની વાતો કરશે તો શાહઝાદો સલીમ શકનો કાલો પરદો તારી ઉપરજ એવી રીતે ઓલાવશે કે તેમાંથી તુંને છુટી જવું મુસ્કેલ પડશે, માટે સારી અને મજબુત ટક મલે ત્યાં સુધીતો હવે ખામોશ બેસ."

પણ આ તરફ ગરમ ઉછલતું ઇંગ્રેજ લોહી. એશ્બોર્ને તો મનસે નક્કી કીધું કે અગર તેને શાહ હાથીના પગ તળે કચડી નાખવાનો હુકમ આપે તોબી તે આ મોટા ગેરઇનસાફની ફર્યાદ ઉઠાવવા જયા વગર રહેનાર નથી. તેજ વખતે તેને પેલી ખરી સુંદર ઇરીનની ખોળ કરવાને નક્કી કીધું. આહ! જ્યારે સલીમ જેવો શાહાઝાદો તેણીને મેળવવા આવાં કાળાં ધોળાં કરતો હતો ત્યારે તેણી બેશક કેવી સુંદર હોવી જોઇએ.

પ્રકરણ ૧૮ મું.

શાહ આગળ ફર્યાદ.

એશ્બોર્ને માન્યું કે તેના દુષ્મનો તેના ઉપર ખુબ ખીટેલા હતા, કારણ બીજી સહવારે બે મર્દો તેનાં મકાનમાં ઘુસી આવી એશ્બોર્ને તેઓ પાસથી દસ હઝારના ઘોડા ખરીદયા હતા મગર તેની

કીમત હજુર ભરપાઇ કરી નહતી તે માટે ફર્યાદ ઉઠાવી. એશ્બોર્ન આ ગલત બોહતાન ઉપર હેરત રહ્યો, તેને કદીગી તે મર્દોની સીકલ આગલ જોઇ હતી નહી અને ગુસ્સાથી તપી આવી તેને લાત ગારવાની ધમકી આપી પોતાના નોકરોને તેઓને ધક્કા ગારી બ્હાર કહાડવાનો હુકમ કીધો. આ સાંભલી પેલા બંન્ને સખ્સોએ રમખાણ મચાવી મુકયું. એશ્બોર્ન તેઓના પૈસા ચુકાવતો ન હોવાથી તેઓ શાહને ફર્યાદ જશે, વગેરેની પુષ્કળ ધરપચ મચાવી મૂકી. આ ગડબડ સાંભલી તે ગોરા જવાનનો વિષવાસુ કારભારી ત્યાં દોડી આવ્યો, તેના માલેકે બીજા નોકરોને બોલાવી પેલા બે ઠગીઓને ધક્કા ગરાવી બહાર કહાડવા ફરમાવ્યું, પણ તેગ કરવા બદલ પેલા કારભારી મીયાંએ નરમીથી પેલા બે સખ્સો સાથ વાત કરી તેઓને બાઇજ્જત બહાર કહાડ્યા. જેવા તેઓ રસતે પડ્યા કે તે કારભારી એશ્બોર્ન નજદીક આવી ધીમે સાહદે બોલ્યો. "મારા ગાલેક મને ખરેજ તારી હાલત માટે ઘણો અફસોસ પેદા થાયછ આ બંન્ને સખ્સોને તું ઓલખતો નથી નામવર, એમાંનો પેલો ફૅંટાવાલો સખ્સ એક વકીલ છે, અને તે જબરો કાવાદાવા માટે પ્રસીદ્ધ થએલો છે, બીજો એક ગારવાડી ગોલદાસ નામનો હતો એ પણ પેલા વકીલ જેવોજ કસરેવજ છે. અહીં આવી તારા ઉપર કરજનું જુઠું તોહમત મૂકવાનું એઓને મુખ્ય કારણ એજ કે તું ઉશ્કેરાઇ આવી તેઓ ઉપર હાથ ચાલાકી ચલાવે તો તુંને શાહની હજુરમાં ખેંચી જવાને તેઓને કારણ મલે અને તેથીજ મેં તેઓ સાથ શાંતીથી વાત કરી તે બલતાં ઘર ભાડે લેનારાઓને બાઆબરૂ બ્હાર કહાડ્યા. અરે ગાલેક તું એક જણની જબરી ખફગીમાં આ-

વ્યો હોય એમ લાગેછ, અફ્સોસ."

"મીયાં તુ શું બોલેછ તે હું સમજુંછ, હા પેલો ઘાટકી સલીમ મારા ખીલા ઉપાડમાં છે નહી વારૂ ?" એશ્ઓર્ને પુછ્યું.

"અરે ખામુશ, ખામુશ માલેક તે નામવરનું નામ એમ ના વાપડ. સંભાલ દીવાલને પણ કાન હોયછ."

"પણ હું શાહ પાસ ફર્યાદ લઇ જઇશ."

"તે આગલ તારા ઉપર એવાં બોહતાન મેલાશે કે તેમાંથી તુંને છુટવું મુસ્કેલ પડશે," પેલા કારભારીએ સલ્લાહ આપવી ચાલુ રાખી. "જયારે ટોડરમલનાં હાથમાં આગ્રાની વઝીરી શાહે સોંપી હતી ત્યારે, ટોડરમલે, એક નીરદોષ મીયાંમનસુર ઉપર બોહતાન મેલી શાહની સનમુખ ઉભો કર્યો, શાહે ફકટ રાજા ટોડરમલનાં કેહવા ઉપર ઇતબાર રાખી મનસુરની ગરદન મારવાનો હોકમ ફરમાવ્યો, અને ગરીબ બીચારો તે માર્યો ગયા પછીથી તેની નિરદોષતા પુરવાર થઈ, પણ રાજા ટોડરમલ જેવા બાહોશ પ્રધાનને ખોહવા શાહને ભાવ્યું નહી અને તેંને એ વાત ઉપર આંખ વીંચામણા કીધાં માટે જવાન સરદાર તું સંભાલ રાજ તરફથી તું ધારેછ તેવો ઇનસાફ મેળવશે નહી."

આ ચોપાસની સલ્લાહ છતાં એશ્ઓર્ન એકજ વીચારમાં મસ્ગુલ રેહતો અને તે શાહપાસ ફર્યાદ જવા બાએનો હતો, અંતે એક દરબારના દીવસે એશ્ઓર્ન બાદશાહી મેહલ તરફ ગયો. ત્યાં પુષ્કળ રૈયત જમાવ થઇ હતી કારણ મહીનાનો તે એક દીવસ હતો કે જ્યારે અકબર પોતાની કુલે રૈયતની ફર્યાદ ઉપર જાતે ધ્યાન આપતો, એશ્ઓર્ન તે આદમીઓનાં દર્યાવ વચ્ચે બેધ્યાન જેવો ઉભો

હતો, તેવામાં સુંદર કારીગીરીની શાહના અગ્રેવાનની બારી ખોલી અકબર પોતાના બાદશાહી ઠઠેરામાં પણ માયાલુ નજરે આવીને ઉભો.

લોકોએ આગલ વધવાને સામટો ધસારો કીધો, એસ્બોર્ન તેઓ સૌને બાજુ કરી પોતાની હકીકત કેહવા પેહલાં આગલ આવ્યો તેટલાં એક દરબારીએ તેને ધક્કો મારી અંદર ઢકેલ્યો, "ચુપ રેહ ફીરંગી, શાહ પોતે પેહલાં બોલનાર છે." અકબરે પોતાની તીક્ષણ નજરે આ મામલો તુરત જોઇ લીધો તેવોજ તેને પુકાર ઉઠાવ્યો "એસ્બોર્નને શું કેહવુંછ તે હું સાંભલીશ," ત્યારબાદ શાહે પોતાની વહાલી રૈયતની ખેરઆફીયત પુછી, તેઓને ધનશાફ મલેલો જોવાને ખુશી બતાવી અને પછી તેઓને બોલવાને ફરમાવ્યું, કે એક પછી એક કાજી અને હાકેમે પોતાના હેવાલો આપવા માંડયા એસ્બોર્ને જોયું તેમ તેને બોલવાની ટક કોઇ આપતુંજ નહી. પણ શાહ તેને ભુલ્યો હતો નહી, અકબરે દમામદાર સાહદે પુકાર મારી તેને હવે નજદીક બોલાવ્યો, "બોલ તારે શું કેહવુંછ. ?"

એસ્બોર્ન જે ઈંગ્રેજ જાતનો ઉકળતાં લોહીનો અને સાચી જબાનનો હતો તેનામાં મોગલાઇ તાઝીમ તવાઝા ઝાઝા હતા નહી. તેને બાટ દઇને ટુંકમાં સર્વે હકીકત, તેના ઉપર ગુજરેલો મ્હારસીતમ એ સર્વે કહી દીધું લોકો તેની આ હીમત ઉપર હેરત રહ્યાં. તે ગોરો જવાન સાફ શાહાઝાદા સલીમ સામે ફર્યાદ ઉઠાવતો ઉભો હતો એ તેની સરકસી ઉપર સર્વે દમ ખેંચી અજાએબીમાં ઉભાં. "તારી ફર્યાદ ઘણી ગંભીર છે, જાવો મલેક આ ફીરંગીને મારા અગ્રેવાનમાં બેસાડો હું એની હકીકત પછી સાંભલશ."

અકબરમાં હવે ધીરજ રહી હતી નહી, તેને તે દીવસનું કામ

જલદી આટોપી નાખવા માંડયું. પેલી તરફ એશબોર્ને બેએક કલાક એકલો બેઠો અંતે એક ગુલામ તેને શાહના નામે તેડવા આવ્યો. થોડાક અએવાન વટાવી પેલો નોકર તેને એક દીલચમન બગીચામાં લઇ ગયો જ્યાં અકબર પોતાના પ્રધાન અને ચાર સલાહકારો સાથ ફુવારાની પાળે બેઠો હતો. ચીતોડની લડાઇમાં તેના જબરા હરીફ જયમલને જે બંદુકે અકબરે બેજાન કીધો હતો. તેજ તેની ફત્તેહ બક્ષનારી બંદુક હાલ તેના હાથમાં હતી.

"ચાલ હવે તારે શું કેહવુંછ તે બોલ."

એશબોર્ને ફરી એકવાર પોતા ઉપર ગુજરેલો સીતમ કહી સંભળાવ્યો. તેને જોયું તેગ વાત દરમ્યાન શાહ બે ત્રણવાર સખ્ત ચોંકયો હતો.

"ઘણી અજબ જેવી કહાંણી" તે છેલ્લાં બોલ્યો.

"હા બેશક, બીલકુલ માનવામાં ન આવે તેવી," વઝીરે તે ફીરંગી તરફ કપટના ડોળા ઘુરકતાં શાહને ભંભેરવા માંડયો.

"હવે આ તારી કહાણીના પુરાવા કીયા કીયા છે?" શાહે પુછ્યું.

"હા પુરાવા, પુરાવા કયાં છે?" વઝીર વચ્ચે હોમાયો,

એશબોર્ને વીચાર કીધો કે હકીમ અલીએ પોતાનું નામ છુપું રાખવા કહેલું એટલે હવે તે પુરાવો કઇ રીતનો આપી શકે, તેને વીચારમાં પડેલો જોઈ વઝીરની ચહડતી થઇ "અરે એતો કાંઇ એની ભુલ હશે, ઝેહાંપનાહ, એવું કોઇ દીવસ બન્યુંછ?" તેને ચહરાવી આપ્યું.

"વીચાર કર જવાન, તેં આજે એકેદમ મારા બેટા તે હવે પછીના મારા તાજો તખ્તના વારેસ ઉપર આવું ગુલથાન ઉઠાવ્યુંછ

તો મને તેના મુદ્દા મલવા જોઇએ. આ વાત તું માનતોજ હોય તો કોઇએ તુંને આ કાવત્રું કહેલું હોવું જોઇએ."

એસ્બોર્ન અલબત હકીમઅલીનું નામ લઇ શકયો નહી. એટલે તેને ન્હાની હસ્મતનો પુરાવો આપ્યો, શાહ હસ્મતની ઉમર સાંભલી હસ્યો "નહી તેવું એક બાલક રાજદારી કાવત્રાં તે શું સમજે, તેની શાક્ષી ચાલે નહી પણ એ છોડી તારે હાથ કેમ આવી?"

એસ્બોર્ને ખુલાશો કીધો જે સાંભલી અકબર ઘણો હેરત રહ્યો.

"મને એ છોકરી જોવા ગમેછ, તું એને મારા જનાનામાં મોકલી આપજે. વળી હુ એણીની કેળવણી અને પોષ્ણ માટે ખાસ સંભાલ લઇશ. અને હવે ફીરંગી જવાન તારે માટે મને શું કેહવુંછ તે સાંભલ. તેં જે હમુને લડાઇમાં સારી મદદ કરીછ તે હમે ભુલનાર નથી પણ મારા બેટા ઉપરનાં આ તોહમતનો મને પુરાવો મલવો જોઇએ. હુ અમીજાનને ઓલખુંછું તેણી એવું કામ કરે તેમાંનીજ છે, હું બીજી વખત તુંને બોલાવવા મોકલીશ તેટલાં તું પુરાવો મેળવજે."

એસ્બોર્ન નાસીપાસ જેવો પાછો ફર્યો. આગ્રામાં તો તેના હવે કોઇગી રફીક રહ્યા હતા નહી. હકીમઅલી ભલો હતો પણ તે પોતાનું નામ છુપાવી રાખનાર હીચકારો હતો તો હવે તેને આ જબરા ગેરઈનસાફના પુરાવા મેળવવામાં કોણ મદદ કરશે.

પ્રકરણ ૧૯ મું.

બાદશાહી ઝનાનો.

હવે આપણે પેલી ખરી આરમીનીયન સુંદરી ઇરીન માટે કાંઇક ખુલાશો મેળવ્યે, ઇરીનનો બાપ એલાયસ ઇરાન છોડી વેપારને સબબ હીંદુસ્તાન આવ્યો, અને આગ્રાગાં શાહ અકબરનાં પંખીઓના રખેવાલનો તેને ઓહદો મળ્યો. અકબરને જીવતાં પંખીઓનો બેહદ શોખ હતો અને તેનાં પાસ કાંઇ બેશુમાર પક્ષીઓનો જથો હતો. હીંદુસ્તાનમાં એલાએસે થોડાં વરષ શાહની નોકરીગાં સુખથી કહાડયાં. તેની બાયડી પોતાની સાત વર્ષની બેટી ઇરીનને લઇ અવારનવાર બાદશાહી ઝનાનામાં મુલાકાતે જતી અને શાહની પહેલી બાદશાહી બાનુ રૂકાયત બેગમ જેની અકબરના કાકા હીનડાલની બેટી થની હતી તેણી સાથ ઇરીનની માને ઘણી મોહબત બાઝી આ રૂકાયત બેગમને કશાં ફરજંદ નહતાં પણ તેણી શાહ અકબરની પહેલી મોહોરદાર હતી એટલે જનાનામાં તેણીનું ચલણ ઘણું હતું, એકાએક ઇરીનનો બાપ બીમાર પડી મરણ પામ્યો. અને ત્યારબાદ થોડાં વર્ષ પછી ઇરીનની માવતર પણ તેજ બીમારીથી પટકાઇ પડી તેવી વેળા પોતાનાં બચ્ચાંઓની સંભાલ માટે તેને જબરી ફીકર બેઠી, પણ રૂકાયત બેગમે આ વીધવા ખ્રીસતી માતાને વચન આપ્યું કે તેણીનાં બચ્ચાંઓને તેણી સાચવશે. આ બાદશાહી વચન બાદ ઇરીનની મા સાંતીથી મરણ પામી અને ઇરીન અને તેણીના બે ભાઇઓ રાજની પનાહમાં આવ્યા તેણીના બંન્ને ભાઇઓમાં કોનસ્ટેનટાઇન બુરી સોહબતથી ઘણો ખરાબ નીવડયો જ્યારે ન્હાનાંને પોતાનું બાપીકું વતન ઇરટમબોલ પા-

ઈ આવવાથી તે ત્યાંનાં મુલકમાં વેપાર માટે ઉપડી ગયો. ઇરીન ઝનાનામાં રૂકાયત બેગમનાં આસરા હેઠળ ઉછરવા લાગી પણ તેણી પોતાનાં ધર્મ ઉપર મક્કમ હતી. શાહાઝાદા સલીમની માતા અકબરની બીજી બાયડી હતી તેણીનું નામ સલીમાં બેગમ હતું તેણી ઘણી પહડેલી હતી અને તેવીજ ખુબસુરત ચેહરાની ઘણી શોખીન બાનું હોવાથી સુંદર ઇરીનને હમેશાં પોતાની પાસ બોલાવતી. આ ઝનાનામા ઇરીન ભણ્યા વગર બેસી રહી હતી નહી, તે જાતે ચંચલ હોવાથી તેણી મુલ્લાંનીને હાથ ફારસી ઉરદુ વગેરે પહડી હતી, એટલુંજ નહી પણ બાઝેવખત ગઝલો ઉપર પણ કલમ ચલાવતી.

ઝનાનામાં સંપજતો હોયજ નહી, એક એક બેગમો પાસ દાસીઓના લશ્કરનાં લશ્કર ને રસાલાના રસાલા હતા એટલે બચ્ચાંબાલાં મલી શાહના ઝનાનાના બુલંદ પથરના મ્હાલમાં સુમારે પાંચ હઝાર ઓરતો વસ્તી હતી. શાહની બેગમોને એકમેક માટે અભીત્રી જબરી હતી તેઓ એકમેક તરફ બ્હારથી ઘણી બેદરકારી બતાવતી પણ બાતેનમાં તેઓ આખો દીવસ કેમ ગુજારતી તેની પુરેપુરી બાતમીઓ મેળવતી.

રૂકાયત બેગમને સલીમ તરફ ઘણો અભાવ હતો કારણ તેણી ભલાં દીલની હતી. સલીમનો બેટો ખુર્રમ (પાછલથી શાહ જેહાન) તેણીને વ્હાલો હતો અને તેણી અકબરને સમજાવતી કે આગ્રાની ગાદીને ખુર્રમ વધારે લાયક હતો.

સલીમની મા બેગમ સલીમા જયારેથી ઇરીનને પોતા પાસ બોલાવતી ત્યારે રૂકાયત બેગમ નાકનું ટીચકું ચહડાવતી.

બેદી ઇરીન હું તારાં ભલાં માટે કહુંછ કે તું સલીમા બેગમ

પાસ ના જા, એ ઘણી અવીચારી છે. પોતાના જવાન બેટા સલી-મને સદા પોતાના ઓરડામાં આવવા દેછ અને તેવી વખતે એણી પાસે બીજી જવાન નાઝનીનો બુરખા વગર બેઠેલી હોયછ તેઓને બેઆબ્રુત પોંહચેછ તેનો વીચાર કરતી નથી. એમજ એક દીવસ સલીમા બેગમની પાસ ખુબસુરત મેહરૂનીસા બેઠી હતી અને સલી-મે તેણીને માના ઓરડામાં જોતાંજ તેણી સાથ પરણવા માંગ્યું પણ શાહ પોતાના બેટાને કોઇ બલતીજ સાથ પરણાવવા ખુશી નથી અને તેને તુરતજ મેહરૂનીસાને એક અફગાન પેહલવાન સાથ પર-ણાવી દીધી. માટે સંભાલ બેટા અને એ સલીમાની સોહબત ઝાઝી ના કર.” ઇરીને આ બોલવું ધ્યાનમાં રાખ્યું.

એક દીવસ શાહે હાથીઓનો અખાડો કરાગ્યો ત્યારે ઝનાનાની બીબીઓ પરદા ઢાંકી બારી સાંમા જોતી ઉભી હતી, તેટલાં ઈરીન-ની બાજુએ ઉભેલી સલીમાએ કહ્યું “જો જો ઇરીન પેલો ફીરંગી જવાન કેવો કદાવર ને ખુબસુરત છે. શાહે એને લશ્કરનો સૈનાપતી બનાવ્યોછ, તુંને એ તારા ખાવીંદ દાખલ કેવો ગમશે?”

“હું અહીં ગાત્ર ખેલ જોવા આવીછ બેગમ, બીજા બલતાં વીચારો કરવા નથી આવી.” તે સુંદરીએ લજવાઇને કહ્યું, હવે પડો-સની બારીએ રૂકાયત બેગમ ઉભી હતી તેણી આ સાંભલી વીચાર-માં પડી. બેશક કેવો ઉમદા વીચાર! કેવું બંધ બેસતું જોડું. પેલી તરફ ઈરીન ગમે એટલી નજર હાથીની ઝુમબેસ ઉપર ફેરવવાનું કરે પણ બસ ખુદરતીજ તેની નજર એસ્બોર્ન ભણી ખેંચાયા કરે તેણીએ કાંઇ વર્ષો સુધી પોતાના જાતીલાઓને જોયા હતા નહી અને આજે તે ગોરા જવાનને જોતાંજ તેણી ખુશી બની ગઇ. હવે અકબર સાંહજને

વખત રૂકાયત બેગમની ખેર આફીયત પુછવા આવ્યો, ત્યારે તેણીએ એસ્બોર્ન અને ઇરીનની વાત છેડી. શાહને તે વીચાર ઘણોજ બરેહક લાગ્યો અને આપણે આગલ વાંચ્યું તેમ તેને તે માટે ઘટતી તૈયારીઓ કીધી. હવે ખોટી માત્ર પેલા ઇંગ્રેજ ધર્મગુરૂની હતી પણ તેને પેલા પોરચ્યુંગીસ પાદરીઓએ આશામાં ફટકવાજ દીધો નહી. ત્યારબાદ નસીબ સંજોગે ઇરીન એકવાર સલીમાના ઓરડામાં બેઠી હતી ત્યાં શાહાજાદા સલીમનું આવવું થયું તેને તેણીને જોતાંજ કોઇબી જોખમે પોતાની કરવાના કસમ લીધા.

બીજી સાંહજે પાદરી જેરોમ તરફથી રૂકાયત બેગમને પેગામ મલ્યો કે તેને ઇરીનની મુલાકાત લેવા દેશે તો તે તેઓનાં લગ્ન જોડી આપશે. રૂકાયત બેગમે વળતી કેહણ મોકલાવ્યું કે જનાનામાં આજસુધી પારકા મર્દનો પગ આવ્યો નથી અને હાલ પણ તેણી તેવી પરવાનગી આપશે નહી, આટલાંથી હાર ન ખાતાં જેરોમે એક કોનવેંટમાંની નન જોગણને સર્વે વાતથી વાકેફ કરી ઇરીનને પોરચ્યુગીસ ધર્મ તરફ ફેરવી લેવાને સમજાવ્યું. આ નન હવે જનાનામાં આવી. ઇરીન સાથ તેણીની પીછાણુ પેહલા દહાડાનીજ હતી, મગર તે મીઠી જબાનની નને પોતાનાં ધર્મની તરેહવાર વાતો ઇરીનનાં કાન ઉપર નાખવા માંડી, ઇરીન જનાનાની પાંજરા જેવી કેદીની હાલતથી કંટાળી ગએલી હોવાથી જવાન એસ્બોર્ન સાથ એક થવાને કુદરતી રીતે ઇંતેજાર હતી પણ તેમ તેજ વેળા તેણી પોતાના ધર્મ ઉપર પણ એસ્તવાર હતી, અંતે જયારે ફાધર જેરોમે જાણ્યું કે ઇરીન કાંઇ એમ સમજે નહી ત્યારે તેને બીજી શીખવણીઓ સાથ પેલી નનને મોકલી.

" બેટી, તારાં લગનનાં આસીરવાદ આપણાં ફાધર નાખવાને હવે તૈયાર છે. " તેણીએ મીઠે સાહદે ઇરીનને કહ્યું. પણ ઝનાનાગાં તે બની શકે નહી, માટે તું હમારાં મઠમાં આવ. " ઇરીને તે માટે પોતાના બીરાદરને પુછાવી જોવાને કહ્યું, અને તે નન જે સીસટર મેરીને નામે ઓળખાતી હતી તેણી રજા લેઇ ઉઠી, બીજે દીને ઇરીને કોનસ્ટેનટાઇનને લખી પુછાવ્યું.

આતો દરદીને ભાવતુંજ વૈદે ફરમાવ્યું, તે કોગીનનો શાહુકારનો કોઇપણ રીતે ઇરીનને ઝનાનાની બહાર કાઢવાને તૈયાર હતો તેને તુરત પેગામ મોકલ્યો કે ઇરીને પહેલાંતો કોનસ્ટેનટાઇનને મકાને પધારવું ત્યાંથી તેણીને દેવલમાં તે લઈ જશે, અને તે સુંદરીએ તે પ્રમાણે જવાને સર્વે તૈયારીઓ રચી.

ગરીબ ભોળી ઇરીન !

પ્રકરણ ૨૦ મું.

દગો.

રૂકાયત બેગમે ઇરીનને તરેહવાર નજરાણાથી નવાજી સારા આસીરવાદો દઇ તૈયાર કીધી. તેણી પોતાના મીઠા સ્વભાવથી સર્વેને વહાલી હોવાથી ચોબાજુથી સુંદર બેમુલ નજરાણાંથી તેણીને લાધી નાખવામાં આવી, સોનેરી સાજના એક મસ્ત હાથીની અંબારી ઉપર બુરખો નાખી ઇરીન પોતાના ભાઇને મકાને જવા નીકલી અને તેણીની પાછલ શાહ તરફની રીત એક મોટાં ગારાંમાં ભરાઇને આવતી હતી.

કોનસ્ટેનટાઇને ઇરીનને કહ્યું હતું કે તેણીએ મહેલમાંની એ-કળી દાસીને લાવવી નહી કારણમાં તેને એમ સમજાવ્યું કે તે બેહું ખાનારી ઓરતો ઘણી નીંદાખોર હતી એટલે ઇરીન સબંધી બધી કહાણી તેઓ શાહના ઝનાનામાં પોંહચાડશે. આ ઉપરથી તેણી એ-કલીજ આવી હતી, કોનસ્ટેનટાઇનનું અંતકરણ પોતાની બાહેનને દગો દેતાં ઘણું ડંખતું પણ તે અટ્યાસી જવાન બાલબાલ કરજદાર હતો એટલે સલીમ તરફનાં ઇનામ ઉપર તેને ઇમારત બાંધી હતી. અધુ-રામાં પૂરૂં શાહ તરફની રીતનો એક ભારી ચૅક એ ઈરીનને મળ્યો હતો તે પણ વટાવવા માટે તેણીએ પોતાના આ વીંટીપરનાં નંગ જેવા ભાઇને સોંપ્યો.

હવે કોનસ્ટેનટાઇને ધીરે ધીરે ઇરીનનાં કાનમાં ઝેર રેડવા માં-ડયું. પેલો ઈંગ્રેજ ફીરંગી ખરાબ ખસલતનો હતો, તેતો નાટકકાર અમીજાન સાથ પરણી બેઠો હતો, અને તેનેબી મૂસલમાનો માફક ઝનાનો રાખ્યો હતો અને—અને."

"અને શું ?" ઇરીને ફાટફાટ થતાં જીગરે પુછ્યું.

"અને તે હવે તુંને પરણવા ચાહતો નથી." કોનસ્ટેનટાઇને ઝેરી જીભલી ચલાવી.

ગરીબ ઇરીન, તેણીની નાસીપાસી અને દુખની સીમા ન રહી. આવી બેહુરમતીની તેણીએ કદીબી વકી રાખી હતી નહી.

"અને તું ભાઇ જેવો ભાઇ થઇ તારી બેહનને થયલું આવું અપમાન સાંતીથી સાંખી આવ્યો ? શું તારી કમરે શમશેર લટકતી હતી નહી ?" તે આરમીનીયન છોડીએ ઉભરાતાં આંસુઓમાંથી તુચ્છકારથી પુછ્યું.

"બેહન મારી, તે પડયો લડાયક લશ્કરી, તેના આગલ હું કયાં બીસાદમાં મારી બેહનને જોરજુલમથી એક મર્દની મરજી વીરૂદ્ધ પરણાવવા માટે હું મારો જાન ખોઉ તેમાં કાંઇબી ડાપણુ છે?"

"ઓ ખોદા આવી નામોશી અને ખેજાલતમાંથી બચવા હું કહાં જાઉં?" તેણી ધોધમાર રડતાં પુકારી.

"બેહન, શાહઝાદા સલીમને તારી ખુબસુરતી માટે ઘણો સારો વીચાર છે, અને તે તારી તરફ."—

"ચુપ, તે બદફેલ આદમીનું નામ મારા આગલ નાલે," ફરીને ઠઠરાવનારા અવાજે પોતાનાભાઇને કહ્યું.

કોનસ્ટેનટાઇન મામલો પામી જઇ નમી ગયો, તેને તુરત ફેરવી તોળ્યું.

"હું તુંને તેજ કેહવા માગુંછ વ્હાલી બેહન કે એ સલીમથી સંભાલજે, એ તુંને પોતાની ધણીયાણી બનાવવા ઘણોજ ખાહેસ્મંદછે."

"હું શાહની પનાહમાં જવસ, મને બીજા કોઇની પરવાહ નથી."

"અરે તેમાં તો ઓરબી તું વધારે ફસસે, શાહને પોતાના દીકરા ઉપર ઘણો વિષવાસ છે, અને તે તારૂં ન માનતાં સલીમનું માનશે માટે ત્યાં જવાનો તો વીચાર કરતીજના."

"હું રૂકાયત બેગમ પાસ પાછી જાઉંછ, તેણી મને શાહ પાસથી ઇનસાફ અપાવશે આવા ગેરઇનસાફમાં મારેથી જીવાશે નહી." દરીનનું આ બોલતું સાંભલી કોનસ્ટેનટાઈનને જબરી ફાળ પડી, તેમ તો તેનું બધું બોપાળું ફુટી જાય.

"જે ઠેકાણેથી તું પરણવા માટે માલોખજાનાથી લધાઇને આવી સાંજ હવે એવી બેહોરમતીની રીકલ સાથ કાંઇ પાછું ફરશ

ફરીન ? તારામાં શું જરાબી મગરૂરી નથી ?" કોન્સ્ટેને તેણીને ઉ-
શ્કેરવા માંડી.

"ત્યારે હું શું કરૂં ? ક્યાં જાઉં ?" ફરીને ધબરાટથી પુછ્યું.

"જો મારો એક ઘણો અંગત મીત્ર નામે ઇસમાયલ શરીફ
છે તેની બાયડીબી ઘણી ભલી છે મેં તે લોક સાથ તારે લગતી
વાતો કરેલી છે અને તેઓ તુંને રાખવાને ઘણુંજ ખુશી છે, બેહન
હું તુંને અંહીતો મારી આંખોપર રાખતે પણ મને સલીમની દહેસ્તછે."

ભોળી ફરીન સાંહજ પડતાં પોતાના બાપના રફીકને ત્યાં જઈ
રહી. તેની બાયડી જાની ખાનમ બોલકણી અને સારી હતી એટલે
ફરીનને ત્યાં સોહવાઇ ગયું. હવે સલીમે કોનસ્ટેનટાઇન સાથ એવું
કાવત્રું રચ્યું હતું કે મંગલવારને દીને સલીમ પેલા ઇસ્માઈલ શરી-
ફને ત્યાં જઇ ફરીનને પોતાને, કબજે કરી ઇનામનાં બદલામાં કોન-
સ્ટેન માંગે તેટલી રકમની હુંડી લખી આપે.

ફરીન બે દીવસ ત્યાં રહી તેટલાં તેણી પામી ગઇ કે તેણીનાં
દરેક પગલાંની ત્યાં સાહુચેતી રખાતી હતી, આહ ! આ આદમીઓ
દોસ્ત કરતાં ફસાંઉ દુષ્મન વધારે હતાં એમ તેણી તુરત પામી ગઇ.

"હું જવા માંગુછ," સાંહજ પડતાં ફરીને કહ્યું.

"પણ તું ક્યાં જશે બાનુ ?" જાની ખાનમે પુછ્યું.

"કેહેબી પણ એટલું તો હું જોઈ લેવા પામીજ કે અંહી ત-
મોએ મને કેદી જેવી રાખી છે."

"તેમતો નથી બાનુ, હમોને શું પરીછ ?" તેણીએ કાને હાથ
મુકયા "વારૂ પણ હમણાં તો સાંહજ પડીછ આજની રાત રહે કાલે
સહવારે ગમે તો જજે," એમ બોલવામાં પેલીની મકસુદ હતી. તે

રોજ મંગલવારનો હતો અને સાંજે તો સલીમ આવીને સુંદર ઈરીન ને લઇ જનાર હતો.

સાંહજની રાત થવા આવી પણ મુકરર કરેલા વખતે શાહજાદો સલીમ કાંઈ આવ્યો નહી, એમ કેમ ? જાની ખાનગ ઘાભરી બની ગઇ તેવામા જોશથી તેણીની દાયાને ધકેલો મારી તેનો ખાવીંદ ઇસમાયલ ફીકકો ફચ જેવો ઓરડાગાં દોડી આવ્યો.

"બીબી ઉતાવલ કરો મારી મુશાફરીનો એક કોઠળો જલદી તૈયાર કરો મારે હગણુંને હમણાં શહેરમાંથી ન્હાશી જવુંછ," તેણીનો ધણી બોલ્યો.

"યા અલ્લાહ એ શું આફત. અરે પણ મીયાં શું થયુ તેતો સગજાવો." તેની બીબી બોલી.

"શાહજાદો સલીમ પોતાના બાપનો જાન લેવાનું કાવત્રું રચતો હતો, તેનો શાહને અંશારો ગયેલો જણાયચ અને તેથી શાહે એકદમ શાહઝદાને આજે પરહેજ કરાવી ફત્તેહપુર સીકરી તરફ મોકલી આપ્યો છે, અને તેના હાથ નીચેના મારા જેવાઓ ઉપર જે વખત જાએછ તેમાં ધાર આવશે પણ લે ચાલો બીબી એમ ઢોરની માફક ઉભાંજ શું ?" અને મીયાં ઇસમાઇલે કબાટ ખોલી સર્વે ઉદાર પુદાર કરતાં પોતાની કીમતી ચીજો એક કોઠળામાં ભરી લઇ બારીએથી કુદાવ્યું.

"બીબી, તમુને કોઇ હરકત કરનાર નથી કારણ શાહનું ફરમાન છે કે ફકત કાવત્રાંગાં સામેલ ગર્દનોજ પરહેજપ કરવા." તેને જતાં જતાં કહ્યું.

હવે જાની ખાનમ વીચારમાં પડી. કોઈ સરકારી આદમીઓ

તેને ત્યાં આવતાં પરીનને જુવે તો! હવે કોઇબી કીસમે એને ખરતી કીધેલી સારી એટલે તેણીએ પરીનના ઓરડામાં જઇ ઢોંગ કરવા માંડયાં.

"બાનુ મને તમારી ઘણી દયા આવેછ, મારા સાંભલવામાં આવ્યુંછ કે શાહઝાદો સલીમ અંહી હાલમાં આવનાર છે!"

"હે!" અને પરીન હડીને ઉભી થઇ "ત્યારે હું એક પલબી વધારે અંહી થોભનાર નથી." "હા બાનું તેજ વીચાર વાજબી છે." અને જાની ખાનમે પોતાની મતલબ સરેલી જોઈ ઝનાનાનો દરવાજો ખુલ્લો મેલ્યો, નાદાન પરીન કાંઇબી વધુ પુછયા વના મોંહ ઉપર બુરખો ઉતારી બ્હાર પડી, રસતે એકલી પડતાં તેને એક પોતાની સહીયરને યાદ કીધી. ધીઆજબેગ નામના એક પરાની કીની બાયડીને તેની મરનાર માતા ઓલખતી હતી તેમજ એ ધીઆજ બેગને એક ઘણીજ ન્હેરેનમુન બેટી નામે મેહરૂનીસા હતી તેની સાથ પરીનને બહુજ દોસ્તી હતી. હાલમાં તેણીએ એ પોતાની રરીક બાનુને મકાન જવા ધાર્યું. સારા નસીબે તેણીને એક બુઢ્ઢા ગલી ગઇ જેને ધીઆજબેગનાં ઘરનો પત્તો આપ્યો. પરીન ઘટતે ઠેકાણે જઈ પોંહચી તો અફસોસ તે મકાન ખાલી હતું, આસેપાસેનાંઓએ ખબર આપી તેમ ધીઆઝબેગ કાબુલ ગયો હતો, અને મેહરૂનીસા કોઇ અફગાનને પરણી દેશાવર ગઇ હતી.

પ્રકરણ ૨૧ મું.

ફ્રાધર પીગનીરો–સીસટર મેરીયા–મઠની જીંદગી.

તે વખતમાં મોગલ રાજધાનીમાં પોરચ્યુગીસ ધર્મગુરૂઓએ કેટલો પગપેસારો કીધો હતો તે જાણવાજોગ છે. પોરચ્યુગીસોએ એક મોટું દેવલ બાંધી તેની પાસે સંખ્યાબંધ નીચી બાંધણીનાં ઘરો ઉભાં કીધાં હતાં, જેમાં તેઓ દરેક વટલેલોને રાખતા તેમજ વળી એક હસ્પીટાલને તેને છેડે સીસટરોની મઠ આવી હતી.

આ દેવલનો વડો તે ફ્રાધર જેરોમ હતો, પણ હાલ તે આસેપાસેનાં ગામડાંઓમાં ઉપદેશ કરવા ગયો હતો. તેની ગેરહાજરીમાં આ મીશન ખાતાનું વડપણ ફ્રાધર પીગનીરોને હાથ રહેતું અને હાલમાં તે ધર્મગુરૂ પોતાના ખાસ ઓરડામાં બેઠેલો જણાયછ, તે બેશક ઘણો પહડેલો અને બ્હારથી ઘણી મીઠાશ ધરાવતો સખ્સ હતો, પણ જે કોઇ તેની સોનેરી રંગની આંખો જોતું તે ફ્રાધર પીગનીરો ઉપર વિશ્વાસ મેલવા આગમજ દશવાર વીચાર કરતું. તે બાઇબલ ઉઠલાવતો બેઠો હતો તેટલાં એક નોકર અંદર દાખલ થયો.

"પાલક સાહેબ," તેને ફ્રાધરને નમીને કહ્યું. "એક જવાન સખ્સ ઘણો બેહાલ જેવો આપણી હસપીટાલમાં આવ્યોછ અને ડાકટર તમને બોલાવેછ."

ફ્રાધર તુરત ઉઠયા, દેવલની સીહડી ઉતરી તેવન હસ્પીટાલ તરફ ઉતાવલે કદમે ચાલ્યા.

"ક્યાં છે પેલો દરદી ?" ફ્રાધરે જતાં સમેત પુછ્યું.

પેલા નોકરે નીચી ખાટલી ઉપર બેભાન જેવા પડેલા એક જવાન હિંદુને બતાવ્યો તેનું માથું પોતાના ખોળા ઉપર લઇ એક બુઢી હીંદવાની કલાપીત કરતી બેઠી હતી. પેલા હિંદુનો ચહેરો સુજી આવ્યો હતો અને ગળામાંથી ધીમી અડગરીઓ નીકલતી હતી.

"શું છે, એને શું થયું છે ?" ફાધરે ડાકટરને પુછ્યું. "એ કોણ છે ?"

"એ પેલો જવાન નથુ છે, તમો નાગવરે એને બે માસ ઉપર વટલાવીને ખ્રીસ્તી કીધો હતો તે, અને આ તેની બુઢી મા છે."

તે હીંદુ જવાન પોતાના આખા કુટુંબનો પાલનાર હતો, તેની બુઢી વીધવા માતા અને જવાન બહેનોનો બધો આધાર ને ગુજારો તેની ઉપર હતો. તેવી વખતે માઠી જબાનના ફાધરે તેને ખ્રીસ્તી ધર્મની ફીલસુફી સમજાવી સીદ્ધા બેહસ્તમાં જવાનો રસતો બતાવી તેને વટલાવ્યો, એટલે પેલી બુઢી મા અરધી ગાંડી બની ગઇ તે અભણ બુઢ્ઢા એમજ સમજી કે તેના છોકરાને પેલા પાદરીઓએ કરી મુક્યું હતું આથી તેણીએ કોઇ ગોંસાઇ પાસથી ભુકી લઇ પોતાના છોકરાને પાછો પોતાનાં ધરમણી ખેંચવા ખાણામાં ભેળી ખવાડી પણ તે પરીણામ ઘણું બુરૂં આવ્યું અને તે જવાન ઝેર ચહડી જવાની બીમારીમાં હાલ પટકાઇ પડયો હતો.

"એ તેં શું કીધું ?" ફાધરે બરાડ મારી "તેં તારા દીકરાને ઝેર આપ્યું."

"મુવા પીટયા, અભાગ્યા રોયા એ તારાથી થયુની ?" તેણીએ વીછણ જેવી ઉછલી ઉભી થઇ ફાધરની પીઠે પોતાના સુકા છમણા જેવા હાથની છાપટ લગાવી કહારી. "પાઘડી બળ્યા, તું હમારો

ઘરો લેતા ક્યાંથી ફુટી નીકળ્યો હે ?"

"ગરીબ ઓરત," ફાધર લોહીનો ગોટ ગળી જઇ નરમાસથી બોલ્યા. "હું તુંને અને તારી અણસમજુ જાતને મોટી સીક્ષામાંથી બચાવવા આવ્યોછ."

"કેઇ મોટી સજા રે ?" તે બુઢ્ઢીએ તુચ્છકારથી પુછ્યું.

"ખોદાની ખફગી ! તમો હમારા સાચા ધર્મ તરફ આંધલા છો, તો હમે તમારી આંખ ખોલવા આવ્યાછ, તમો શું જાણતાં નથી કે તારા બેટાએ જે ધર્મ અખત્યાર કીધો તેજ રાહ જો તમોબી નહી ધરશો તો ખોદાની નારાજી ખેંચી લેશો ?"

"મુવા આંધલા મ્લેચ્છ જે ધર્મમાં ઇશ્વરે મને પેદા કીધી તેજ ધર્મમાં હું રહું તો ઇશ્વર શેના કોપાયમાન થાય ?"

અલબત આ સીદ્ધા સવાલનો જવાબ ફાધર સાહેબ પાસ તૈયાર નહતો તેવને હવે તે જવાનની સાહરવાર કરવા માંડી અને તે બધો વખત બુઢી કાશીએ રડયા કીધું.

જ્યારે ફાધર પીગનીરો બુઢી કાશી તરફથી ઘટતી સાલપામરી ઓઢી પોતાને દેવલે જવા નીકળ્યા ત્યારે એક નોકરે આવી ખબર આપી કે એક બુરખાવાલીબાનુ દેવલની સીહડાએ આવી બેઠીછ અને તેણી વડા ધર્મગુરૂ ફાધર જેરોમ યાતો સીસટર મેરીને મલવા માગેછ ફાધરે આ સાંભલી પગલાં ઉચકયાં, વળી કોણ ભુલા ચુકાનું બાબાપ આવી ચહડયું હતું ! દેવલમાં દાખલ થતાં ફાધરે એક નાજુક સરોવર જેવો સીધ્ધો આકાર બુરખાની તળ્યે ધ્રુજતો ત્યાં ઉભેલો દીઠો તેણીનો ચેહરો બુરખામાં તદન છુપાયલો હતો મગર બ્હારથી પણ તે અજબ મનોહરતા ધરાવતો.

"મને એમ કહેવામાં આવ્યુંછ કે તમે ફાધર જેરોમને મળવા માંગોછ પણ તેવન તો લાહોર ગએલા છે, અને તેવનને ઠેકાણે હાલ હું છું. એવું કાંઇભી કામ છે જે હું તબારે સારૂ કરી શકું બાનુ?"

પેલી નાજુક બાનુ જેના બેશક બીચારી ન્હાહેલી ગાએલી ઇ-રીન હતી તેણીએ ઉશ્કેરાયલા હલકે કહ્યું. "હું ક્રીશ્ચન ધર્મની હોવાથી ખ્રીસ્તી દેવલની પનાહ શોધવા આવીછ. હું સીસટર મૅરીને ઓળખું છ અને તેવન મને આશરો આપશે એવી ઉમેદ છે."

"ત્યારે તમે કોણ છો?" ફાધરે પુછયું.

"હું ઇરીન નામ ધરાંઉછ, મારા બાપ આરમીન્યાના ઇંગ્રેજ હતા, અને મારી માતા ઇસ્ટમબોલના રહીશ હતાં. મારો અદરાયલો ધણી મને બેવફા નીવડયોછ, અને મારો મા જણુયો ભાઇ મને પેલા બુરા શાહઝાદા સલીમને સોંપી દેવા કાવત્રું રચેછ તેથી હાંદેસાને મારેલી હું તમારી મદદ માટે અહીં આવીછ, મને સીસટર મેરી મલશે?"

"હા, ચાલો હું તમને મઠમાં લઇ જાઉં."

અહીં તેઓ બંન્ને પડોસમાં આવેલી કોનવેન્ટમાં ગયાં. "આ રહ્યાં સીસટર મૅરી, એવન આરમીનીયન બાનુ ઇરીન છે જેને તમે ઓ-લખોછ? એ બીચારી દુન્યાના દગાફટકામાંથી બચવા આ ખોદાના ઘ-રમાં આવીછ, અને જીસસક્રાઇસ્ટ કરેને એ પાછી તે બુરી દુન્યાગાં જવા પામે નહી. ! સીસટર તમે એને અંદર લઇ જાવો, અને અ-હીંની તેની હાજરી માટે કોઇને સંસારો નહી જાય તેની સંભાલ લેજો,"

સીસટર મૅરી પેલા ખ્રીસ્તીઓમાં મશહુર થએલા મરચંટ જેમ્સ પરેરાની બેટી હતી આ જેમ્સ પરેરા ફ્રાનસીસ ઝેવીયરનુ મમી બ-નાવેલું શરીર છુપીથી મલાકાથી ગોવા લાવ્યો હતો. આથી તે મ્હાન

નરની બેટી સીસટર મેરી ખ્રીસ્તીઓ વચ્ચે ઘણું માન મેલવતી હતી. ગરીબ એકલી અટુલી ઇરીન તરફ સીસટરનું દીલ તુરત દોડયું, અને તેણી તેણીને પોતાનાં મઠમાં લઇ ગઇ. દગાખોર દુન્યાથી દુર કાલા પથ્થરોના મુસ્તકીમ મકાનમાં ખોદાની બકતીમાં મશ્ગુલ રેહતી બાનુઓની સાથમાં ઇરીનનાં અશાંત બના રહેલાં મગજને ઘણી રાહત મલી.

"મારી બેટી હું ઘણી ખુશીછું કે મર્દોની બેવફાઇથી કંટાલી તું અંતે આ ખોદાના ઘરમાં આવવા પામી." સીસટર બોલ્યાં. "લાંબો વખત સુધી તું મ્હોમેદન ઝનાનામાં રહેલી હોવાથી આપણા ખ્રીસ્તી સાચા ધર્મની પુરેપુરી સમજણી નહી હશે, અને હું મોટી ખુશી."—

"સીસટર, તમારી ઘણી મહેરબાની, મારાં માતાએ મને આપણા બુલંદ ધર્મની ફીલસુફી પુરેપુરી સમજાવેલી છે અને આજ સુધી હું તે ઉપર મુસ્તકીમછું."

ઇરીન હાલને કાજ તો ત્યાં સલામત હતી પણ એક વાતનો તેણીને વાંધો હતો. તેણી પ્રોટેસ્ટંટ પંથની હતી અને સીસ્ટર કેથોલીક પંથ પાલતાં, એટલે તેઓ અવાર નવાર તેણીના કાન ખોલતાં એ વાતના અણગમાં સીવાય બીજી બધી વાતની તેને સગવડ હતી.

હવે પેલી તરફ ફાધર પીગનોરા પોતાના જાતભાઇ ફાધર બેનડીકટ—ડ—ગોસ આગલ ઇરીનને લગતી વાત કરેછ, લુચ્ચા બેનડીકટને વાંચનાર ભુલીતો નહીંજ ગયાં હશે, તેને ઇરીનની કહાંણી ધ્યાન આપી સાંભલી. ખુબ વીચાર કરી જોતાં તે સદાના પ્રપંચી બેનડીકટને એક વીચાર સુજીયો.

"બાઇ જરા અંદર આવો, મારે તમોને એક છુપી વાત ક-

હેવીછ, હાજો તેમ બન્યું તો આપણું નામ સાચા ધર્મ સ્થાપક દાખલ દુન્યામાં મશહુર થઈ જશે. ”

પેલા બંન્ને પાદરીઓ દેવલના અંદરના ભાગમાં જઇ વાતે વળગયા.

“ મારાં સાંભળવામાં એમ પકકે પાયે આવ્યુંછ કે શાહજાદો સલીમ આ ખ્રીસ્તી ઇરીનને પરણવા તૈયાર થયોછ તો વીચાર કરો, ફાધર, ઇરીન જો સલીમને પરણે તો પછી તેણી આપણા ધર્મ ઉપર પોતાના વરનું દીલ ખેંચસે, સલીમ ગમે એવો ધાટકી છે પણ ઓરતના હાથમાં સેહજે બકરાં જેવો થઇ જાઓછ. માટે ફાધર તમે ઇરીનને પહેલાં તો આપણાં ધર્મ તરફ ઢલતી કરો બાદ શાહજાદા સલીમને સોંપો, અને ખુદાતાલા કરશે તો ચાલતે દહાડે સલીમ જ્યારે શાહ થશે ત્યારે ઇરીનની સમજાવતથી ખ્રીસ્તી બની પોતાની સાથે પોતાની તમામ રૈયતને પણ આપણા ધર્મમાં લેતો આવશે, આહ ! ફાધર શું ધાર્યું એકજ દીવસમાં પોણું હિંદુસ્તાન ખ્રીસ્તી થઇ જશે એ કાંઇ જેવી તેવી આપણી નામના થશે ! ” બેનડીકટ હાથની તાલી ઠોકી બોલ્યો.

આ સાંભલતાંજ પીગનોરા કુદીને ઉઠયો, તેને તુરત ગઠ તરફ હેરીયું લીધું. સીસટર મૈરી સાગાંજ હતાં તેવન આગલ ફાધરે આખા હીંદુસ્તાનને ખ્રીસ્તી બનવાની સુનાં મોહર જેવી ટક હાથ લાગી હતી તેનો ખુલાશો કર્યો. સીસટર જેવને અબણોને વટલાવવામાં પોતાની તમામ જીંદગી ઘસી નાખી હતી તેવન આ સાંભલી ગોયા પોતા માટે સાતમુ બહેસ્ત ખોલાયુ હોય તેવાં ખુશી બની ગયાં. અને નાફાન ઇરીનને પોતાના ધર્મની પક્ષમાં ધીરે ધીરે લેવાને નક્કી કીધું.

બીજે દીને ફાધર જેરોમ લાહોરથી પાછા ફર્યા, તેવન આ હકીકત સાંભલી જરા વીચારમાં પડયા. "મારા સાંભલ્યા પ્રમાણે સલીમ તો હાલ શાહનાં ફરમાનથી ફતેહપુર સીકરી તરફ પરહેજ છે, અને કદી શાહનાં કાનઉપર આ વાત આવી તો આપણો મરો છે."

"પણ શાહતો બુઝર્ગી તરફ ઢલતો જાએછ તે કેટલા દીવસ બાકી કહાડસે, એવી વખતે આપણા ભવીષયના શાહ સલીમને ટાઢો મીઠો રાખેશો સારો! વીચારતો કરો ફાધર કે એક દીવસમાં આખું હીંદુસ્તાન ખ્રીસ્તી થશે, બસ સલીમ છુટે કે ઇરીનને તેની પાસ મોકલવી જોઇએ."

સલીમ કેદ હતો તેટલો વખત તેઓને ઇરીનનું મગજ ફેરવવાને ઠીક કામે આવ્યો, તેઓએ પોતાના પંથની ફીલસુફી તે સુંદર નાઝનીનને રાતો દીન સમજાવવાં માંડી એટલુંજ નહી પણ કોઈ કોઇવાર તેઓ તે જવાન નારને કાને સલીમનું નામ નાખતાં, તેને વરવાથી તમામ મુલકને તેણી કેવો લાભ કરી શકે તે સીલટર તેણીને સમજાવતાં અને નીરાધાર ઇરીન તે શાંભલી મનમાંજ મુઝાતી. હવે તેણી પામી ગઇ હતાં કે તેઓ પણ તેણીનાં દુશ્મન જેવાંજ હતાં.

કોનસ્ટેનટાઇનને મોંહડે પોતાના અદરાયલા ગોરા જવાન એસ્કોર્નની બેવફાઇ ઇરીને સાંભલી હતી તોબી કોઇ અજબ રીતે તેણીનું દીલ એસ્મોર્નને બેવફા માનવાને ના પાડતું, એક દીવસ તેણી બીમારોની માવજત માટે ઇસ્પીટાલમાં ગઇ. જ્યાં તેણી અવારનવાર સીસટરો સાથે જતી હતી. ટક મલતાંને એકલી પડતાં તેણીએ પેલા વટલેલ હીંદુની બુઢી મા કાશીને બાજુ બોલાવી પુછયું.—

"આહુરાપુરમાં શાહ અકબરનાં લશ્કરનો ઇંગ્રેજ સૈનાપતી રહેછ

તેનું મકાન તેં જોયુંછ ?"

"હા. હા, કેમ મઢમ સાહેબ, કાંઇ કામ છે ? કાંઇ તગારી તરફની ચીઠી પત્રી લઇ જવી હોસેતો આ કાશીનું ચામડું તૈયાર છે"

"નહી, નહી ચીઠી પત્રીતો કાંઈ નથી પણ ફકત ત્યાં જઇને પક્કે પાયે ખોળ કરી આવ કે તે પરણેલો છે કે કુમારો, તેના બદલામાં લે આંચ મોતી, પણ જો જવાબ લાવેતો કોઇની સાંમે બોલી દેતી ના, મને છુપીથી કેહજે." અને ઇરીને પોતાના બાલમાં પોયલું એક મોતી કહાડી આપ્યું.

"ઇશ્વર તુને સુખી રાખે, મઢમ મા" કાશી તેને કરાક દઇને ઓવરણા લેઈ બોલી તે બુઢયા રસતે પડતાં મનસે બબડવા લાગી. "કેહ કેહજે કે એ મઢમોતો સારો દહાડો પોતાનાં દેવલમાં પરમેશ્વરની ભકતી કર્યાં કરે ને મર્દોનોતો કદી ખ્યાલ નહી કરે પણ એ બધી કેહવાની વાત, છેતો કેવી સુંદર ગોરીગોરી પાન !"

બીજે દીને ઇરીન ફરી પાછી ઈસ્પીટાલમાં ગઇ જ્યાં કાશીબાઇ નવી ખબરો સાથ તૈયાર ઉભેલાં.

"હું જઇ આવી મડમબાઇ ભીખ માંગવાના ઢોંગે હું બારી સુધી ગેઇ તો ત્હાં પેલો ફીરંગી જવાન એક બાનુની સાથે બેઠેલો હતો. તે હતી તો કાલી પણ સોહામણી ઘણીજો, તોબી તારી તો જુતીનેબી નહી પુગે મેં એક નોકરને પુછયું કે આ ગોરા સાહેબની પાસે કોણ બેઠુંછ તો કેહ કેહજે કે એતો તેની બાયડી છે—"

એક ડચકાં સમેત ઇરીન ત્યાંથી ખસી ગઇ, તેણીની આંખોમાંથી તરતર આંસુંસરી પડીયાં તે જોયા વગર કાશીએ ચલાવ્યું.

"મઢમ દીકરા, તું તે ઇંગ્રેજને વધારે લાએક હતી એવી પર

જાતને શું કામ પરણ્યો હોશે, પણ ગાટીડા એવાજ જો, હજારમાં એકબી વફાદાર નહી હોય."

ઇરીન વધારે સાંભળ્યા વગર મઠમાં ચાલી ગઇ. હવે તેણીએ પોતાની બાકીની જીંદગી તે મઠમાંજ કહાડવાનું નક્કી કીધું પણ ત્યાંબી તેને જંપ હતો નહી. તે ખોદાની પુજા કરનારાં તો સાંમા તેણીના દુશ્મન જેવાં હતાં. ઇરીનને સલીમ તરફ જગરો આમાત્ર રાખતી જોઇ સીસટર તેને તરેહવાર સમજાવતી. બેનડીકટ—ડ—ઘીસે એક દીવસ બીજી રીતે પોતાનું ભેજું અજમાવી જોયું. તેને ઇરીનને ખબર આપી કે પેલો ઇંગ્રેજ જવાન એશ્બોર્ન લડાઇ ઉપર ગયો ત્યાં તે માર્યો ગયો. સૌએ ધારી રાખ્યું કે ઇરીન હવે તેનો ખ્યાલ મુકશે, પણ નહી તેણી બેભાન જેવી પોતાના ઓરડામાં ચાલી ગઇ. હવે તેણીને જીંદગી કડવી ઝેર જેવી થઇ પડી.

બીજે દીને તેણી ઇસપીટાલમાં ગઇ, ત્યાં બુઢી કાશી દરવાજા આગલજ ઉભી હતી. ઇરીનને જોઇ તેણી તરેહવાર આંખની ઇસારતો કરવા લાગી, ગરીબ ઇરીન તેણીનું જીગર ઘણુંજ દર્દમંદ બની ગયું હતું, એશ્બોર્ન હૈયાત હતો નહી તો હવે કાશીની ગમે એટલી અસારત શું કામની હોય, અંતે તે બુઢયાએ નજદીક આવી ઇરીનના ગોલાબી હાથમાં એક ખત સેરવી દેતા તેણીની તરફ એક કૃત્તેહની નજર ફેંકી.

પોતાના ઓરડામાં એકલી પડતાં ઇરીને તે કાગજ ખોલ્યું, તે ફારસીમાં લખાયલું હતું અને નીચે તેની જીવેજાનની સહીયર મેહરૂનીસાની સહી હતી તે કાગજ નીચે પ્રમાણે હતું.

" મારી ચશ્મો જેવી પ્રીય હમશીર ઇરીન.

તારા સાથે જે મોટો દગો રમવામાં આવ્યોછ તેથી હું રોસ્ણ થઇછું. સલીમની ધમકી અને તારા બાપનાં કાવત્રાંથી તુંને ચમકાવી નહસાડવામાં આવીછે.

પેલો તારો અહરાયલો ઇગ્રેજ જવાન તદન નીરદોષ છે, તારા નામ હેઠલ એક બલતીજ ઓરતને તેની સાથ જોડી આપી તેઓએ તે ગોરા જવાનને પણ હરહરતો ઠગયો. તે જવાન છેલ્લી લડાઇમાંથી જીવતો બચી આવ્યોછ અને હાલમાં તે પોતા ઉપર ગુજરેલો ગેરઇનસાફ જાણી શકયોછ એટલે તે તુને શોધી કહાડવા ઘેલો દીવાનો બની ગયોછ. બેહન તું એ પોરટ્યુગીસ પાદરીઓ ઉપર વિશ્વાષ મેલતી ના. તું મારામાં હજુર એક સાચો રફીક રહેલો જોશે જોકે હું પોતેબી હમણાં તો ઘણી કંગાલ બની ગઇછ કારણ ગારી ઉપરબી ઘણું વીટયુંછ પણ તેની વાત પછી આ બુઢી કાશી ગારફત મારી ઉપર પેગામ મોકલજે હું તેની આતુરતાથી રાહ જોવસ.

તારી વિશ્વાસુ રફીક મેહરૂનીસા.

અંધારામાં ટટોસતું એક આદમી બ્હારની રોસ્ણીગાં આવતાં ખુલ્લું જોઇ શકે તેમ પરીનની આંખો ઉપરનો અંધકારનો પરદો ખસી ગયો; અને સર્વ ખુલાસાની રોસ્ણી પ્રદીપ્ત થઇ. તેણીએ ફરી અને ફરીથી તે વાંચ્યું અને સુખનાં આંસુઓ તેણીના ગાલ ઉપરથી સરી પડ્યાં.

સીસટર મેરી, જેણી પરીનને બારીકીથી તપાસ્તી હતી તેણીએ જોયું કે પરીન ઘણી ખુસાલીગાં હતી. તે શું હશે ? શું પેલો ઇંગ્રેજ જવાન અંતે તેણીને શોધી કહાડવાને શક્તીવાન થયો હશે ? તેણીએ પરીનની ખુશાલીનું કારણ પુછ્યું તે તેણીએ તુરત ઉડાવ્યું

તેજ સાંજને બેનડીકટ સાહેબ ખબર લઇ આવ્યા કે શાહાંઝાદા સલીમ ઉપર રહેમલાવી તેના પીદરે તેને ફત્તેહપુર સીકરીનો પરહેજમાંથી મોકલો કરી અલાહબાદ પાછો રવાના કર્યો છે. અને સલીમે છુટા થતાંજ બેનડીકટ મારફત ફાધર જેરોમ ઉપર કેહણ મોકલાવ્યું હતું કે હવે તેઓએ ઇરીનને તુરત મોકલી દેવી. તે પોતાના દશ ઘોડેસ્વારોને આગ્રાની સરહદે મોકલશે અને ઇરીનની સાથે બેનડીકટે અને ત્રણ બીજા સખ્સોએ મુસાફરી કરવી, વળી તે માટે એક પાલખી પણ તૈયાર હતી.

ગરીબ ઇરીન, તેણી તો હાલમાં સુખના સ્વપના જોતી હતી.

પ્રકરણ ૨૨ મું.

મેહરૂનીસા–અમીજાનની આગલી પાછલી–શેર અફગાન.

હવે આપણે હાલ તરત ઇરીનને છોડી જવાન એસ્બોર્ન તરફ નેગાહ પોંહચાડયે, પોતા ઉપર વીટેલી એક પછી એક મુસીબતો માટે ગંભીર ધોર કરતો તે પોતાનાં મકાનમાં એક દીવાન ઉપર અલેટાઇ પડયો હતો તેટલાં તેના નોકરે ખબર આપી કે એક જવાન સખ્સ તેને મલવા ચાહતો હતો. એસ્બોર્ન તેને અંદર બોલાવે તે આગમજ નોકરને બાજુ કરી એક પટલો નાજુક યુવાન અંદર ચાલી આવ્યો. એસ્બોર્ન આ નવા આવનાર જવાનની હદપાર ખુબસુરતી જોઇ હેરત રહ્યો. તે નાજુક ઉચો અને અતીઘણા મીઠા મનોહર ચેહરાનો હતો, તેની પેશાની તો ગોયા નુરગંદ આફતાબમાંથી કોતરી કહાડી હતી,

ગાલો કાશ્મીરના પહાડી ગુલાબ જેવા ગુલગુલાલા હતા, રેશમી પાઘડી પેહડી હતી અને કમરે સોનેરી કમરબંધ બાંધ્યો હતો. સલામ અલેકુમ થયા બાદ તે પોતાનાં દીલરૂબાનાં તાંત જેવા શીરોન હલકે બોલ્યો.

"ફીરંગી જવાન, મારા સાંભલવામાં આવ્યુંછે કે શાહઝાદા સલીમ સાંમે તેં ફર્યાદ ઉઠાવીછે, અને શાહે તેના પૂરાવા રજુ કરવા તુંને ફરમાવ્યુંછે ?"

એશ્મોર્ન ડઘાઇને તે કમાલ ખુબસુરતી ધરાવનાર જવાંમર્દનાં બદખશાનનાં બેમુલા લાલમાંથી કોરી કહાડેલાં હોઠોની કાંઇક ખફગીભરી વલણ અને માહેથી ચીમાતા મોતી જેવા દાંતો જોતોજ ઉભો.

"હું તુંને તે તારા પુરાવા એકઠા કરવામાં મદદ કરવા આવ્યોછું." તે અજાણ્યાએ કહ્યું.

"આભાર તારો અયે ખુબરૂ જવાન." એશ્મોર્ન કાંઇક તવાઝાથી બોલ્યો, "મગર તારા રોશણુ દીદાર મેં આગલ કોઇવાર જોયા નથી, યાને આપણ બંન્ને એકમેક આગલ તદન પારકા છીયે."

"તારૂં કેહવું રાસ્ત છે, પણ અગર હું તારો રફીક નહી હોવસ તો શાહાઝાદા સલીમનો કટ્ટો મુદઇતો છુંજ. આપણ બંન્ને તે બદફેલ સલીમના ગદઇઓ છીયે આપણે બન્નેએ તેને હાથે ઘણું ખમ્યુંછે, તો આપણે સાથેજ મલી તેનો કીનો લેવો જોઇએ. વળી તને જે ખુલાશા જોઇતા હશે તે હું આપી શકશ."

"મારા ઉપર વીટેલી મુસીબતો તું કેમ જાણે ?" એશ્મોર્ને ગમીથી કહ્યું, "હું બધુ જાણુંછું, હું પેલી આરમીનીયન નાઝનીન શીરીનને ઓલખુંછ જેને શાહએ તારા માટે મુકરર કીધી હતી, તેણીનું શું થયુંછ તે મને ખબર છે તેણીને ઠેકાંણે જે બોદી ઓર-

તને મુકવામાં આવી હતી તેને પણ હું ઓલખુછ.”

“ઓ ત્યારે કેહ જવાન કે ખરી હરીન કયાં છે?” તેને ઈંતેજારીથી ઉભાં થતાં પુછયું, “પોરચુગીસોએ જે દેવલ બાંધ્યુંછ તેની જોડેની મઠમાં તેણી રહેછ.”

“તેં કેમ જાણ્યું?”

“મેં આજેજ તેણી ઉપર એક ચીઠ્ઠી પણ મોકલીછ, ત્યાંની હસ્પીટાલમાં કામ કરતી એક બુઢી હીંદવાણી મારફત હમો વચ્ચે પત્રવહેવાર જાગ્યોછ. પાદરીઓએ ગનસુબો કરી રાખ્યોછ કે સલીમ નજર કેદમાંથી છુટેકે હરીનને સલીમને હવાલે કરવી અને તેણીને દગાથી અલાહબાદ મોકલવાની પાદરીઓ છુપીથી તજવીજ કરેછ. વળી જે તુંને પરણી હતી અને જે અમીજાંનનું નામ ધરાવેછ તેણી પણ સલીમ પાસ જવાને હાલ અલાહબાદનાજ રસતા ઉપર છે, તું ધારેછ તેમ તે ઓરત બુરી નથી તેણીને તો સલીમે આ કાવત્રું રચવા રોકી હતી અને તેણીએ પેટને ખાતર તેમ કર્યુંછ તું તેણીની કહાંણી જાણુશે તો તેણી ઉપર જરૂર દયા લાવશે.”

“તું શું તેણીને પીછાણેછ?” એસ્બોર્ને પુછયું.

“હા, તેણી પેહલાં બ્રાહ્મણ જાતની હતી, અને એક મોટા હીંદુ જાગીરદારને પરણી હતી. જવાન ઉમરે વીધવા થવા પામી ત્યારે એ લોકની જાતના જુલમી રીવાજ પ્રમાણે એને સતી થવા બ્રાહ્મણો લઇ ગયા. લાકડાંની ચેહ સલગાવી માંહે પેલા હીંદુનું સબ મેળી તેની વીધવાના ખોળા ઉપર તે સબનું માથું મેલી બ્રાહ્મણોએ ચીતા ખડકી, તે વખત તેણીની ઉમર ફકટ સતર વર્ષની હતી વળી તેણી ઘણી ખુબસુરત હોવાથી તેણીને મરવા ગમ્યું નહી, અને હે-

બતાયલી જેવી તેણી બળતામાંથી બ્હાર ધસી આવવાનું કરતી હતી તે જોઇ બીજા બ્રાહ્મણોએ તેણીને લોહડાનાં સલીયાએ અંદર ધકેલ ધકેલ કરવા માંડી તેજ વખતે ત્યાં એક મુસલમાન અમીરનું આવવું થયું તે પેલી જવાન બ્રાહ્મણીની ખુબસુરતીથી છક થઇ ગયો અને તેણીને તેવાં ત્રાસદાયક મોહતમાંથી બચાવા નજદીક જઇ સીતાબીથી તેને બળતણમાંથી ઉઠાવી લઇ પોતાના ઘોડા ઉપર મેળી અને ચારે પગે પોતાનો રખસ છોડી મેલ્યો. તેને ત્યારબાદ તેણીને બ્રાહ્મણથી વટલાવી મુસલમાન કીધી અને તેણીને અમીનાનું નામ બક્ષ્યું. તે અમીર જ્યારે મરણ પામ્યો ત્યારે તેના જનાનામાં સાવકાં છોકરાઓ વચ્ચે તેને પરી રહેવા ગમ્યુ નહી અને તેણી બહાર પડી એક નાટકશાલામાં જોડાઇ હું તેણીને શાહના ઝનાનામાં જોતી અને.—"

"શાહના ઝનાનામાં તારા પગલાં ? ત્યારે તો અયખુબરૂ જવાન તું એકમર્દ નહી પણ ઓરત હોવી જોઇએ." એરઓર્ન બોલી ઉઠયો.

તે ખુબસુરત ચેહરો ઉતરી ગયો. "મેં બોલવામાં મને ફસાવીછ, પણ ઇંગ્રેજો એક બોલના સતવચની હોયછ માટે મને વચન આપ કે તું મારા માટે કોઇને કહે નહી. હવે બોલ તેં શેર અફ્ગાનનું ઇસ્મ કદી સાંભલ્યુંછ ?"

"શેર અફ્ગાન પેલો શીંહ જેવો જોરાવર ને પહાડ જેવો મુસ્તકીમ અફ્ગાન બચ્ચો ?" એરઓર્ન બોલ્યો. "બેશક હું તેને નામે ઓળખુંછ શાહના લશકરમાં તેના જેવો શેરમર્દ બીજો કોઇજ નથી."

"તે મારો ખાવીંદ હતો હું મેહરૂનીસાંછું અને મારા ખાવીંદનું ઘાટકી સલીમે ખુન કરાવ્યુંછ જેથા કીનાની ઉમેદમાં હું અહીં

આવીછ." ખુબસુરત મેહરૂનીસા તપતાં મગજે બોલી.

"શેર અફગાનનાં મરણની ખબર હું હમણાંજ સાંભળુંછ." એસ્કોર્ને કહ્યું.

"મારો પીદર તહેરાનનો વતની હતો. તેના ઉપર મુફલેસીએ મુસીબત નાંખી ત્યારે હીંદુસ્તાનમાં પોતાનું નસીબ ખોલવા તે પોતાની બાયડીને લઇ નીકળ્યો, રાહને દરમ્યાન મારા માબાપની ભૂખે મરતી હાલતમાં મારો જન્મ થયો. અંતે આગ્રા આવતાં શાહની નોકરીમાં મારા પેદર અને બીરાદર જોડાયા અને હમારી દલદેસરીના દહાડા દુર થયા. મારી માદર સાથ હું અવારનવાર શાહના ઝનાનામાં જતી. જ્યાં એક દીન સલીમે મને જોઈ, તે બદ નજરનાં શાહાઝાદાએ મારા સાથ પરણવા માંગ્યું અને શાહે તે ના પાડી મારી કદખુદાઇ તુરત શેર અફગાન સાથ કરી આપી. પણ સલીમ મને ભૂલ્યો નહી અને તેને નીચ દાગાથી મારા બહાદુર ખાવીંદનું ખુન કરાવ્યું. જ્યારે મને એ ત્રાસદાયક સીતમની ખબર પોંહચી ત્યારે પેલા કસાઇ સલીમના હાથમાંથી બચવા મેં તેજ પલે મર્દનો વેશ લીધો અને હાલ હું મારાં મકાનેથી ન્હાઠેલી કીનાના ભભૂકામાં જલતી તારી સાથમાં ભેળાવા આવીછ. મારી માદર અને મારી ન્હાની બેટીને હું છોરી આવીછ પણ જ્યાં સુધી શેર અફગાનનું વેર લેવાસે નહી ત્યાં સુધી હું ફરી તેઓને મોંહ બતાવીશ નહી." અને મેહરૂનીસાની આંખોમાં અગની ફરી વળી.

"તારી હકીકતે મને ઘણી રંજ પોંહચીછ બાનુ." એસ્કોર્ન બોલ્યો. "પણ હવે આપણે ઇરીન માટે—"

"તેણીને સલીમ ઉપર મોકલવામાં આવનાર છે તે વખતે

રસ્તો ઘેરી તેણીને દુષ્મનોના હાથમાંથી બચાવી લેવી જોઇએ, તેઓ ધરીનને ક્યારે નહસાડનાર છે તે પક્કે પાયે જાણી હું તારા ઉપર કેહણુ મોકલીશ તે વાર તું તારા વફાદાર આદમીઓ સાથ તૈયાર રહેજે. યાદ રાખજે જવાન, કે કોઇ પરજાત ઉપર ભરૂષો મેળતોના કારણુ સલીમના નામથી દરેક રૈયત બીહેછ માટે એ કામમાં ફક્ત તારા જાતીલા ગોરા સીપાહોનીજ મદદ લેજે. સલામ, તું મહારા તરફથી જલદી ખબરો સાંભળશે." અને તેણી બ્હાર ચોંગાનમાં જતાં તુરત પોતાના ઘોડા ઉપર સ્વાર થઈ નીકલી ગઈ.

એસ્બોર્ને ધાર્યું તેમ હિંદુસ્તાનની ઓરતો ઘણી બ્હાદર હતી. એક તેણીને સોનાની ગોળીથી વીંધી નાંખવાનું કીધુ (ચાંદ સુલતાના) બાજીએ તેણીને લડાઇના મેદાનમાંથી મરતેતોલ હાલતમાંથી બચાવી લીધો. (બીરસીંગની બેહન) વલી એક ધરીનનાં વેષ સાથ તેને પરણી ઠગાવ્યો; અને આ ઓરત આ સારી જેહાંનમાં જોડ ન મલે તેવી રામ્ણુ મ્હેરાની બાનુ ફીનાની તલગમાં ખુનખાર બની તેને મદદ આપવા આવી હતી. ખરેખર હીંદુસ્તાનની સ્ત્રીઓ બહાદુર ને પંચી તો ખરી.

"કેવી સુંદર ! બેસ્ક શેર અફગાન જેવા લડવૈયાની બાનુ થવાને લાયકજ." તે બબડયો,

"વળી તમે ઓરતોનો વીચાર કીધો ?" પરદા પાછલથી એક મીઠો અવાજ સંભલાયો અને ઠપકાથી હાથ ઉઠાવતાં હશ્મત ત્યાં દોડી આવી. તમે હજુર ઓરતોના ફંદાથી ધરાયા નથી કે વળી તેનાં વમાસણમાં પડયાછ ?"

"હસ્મત તું ક્યાં હતી? વળી છુપાઇને સાંભળતી હતી નહી?" એશ્મર્ને કાંઇક ગુસ્સાથી કહ્યું.

"હા વાતતો ખરી. મારા માલેક તુંને લોકો ફસાવે તે હું શું દેખતી આંખે જોયા કરૂં? આ ઓરત એટલું બજાવે તેમાંની લાગતી નથી."

"હશ્મત હું તુંને સાફ કહુંછ કે આવી રીતે ભરાઇને સાંભળવાની ટેવ છોડી દે."

"મારાં બુટ કરડે છે," અને તે બાલકીએ તરત રડવા માંડ્યું. તે સદા ખુલ્લે પગે રેહેતી પણ હાલમાં તે ભુલકી માટે એશ્મોર્ને બુટ મગાવ્યા હતાં, અને બુટની આશરમ ન હોવાથી તેણી ડંખવાનું બ્હાણું કહારતી. એશ્મોર્ને તેણીને મમતાથી ખોળાપર ઉઠાવી બુટ કહાડી નાંખ્યું પણ અંદર સમાઇ ગએલા ન્હાના નાજુક ગોલાબી પગો ઉપર એક લેશ ભારની તેને દુખની નીશાણી જોઇ નહીં.

"એમ કેમ હશ્મત તું શામાટે રડેછ?"

"સરદાર તારી ખફગીની ગમીમાં હું રડુંછ."

"તારે હું કેત્રો હોવો જોઇએ." એશ્મોર્ન ઉશ્કેરાઇને બોલ્યો." "મેં હમણાંજ મારે મનથી હીંદુસ્તાનની ઓરતોની વખાણ ગાઇ પણ સત યકીનથી કહુંછ કે તારા જેવું વફાદાર જીગર કોઇ મોટી સમજદાર ઓરતમાં પણ મલવું મુશ્કેલ છે."

પ્રકરણ ૨૩ મું.

હિંદુસ્તાનને વટલાવવાનો તદબીર–સુજમા રોજા –કરે તેવું ભરે.

પેલી તરફ બાપડી ઇરીન ઉપર મઠમાં એવી ચોકાસી રાખવામાં આવતી કે તેણીની હાલત તદન એક કેદી ગીસાલ થઇ પડી હતી. પેલી બુઢી કાશી ઉપર સીસટર મેરીયાને વેહમ આવવાથી તેણીને હાસપીટાલમાંની નોકરી ઉપરથી રજા આપવામાં આવી એટલે ચી-હડની મારી તેણીએ મેહરૂનીસા આગળ જઇ ફર્યાદ ઉઠાવી કે ઇરી-નને છુપીથી નહસાડવાની હવે મઠમો તૈયારી કરતાં હતાં, અને અ-લાહબાદ સુધી પાલખી ઉંચકી જવા માટે હમાલ પઠયા હતા. મેહરૂ નીસાએ એક બીજો રૂક્કો ઇરીનને આપવા માટે કાસીને સોંપ્યો અને આપણે આગલા પ્રકર્ણમાં વાંચ્યું તેમ તેણી એરગોર્નને મુલાકાત આપી. કાશીને જવાન ઇરીનને મલવાની બીજી ટક મલી નહી, એટલે ઇ-સ્પીટાલમાં પડેલી એક માંદી બાઇને પેલી ચીઠી સોંપી ઇરીનના હાથમાં મુકવાને સમજાવી. પણ આ હીલચાલ સીસટર મેરીના જો-વામાં આવ્યા તેવને તે ચીઠી પઠાવી લીધી. સારાં નસીબે મેહરૂનીસાએ તે પેગામ ફારસીમાં લખેલો હતો એટલે મઠમાં તે કોઇબી ઉકેલી સકયું નહી. જ્યારે એ વાત ફાદર જેરોમે જાણી ત્યારે તેવન ઘબ-રાટમાં પડયા.

" મને મઠનાં મડશ્રી એ બનાર માટે ચીંતા હતી, હું ધારૂંછ કે આપણે એ બીહટ કામમાં હાથ નાખવામાં ભૂલ કીધીછ. ઇરીનના

દોસ્તો ઘણાં હોવા જોઇએ, કારણ તેણી છુપીથી પેગામ મેળવેછ. મારો તો વીચાર થાએછ કે જો એ જવા માંગતી હોય તો એને છોડી મેલવી."

"અરે પણ રેવરંડ ફાધર, એકજ દહાડામાં આખું હીંદુસ્તાન પટલી જશે તેનો તો ખ્યાલ જરા રાખો ગહેરબાન." બેનડીકટે બટાઇ ચલાવી. "જો તમોને વધુવાર ઇરીનને અહીં રાખવું સલામત ભર્યું ન લાગતું હોય તો લાવોની આજેજ રાતે એને અલાહબાદ પહોંચતી કર્યે." તેવન પોતાની ગત ઉપર ઉતર્યો.

મઠમાંની બધી સીસટરોબી ઇરીનને છુપાવી રાખવાના રોજના ધરક ધુજારાથી કંટાલી ગઇ હતી, તેથી તેઓ પણ હવે તેણીને ગયલી જોવાને આતુર બન્યાં હતાં. એટલે સીસટર મેરીએ અંતે તે જવાન નાઝનીનને ખબર આપી કે તેજ રાતે તેણીને અલાહબાદ જવું હતું. "સીસટર, મારા જેવી નીરાધાર છોડી ઉપર આવો જુલગાત ગુજારવા આગમજ તમે ખોદાનો ડર નથી કરતાં ?" તેજ રાત્રે તેણીને જવું હતું તે સાંભલી ઇરીને તુચ્છકારથી કહ્યું.

"એમાં તો ખોદાની ખુશી છે બેટા, તારે હાથે દુન્યાનું જે ભલું થનાર છે તે માટે તું જગમશહુર થશે, તારૂં નામ અમર્ગ પામશે. તું અરધી દુન્યાને એક દીવસમાં ખોદાનો સાચો રાહ બતાવશે બેટા તું શું મગરૂર નથી થતી. ?"

"તમો બધાં ઘણી સારી રવેજ તે ઘાટકી શાહઝાદાને ઓલખોછ, તેની અસંખ્ય બાયડીઓ છે તેઓને હાથે તે કદીબી ભોળવાયો નથી અને મારે હાથે પણ તેમ થશે નહી."

"બેટા તું ખાલી ફકર ના કર. ફાધર જેરોમે શાહઝાદા સાથ નક્કી કર્યુંછ કે તુને પરણીને ખ્રીસ્તીઓ માફક એકજ બાયડીને તા

બેદાર રહે." સીસટરે બને એટલું સમજાવ્યું.

"ચાલ હવે વખત નથી માટે તૈયાર થા, તારે માટે શાહઆદાએ પોતે એક ઘણો શોભાયમાંન પોશાક મોકલ્યોછ."

"નહીં હું અલાહબાદ તે કસરેવજના હાથમાં જઇશ નહી. મઠનો દરવાજો ખોલો હું બ્હાર પડવા માંગુછ.?"

"પણ તું ક્યાં જશે?" સીસટરે ઘભરાટમાં પુછ્યું તેટલાં ત્યાં બેનડીકટ કાકા આવી ઉભા.

"બાનુ ઇરીન આગ્રામાં તમારા કીયા રફીકો બાકી રહ્યાછ કે તમે બ્હાર પડવા માંગોછ?" બેનડીકટે પુછ્યું.

"મારી જીવેજાનની રફીક મેહરૂનીસા મને આસ્રો આપશે, શેર અફગાનની બાનું."

"ગરીબ ઇરીન, ત્યારે તમે જાણુતાં નથી કે બંગાલાના સુબેદાર કુતબુદીનને મારી નાખ્યાથી શેર અફગાનનો જીવ લેવામાં આવ્યોછ અને તેના માલ ઉપરતો જપતી બેઠીછ?

"એ વાત ખોટી છે. ખરી બીના તો એ છે કે હેવાન ખસલતના સલીમે સુબેદાર કુતબુદીન મારફતે શેર અફગાનનું ખુન રેડાવ્યું પણ તે બ્હાદુર નરે ગરતાં મરતાં પોતાના હરીફના જીગરમાં કટારી ચલાવી દીધી."

મઠમાં બધાં આ બીનાથી હેરત થઇ ગયાં કારણ ઇરીન તે કેમ જાણવા પાંમી એ તેઓની અજાયેબી હતી. આ ઇરીનના ખુલાશાથી ઓરબી કામ બેહકયું અને સૌએ નક્કી કીધું કે તે રાત્રે તેણીને જરૂર ત્યાંથી ખસેડવી.

ઇરીન કોઇબી રીતે પોતાનો બચાવ કરવાના મક્કમ ઠરાવે પો-

તાના ઓરડામાં ગઇ તેણી પોતાના નસીબનો વીચાર કરતી હતી, તેણી કદી છુટી થવાની પામે પણ એસ્મોર્નને પરણી શકે નહી. કારણ તેની આગલી બાયડી હૈયાત હતી, ત્યારે ઇરીન છુટયા પછીથી કાંહાં રેહેશે. બારીમાંથી ઝીણી ઝીણી કાંકરીઓ પડવા લાગી, ઇરીને સાવચેતીથી બારી ખોલી, બ્હારના ઝઝકલામાં સુઢી કાસી પોતાનો ખોખાં જેવો હાથ લંબાવી ઉભી હતી, તેણીએ ઇરીનના હાથમાં એક ચીઠી મુકી લાગલું ન્હાસવા માંડયું, આપણી સુંદરીએ તે ચીઠી વાંચી, અલબત તે મેહરૂનીસા તરફની હતી; તેમાં તેણી લખતી હતી કે ઇરીને મન મક્કમ રાખી તેઓ સાથ અલાહબાદ જવું અને રસ્તે એસ્મોર્ન અને મેહરૂનીસા આવીને તેણીનો બચાવ કરશે બાકી મઠમાંથી તેણીને બચાવવી મુસ્કેલ હતી. આ વાંચી તેણીનાં જીગર ઉપરનો ફીકરનો બોજો નાબુદ થઇ ગયો અને તેણીએ ગુપચુપ તૈયાર થવા માંડયું. નક્કી કરેલ વખતે સીસટરે દરવાજો ઠોકયો તો તેની અત્યંત અજાયબી વચ્ચે ઇરીન તૈયાર થઈ બેઠેલી "બેટા અંતે દુન્યામાં સાચો ધર્મ ફેલાવવા માટે તારામાં હીંમત આવેલી લાગેછ." અને ઇરીન મુછમાંજ હસી.

હવે સીસટરોએ તેણીને મલી ભેટી સારા આસીરવાદ સાથ વીદાય કીધી, તેણી જ્યારે રાણી થાય ત્યારે તેણીઓને યાદ કરી અવારનવાર મહેલમાં બોલાવવામાં આવે તો સીસટરો ઘણી મોટી ખુશીથી આવશે તેની તેઓએ અત્યારથી ખાત્રી આપી. ઇરીન તેઓને કેવો હડેલીમાં ચાંન બતાવનારી હતી તેના વીચારમાં મૂછમાં હસી પાલખીમાં બેઠી અને ભોઇઓએ ઉંચકી ચાલવા માંડયું. પાલખીની બંન્ને તરફ એક એક ઘોડેસ્વાર ચાલતા હતા, આગલ બે-

નડીકટ સાહેબ પોતાના ઘોડા ઉપર હતા, વળી અલાહબાદથી તેઓને એક ટુકડી મલનાર હતી તે જુદી.

પેલી તરફ મહેરૂનીસાએ દોડી પોહચી એશ્બોર્નને બધા હેવાલથી વાકેફ કીધો અને તે પોતાના ગોરા સીયાહો સાથ મારતે ઘોડે આગ્રાની સરહદે જવા નીકલ્યો. અલબત મહેરૂનીસા પણ મર્દના લેબાસમાં તેણી સાથે હતી અને તેણીનો ન્હાનોભાઇ ઇબ્રાહીમ પણ હઠીયારથી સજ થઇ બેહનના કીનાના કામ માટે કમર કસી બ્હાર પડયો હતો.

અંધારૂં પડી ચુકયું હતું, ચાંદરણાના ઝાંખા ઉજાસમાં ભાઇઓ ધીરે કદમે ને ઝુસ્તી અદાએ આગલ વધતા હતા ત્યાં એશ્બોર્ન અને તેનું લશ્કર જોશબંધ જઇ પોંહચ્યું, તેઓને કોઇ રાહદારી સમજી ભાઇઓએ પાલખી એક ઠેકાણે મૂકી જવાનો રસ્તો કરી આપ્યો. પણ એશ્બોર્ન અને તેના સાથીઓએ ત્યાંજ આવી ઠમી ગયા.

"આ પાલખીમાં કોણ છે?" એશ્બોર્ને ઠઠરાવનારા અવાજે પુછયુ

તમુને શું પંચાત, તે કાંઇ તમારૂં કામ નથી ?" જવાબ મલ્યો.

"તમે એક બાનુને તેની મરજી વીરૂદ્ધ ઉચકી જાઓછ." એશ્બોર્ન બોલ્યો.

"ચાલરે તારો રસતો પકડ, તુ કોણ હમુને રોકનાર—"

"અહંહ કોણ બેનડીકટ કે ? "એશ્બોર્ને તુરત તેને સાહદપરથી પીછાણ્યો. વાહ વાહ એક ધર્મગુરૂ થઇને એક બાનુને ઉઠાવી જવાનું નેક કામ કરતા દેખું." એશ્બોર્ને ચવાઇ કીધી.

"એ બાનુ પોતાની તદન રાજી ખુશીથી જાઓછ, અને એનો

બાઇ પણ સાથે છે.”

બાઇ ? ક્યાં છે તે મુજી, મારે તેની પાસથી જવાબ લેવોછ!” અને એસ્બોર્ને ફીનાના દાંત્યા કચકચાવી હવે ધસ્યો.

બેનડીકટ આડો પડ્યો, “ખસ છોકરા નહી તો માર્યો જશે, તે બાનુ મારા સાથ શાહની રજાથી અદરાયલી હતી એટલે તેણીના સાથ વાત કરવાને મને દરેક હક છે,”

આના જવાબમાં હીચકારા બેનડીકટે પોતાની શ્મશેર ઉઠાવી તેજ પલે ગહેરૂનીસાના ભાઇ ઇબ્રાહીમે તેને જરબ લગાવી લાઇલાજ કીધો. આનો લાભ લઇ એક બીજા આકારે આવી એસ્બોર્નને પાછલથી ધાએલ કરવાની તજવીજ કીધી પણ બહાદર મેહરૂનીસાએ તતકાલ પોતાની શ્મશેર તે હીચકારા દુશ્મનના ખભામાં ચલાવી દીધી કે એક ચીસ્યારી સહીત તમ્મર ખાઇ હેઠે પડ્યો. કમનસીએ તેનો એક પગ ઘોડાના પાવશમાં ભેરવઇ રહ્યો એટલે ગભરાટથી ન્હાઠેલા ઘોડા સાથ તેનું શરીર જમીને ઘસરાવા લાગ્યું. આવો મામલો જોઇ બેનડીકટની સાથવાલા બીજા આદમીઓએ ન્હાસ મૂકી. બાપડા ભોઇઓ તો કશાના લેવા દેવામાં નહતા, તેઓ આ તારીમારી ચાલતી જોઈ પાલખી ઉતારી પોબારા માપી ગયા. હવે ધીરે રહી પાલખીના દરવાજા બાજુ કરી સુંદર ઇરીન પોતાના બચાવનાર તરફ આભારની મીઠી ચશ્મો ફેંકતી બહાર નીકલી. જે સુંદરીને જીતવા આગમજ એસ્બોર્ને આટલું ખમ્યું હતું, જે છોકરીને હાથ કરવા શાહાઝાદાએ તરેહ કીસમનાં કાવત્રાં રચ્યાં હતાં. તેજ નાજનીનને પોતા સનમુખ ઉભેલી જોઇ જવાન એસ્બોર્ન પહેલી પલ ડઘાઇને ઉભો તે એક જીવતી બાનુને જોતો હતો કે કવી ચીતારાનાં ચીત્ર

તરફ જોતો હતો! એક મીનીટ સુધી બંન્ને ચુપ ઉભાં અને જવાન એસ્ઓર્ને જબાં ખોલી.

"બાનુ હું તમુને બચાવના આવ્યોછ, તમે મને તમારા બચાવનાર દાખલ મંજુર રાખવાનું માન આપશો?"

તેણીએ મીઠાસથી હસી હા કહ્યું. મેહરૂનીશા જેણી મર્દના વેષમાં હતી તેણી અહીં નજદીક આવી." હું તારી રફીક મેહરૂનીસા છું. તું હમારા સાથ આવ હમે તુંને શહેરમાં લઇ જઇશું."

તેઓ વચ્ચે ખુલાસો ચાલતો હતો તેટલાં એસ્ઓર્નના બે શીપાહો ન્હાઠેલા બેનડીક્ટની પુંઠે ગયા હતા તેઓ ખબર લાવ્યા કે દુરથી એક બીજું લશ્કર આવતું હતું અને તે શાહઝાદા સલીમ તરફનું લાગતું.

બેનડીકટનું શું થયું હતું તેમજ પેલો સ્વાર જે ઘોડા સાથ ઘસડાતો થયો હતો તે કોણ હતો તેની ખોળ કરવા એસ્ઓર્ન થોડુંક અંહી તંહી ફર્યો પણ કોઇનો પત્તો લાગતો જણાયો નહી. અંતે તે મહેરૂનીસાને ઇરીનની પુઠે જવા નીકળ્યો પણ ગાઇલ એક કાપવા છતાં તેઓની કશી નીશાણુ જણાઇ નહી. એસ્ઓર્ન તો ડઘાઇજ ગયો એક પલ આગમજ તે સુંદર ઇરીનને જીતવાના સુખી સ્વપનાં જોતો હતો અને આ શું થઇ ગયું? તે કેવો બેસમજ કે હાથે આવેલી પોતાની અદરાયલી બાનુને મેહરૂનીશા જેવી એક પારફીને સપુરદ કીધી.

તેને અહીં હશગતના બોલો યાદ આવ્યા. તે અસાધારણ ચંચલ બાલકીએ મેહરૂનીસાને મર્દના લેબાસમાં જોતાંજ કહ્યું હતું કે તેણી જેટલું બોલતી હતી તેટલું બજાવે તેમાંની નહતી, તો તેણીએ

તેને ઠગ્યો તો નહોય? આખરીએ તેણી સલીગનીજ સાથી હોય અને આગલ કરતાં કોઇ વધારે મોટાં કાવત્રાંમાં તે ફસ્યો તો નહી હોય? આવા વીચારોથી ઘેલો દીવાનો બની તે ઉજડ વેરાનનાં કાલાં અંધકારમાં પુષ્કળ ભટકયો, ઝપાઝપીમાં તેને ખભાંમાં જખમ થયો હતો, તેમાંથી ખુબ લોહી જવાથી અંતે નીશોસ બની તે હારેલો રંજીદા બનેલો પોતાને મકાન પાછો ફર્યો.

પ્રકરણ ૨૪ મું.

જુનો દોસ્ત નવા લેબાશમાં—શાહનું તેડું.

એશબોર્ન ઠાકેલો નીશોસ આવીને પોતાના પલંગ ઉપર પડયો. તેને મનસે કસમ ખાધા કે ડગલેને પગલે કાવત્રાંથી ભરપુર હિંદુસ્તાનમાં હવે વધુ વખત ન રહેતાં શાહની પરવાનગી લઈ પોતાને વતન સદાસુધીનું ચાલી જવું; પણ તેજ પલે તેને વીચાર કર્યો કે તેની પાસ દોલત જેવું કશું રહ્યું હતું નહી. લખલુટ અમીજાંને તેની એક અમીરી ખરીદાય એટલી દોલત ઉડાવી દીધી હતી, તે ફીકરમંદ જેવો બેઠો હતો તેટલાં તેનાં નવીસંદાએ ખબર આપી કે પેલો કજીયાનું ખોરયું વકીલ અને વ્યાજખાઉ ગોલદાસ મારવાડી તેને મલવા આવ્યા હતા. એશબોર્ન હમણાં કોઇને મલવા જેવી સ્થીતીમાં ન હતો એટલે તેને પેલા દગાખોર જુઠાઓને મલવા ધસીને ના પાડયું. પણ આ તરફ પેલાઓ હતા, તે એવા મુદઈ થઇ લાગેલા તે ગોરા જવાન ઉપર કે એક મોટું છાપેલું સરકારી ખત મોકલ્યું

જેના ઉપર શાહનાં લશ્કરી ખર્ચમાંથી એક લાખ રૂપ્યાની ચોરીનું આળ હતું. હવે તે ઇંગ્રેજ બચ્ચાએ પુરેપુરી ધીરજ ખોઇ અને વાઘ જેવાં ઝનુનમાં ઉછળી તેને બ્હાર વરન્ડા ઉપર ધસી જઇ પેલા તરકટી વકીલની મરઘીની પુછરી જેવી દહાડી ખેંચી કહાડી કમરપર લાત લગાવી તે સુક્કાં છોરાંને શેતાનનો હવાલો આપવાની મકસદે હવામાં અધર ઉરાડી દીધો. આ માગલો જોઇ પેલો મારવાડી ધોતી ધરી દોડવા જતો હતો તેને એસ્ગોર્ને પાછલથી એક જબરદસ્ત ધોલ લગાવી કાહરી તારા સીતારા બતાવી દીધા!

"લેવો! કાવત્રાંખોર આ તમારી ચાલનો નતીજો, હવે જાવોને શાહઝાદા સલીમને એની ખબર આપો."

તે ફિક્કેરાયલો આવીને પોતાના દીવાન ઉપર પડી હાંફતો હતો તેવામાં તેના નોકરે આવી ખબર આપી કે બ્હાર ઉભેલો એક ચીઠરેહાલ જેવો આસામી એસ્ગોર્નને મલવા ચાહતો હતો, તે જવાનનો મીઝાઝ ઠેકાણે નહતો એટલે તે ફરી પાછું કોઇ સાથ વહેંચી લેવાના ખ્યાલમાં એકદમ વરન્ડા ઉપર ગયો પણ પેલા મુફલેસ મર્દને જોતાંજ તે ગોરા જવાનનો તાતો મીઝાઝ શાંત પડી ગયો, તેને હાથ લંબાવી પોતાના નોકરની અજાયબી વચ્ચે તે ફકીર જેવાને આવકાર આપી અંદર લાવ્યો.

"આવ આનંદા, મારા બાકી રહેલા દોસ્ત, મને તારા જેવા ખુલ્લાં દીલના દોસ્તની હાલે ઘણીજ જરૂર છે."

હા તે આનદા બ્રાહ્મણ હતો. બીરસીંગે જ્યારે અબુલ ફજલને કતલ કીધો ત્યારે જખમી થએલી નીરાધાર હાલતે એસ્ગોર્નને બીરસીંગની બેહનના આસામીઓ આનદાનાં ડેલામાં લઈ ગયા હતા

અને ત્યાં એ ભલા બ્રાહ્મણે તે ગોરા જવાનની ઘણી મદારત કીધી હતી તે હાલમાં તે ભૂલ્યો હતો નહી.

"રામ રામ સાહેબ." તે બન્ને હાથ જોડી બોલ્યો.

"કેમ આનન્દા મેં છેલ્લાં જોયો તે કરતાં તારો હાલ ઘણો ફેરવાઇ ગયો છે ?"

"હા સાહેબ મારા ઉપર ઘણુ વીંટયુંછે ! શાહ અકબરે બીરસીંગને પરહેજ કરવા પોતાનું લશ્કર રાજસીંગની બાંહેધરી હેઠળ સોંપ્યું હતું તેઓ બીરસીંગને પકડવામાં તો નીષ્ફળ નીવડયા, પણ હમારા જેવાઓનો ઘાણ નીકલી ગયોછ. તમોએ રાહ દરમ્યાન રાજસીંગ આગલ કહ્યું કે તમારી માવજત હમારાં મંદીરમાં થઇ હતી એટલે તે કાફર લશ્કરીઓએ હમારાં મંદીરમાં આવી તેને ભ્રષ્ટ કીધું બીચારા વૃદ્ધ ગોસાંઇ બાવા અપવીત્ર બન્યા તે દુખ તેઓથી સહન થઇ શકયું નહી અને તતકાળ પોતાનો પ્રાણ પરમેશ્વરને હવાલે કર્યો, મને તેઓએ ખે'ચી તાણી રાજસીંગ સનમુખ હાજર કર્યો, જેને મને બીરસીંગને માટે પુછયું તે કયાં છુપાયો હતો તેની મને ખબર નહોતી એટલે મને કુતરાની માફક તેઓએ મારી કહાડયો. હું દમડી વનાનો કશાણી આશ્રા વગર રખડી પડયો એટલે તમને યાદ કર્યા કેમકે સાહેબ મેં તમારૂં ભવિષ્ય વર્તયુ છે તે તમને યાદ છે કેની ? આલતે દીવસે તમે રાજા જેટલી સત્તા ધરાવશો તે વાર હું તમારો પ્રધાન થઇશ !"

એસ્બોર્નને હાય મારી, આનન્દાની આગાહી કેટલી બધી દુર હતી તેનો તેને દીલગીરી ભરેલો વીચાર કર્યો.

હવે આનન્દા સ્નાન કરી આવ્યો અને થોડા વખતમાં તે એક

બ્રાહ્મણ પંડીતનાં આબરૂ ભર્યા અવતારમાં ફેરવાઇ ગયો. એસ્બોર્ને પોતા ઉપર વીટેલી બધી કહાણી કહી જે સાંભલી સલીમના કાવત્રાનો પુરાવો મેળવી લાવવા આનંદાએ માથે લીધું, અને એસ્બોર્ને ખુશી સાથ તે ભણેલા બ્રાહ્મણને પોતાના વકીલ દાખલ નેમ્યો. આ બધો વખત એસ્બોર્ને સુંદર ઇરીન અને મેહરૂનીસાની શોધ ખોળ ચાલુ રાખી હતી પણ તેનો કશો પત્તો હાથ આવ્યો નહી.

બે દીવસબાદ એસ્બોર્નને શાહ તરફથી પેગામ મલ્યો જેમાં તે નામવર તેને અને ન્હાની હસ્મતને કોસીપુરના પોતાંના ખાનગી મકાનમાં તેની સર્વેથી ન્હાની અને માનીતી બેગમ રેહતી હતી તે આપણે જાણ્યેછ, ત્યાં શાહે પેગામમાં જણાવ્યું હતું કે સલીમ તરફની ફર્યાદના ફતવા એકઠા થયા હોય તે લઇને આવવા. એસ્બોર્ને પોતા સાથ આનન્દાને લઇ જવા ધાર્યો, જ્યારે નહાની હસ્મત શાહના ઝનાનામાં જવાની હતી તે જાણી હર્ખથી નાચી કુદી રહી.

પ્રકરણ પચીસમું.

ઝનાનાની સુંદરીઓ—નસીબનું ચક્ર.

મૂકરર કરેલા વખતે એસ્બોર્ન પોતા સાથ પોતાના વકીલ દાખલ આનંદાને તેમજ ન્હાની હસ્મતને લઇ કોસીપુર જઇ પોંહચ્યો. હસ્મતને તુરતજ ઝનાનાની અંદર લઇ જવામાં આવી જ્યારે એસ્બોર્નને પોતાના બ્રાહ્મણ વકીલ સાથ બ્હાર ખોટી થવું પડયું. અંતે શાહે તેને દીવાનખાનામાં બોલાવ્યો,

એસ્બોર્ને જોયું તેમ શાહ પોતાના નવીશંદા સાથ ત્યાં એક-

બોજ હતો તેને આવતો જોઇ અકબરે પોતાના બુલંદ હલકે પુછ્યું.

"ફીરંગી, આ શું સંભલાયછ? એવું કહેવાયછે કે અલ્લાહબાદ જતી એક ટુકડી ઉપર તું ટુટી પડયો ને તેને તારાં માણસોએ મલી એક પવીત્ર પાદરીને ઘાયલ કીધો, વળી તેઓ સાથ પાલખીમાં એક બાનુ હતી તેણીનો પત્તો નથી તે કયાં છે? તેણીનું શું થયું?"

એસ્ઓર્ને તે માટે પોતાનું અજાણપણું બતાવ્યું. "નામવર તે બાનુ માટે હું કશું જાણુતો નથી મારે."—

"વળી લશ્કરી ખરચમાં ઘોંટાળો થયોછ, તું તેમાંથી નાણું ઉચાપત કરી ખાઇ ગયોછ એવી તારી સાંમે ફર્યાદ છે તે માટે તારે શું કેહવુંછ?" શાહે પૂછ્યું.

"હુ પોતે કાંઇબી કેહનાર નથી, આ મારો વકીલછે તે આપ જેહાંપનાહને સમજાવશે. એ તેજ બ્રાહ્મણ છે કે જેને બીરસીંગની અબુલ ફઝલ સાથની લડાઇ દરમ્યાન મારી મદારત કીધી હતી, અને જે વાત ઉપર તમો નામવરને શક હતો."

તેનું આ બોલવું સાંભળી શાહ તુરત આનન્દદા તરફ ફર્યો તેને પોતાના ગાનીતા અબુલ ફઝલ માટે બારીકે બારીક સવાલ તે બ્રાહ્મનને પૂછયા. આનન્દદા જેની કહાણી આપણે આગલ સાંભલી હતી અને જેને પોતાની આખી જવાની માહારાજાની નોકરીમાં કહાડી હતી તેને એવા મીઠાસથી એવી ચાતુરીથી સર્વે લીગત આપી કે ઘડીભર અકબર હેરત રહ્યો. હવે શાહ અકબરે એસ્ઓર્ન તરફ ફરી પોતાની ઢપછપ બદલી નાંખી કહ્યું.

"વ્હાલા જવાન હમણુંજ મને પેગામ મલ્યો કે મારાં લશ્કરે બીરસીંગને પરહેજ કીધો, પણ તેને જે ઠેકાણે પુરવામાં આવ્યો હતો.

ત્યાં દેવાલમાં બાકોરૂં પાડી તે ન્હાસી ગયોછ અને મારાં માણુસો હજુર તેની પુઠેજ છે પણ બીરસીંગની બેહેનને પરહેજ કરી મારા ઉપર મોકલવામાં આવીછ અને તે બાનુએ તારા ઉપર જે વીટયું હતું તે મને કસમ ઉપર કહ્યુંછ એટલે હવે વધુવાર તું તારા શાહના શકમાં નથી. હવે લસ્કરનાં ખર્ચમાં ઘોંટાળો કેમ થયોછ તે મને ખબર છે, તેમાં તારો જરાબી કસુર નથી એતો માત્ર તારી ઉપર ખોટું આળ મેલવામાં આવ્યુંછે. અને હું ખરા ગુનેહગારને ઘટીત ફેજે પુગાડીસ."

"તું નામવરનાં રાજમાં મેં ખોદાતાલાથી ડરીને ચાલ ચલાવીછ," એસ્બોર્ન કાંઇક હલકાં થયલાં દીલે બોલ્યો. "અને અંતે મને કાંઇ થોડાબી ઇનશાફ મલેલો જોઇ હું ખુશી છું. પણ જેઓએ મારા ઉપર આવાં બોહતાનો મેલ્યાં તેઓને તું પરહેજ કેમ નથી કરાવતો ? જે સુંદરીને તેં નામવરે મારા માટે મુકરર કીધી હતી તેણીનું શું થયું તે હજુર હું જાણુતો નથી. અને હવે હું તદનજ બેસબર થઇ ગએલો હોવાથી તારા રાજમાંથી રજા મેળવી મારે વતન જવા ધારૂંછ તું તારી બાદશાહી સત્તાથી તે નિર્દોષ નાજનીનનો પત્તો મેળવી નહી શકે એ ખરેજ અફસોસકારક છે. બસ નામવર હવે મને મારે વનત જવાની પરવાનગી આપ."

"ત્યારે તમે આટલા બધા બેસબર બન્યાછ એસ્બોર્નજી."

શાહે હસીને કહ્યું. "ચાલ, મારી સાથે અંદર આવ." અને અકબરે ઉઠી અંદરના બાગ તરફ ચલાવ્યું આપણો જવાન ફરમાન મુજબ તેની પુઠે ગયો. એકાએક તેની બારે બાજુએની વચ્ચે શાહે એક મોટા અએવાનનો ઝરીન પરદો ઉઠાવી એસ્બોર્નનો હાથ ધરી

તેને અંદર લઇ ગયો કે પરદો પાછો તેને અસલ ઠેકાણે ઉતરી પડયો. બીજીજ પળે તે ગોરા જવાને અતી ઘણી અજાએબી વચ્ચે ચાર આકાસમાંની હુર જેવી બેહદ ખુબસુરતી ધરાવનારી અબલાઓની હાજરીમાં પોતાને જોયો.

એશ્બોર્નને શાહ ખુદ પોતાના ઝનાનામાં લઇ આવ્યો હતો! આ કેવું મોટું માન! "તારે મોંહડે મારા સાંભલવામાં આવેલું યાદ છે કે તારાં ઠંડા મુલકમાં બાનુઓ સાથ મર્દોની મુલાકાત ઘણી સાધારણ છે અને તેથી આજે ખાસ હું તને મારી ચશ્મોનાં નુર જેવી પ્યારી બેગમ ગુલરૂખ સાથ ઓલખાણ કરાવવા લાવયોછ. કારણ ભવિષયમાં તું એ મારી બાદશાહી બાનુની મોટી સેવા બજાવનાર છે, આ બાકી ત્રણ બાનુઓનેતો તેં એ આગમજની જોયલી છે એટલે તું તેઓને સહેલાઇથી ઓલખી શકશે."

એશ્બોર્ને જોયું તેમ બીજી ત્રણ બાનુઓમાંની પહેલી તે મેહરૂનીસા હતી. હાલ તેણી ઓરતના વેસમાં બેઠી હતી પણ તેણીનો આફ્તાબી ભભુક મારતો ચેહરો કુળ દુન્યામાંથી ઝટ ઓલખાઇ આવે એવો હતો. તેની બાજુમાં કેવડાના ફુલ જેવા નાજુક ચહેરાની એક બાનુ બેઠી હતી, તે જવાનને લાગ્યું કે તેને આ ચહેરો કેઠે આગળ જોયો હતો પણ તે તુરત યાદ કરી શકયો નહી તેજ વખતે તેણીએ લજ્જાથી પોતાની નમ્ર ચશ્મો ઉઠાવી તે ગોરા જવાન તરફ ફેંકી કે તે નજરોના મેલાપથી તેને તુરત યાદ આવ્યું કે અહમદનગરની લડાઇમાંથી તેને જે સ્ત્રીને બચાવી હતી અને જેણીએ પાછળથી એશ્બોર્નને મોટી મદદ કીધી હતી તેજ બીરસીંગની બહેન હતી. હવે તે ત્રીજા આકાર તરફ ફર્યો. આહ! ચાંદની ઝાંખી રોશ્નીમાં એ-

કજવાર જોયલો તે અમરત જેવો મીઠો ચેહરો તેનાં દીલમાં પડ-છાયો નાખી બેઠો હતો તેજ ! તેણી આરમીનીયન સુંદરી ઇરીન હતી.

જવાન એશ્મોર્ને પોતાની નજર સાંમેના આ દેખાવથી લગભગ હોંસ ખોહી બેઠો. વાંચનાર ! તારી નજર સનમુખ શાહના ઝનાનાનું તે ચીત્ર આ નબલી કલમે દોરાઇ શકાશે !

શું તે સીરકેસીયન બાદશાહી બાનુ ગુલરૂખનો પહાડી ગુલેગુ-લાબ જેવો દમામી ચેહેરો, શું તે મ્હાતાબી ઝલેહ ધરાવતો ગગરૂર કાલી નાગન જેવી આંખો સાથનો મહેરૂનીસાનો જીગર ખેંચનારો દેખાવ ! એક ચંપાના ફુલ જેવા નાજુક મીઠા ચેહરાનીને નમ્ર ચ-શ્મોની પેલી રજપુતાની ! અને એક બાહોશ ચીતારાની પીછીને જગમશહુર કરી નાખે એવા જોતાંજ ઠંડક વળે તેવા મધ જેવા મીઠા લંબગોલ ચહેરાની પેલી આરમીનીયન ઇરીન ! તેઓની પાછલ બેગમ ગુલરૂખનાં શરબત જેવાં મીઠાં ને ફુલ જેવાં સુંદર બે બાલકો વચ્ચે આપણી ન્હાની પરીઝાદ હુરમત ગોઠવાઇ હતી.

આહ ! આ ખુસ્નુમાં ચીત્રના મીઠાસમાં વધારો કરવા ત્યાં પ-હેલવાન તન દમામી શાહ અકબર અને જવાન કદાવર ખુબસુરત એશ્મોર્નની હાજરીનો ખ્યાલ કરો.

મેલાપની પહેલી પલો પસાર થવાબાદ શાહે નરમાસથી કહ્યું.

“ઇંગ્રેજ જવાન આજસુધીમાં મેં જોયુંછ કે તુ તારા શાહના વિશ્વાસને સંપૂર્ણ રીતે લાયક છે અને તેથીજ મેં તુને આજે અહીં બોલાવ્યોછ, હું તો ઘણુંબી ઇચ્છુંછ કે આ મારા ન્હાના બાલકો મોટાં થઇ પોતાને સાચવી શકે ત્યાં સુધી હું જીવું પણ જીંદગી કાંઇ આદમજાતના હાથમાં નથી. રાજના સીપાસ્લાઓએ મને ઘણી

વાર કહ્યુંછ કે સાધારણ આદમી કરતાં હું લાંબી હેયાતી કહાડસ પણ હું તે માનતો નથી. મારી કજાબાદ મારાં એ ન્હાનાં બાલકોનું શું કરવું તે ઉપર મેં પુખ્ત વીચાર કીધોછ. અને હું એકજ અનુમાન ઉપર આવ્યોછ."

"હીંદુસ્તાનમાં રાજાના બેટાઓ એકમેકના જીવેજાનના મુદ્દઇ જેવાં જન્મેછ, પણ મારી એવી ખાહેશ નથી કે મારૂં રાજ મારાજ બેટાઓ માટે લડાઇનું સાધણ થઇ પડે, તેમ વળી આ મારા ન્હાના બેટાને એના મોટા ભાઇની પનાહમાં સોંપવાને પણ મને વિશ્વાસ બેસતો નથી. હીંદુસ્તાનની ઉતરે મોટમોટા બુલંદ પહાડોની વચ્ચે કોકેસસનું રમણ્ય ગામડું આવેલું છે, ત્યાંના એક પહાડી મહારાજા સાથ સાટું કરી તે મુલક ખરીદી લઇ હું તુંને સોંપવા ધારૂંછ, ત્યાં તું જઇ તારૂં રાજ્ય સ્થાપ તારી બાહોશી અને પ્રમાણીક ઇનસાફથી તું બેશક એક ભલો રાજા થઈ શકશે અને એ પ્રમાણે તું ત્યાં વસી રાજ કરશે, અને જ્યારે અલ્લાહતાલાની દરઘાહેથી મને તેડું આવશે ત્યારે મારી બેગમ ગુલરૂખ પોતાનાં ફરજંદો સાથ તારી પનાહમાં આવશે. ઈંગ્રેજ જવાન મને તારી ઉપર પૂરેપૂરો વીશ્વાસ છે, કે તું મારા બેટાનો એક ભલો ઉસ્તાદ અને પાલનહાર થઇ રેહશે અને એ જ્યારે પુરતી ઉમરમાં આવે ત્યારે તેં ખીલવેલાં અને ઉત્તમ પાયે ચાલુ કીધેલાં તે પહાડી રાજ્ય મારા બેટાને સપુરદ કરશે. એને ડાહપણથી અને ઇનસાફથી રાજ્ય ચલાવવા શીખવજે. આ પહાડી મુલકમાં તું તારાં વતન જેવી ઠંડી હવા જોશે, વળી તે ઇંગલંડ જેવુંજ ફળદ્રુપ અને રસાલ ફળફુલથી ઉભાઇ જતું મુલક છે. વળી દર વર્ષે હું ઠંડીના વખતમાં તુંને અત્રે બોલાવીશ તે વેળા

મારાં લશકરની કવાયદ તપાસવા તું જરૂર આવજે."

એસ્મોર્ને પહેલાંતો પોતાના કાન ઉપર વિષવાસ મેલ્યો નહી, શું આ તે ખરૂં સાંભલતો હતો ? બેશક શાહનો ચેહરો ઘણો ગંભીર હતો. તે ગોરો જવાન શાહના આ દેડાવથી પામી ગયો કે અકબર પોતેબી પોતાના ઘાટકી બેટા સલીમથી ડરતો હતો, ત્યારેજ પોતાના ન્હાના બેટાને દુર છેક કોકેસસનાં પહાડમાં ઢાંકી દેવા તૈયાર થયો હતો. આ ગોઠવણ ખાસતો બેગમ ગુલરૂખની કાકલુદીથી કરવામાં આવી હતી કારણ તે હનેરમંદ બાનુએ તેમાંજ પોતાના બેટાની સલામતી જોઇ હતી.

"ઝેહાંપનાહ, તારી આવી ઉદાર ગમતાલુ પણ કાંઇક બીકટ માંગણીએ મને ઘણો હેરત કીધોછ એટલે મારો વીચાર દર્શાવ્યા અવલ મને થોડાક વખતની મહેતલ મલે તો મહેરબાની, અને હવે નામવર મારી ઉપર અને આ આરમીનીયન બાનુ ઉપર જે બેઇનસાફી ગુજરી હતી તેથી તો તમો વાકેફ થયા હશો ?"

"હા એ બધી કહાણી મેં મેહરૂનીસા અને ઇરીનને મોહડે સાંભલીછ મારા બેટાની આવી બદચાલથી મને ઘણુંજ દુઃખ પોંહચ્યુંછ, તેનો બદલો તુંને વાલી આપવા હું તૈયાર છું. તારી ઉપર વીટેલા સીતમથી તું તારા શાહની નોકરી છોડી જવા માંગતો હોય તો હું કોઇબી જુલમે તુંને અટકાવશ નહી, હમણાંજ મને ખબર મલીછ કે સુરતશેહર ખાતે બે વહાણો લંડનથી વેપાર માટે આવી રહ્યાંછ માટે તારે તારાં વતને પાછું ફરવું હોય તો હું આડે આવીશ નહી. પણ મારી એવી ખ્વાહેશ છે કે તું હીંદુસ્તાન રેહ અને તેં જે જે ગેરઇનસાફી ખમીછ તેનો હું પુરેપુરો બદલો વાલી આપું.

કેમ જવાન શું વીચાર કરેછે ?"

"હું આનન્દા બ્રાહ્મણનો વીચાર કરૂંછ, એને વર્તયું હતું કે ચાલતે દહાડે હું રાજ કરશ અને ત્યારે એને મારો પ્રધાન થવા ગમસે. હાલમાં હું વીચાર કરૂંછ કે એને મારા પ્રધાનપદની ગાદી આપું કે નહી ?"

અકબર આ સાંભળી ચોંકયો આ નામવર શાહ વેહમી હતો અને આનદા બ્રાહ્મણ એ પ્રમાણે ખરૂં જયોતીષ જાણતો હતો એમ જાણી તે પાસેના ઓરડામાં આનદાને મળવા ગયો. આ પ્રમાણે એશ્મોનને પેલી ચાર સુંદરીઓ આગળ એકલો પડયો બેગમે પોતાના મીઠા હલકે કહ્યું "ગરીબ પરીન ઉપર એટલું દુખ પડયું હતું કે મેહરૂનીસાએ એનો છુટકો થતાંજ વગર થોભવે એકદમ મારી પનાહમાંગી અને અહીંજ સલીમનાં કાંઈબી કાવત્રાંથી તેઓ બચી શકે તેમ હતું. કદાચ હમોએ તે બાબે તારા ઉપર જરા આગમજથી કેહણ મોકલાવવું હતું. પણ તેં જે કાંઇ ખમ્યુંછ તેના બદલામાં જે ઉત્તમ ઝવેરાત તું મેળવશે તેમાં તુંને પુરેપુરો બદલો મળી રેહશે."

એશ્મોનેં સર ઝુકાવી બેગમને આદાબ બજાવી.

"હું જાણુંછ કે તમારાં મુલકમાં શાહદી આગમજ એકમેક વચ્ચે મુલાકાત થાએછ, અને હું ધારૂંછ કે એમાં ઘણું ડાહપણ છે. હું કોઇ કોઇવાર તમો બન્નેને તેવી ટક આપતી રહીશ, એક ચીજની મારે માંગણી કરવીછ અને તે એકે આ મીઠી ભુલકી હશમતને મારા પાસ થોડા વધુ દીવસ રેહવા દે એની રમુજી ઝબાનથી હમને ઘણી મઝાહ મલેછ."

પ્રકરણ ૨૬ મું.

માંગણી–ઈરીનના લગ્ન બાબે વીચાર.

એશ્ઓર્નૈં હવે પોતાના આગલા દોસ્તોમાં અદભુત ફેરફાર થએલો જોયો, તેઓ સર્વે તેની સાથ ઘણીજ મોગલાઈથી તાજીમ તવાઝા અને ઇજ્જતથી વર્તતા, તેમજ દહાડાના દસ વખત ખાણાનાંઇજન તેને મોટ મોટા ઉગરાવોને ત્યાંથી આવવા લાગ્યાં. બેશક એ શાહ અકબરનાં ઇનશાફનું પરીણામ હતું.

શાહે પેહલું કામ એ કીધું કે અમીજાંન પાસથી એશ્ઓર્નના છુટા છેડાનુ લેખીતનામુ મંગાવ્યું. તેને એ પ્રમાણે ઠાગાથી સંધાયલાં તે જોડાને છુટું કર્યું કે એશ્ઓર્નનાં જીગર ઉપરથી એક મોટો બોજ ઉઠયો.

કોસીપુર ખાતેનાં જનાનામા થોડા દીવસ રહી હુસ્મત એશ્ઓર્નને ત્યાં પાછી આવી, "સાહેબ, આપુને તો ત્યાં જનાનાંમાં ઘણી મજાહ પડી," હસ્મત ત્યાંનો એહવાલ આપતાં બોલી. " સારો દીવસ રંગરાગને ખુસખુસાલી. બેગમ તો ખરેજ બે–ગમ છે (એટલે ગમ વગરની) એનો સ્વભાવ ઘણોજ ખુશનુમા છે. વળી બીરસીંગની બેહન કીસનાય મારાં માબાપનું નામ જાણેછ."

"કોણ, તારા પેદર કોણ?" એશ્ઓર્નૈં ઇતેજારીથી પુછયું.

"અહમદનગરની રાણી ચાંદ સુલતાનાના લશ્કરના વડા સેનાધીપતી ફરહાદખાન મારા પેદર થતા હતા," હસ્મત ગંભીરાઇથી બોલી "મારી માદરતો મને જન્મ આપતાંજ જીન્નતગુજીન થઇ હતી અને પેદરં લડાઇમાં માર્યા ગયા અને હું એકલી પડી." આંહી તે-

ણીએ પોતાનાં આસું લુછયાં " પણ આજસુધી મારા પેહરતો તમો છેરો, એસ્બોર્નજી."

તે જવાને માયાથી તેણીનુ માથું પસવાર્યું.

"વળી બેગમે મને તમારી ઓરત પેલી અમીજાંન માટે ઘણું ઘણું પુછયું પણ ઇરીનને તે સાંભલવા ગમેજ નહી. યાદ રાખજો મીયાં સાહેબ, તમારાં આ બીબી ઇરીન તમારે માટે ઘણાં અદેખાં છે," એસ્બોર્નનું જીગર ખુશાલીથી હપકવા લાગ્યું.

"એ બધું તો થયું પણ તમુને માલમ કે–" હસ્ગતે પકાઇથી હસતાં પુછયું.

"શું?"

"આંય એક હફતો હું બેગમ સાહેબને ત્યાં રહી ત્યાંનો આપણે કાંઇબી ભણ્યાં નથી. કેતાબો તો વાપર વખાતી પણ કોઇ કોઇવાર હું શાહઝાદા ખાલીલને ઇંગ્રેજી સીખવતી."

બીજી સાંહજે બેગમ ગુલરૂખે કેહણુ મોકલાવ્યું કે તે જવાને ઇરીનને મલવા પધારવું. એસ્બોર્ન હર્ષભર ગયો પણ તેને ઇરીનને ગમગીન ચેહરે બેઠેલી જોઇ.

"વ્હાલાં બાનુ તમારી તબ્યત ખુશ તો ખરી," એસ્બોર્ને કાલજીથી પુછયું.

"નહી, હું હાલમાં કોઇનીબી મુલાકાત લેવા જેવી હાલતમાં નથી–" તેણીએ ધ્રુજતે સાદ્દે કહ્યું.

"ઓ, મેં આજસુધી કેટલી નાસીપાસી ખમીછ, અને હવે મારૂં એકલવાયું જીગર તારા વગર તદન ઝુરેછ, અને મને આતો આવકાર!" એસ્બોર્ન ગમીથી બોલ્યો. "ઇરીન આજે હું તારે મોં-

કડે ખુશ ખબર સાંભલવા આવ્યોછ તો મને—"

"મી. એસ્ઓર્ન તમારે એમ બોલવું ઘટતું નથી, તમે જાણોછ કે ગએ અઠવાડયે તો પારકીને લગનનાં ગાંઠે બંધાયલા હતા."

"ઓ પણ તે ગાંઠતો સદાસુધીનો છુટયોછ, શાહની ધમકીથી અમીનાએ છુટા છેડા કીધાછ તે તો તારા જાણવામાં આવ્યું હશે?"

એસ્બોર્નના આ સવાલથી ઇરીને કમકમીને આંખો વીચી દીધી.

"અને હવે મારી બાતું દાખલ તુંને જીતવાને મને શાહ તરફની પુરેપુરી પરવાનગી છે તો સુંદર ઇરીન મને પોતે તું તે હક આપશે નહી?"

"નહી, તે ઓરત લગનનાં ગાંઠે તમારી હકદાર બાયડી લેખાઇ ચુકીછ, અને ખોદાનાં પવીત્ર સબકોથી તમો બંન્ને જોરાઇ ચુક્યાંછ તો સરકારી કાયદાથી તમો છુટાં પડી સ્કેલાં હોવા છતાં પણ તમો પરણેલા જેવાજછો, આપણા બાઇબલમાં સાફ લખાયલું છે કે છુટા છેડાવાલી ઓરત યા મર્દના બીજા લગન થતાં નથી, સીવાય કે તે છુટાં પડેલા જોડાં માહેલાં એકની કજા થઇ હોય."

ઇરીનનાં આ ધાર્મીક ચાબકાથી એસ્ઓર્ન ડઘાઇને સ્થંભ થઇ ઉભો.

"ત્યારે હું કશી આશા રાખું નહી?"

"મારા તરફથી તો નહીજ, પણ વીચાર કરો કે મેહરૂનીશા કેવી ખુબસુરત છે તેણીને મેળવવા દરેક જવાનો દુન્યા ઉધી વાળવા તૈયાર થાય."

"પણ તે મગરૂર ઓરત મારાં જીગરમાં કદીબી જગ્યા કરી સકશે નહી—"

"ત્યારે ફીસનાંનો વીચાર કરો. એ રજપુતાનીની નજરમાં હું તમારે માટે વખાણ વાંચી રકું છ—"

"અંતકરણની લાગણી સાથ એમ મશ્કેરી કરાય નહીં ઇરીન, જો કોઈ બદબખત ઘડીએ મને ફસાવવામા આવ્યો તો તેનું એ પ્રમાણે મને જાવેદાન દુખ ખમવું પડે એનો હદ થઇ, નસીબ આ-પણને એક થવાને વાર લગારશે નહી, હું હજુરથી સારીજ આશા રાખીશ" અને એશ્બોર્ન ફીકરમંદ દીલે ત્યાંથી ચાલી ગયો.

પણ ખુદાનું કરવું ઔરજ હતું. પેલી તરફ અમીજાંન એશ્બોર્નને ત્યાંથી લુટી ગએલાં નઝરાણા સાથ શહેરમાં ખુબ દમામ મારી રહી હતી. અને એ તેણીનાં ઝવેરાત ઉપર કોઇ બદ માણસોની નજર બીગડવાથી તેઓએ રાત્રે તેણીને ત્યાં ખાતર પાડયું. ઘરનો સરવે માલજ સફાચક કરી તેઓ થોભ્યા નહીં પણ બાપડી અમીજાંનનાં બદન ઉપર જે બીજા એમુલા દાગીના હતા તે કહાડી લેવાની મકસદે તે ખુનીઓએ તેણીને ભાર મધરાતે હલાક કીધી અને એ પ્રમાણે અમીજાંનનો છેડો આવ્યો.

આ બનાવને ત્રણમાસ વીટાબાદ ઇરીન અને એશ્બોર્નનાં લ-ગ્ન થયાં, તે વેળા એક આરમીનીયન પાદરી સાહેબનું એતેફાક ત્યાં આવવું થયું અને તેને હાથે તેઓ ઇંગ્રેજી ધર્મ પ્રમાણેની રાહ ર-સમે પરણી એક થયાં. આ વેળા ઇરીન ઉપર ચોપાસથી નઝરાણાનો વરશાદ વરષવા લાગ્યો. શાહે પોતે બાદશાહી રીત આપી મોટું પલ્લું કીધું અને એ પ્રમાણે એક ઉમરાવપદ ખરચ્વાઈ રકાય એટલા માલ ખજાનાથી આ સુખવાસી જોડું ભરપુર થયું.

પ્રકરણ ૨૭ મું.

કોકેસસનું પહાડી ગામડું.

એસ્ઓર્નેં શાહની ફરમાસથી કોકેસસ તરફ ઉપડવાની તૈયારીઓ કરવા માંડી. ત્યાંનાં રહીશો હીંદુ હતાં એટલે આન્નદા બ્રાહ્મણ પ્રધાન દાખલ ઘણો કામનો હતો. તે ગોરા જવાને શાહ સનમુખ પોતાની નીચલી ગોઠવણો બ્હાલી માટે રજુ કીધી.

અવલતો એકે ત્યાંનાં રહીશોનાં ધર્મની આડે આવવું નહી, તેઓની જે રાહ રસમો હોય તે ચાલુ રાખવી, બીજું ત્યાંનાં રહીશોને ફરજ પાડવી કે ચૌદ વરષની વયનો છોકરો થવા આવે કે તેને લશ્કરી તાલીમ લેવા દેવી એટલે તે શેહરની હવે પછીની ઓલાદ બધી શીપાહ બચ્ચાની નીવડે, ત્રીજું ખેડુતો પાસથી કદીબી કર લેવો નહી પરંતુ અણાજ વગેરે સસતો વેચવાને ફરજ પાડવી. ચોથું જે જાતના આદમીઓ રેહતાં હોય તેજ જાતના હાકેમો નેમવા જેઓ ઇનસાફ કેમ આપેછ તે દર હફ્તે પ્રધાને (આન્નંદાએ) જાતે તપાસવું.

અકબરે આ બધી ગોઠવણો માટે પસંદગી બતાવી અને હુનાળાની રૂતુમાં તે પહાડી ગામડાં તરફ ઉપડી જવાની તૈયારીઓ થવા લાગી, વર્षાદ અને ઠંડી રૂતુમાં ત્યાં એટલું તો બરફ વર્ષતું હતું કે રસતાઓ ઉપર બરફના ડુંગરો બાઝતા હતા એટલે ગરમીની રૂતુમાંજ મુસાફરી કરવાનું ફાવી શકે એમ હતું. આવી રીતે એસ્ઓર્નેના હાથમાં સર્વે તૈયારીઓ કરવા થોડા મહીના હતા. તેની સાથે લંડનથી આવેલા ખલાસીઓ જેઓ પાછલથી લશ્કરની તા-

લીગ લઇ અકબરના લશ્કરમાં જોડાયા હતા તેઓ હવે પોતાના જાતીલા એશઓને સાથ તે પહાડી મુલકે જવા તૈયાર થયા. કેટલાક બુઝર્ગી તરફ ઢલેલાઓને પોતાનું મુલક યાદ આવ્યું એટલે તેઓ સુરત ચાલી ગયા જયાંથી નવા આવેલાં ઝાઝમાં તેઓ પોતાને વતન ઉપડી ગયા.

આનંદાની કુનેહથી એશઓને કોકેસીસ તરફ લઇ જવા માટે કારીગરો સીલપીઓ, કીસ્બીઓ વગેરે કામદારોને તેઓની બાહોશી જોઇને એકઠા કરવા માંડયા લોકોને મોંહડે એ વાત ચરવાતાં ઠેક ઠેકાણેથી અફ્ગાનો, ઇરાણીઓ, સીરકેસીયનો વગેરે પોતાને પહાડી જીંદગીના અનુભવ હતા એમ કહી ભેગા થવા લાગ્યા, એટલે હુનાલાના વખત સુધીમાંનો એશઓને પોતા સાથે લઇ જવા માટે લગભગ એક મોટું લશ્કરજ ભેગું કીધું. શાહ અકબરે ઘણીજ ઉદારતાથી તેને નવાજી નેહાલ કીવો. તેને બધો અસબાબ લાધવા ઉંટ અને હાથીઓ આપ્યા. પછી એક રાજવંશી સુફેદ હાથી શાહે ઇરીનની સ્વારી માટે આપ્યો અને બેગમે તેણીને એક ઝરરીન તંબુ સોનેરી દોરીઓ સાથનો ભેટ કીધો. ઇરીન સાથ પેલી રજપુતાની કીસના જેણી વીધવા અને નાવારેસ બાપડી શાહની કેદી જેવી હતી તેણી પણ આવવા રાજી થઇ હતી.

મેહરૂનીસા પણ આવવાને ખુશી જણાતી પણ તેણીના કેહવા પ્રમાણે હજુરતો તેણીને સલીમ ઉપર તેના મરનાર ખાવીંદ શેર અફ્ગાનીનું વેર લેવું હતું.

એશઓને કબુલ્યું તેમ તે રોશણ ચહેરેની સુંદરી પહાડની કઢણુમાં ભરાઇ રેહવા નહી મગર સારાં શેહર ઉપર રાજ કરવાને લાયક જણાતી.

હીમાલ્ય પર્વતની તલેટીએ જઇ પોંહચ્યા અવલ પંદર દીવસ નીકલી ગયા અંતે તે બુલંદ પર્વત સુધી એરબોર્ન, તેની મીઠી મોહરદાર અને તેનો બાદશાહી કાફલો આવી ચહડયા. અહીં આવ્યા બાદ તેઓએ અકબરનાં હાથી અને ઉંટ આગ્રા ખાતે પાછાં ફેરવ્યાં કારણુ તે બરફ જેવા ઠંડા પહાડી મુલકમાં એ બાદશાહી જનાવરો જીવી શકે એમ હતું નહી. તેઓ બધાં હવે ખચ્ચરો ઉપર બેઠાં અને પહાડની ચહડાણુ મુશાફરી શહરૂ થઇ સાત હઝાર ફીટ ઉંચા તે દુન્યા વર્ણુના પર્વત ઉપર ચહડવું તે હસીખેલ નહતું. અંતે તેની બુલંદ શીખરે જઇ પોંહચતાં આરામ લેવાની મકસદે તેઓએ એક ઝરમર વહેતાં સ્વચ્છ નાલાં નજદીક તંબુઓ ઠોકયા, ત્યાં આસપાસ લીલમ જેવી લીલોતર આંખને ઠંડક આપતી. ગોયા તે જગ્યો ફુલ ફળનો બગીચોજ હતો સ્ત્રોબેરી રાસ્પબેરી વગેરેના બેશુમાર ત્યાં ઝુમખા લાગ્યા હતા. દક્ષીણુ બાજુએથી હીંદુસ્તાનનાં દરેક મુલકો એક દડાના આકારમાં નજર આવતાં, જ્યારે ઉત્તર તરફથી દીસતા તે રાક્ષશી પહાડો ઉપર રાત્રીનો અંધકાર ફેલાતાં ગગનમાં પ્રકાસતા સેતારાઓએ દેખાવ દીધો કે જ્યારે તે મુશાફરોને ધર્તી ઉપરથી દેખાતાં કદ કરતાં બમણા દીસવા લાગ્યા. કુદરતની મોહટાઇ અને ખલકની ખુબસુરતી ઉપર તારીફ અને આફરીનગાં લીન થઈ તેઓ ખાબમાં પડયાં

બામદાદમાં તેઓએ કુચ શ્હરૂ કીધી, ઇરીન, કીસના અને હશમત માટે એક હાથી રાખવામાં આવ્યો હતો તે ઉપર તેઓ ત્રણે ગોઠવાયાં. દશહઝાર ફુટનાં ગંજાવર ચહડાણ બાદ જ્યારે તેઓએ ઉતરાણુ મુશાફરી શહરૂ કીધી, ત્યારે તેઓને થોડાંક આસામીઓ ઢોર ચરાવતાં કે કાપણી કરતાં મલવા લાગ્યાં, જેઓ ઘણી અજા-

એણીથી ગોરાઓને ટીકવા પડયાં. આ ઉતરાણને છેડે એશબોર્નને રાજ કરવા માટે મુકરર થએલું ગામડું તેઓની નજરે પડયું. તે અગ્યાર માઇલ લાંબુ અને પોહલાણમાં બે માઇલ હતું. એકજ નજર ફેંકતાં તે પહાડોની અલગારનાં ખભાં ઉપર ઉભેલું ફુલફલના બગીચા જેવું રમણ્ય ગામડું તે હાકયા મુસાફરોને મન પરસ્તાન હતું. ત્યાંની જમીન ઉપર નીરમલ સુફેદ બરફની ચાદર બીછાઇ હતી જે ઉપર પડતો ઉગતા સૂર્યના ખુલ્લાં કીરણથી ખુદ આકાશનો છાયો પડયો હોય એમ લાગતું હતું, ઠારે ઠારે વેહતાં નીરમલ નાલાં છેડેથી મોટી નદીને મલી જતાં, ત્યાંનાં રહીશો દેખાવમાં કદાવર સુખવાસી લાલ તુતીજેવા લોહીયાર હતા.

એસ્બોર્ન તે બારેહકતાલાનું નામ લઇ પહાડની કઢણમાં આવેલાં તે કોકેસીસ ગામડામાં પોતાના રસાલા સહીત દાખલ થયો. જે હીંદુ રાજાએ અકબરને આ ગામડું વેચ્યું હતું તેની તરફથી આ મુશાફરોની પહરોણાગત માટે તમામ તૈયારીઓ થઇ હતી. હવે એસ્બોર્ને એક દીવસણી ખોયા વગર તે ગામડાંને શેહરમાં ફેરવવાનું કીધું. મહેનતુ ઉધ્યોગી આદમીઓને કામે લગાડી તેને વેન્નાતની ઢપે મકાનો બંધાવ્યા, નદી ઉપર પુલો ઉભા કરાવ્યા, મોટ મોટી ઇમારતો ચઢાવી, શાળાઓ થઇ, સીપાહો માટે બરાખો બંધાવી.

બેશક બધો ખરચ શાહ અકબરની તીજોરીમાંથી ચાલ્યો આવતો હતો અને શાહ અકબરને આ ગોરા જવાનની દાનેશમંદી ઉપર એટલો ઇતબાર હતો કે વગર જાુસ્તેજોએ તે પાદશાહી રકમો મોકલતો રેહતો.

આ ખુસ્તુમાં જીંદગી ઇશીનને ઘણી હરખાવનારી હતી, પેલી

રજપુતાની કીસના પણ ઇરીનની સોહબતમાં કુદરતને વખાણતાં શીખી હતી. ઇરીન જેણી મહાલનાં સોનેરી પીંજરાથી છેકજ કંટાલી ગઇ હતી તેણીને મન આ હવાઇ પંખેરા જેવી ખુસ્નુમાં જીંદગી હતી, તેણીના ગાલો ઉપર તાજા ફુટતા ગોલાબ જેવો રતાસ ચહડયો હતો અને સારો દીવસ તેણી એક પાકુતી જેવી આણંદી જીંદગી ગાલતી.

અને હરમત ! તેણીની ખુશાલીનો કશો પારજ નહતો, તેણીને આંકોશમાં રાખવી બહુ મુશ્કેલ હતી. એક છુટાં પંખેરા જેવી તેણી સારો દીવસ ટેકડીઓ કુદાવતી, નાલાના છાલકા પાણીમાં બચકોર્યા ભરતી ખચ્ચરપર સ્વારી કરતી, કે ઝાડપર ચહડીને ઉભી થતી, કોઇ વારતો તેણી એશ્બોર્ન સાથ રીંછનો શેકાર જોવા જવાને તેયાર થવા ગાંગતી,

બે વર્ષના અરસાબાદ એશ્બોર્નનું મકાન ખરેજ ઇડનના બાગ જેવું રમણીક લાગતું હતું ત્યાં હારેહાર દ્રાક્ષના માંડવા, જામફળ, જરદાળુ, પીચ, અખરોટ, સીકનજબીન મોસંબી, એપલ વગેરેનાં ઝાડો તેના રસીલાં ફળ સાથ ઉભાઇ જતાં. બીટ, ગાજર રોઝાલી, તેમજ બીજી ઇંગ્રેજી તરકારીઓ ત્યાં નજર આવતી, કોકેસસનું ગામડું આટલાં અરસામાં તો વસ્તીવારી, બંગલા, ઇમારતથી એક ફળકુગ શેહરમાં ફેરવાઇ ગયું હતું. એશ્બોર્ને ત્યાં તરેહ કીસમના હુનરો જાએજ કીધા હતા, અને આ પ્રમાણે આ બાહોશ ભેજાના ઇંગ્રેજ બચ્ચાએ પોતાની અક્કલમંદીથી પહાડી ગામડાંને ધીકતાં શેહરમાં ફેરવી નાખ્યું.

પ્રકરણ અઠાવીસમું.

વાર્તામાં ભાગ લીધેલા આસામીઓને લગતો છેલ્લો ખુલાસો.

કોકેસસના પહાડી ગામડામાં પેહલે વર્ષ એશ્બોર્નને બહુ રોકાણ હોવાથી બીજે વર્ષની ઠંડીમાં તે આગ્રા જવા નીકલ્યો અકબરે તેને ખાસ બોલાવ્યો હતો અને તેથી પોતા સાથ પોતાની બાનુ ઇરીન, તેણીની સાથી કીસના અને ન્હાની હસ્મતને લઇ તે અકબરની રાજધાની તરફ જઇ પોંહચ્યો. ત્રણ માસ ત્યાં ગાલ્યા બાદ તે પાછો પોતાને મુકામ આવ્યો જ્યાં તેની ગેરહાજરીમાં આનન્દાએ ઘણું ડહાપણથી રાજ્ય ચલાવ્યું હતું.

બીજે વર્ષ ઠંડીમાં એશ્બોર્ને આગ્રા જવાની તૈયારી કીધી તેટલાં તેને શાહના મરણની ગમખાર ખબર મલી, એશબોર્ન પોતાના મુરબ્બી પીતાને ખોહવા જેટલા ગમથી રડયો, કારણ ભલા શાહ અકબરની તેના તરફ એક ખરેખરા વાલીના જેવી મમતા હતી. ત્યારબાદ બેગમ ગુલરૂખ પોતાનાં બે બચ્ચાંઓ સાથ જવાન એશબોર્નની પનાહ માંગતી આવી, તે ગોરા જવાને આ બાદશાહી બાલકો અને તેમની માતા માટે એક બુલંદ મ્હાલ બંધાવી તૈયાર રખાવ્યો હતો જેનું શીખર ગોયા આસમાનસે લાગતું. ન્હાનો શાહઝાદો ખલીલ પોતાના પેદર જેવો મુસ્તકીમ બાંધાનો પેહલવાન તનનો અને માદર જેવો ખુબસુરત હતો, તેને બચપણથી તેની માતરે પહાડી જીંદગીના છુટાપણાંના સુખવાસી ખ્યાલો આપ્યા હતા એટલે તેને આ જીંદગી ઘણી પસંદ આવી, તે પોતાની જાતી ચંચલાઇથી ટુક વ-

ખતમાં એશએોર્નની ઉસ્તાદી હેઠળ ઘણું શીખ્યો ને ઉમરમાં આવતાં તે ગોરા જવાને તેને તે મુલક સપુરદ કીધો.

સુંદર હશમતનાં મીઠા સ્વભાવે શાહજાદા ખાલીલનું જીગર ખેંચ્યું અને તે સર્વેની રાજીખુશીથી તે મીઠી છોકરીને પરણ્યો, જ્યારબાદ ખાલીલે પોતાની મોહરદારનાં નામ ઉપરથી તે ગામડાંને હશમતઆબાદનું નામ આપ્યું.

એશએોર્ન પોતાની ફરજ પુરેપુરી બજાવી પોતાની વ્હાલી ઇરીનને લઇ એકવાર વેલાત જઇ આવ્યો, તેને લગતું આપણે પાછલથી કાંઇ જાણવા પામ્યાં નથી, પરંતુ હીમાલ્ય પર્વત અંદર પહેલવેહલા રાજકર્તા આ ઈંગ્રેજ બચ્ચાના બાહોશ ભેજાની ઘણી ઘણી સાબેતીઓ હશમતઆબાદમાંથી હજુરણી મલી આવે છે.

આ વાર્તા ખતમ કર્યા પહેલાં આપણે સર્વેની ટુંક તપાસ લઇશું.

પહેલાં પેલા પોરચ્યુગીસ પાદરીઓની ખબર લઇએ, ઇરીનને નહસાડી લઇ જવામાં બેનડીકટ કાકા બાંહે ચહરાતી આગલ પડ્યા હતા અને ફાધર જેરોમ અંદેશામાં બેઠા હતા તેટલાં મધરાતે દેવળના દરવાજા ઠોકાયા. ખોલીને જુવેછ તો જે પાલખીમાં ઇરીનને લઇ જવામાં આવી હતી તેમાંજ બેનડીકટ લોહી લુહાન થઇ પડયો હતો, અને તેને રાહદારીઓ ઉઠાવી લાવ્યા હતા લોકોને કાને આ વાત બ્હાર આવતાંજ બીચારા પાદરીઓનો હુર્યો થવા લાગ્યો, એટલે આગ્રામાં વસવું ભારી પડવાથી તેઓ ચીન તરફ ચાલી ગયા.

• ઇરીનવાલી ઝપાઝપીમાં જે સ્વાર ઘોડા ઉપરથી તુટી પડી પાવડામાં પગ ભેરવવાથી ઘોરા સાથે ઘસડાઇ ગયો હતો તે ઇરીનનો પ્રપંચી કાકો કોનશટેન્ટાઇન હતો; આ હોનારતથી તેનો એક કાન

ઉખાડી ગયો અને સખત રીતે મોંહડું છુંદાઈ જવાથી તે કમોહતે માર્યો ગયો.

અકબર પછી તેનો વડો બેટો સલીમ ગાદીએ આવ્યો, તેને પોતાનું સલીમ નામ જેહાનગીરમાં ફેરવાની તે નામે રાજ્ય ચલાવ્યું. અકબરની છેલ્લી માંદગીનો હેવાલ તેના બેટા જેહાંનગીર ઉર્ફે સલીમની રચેલી કેતાબ ઉપરથી મલી આવેછે, ખરી વાત તો એમ હતી કે સલીમ અને તેના બેટાઓ ખુસરો અને ખારમ વચ્ચે જીવલેણ ઝપાઝપીઓ ચાલતી જોઇ અકબરને એટલું દુખ પોંહચ્યું કે મરવા સુતો, હકીમઅલી જે શાહનો ઘણો માનીતો હતો તેની ઉપર વેર લેવા સલીમે ખોટો આરોપ મેલ્યો કે તે હકીમે શાહને પોંહચતો કીધો અને તેથી ગરીબ હકીમઅલીને શેહર બદલ કરવામાં આવ્યો.

અકબરનાં મરણની ખબર સાંભલી બીરસીંગ જે આજ સુધી છુપાઇ બેઠો હતો તે હવે નીકલી આવ્યો અને સલીમે તેને ત્રણ હઝાર લશકરીઓ ઉપર સરદારી આપી. જેહાંગીર (સલીમ) આ પોતાની કીતાબમાં સાફ નફટાઇથી લખેછ કે તેને અબુલફઝલને મારી નાખવા બીરસીંગને રોકયો હતો, કારણ અબુલ તેના પેદરનો ઘણો માનીતો હતો.

જે સર્વેથી અજબ થવા જેવો બનાવ બન્યો તે જેહાંનગીરનાં મેહરૂનીસા સાથનાં લગન છે, મેહરૂનીસા જેણી રૂકાયતબેગમ સાથ રેહતી હતી અને જેણી પોતાના ખાવીંદ શેરઅફગાનનું વેર સલીમ ઉપર લેનાર હતી તેણી ઉપર અંતે કીના કરતાં લાલુચે વધુ ગલબો કીધો અને અર્ધા હીંદુસ્તાન ઉપર રાજ્ય કરવાની મોહીનીને વસ થઇ તેણી જેહાનગીરને પરણી, એક વાતમાં આપણે જેહાનગીરનું ઇનસાફ

આપવો ઘટે છે, તેને ખરાં અંતકરણથી તે જગઆશકાર સુંદરી મેહ-રૂનીસાને ચાહી અને તેની સાથ શાહદી કર્યાબાદ બીજી કોઈબી ઓ-રતનો તેને વીચાર કર્યો નહી. તેનાં ધાતકી દીલ ઉપર મેહરૂનીસાની માયાએ ઘણી અસર કીધી, અને તે હેવાન અવતારનો ખરેખરા મા-ણસાઇ અવતારમાં આવ્યો. જેહાનગીર પોતાની આગલી કુરતા ભુલી ગઓ અને પોતાની બાનુની શીખામણ પ્રમાણે તેને ઘણા ડાહપણથી રાજ્ય ચલાવ્યું.

જેહાંનગીરે પોતાની બાનુને—મહેરૂનીસાને ઇત્યાસમાં અમ્મર થઇ ગએલું નુરજેહાનનું નામ બક્ષ્યું અને ખરેખર તેણીની ખુબસુ-રતીથી તે જેહાનનું નુરજ પુરવાર થઇ ચુકીછે. નુરજેહાને પોતાના આગલા ખાવીંદનાં શેર અફગાનની છોકરીનાં જેહાનગીરની બીજી અ-સલ બાયડીના બેટા શેહરીયાર સાથ લગ્ન કીધાં જેને તેણીએ આ-ગ્રાના તાજો તખ્તનો માલેક બનાવવા ઘણું ઘણું કીધું. તેણીની ભા-ણેજનાં લગ્ન શાહજેહાન સાથ થયાં જેને પોતાની મોહરદારની યાદમાં આગ્રામાં પેલો સદીઓ સુધી મુસ્તકીમ રહેલો તાજમ્હાલ બંધાવ્યો.

લાહોરથી થોડેક દૂર રાવી નદીને કીનારે બે મોટી કબરો જો-વામાં આવેછે. આ ઉમદા કારીગીરીની આરસપહાણની કબરો અંદર જેહાનગીર અને નુરજેહાન સદા સુધીનાં સુતેલાં છે.

સમાપ્ત.

સરસ્વતી! સરસ્વતી!! સરસ્વતી!!!

અધીપતી અને માલેક દાવર બેહેનો. અમદાબાદ.

આ માસીક ચોપાનીયું ગુજરાતી ભાષામાં પેહેલ વેહલુંજ બાનુઓની માલેકી અને અધીપતીપણાં હેઠળ છેલાં ચાર વરસ પ્રગટ થયું હતું. અને તેટલી મુદ્દત સુધી નીયમીત દરમાસે બહાર પડતું હતું એની વારસીક ફી લવાજમ રૂ. ૩ાા પોસ્ટેજ સુધાં હતું. હાલમાં એની સંપુરણ ફાઇલો એની અરધી કીમતે ઘણી એક ખપી ગઈ છે અને થોડીક બાકી છે જેનાં ઉપર હમો ચંચલ વાંચનારાઓનુ ધ્યાન ખેંચીએ છીએ. થોડા વખતમાં એ માસીકે આગેવાંન જાહેર પેપરો તરફથી ઘણી પ્રસંસા મેલવી છે એ વાંચક વર્ગથી અજાણ્યું નથી સરસ્વતીમાં ચાર વરસનાં અરસામાં ઘણાં-એક ઉમદા લખાંણો, ઘણી રસીલી અને બેધ્યાણકારક ચાલુ વાર્તાઓ તેમજ ટુંકી નસીહતરૂપી વાર્તાઓ વાંચવા લાએક વીશયોને બોધરૂપી અનેક બાબદો સમાવવામાં આવી છે અને તે ગુજરાતી વાંચનારાં દરેક કોમનાં વાંચકોમાં ઘણાં વખાંણ સાથે આવકાર પામીયાં છે. આ ચાર વરસનાં લગભગ ૨૪૦૦ પાનાનાં દલદાર પોઠામાં સંગીન વાંચણોનો એક મસ મોટો ગંજ સમાએલો છે જે દરેક કુટુંબોમાં ફુરસદની વખતે એક મનપસંદ વાંચણુ પુરૂં પાડશે અને એ ચાર વરસની ફાઇલો હમે સાંભરી લે-

નારને માત્ર રૂ. ૫)માં આપવાને ખુશી છઇએ જેથી કુ-ટુંબોમાં સંગીન અને નીર્દોષ વાંચણોનો ફેલાવો થશે. માટે જ્ઞાન સાથે ગમત આપનારાં વાંચણોનાં શોખીનોને આ હમારી ફાઇલો એકવાર વાંચી જોવાને હમો ભલામણ કરીએ છીએ સબબ સરસ્વતીમાં આવેલી ચાલુ વાર્તાઓ એનાં એક સણગાર સમાન છે જેવીકે નસીબનાં નખરાં, પાહાડી ગોલાબ, મગરેબનો સીતારો, સરજતનાંખેલ, વગેરે દીલખુશ વાર્તાઓ એકી વખતે સાંમટી વાંચવાથી હમે ઉપર કહયું છે તે મુજબ જ્ઞાન સાથે ગમત આપે એવી રસીલી છે. આમાં નીરદોશ વાંચણોનો જથો કુટું-બોમાં સારાં વાંચણનાં ફેલાવા અર્થેજ આ ફાઈલો હમે માત્ર નાંમનીજ કીમતે આપતી કરી છે જે હવે થોડી બાકી છે તે પણ સારાં વાચણનાં શોખીનોને કુટુંબોમાં વાંચ-વા વંચાવવાને સરસ્વતીબાઈ ફરમાસ કરે છે.

દાવર બેહેનો અમદાબાદ.

અહેવાલે અશો જરથોસ્ત વ દાસતાંને દલેરદારાયસ.

કી. રૂ. ૩)

(હાલ રૂ. ૨)

રચનાર—મીસીસ મેહેરબાંનું ફીરોજશાહ એદનવાલા.

આ ચોપડીમાં આપણાં નેકજાદ અશો જરથોસ્ત તથા ઇરાંનનાં નામીચા હખામનીયાંન પાદશાહ દારાયસનાં વખતનું દાસતાંન સમાયલું છે, અસલ બાબીલોનનાં બુત

પરસતશાહ નેબુઝદનઝરનાં રાજયનો પડતી પછી અશો જરથોસ્ત બાલપણથી જવાંનીમાં આવી પછી ગોફેનસીન થાએ છે, તે વખતની તેપાકજાદ પેગંબરની ગોફેનસીનીમાં પરવરદેગાર અને ફરેસતાઓ સાથે થતી મુલાકાત, એક આપણ જરથોસતીઓને વાંચવાને ઘણી હોશ ઉપજાવે છે. તયાર બાદ દાદાર હોરમજદની ગેબી બસારતથી આપણાં અશો જરથોસત ઇરાનવેજનાં જગજાહેર પરસી પોલીસનાં બુલંદ આતસબેહેરાંમમાં દાખલ થઇને પોતાનાં પવીત્ર હાથમાંથી વીજલીક આતસ કાહારી ત્યાં શાહા દારાયસની હાજરીમાં રોશન કીધો એ અહેવાલ હરેક જરથોસતીઓને વાંચવા જોગ છે. તેમજ શાહા દારાયસ જે સચ્ચાઈ ઉપર સદા ઓસતવાર રેહેનાંર જગપ્રસીધ ઇરાંની પાદશાહની હમેશાં ફતેહમંદ કારકીરદીનું દાસતાંન ઘણુંજ વાંચવા જોગ છે. જે દીલપસંદ દાસતાંન એટલુંતો રસીલું છે જે આપણને એકથી અનેકવાર વાંચવાને લલચાવે છે.

દાવર બેહેનો. અમદાવાદ.

ઇડનના બાગની રાણી.

રચનાર—મીસીસ જરબાનુ મેહરવાનજી કોઠાવાલા. ગોધરા.

કિ. આના આઠ.

કુદરતની કમાલ ખુબીઓ અને મનોહર મીઠાસ દર્શાવનારૂં આ ન્હાનું પુસ્તક બેશક વાંચવા જોગ છે. એક

ઉજડ ટાપુ ઉપર આદમજાતને હાથે ખુરનુમાં રમણીક બાગે ઇડન ઉભો થાએ છે, તે ઉપર રાજકર્તી ઈંગલંડની દરબારની માલેતુજજાર અમીરઝાદાની ભુલી પડેલી ભુલકીની ખુબસુરતી, અને તેણીના ઉમરાવ ખાનદાનનો ગુંચવાવનારો ભરમ, પ્રખ્યાત કવી ચીતારા વર્દનોનીની બાહોશી, માતબર લેડી કોલીનવુડની શોકાતુર ગંભીરાઇનો ભેદ, એ સર્વે આ પુસ્તકમાં સમાવવામાં આવ્યું છે અને તે ખરેજ વાંચવા જોગ છે.

થોડીજ નકલો બાકી રહી છે. ઉપલે સરનામે લખીને મંગાવશો.

આગલા જમાનાનો ફીલસુફ.

રચનાર—મીસીસ જ. મે. કોઠાવાલા. ગોધરા.

કિ. રૂ. ૨.

વિદ્વતા ભર્યું આ મોટું પુસ્તક જેમાં સદીઓ સુધી હૈયાત રહેલા ફિલસુફ ઍલથોટસની મેગનેટીક શક્તી આ બે હૈયાતની તેની શોધ અને અમર્ગીની અડાઅડ પુગતાં પોતાને બીજો ખોદા માનવાનું અભીમાન રાખવા જતાં તેનો અચબુચ થતો નાશ, ખરેજ બોધદાયક વાંચવા જોગ વાંચણુ પૂરૂં પાડે છે.

ઉપલેજ સરનામેથી મંગાવો.

ખોરશેદ.

અથવા

જ્ઞાનની સરસાઇ.

રચનાર--મીસીસ જ. મે. કોઠાવાલા ગોધરા (પંચમ્હાલ.)

કી. રૂ. ૧.

ઉપલા નામનું પુસ્તક જે માત્ર ચાર માસ ઉપર બ્હાર પડયું હતું તેની લગભગ બધી નકલો ખપી ગઇછે. આ ચોપડી માટે જાહેર પેપરમાં જે વખાણવા જોગ અભીપ્રાયો લેવાયા છે તેજ એની રસીકતાની ખરી જામીનગીરી છે. આજના જમાનાનો ખરો પારસી સંસાર શું ખુબીઓ ને ખામીઓ ધરાવે છે તે જાણવું હોય તો રૂપીઆ એકની કીંમતમાં આ પુસ્તકમાંથી બોધદાયક વાંચણ અને પારસી સંસારનો ખરો ચીતાર મલસે.

રચનાર પાસેથી તેમજ નીચલે ઠેકાણેથી આ પુસ્તક મલી શકશે.

મી. પીરોજશાહ દીનશાહ મુકાદમ.

બુકસેલર અને પબલીશર.

ચર્ચગેટ સ્ટ્રીટ—મુંબાઈ.